**Maher Jawa Mard Books**

Ram Ram, Sita Ram.

These book were given to us by Mr Jivabhai Savdas Modhwadia of Porbandar, we have tried to scan and make it into an electronic/ digital format for archiving purposes as well as for the future generations to read and understand the Maher history as written by Shri Maldev Bapu Keshwala.

We have not altered any materials at all, the books and every page is as it was originally printed and published.

A huge amount of financial and physical effort has been put in by Mr Jaimalbhai Odedra (Leicester, UK) and Mr Rambhai Odedra (Leicester, UK) into making these digital books, especially scanning and acquiring these rare books.

We hope you will enjoy reading these books.

If you would like to make a donation towards this project or would like contribute in any way then please contact us on info@maheronline.org

**Visit** www.Maheronline.org **to read more books.**

**Scanned and Digitised from 2017 - 2022**

# બહાદુર જવાંમર્દ

ભાગ ૨ જો



[illegible] ધીર [illegible]

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૪૫૫૮ किमत 3-0-0

ग्रंथनाम મહેર આંમદિ-૨

वर्गांक [illegible]

# શ્રી મહેર જવાંમર્દ

ભાગ ૨ જો

૮૪૧૭
27 JUN

સંપાદક અને પ્રકાશક

કેશવાલા માલદેવ રાણા

મુ. પોરબંદર

કી. રૂા. ૩-૦-૦

સંવત ૨૦૦૦ પ્રત ૫૦૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૪૫૫૮

આ પુસ્તકની તમામ આવક શ્રી મહેર
વિદ્યાર્થી ભવનના ખર્ચ માટે વપરાશે.

ધી "નવપ્રભાત" પ્રિન્ટિંગ પ્રેસમાં
શાહ મણિલાલ છગનલાલે છાપી.
ઘીકાંટા રોડ : અમદાવાદ

# પ્રસ્તાવના

જે જાતી પોતાની ઉન્નતિ કરવા ઇચ્છે છે તે પ્રથમ પોતાના પરમ પરાગત વારસાને અપનાવે છે અને જે સંસ્કૃતિ દ્વારા તેઓ સંગઠન અને શક્તિ પૂર્વકાળે પ્રાપ્ત કરી ટકી શકયા તે સંસ્કૃતિના સદ્ અંશો તે સ્વાભિમાન પુનઃ ધારણ કરી શક્તિ અને સમૃદ્ધિની સાધના આરંભે છે મહેર જાતિના ઈતિહાસના છુટા અંકોડા મેળવતાં તેના પ્રાચીન તેમજ મધ્યકાળના ચિત્રો રખાય છે ત્યારે એક ભારે ઓજસવતી પ્રતાપી સ્વતંત્ર જાતિનું દર્શન થાય છે.

આર્યાવર્તમાં જે અનેક જાતિઓ આવી અને ક્ષાત્ર બળે પોતાનો સમાસ કરી શકી તેમાં મહેર જાતિએ તો અનેક રાજ્યો અને સંસ્થાનો વસાવ્યાં તેના અને તાંમ્રપત્રો અને નામોલ્લેખો વાળા લેખો ઘણા મળ્યા છે તેની મળી તેટલી યાદી કરી આ પુસ્તકના કર્તાએ પોતાની જાતિને ઈતિહાસનો માર્ગ બતાવી આપ્યો છે પણ સૌથી સચોટ અને પ્રત્યક્ષ પ્રમાણ તો મહેર જાતિ હજુ પણ તેવા સંસ્થાનોના પ્રદેશમાં એકજ જથ્થે વસી રહી છે અને તેમની માન્યતા ભાષા રિવાજ અને જાતિય શૌર્ય તેમજ ઉદ્યોગો ટકાવી રહી છે તે છે.

સૌરાષ્ટ જેવા જમાના પાછળ રહેતા રૂઢીગ્રસ્ત પ્રદેશમાં પણ મહેર કુટુંબની સ્ત્રીઓ પણ પુરૂષ સમોવડી થઈ મદદમાં રહી શકે છે મેહેર મર્દો ભેંડમાં શસ્ત્રો રાખી તેમનાં જવલંત શૌર્ય અને સ્વામી ભક્તિના અનેક દૃષ્ટાંતો આપી રહ્યા છે.

આ વીર જાતિ આજના મુત્સદીઓ અને યંગવાદના યુગમાં નવીન સાહસો અને જ્ઞાન સંપર્કથી દુર રહી ગઇ છે પણ જો તે જાતિના તરૂણો સાહસ કરી નવા પ્રદેશોમાં ઝંપલાવે તો તેમની યાહોમ વૃત્તિના જોરે જમાનાના મોખરે જરૂર દીપી નીકળે. શ્રી માલદેવભાઈ કેશવાલાએ આ પુસ્તક સ્વજાતિની જાગ્રતિ અને પ્રગત્તિની તમન્નાથી તૈયાર કર્યું છે એટલું જ નહિં પણ ભવિષ્યમાં વિશેષ સાધન સામગ્રી સહિત મહેર જાતિનો સપ્રમાંણ ઈતિહાસ તૈયાર કરવાની પ્રેરણા મેળવશે તો આખા હિંન્દુસ્તાનની મોટી શેવા કરી ગણાશે.

ચિત્રકાર **રવિશંકર મહાશંકર** રાવળ ( ચીત્રકૂટ ) અમદાવાદ

સૃષ્ટા અને આદ્યતંત્રી શ્રી કુમાર કાર્યાલય

# અનુક્રમણીકા


| | પુષ્ટ |
|---|---|
| અર્પણ પત્રિકા | ૧ |
| નિવેદન | ૨ થી ૧૧ |
| મહેરોની મુળ શાખ | ૧૧ થી ૧૭ |
| મહેરોની આગળની સ્થીતિ બતાવતા તાંમ્રલેખો | |
| તથા બીજા લેખો | ૧૬ થી ૫૫ |
| મોઢવાડીયા (સીસોદીયા) મુળુ મેણંદની કથા | ૫૫ થી ૯૧ |
| કચ્છના ઠેબા મહેરની કથા | ૯૨ થી ૧૧૭ |
| જેઠવા મહારાણાને ખાતર મહેર ભોમનાં બળિદાન | ૧૧૮ થી ૧૩૨ |
| મહેર ભાયો વાઘ (દાનો દુશ્મન) | ૧૩૩ થી ૧૪૯ |
| વફાદાર હાથીયો મહેર | ૧૫૦ થી ૧૫૯ |
| મહેર ખીમાણંદ કુછડીયો | ૧૬૦ થી ૧૭૮ |
| વીર વીંઝરો | ૧૭૮ થી ૨૧૪ |
| મહીયારીવાળા શ્રી મેરૂ ભગત | ૨૧૫ થી ૨૩૧ |
| સીસોદીયો મહેર દુદો ત્રાંગડ | ૨૩૨ થી ૨૪૧ |
| ભડવીર હાથીયો (મોઢવાડીયો) | ૨૪૨ થી ૨૪૬ |
| સીસોદીઓ રીણો ભોજાણી | ૨૪૬ થી ૨૫૦ |
| શ્રી રામગુરૂ | ૨૫૧ થી ૨૭૭ |
| ભડદાસો | ૨૭૮ થી ૨૮૩ |
| લુંધો પાતાનો | ૨૮૪ થી ૨૯૨ |
| મુંજા ભગત નાગકાવાળા | ૨૯૩ થી ૨૯૭ |



બાલ્ય અવસ્થામાંથીજ જેમના હૃદયમાં દયા, પ્રેમ, નિરાભિમાનતા, સાદુ જીવન, ઉચ્ચ ચારિત્ર
આદિ અનેક સદ્ગુણો ધારણ થયેલ છે તથા શ્રી મહેર વિદ્યાર્થીભવન તરફ માયાળુ
લાગણી રાખી વખતોવખત સહાય કરી રહ્યા છે એવા પોરબંદરના મહારાણા સરશ્રી
**નટવરસિંહજી સાહેબ બહાદુર** કે. સી. એસ. આઇ પોરબંદર સ્ટેટ.

LORDKIN P.



आत्मा वै पुत्रनामासि" "પુત્ર પિતાનોજ આત્મા છે"

સ્વર્ગવાસી મુળુભાઇના પ્રેમાળ પિતા રણમલ માંડણ રે. સાજડીયાળી.




ભાઇશ્રી માંડણ દુદા સાજડીયાડીવાળા

જેમણે મહેર જવામર્દ ભાગ ૨ ને છપાવવા રૂ. ૧૨૦૦ આપેલ છે.



જેમના હૃદયમાં સભ્યતા, નમ્રતા, ધીરતા, વીરતા આદિ [illegible]
વાસ છે અને જેઓશ્રી નામદાર બાપુશ્રીની આ [illegible]
કરવા સદા તત્પર છે એવા કર્તવ્યનિષ્ઠ નામદાર [illegible]રાજશ્રી
ઉદયભાણુ સાહેબ બહાદુર. પોરબંદર.

KIN P



રા. રા. રાજરત્ન દાનવીર શેઠશ્રી,

નાનજી કાલીદાસ મહેતા

કે જેઓશ્રી મહેરના ગરીબ સંતાનોને કેળવણી આપવા માટે
સદાય સહાય આપી રહ્યા છે.

ZORDKIN P.



પોતાના સ્વાર્થનો ભોગ આપીને તન, મન અને ધનથી જ્ઞાતિસેવક બનીને જ્ઞાતિસેવા કરી રહેલ છે એવા શ્રી મહેર જવામર્દ ભાગ ૧ લાના તથા ભાગ ૨ જાના સંપાદક તથા પ્રસિદ્ધ કરનાર **કેશવાલા માલદેવરાણા.**

LORDKIN



કુમળી વયમાં જેમનો જીવનદીપક બુઝાઈ ગયો છે અને એનો વીયોગ માતા-પિતાને દુઃખદાયક બન્યો છે એ ભાઇશ્રી રણમલ માંડણભાઇના પુત્ર મુળુભાઇ.

સ્વર્ગવાસ
તા. ૨૧-૧૦-૪૩

હાલ આફ્રિકા
( મુળ સાજડીયાળી

# અર્પણ પત્રિકા

જેમના પીતામહ તનમન અને ધનથી મહેર જ્ઞાતિની સેવા કરવાની અભીલાષા ધરાવી રહ્યા છે. જેના પિતા રણમલ માંડણ મહેર જ્ઞાતિના સાચા સેવક છે. પરમ પુરૂષાર્થ વડે મેળવેલી લક્ષ્મી જ્ઞાતિસેવાના કામમાં વાપરી રહ્યા છે તેમના સુપુત્ર કે જેમણે કુમળી વયમાં જ તેમના વડીલો પાસેથી ઉંચ સદ્દગુણોનો વારસો મેળવી નાની વયમાંથી જ એ ઉત્તમ ગુણોને લીધે સગાસબંધી સ્નેહીઓને પ્રીય થઈ પડેલ અને સંસારનો લહાવો લેવાના અને માતાપીતા અને સમાજની સેવા કરવાના કોડ જેમના અધુરા રહ્યા છે અને સગાસંબંધીઓના હૃદયમાં કારી ઘા મારી સદાને માટે જખમી બનાવી ચાલ્યા જનાર સદ્દગુણશાળી સ્વર્ગવાસી ભાઈ મુળુભાઇના પવીત્ર આત્મા ( એમના કર્મ. અનુસાર જ્યાં બીરાજતા હોય ત્યાં ) ને આ મહેર જ્ઞાતિને પોતાના સ્વરુપનું ભાન કરાવનાર મહેર જવાંમર્દ ભાગ ૨. એ નામનું પુસ્તક અની પ્રેમપૂર્વક અર્પણ કરૂં છું પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપો એ જ નમ્ર પ્રાર્થના.

વાનપ્રસ્થી

માલદેવ રાણાભાઈ

પોરબંદર

# નિવેદન

પોરબંદરની પવીત્ર ભૂમિમાં બરડાના નામથી ઓળખાતો પ્રદેશ એ મહેર જ્ઞાતિને રહેવાનું રહેઠાણ છે. બરડામાં મોટે ભાગે મહેરોની જ વસ્તી છે. બરડાના ઘણા ખરા ગામે મહેરોના વડવાઓની મર્દાઈ ભરેલી કામગીરીની નીશાની રૂપે ગામના પાદરમાં વીર પુરૂષોના પાવરીયાઓ અને ડેરીઓમાં સ્થાપેલી મૂર્તિઓ મોજુદ છે. મહેર તથા બીજી જ્ઞાતિ વીરપુરૂષોની પ્રતીમાઓને પ્રેમ ભાવે પૂજે છે. આ છે તેની યાદગીરી. આ છે તેના પરાક્રમોનાં સ્મરણ ચીન્હ.

ભક્ત દાતા અને શૂરાઓના માર્ગ જુદા જુદા હોય છે ખરા. પણ ત્રણે માર્ગે સર્વ પ્રકારનું બલીદાન આપવા તૈયાર રહેનાર એ માર્ગે ચાલી પોતાની કાર્યસીદ્ધી કરી શકે છે. માયાના પ્રદેશમાં રહીને સંસારની માયામાં મોહમાં રચીપચી રહેલા સ્વાર્થી અને કાયર પુરૂષનું આ પંથે ચાલવાનું કામ નથી ત્યાંતો કર્તવ્ય માટે પોતાના ધર્મ કે ટેકને માટે સ્વમાન કે વટને માટે ગમે તેવો મુશીબત ભરેલો પ્રસંગ આવીને ઉભો રહે ત્યારે પોતાની ફરજ બજાવવા ખાતર સર્વ પ્રકારના ભોગ આપવાને માટે પ્રસન્નતા પૂર્વક તૈયાર રહેનાર પોતાની ફરજ બજાવી શકે છે. ત્યાં તો મોતને આગામી કાર્ય કરવાનો પ્રસંગ આવીને ઉભો રહે તે વખતે રોદળા રોવા બેસે કે મારી માલ મીલકતનું શું થશે? મારી સ્ત્રી અને મારા બાળકોનું શું થશે? મારી મેડી મહોલાતો અને ગામ ગરાસનું શું થશે? આવા નબળા વીચારો કરનાર ભીરૂ માણસ કદી પણ કાર્ય સાધી શકે જ નહી. કાયર અને નામર્દનું આ રાહ પર ચાલવાનું કામ નથી. આ પંથ તો વીર પુરૂષો માટે જ છે અને એ પંથે ચાલતાં કંઇક મીંઢોળબંધા જુવાનો કર્તવ્યની વેદી ઉપર દેહના બલીદાન આપી અમર નામના મેળવી

ગયા છે અને એને માટે રજપુતોના વડવાઓનો ઇતીહાસ વાંચવાથી વિશેષ ખાત્રી થશે.

એક ઠેકાણે કહેલ છે કે

દો દો તીર કસ બાંધકે સખી ક્હાવત શૂર,
કામ પડે જબ દેખીયે કીનકે મુખપે નુર.

કચ્છી ભાષામાં પણ એક ઠેકાણે કહેલ છે કે

જેડે તેડે સેં ન થીએ કીરત હુંદા કમ
જો ચીરીજેં ચમ તો રાણુા રતન નીપજે.

**ભાવાર્થ**—જેવા તેવા પેટ ભરા માણસથી અવીચળ કીર્તિ રહે તેવાં કામો થઈ શકતા નથી. જે પોતાના દેહનું બલીદાન આપવા તત્પર હોય તેવાઓની જ કીર્તી અમર રહે છે અને એવા પુરૂષો જગતમાં રત્ન સમાન ગણાય છે.

કીર્તીના લોભથી કોઈ સત્કાર્ય કે વીરતા ભરેલાં કાર્યો ભલે કરે પણ કીર્તીનો લોભ મુકીને પણ જો કોઈ સતકાર્યો કરવામાં આવે તો કીર્તી તો તેની પાછળ આવવાની જ છે. માટે કીર્તિના લોભથી કંઈ કાર્ય કરવા કરતાં પોતાની ફરજ સમજીને કાર્ય કરવું એમાં જ ખરી મહત્તા છે.

સંસારની અંદર કોઈપણુ જ્ઞાતિમાં આવા મહાન પુરૂષો પાકયા હોય તેમને અમારા લાખોવાર વંદન છે.

હું મહેર જ્ઞાતિમાં જનમ્યો છું એટલે અમારી જ્ઞાતિમાં કોઇ દાતા શુરા કે ભક્ત પુરૂષો થઇ ગયા હોય તો તેમનાં જીવનુ ચરીત્ર લખવાં એ માંરી એક પ્રકારની ફરજ છે અને એવાં પુરૂષોનાં જીવન-ચરીત્રો લખી મારા જ્ઞાતિભાઇઓ આગળ હું રજુ કરૂં કે જેથી મારા

ભાઇઓ પોતાના મુળ સ્વરૂપને ઓળખતા થાય તેને માટે મારો આ પ્રયાસ છે.

મહેર જ્ઞાતિમાં દાતાશૂરા ભક્તો ઘણા પાક્યા છે એના જીવન-ચરીત્રો લખવાની કે જાણવાની સમાજને બહુ દરકાર નહોતી તોપણ સૌરાષ્ટ્રના સાચા સેવક રા. રા. ઝવેરચંદ મેઘાણીએ બરડાનાં ગામડાં ફરી ફરીને પરીશ્રમ વેઠીને મહેર જ્ઞાતિમાં થઇ ગયેલા વીર પુરૂષોનો દટાએલો ઇતીહાસ ટુંક જીવન ચરીત્ર રૂપે સૌરાષ્ટ્રની રસધારમાં છપાવીને પ્રસિદ્ધ કરેલો છે તે સૌરાષ્ટ્રની રસધાર વાંચનારા ભાઈ-ઓની ખ્યાલ બહાર નહી જ હોય. રા. રા. ઝવેરચંદભાઇનો હું સમસ્ત મહેરભાઇઓ વતી ઉપકાર માનું છું. મહેર જ્ઞાતિ તેમની સદાને માટે રૂણી છે.

મહેરના ઇતીહાસ ઉપર જો પ્રકાશ પાડવામાં આવે તો ઘણું જાણુ-વાનું મળે તેમ છે. મહેરના દટાએલા ઇતીહાસને પ્રસિદ્ધમાં મુકવાનો મારો પ્રયાસ છે અગાઉની પ્રજા વીરપૂજક હતી એટલે વીર પુરૂષોની કથા સંઘરવાની અને એને હૈયે હોઠે કરીને પોતાના સંતાનોના હૃદયમાં એ વીરતાના સંસ્કારો પડે તે ખાતર વાર્તાના રૂપમાં રજુ કરવાની ભાવના હતી. આવી કથાઓ સત્ય છે કે અસત્ય છે એ નક્કી કરવા માટે દરેકે કથાઓનો સાલવારનો ચોક્કસ આધાર આપી નક્કી કરવાનું પુરતું સાધન કદાચ ન મળી શકયું હોય એથી કરી આ પુસ્તકમાં આપેલી હકીકત અને કથાઓની વાંચનાર ભાઇઓને કદાચ તેની ઐતિહાસિકતા ઓછી તો લાગશે જ નહિ. અને વાંચનારને સત્ય અને અસત્યની છણુવટથી સત્ય વસ્તુની ઝાંખી તો જરૂર થશે. હું મહેર છું એટલે મારી જ્ઞાતિની બડાઇનાં બણગાં ફુંકવાની કે ખોટી પ્રશંસા કરી ઠંડા પહોરના ગપાટા મારવાનું કામ મેં હાથમાં લીધું નથી એમ તો જરૂર સમજાશે. ઈતીહાસની દ્રષ્ટીએ મારૂં લખાણ કેટલે અંશે સત્ય છે એ વાંચક વર્ગ જરૂર સમજી શકશે. એટલું ખરૂં કે હાલની

અમારી મહેર જ્ઞાતિની જે દશા છે. જે અમારૂં જીવન અમો વીતાવી રહ્યા છીએ તેની સાથે અમારા વડવાઓની મર્દાઇ ભરેલાં કામો એમની રહેણી કરણી એમનો વટ એ બધા ગુણોની સાથે જો મુકાબલો કરીએ તો તો અત્યારે આશમાન જમીન જેટલો તફાવત લાગશે.

હમેશાં એવું છે કે જે જાતીની સ્વતંત્ર અવસ્થામાં પછી તે રાજા હોય સામંત હોય કે પ્રજાજન હોય ગમે તે હોય પણ ને જ્યારે એક પ્રકારના ચૈતન્યવાળી હોય છે તેવી સજીવતા તે જાતીની પરાધીન અવસ્થામાં કોઇ પણ જાતીની વીપરીત દશા થાય છે. ત્યારે તે પરાધીન જાતીની જીવન શક્તિ દીન પ્રતીદીન ક્ષીણુ થતી જાય છે. પોતાના સ્વરૂપનું અને કર્તવ્યનું ભાન ભુલીને તે જાતી આળસ, વિલાસિતા, સ્વજાતી દ્વેષ, ઐક્યતાની ખામી વીગેરે અનેક દુર્ગુણોને ગ્રહણ કરી તદ્દન નીર્બળ બની જાય છે. તેથી નામ માત્રની સ્વાધીનતામાં કોઇ પણ પ્રકારની વિશિષ્ટ ઉન્નતિ ઘટના દ્રષ્ટી ગોચર થતી નથી. આવે સમયે તે જાતી કેવળ આહાર વિહારમાં જ પ્રસન્ન રહી પોતાનું જીવન કંગાલીયત દશામાં વીતાવે છે. આવા સંજોગોમાં જાતીનું મનુષ્યત્વ નાશ થાય છે અને જાતિ ઉન્નતિ માટેની કંઇ પણ પ્રવૃત્તી કરવામાં બેદરકાર બને છે. પોતાના સ્વરૂપનું અને કર્તવ્યનું ભાન ભુલી ઘોર નીંદ્રામાં સુતી પડી રહે છે. આ પરાધીન જાતી સ્વપ્નામાં પણ પોતાના પુર્વજોના ગૌરવ સ્મરી પુર્વજોની પેઠે પોતાની જન્મભૂમિ, સ્વજાતી, સ્વસમાજ વા સ્વધર્મને માટે આત્મભોગ આપવા માટે તૈયાર થતી નથી.

હાલની અમારી મહેર જ્ઞાતિ તરફ નજરે કરીએ તો જરૂર ઉપર લખી બાબતોનો સ્વીકાર કરવો પડે. એક વખતની મહા પરાક્રમી મહેર જાતીનાં સંતાનો હાલ કેવી દશામાં જીવન વ્યતીત કરી રહ્યાં છે એ જ્યારે જોઇએ છીએ ત્યારે આંખોમાંથી અશ્રુધારા વહે છે. કોઇ વીરલા એમને એમની ગાઢ નીંદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરે

પડકાર કરે કે એ મહેરભાઇએ હવે જાગો ? જાગો ? તમે કોણુ છો તમે તમારૂં સ્વરૂપ ભુલી કયે પંથે ચાલી રહ્યા છો. ભાઇઓ હવે તો જાગો ? અફસોસની વાત છે કે એ પડકાર સાંભળવાની અને સાંભળીને જાગ્રત થવાની દરકાર કોને છે. ખરેખર એ પણુ એક નબળી દશાની નીશાની નહી તો બીજું શું કહેવાય.

વાંચક વર્ગને મારે જણાવવું જોઇએ કે હું વિદ્વાન નથી તેમજ લેખક પણુ નથી. મેં મારી અલ્પબુદ્ધિ અનુસાર મહેર જવાંમર્દ ભાગ ૨ જામાં આપેલી કથાઓ સંપાદન કરીને પ્રસિદ્ધિમાં મુકી છે. એમાંની કેટલીક કથાઓ તો રા. રા. શ્રીમાન ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારમાં આપેલી કથાઓને આધારે લખી પ્રસિદ્ધ કરી છે. કેટલીક કથાઓ ચારણુ બારોટના ચોપડા ઉપર આધાર રાખીને અને તેઓની ઉચ્ચારેલી વાણી ઉપર આધાર રાખીને સંગ્રહ કરેલો છે. અગાઉના વખતમાં લોકોની કલ્પના કેવા આદર્શને વંદન કરતી હતી એનો વાંચક વર્ગ ખ્યાલ કરશે. સમાજ અને દેશ એક વખત વટ ટેક અને ન્યાય અને નીતીના પૂજક હતા.

અગાઉની પ્રજા શૂરવીરતાનો વધારે પડતો દુરઉપયોગ કરનારાના હાથેથી લુંટાતી પીડાતી છતાં એ લુંટનારા જવાંમર્દોની જવાંમર્દીને વીસરતી નહોતી. કેટલાક વીરપુરૂષોને હાથેથી હત્યાઓ થઈ જતી તોપણુ તેની જવાંમર્દીને પ્રજા વીસરતી નહોતી અને તેની નેકી ટેકી ઉપર આફ્રીન રહેતી ન્યાયને રસ્તે ચાલનારા આવા પુરૂષોને પણુ ગેબી સહાય મળ્યાના દાખલાઓ પણુ કોઈ કોઈ મળી આવે છે. સમાજના હૃદયમાં પણુ આવા વીર નરોના વીરતા ભરેલાં કાર્યો કોતરાઇ રહેતાં અને તેથી જ એના હૃદયમાંથી નીકળતી સ્વાભાવિક વાણીને જો આપણે કલ્પનાના શબ્દો કહીએ તો તો આપણે જરૂર અન્યાય કરેલો કહેવાય. એ પ્રમાણે મહેર જવાંમર્દના આ બીજા ભાગમાં પણુ કોઇ હકીકતો એવી આવે તો તેથી બધી હકીકત

કલ્પનાથી ઉપજાવી કાઢી છે એવી માન્યતા વાંચક વર્ગની નહિ બને એમ મારૂં માનવું છે.

આ મહેર જવાંમર્દના બીજા ભાગમાં જે વીર અને વીરાંગનાની કથાઓ લખવામાં આવી છે તેમાં વીર વીંઝરો, મુળુમેણંદ હાથીઓ, દુવોધ્રાંગડ રીણોભોજાણી લુંઘોપાતાનો એ કથાઓ કેશવારા મહેરના બારોટ ગોવીંદભાઇ તરફથી મળી છે વીર વીઝરા શીવાયની બીજી કથાઓ સૌરાષ્ટ્રથી રસધારમાં પ્રસિદ્ધ છે.

આ શીવાય મોઢવાડીયા મહેરના બારોટ રણુમલભાઇ તથા જગુભાઇ તરફથી પણુ કેટલાક છંદ, રાસડા કવીત વગેરે મળ્યાં છે અને વીશેશે કરીને ઘણા ખરા છંદ રાસડા કવીત ઓડદરના સુવાખસ જીવા પાસેથી મળ્યા છે આ શિવાય બારોટ નાગજી બોઘા તથા બારોટ ધનજી લાખા તરફથી પણુ કેટલાંક કવીત મળ્યા છે તે સર્વ ભાઇઓનો હું ઉપકાર માનું છું.

શ્રી મહેર જવાંમર્દ ભાગ ૨ જાની ઘણા ભાઇઓ તરફથી માગણી થયા કરે છે તો વહેલાસર પ્રસિદ્ધ કરવાની કોશીશ કરી છે જે જે સજ્જનોએ સહાનુભુતિ બતાવી સહાય આપી છે તેનો હું અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

આપણા પરમ કૃપાળુ નામદાર મહારાણાશ્રી નટવરસિંહજી બહાદુર મહેરજ્ઞાતિ તરફ રહેમ નજરથી જોતા આવ્યા છે તેવી રીતે મહેરજ્ઞાતિ પણુ મહારાણાશ્રીને પોતાના દેવ તુલ્ય ગણીને પૂજ્યભાવ રાખતી આવી છે.

એક વખત જ્યારે તલવારનો અને બાહુબળનો હતો ત્યારે મહેરના વડવાઓએ જેઠવા મહારાણાને ખાતર જર અને જાન દેવામાં

પાછો પગ ભર્યો નહોતો આજે એ જમાનો ચાલ્યો ગયો છે આ જમાનો બુદ્ધિબળનો છે એટલે મહેર જ્ઞાતિનો મોટો ભાગ જ્ઞાન અને કેળવણીમાં તદ્દન પછાત છે એટલે હવે ગરીબ મહેરોના સંતાનોની કોઇને જરૂર નથી અત્યારે મહેરનો મોટો ભાગ ખેતીનો ધંધો કરી પોતાનું જીવન સુખ દુઃખમાં વીતાવે છે. વીરતા બતાવવાના પ્રસંગો જેમ જેમ નષ્ટ થતા ગયા તેમ તેમ મર્દની જરૂરીયાત ઓછી થતી ગઇ અત્યારે તો મહેર જ્ઞાતિને પોતાનું ગુજરાન કેમ ચલાવવું એ ફીકરમાં જુદા જુદા ધંધા કરી નીર્વાહ કરી રહી છે અને પોતાનું મૂળ સ્વરૂપ ભુલતા જાય છે રાજ્ય અને મહેર વચ્ચેનો મીઠો સંબંધ ચાલ્યો આવે છે એ મહેરોના મનને અતિ આનંદની બાબત છે,

મહેર જ્ઞાતિની ઓળખાણ માટે અહીં મારે વધારે ચોખવટ કરવાની જરૂર જણાતાં લખું છું કે જેથી વાંચકને મહેરની ઓળખાણ માટે સુગમ પડે. હવે પછીના પૃષ્ટમાં માળવા અને ગુજરાત વચ્ચેના પ્રદેશમાં રહેનારા મિહીર મૈત્રીક મહેર અથવા મેર એ નામે ઓળખાવ્યા છે. એટલે જ્યાં જ્યાં મૈત્રીક લખવામાં આવેલ છે એ નામ મહેર અથવા મેર જ્ઞાતિનાજ છે એમ સાથેના તાંમ્ર લેખો સમજપૂર્વક વાંચવામાં આવશે તો વાંચકને ખ્યાલ આવશે.

સર્વે મહેરજ્ઞાતિ ભાઈઓને ખાસ જણાવવાનું કે આ સાલ ચાલુ લડાઇને લીધે ઘણીજ મોંઘવારીને લીધે કાગળો તથા પુસ્તકો છપાવવા માટેના તથા ચિત્રો છપાવવા માટેના બ્લોકો બનાવવાના સાધનોના ભાવ ઘણાં જ ઉંચા હોવાથી મહેર જ્ઞાતિના ઇતિહાસનો મેં જે સંગ્રહ કરેલો છે તેમાંથી અગત્યના લેખો ફોટાઓ તથા બીજી અગત્યની હકીકત આ પુસ્તકમાં આપી શકયો નથી મહેરનો સંપૂર્ણ ઇતિહાસ મેળવવા માટેનો મારો પ્રયાસ ચાલુ છે અને ઇશ્વર કૃપાએ

એ સઘળી હકીકત શ્રી મહેર જવાંમર્દ ભાગ ત્રીજામાં લખવામાં આવશે.

આ મહેર જવાંમર્દોનાં પુસ્તકો છપાવવાનો પહેલા ભાગમાં મદદ આપવામાં મહેર જ્ઞાતિની ઉન્નતિ માટે ખાસ લાગણી રાખનાર ભાઇશ્રી પરબત હરભમે ઘણી સારી લાગણી બતાવી છે.

મહેર જવાંમર્દ ભાગ ૨ જાનો છપાવવા માટેનો તમામ ખર્ચ મહેર જ્ઞાતિના સાચા સેવક ભાઇશ્રી માંડણ કુદા તરફથી આપવાની તેઓએ ખુશી બતાવી છે ભાઈશ્રી માંડણ કુદા તથા તેમના પુત્ર રણમલ માંડણ શ્રી મહેર વિદ્યાર્થી ભવનમા પણ દર વરસે ઘણી સારી મદદ કરતા રહે છે એને લગતી હકીક્ત શ્રી મહેર વિદ્યાર્થી ભવનના રીપોર્ટમાં આપવાની હોવાથી આંહી લખેલ નથી જે ભાઇઓ એમ માને છે કે હું મહેર છું એ ભાઈઓ તો આ મહેર જવાંમર્દના પુસ્તકને (મહેર કથા) અવશ્ય રાખવું જ જોઈએ પોતાના જ્ઞાતિનો ઈતિહાસ સંઘરી રાખવામાં અને મહેરના વડવાઓએ જે કંઈ મર્દાઈ ભરેલાં કામો કરી ગયા છે તેને પગલે ચાલી યથાશક્તિ પ્રમાણે પોતાનું સ્વમાન, ઈજ્જત માન મરતબો સાચવવાની કાળજી અવશ્ય રાખવી જોઈએ મહેરોને પોતાના સ્વરૂપનું ભાન થાય તે ખાતરજ આ પુસ્તક ઘણી મહેનતે તૈયાર કરેલ છે તો એમાં બતાવેલા હકીકત ગ્રહણ કરી વડવાઓની કીર્તિમાં વધારો ન થાય તો કંઈ નહિ પણ એ કીર્તીને ઝાંખપ ન લાગે એવા પ્રયત્ન કરશો તો મેં લીધેલ શ્રમ લેખે લાગશે.

માલદેવરાણા

આ નીચે દર્શાવેલ તામ્ર લેખો વાંચવાથી મેરોની અગાઉની સ્થિતિ

ખ્યાલમાં આવશે માટે એ લેખો આ પુસ્તકમાં લખવામાં આવ્યા છે.
લેખ નંબર

૧ વિક્રમ સંવત ૯૨૩ થી ૯૪૦ સુધીની હકીકત બતાવતો લેખ અર્લી હીસ્ટ્રીયા ઓફ ઈન્ડિયા.

૨ રાજ્યસ્થાન ઈતિહાસ (ટોડ કૃત)

૩ સને ૧૯૪૨ શારદા લોક સાહિત્યનો અંક

૪ ટોડ રાજસ્થાન ઈતિહાસ

૫ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ

૬ ઈ. સ. ૪૭૦ થી ૯૦૦ ની હકીક્ત બતાવતો લેખ હ. બા. ગ્રંથ ૧૯૧૮

૭ મહેર સ્થાપત્ય તા. ૧૪–૭–૪૦

૮ સૌરાષ્ટ્રનો ઇતિહાસ

૯ ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ વલ્લભી વંશ પાના ૮૧

૧૦ અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડીયા પ્રકરણ ૧૪ પૃષ્ટ ૩૭૯

૧૧ મુંબઈ ગેઝેટીયર વોલ્યુમ ૮ પૃષ્ટ ૧૩૮ પ્રકરણ ૩ જું.

૧૨ સદર પ્રકરણ ૭ મું પૃષ્ટ ૨૭૮

૧૩ ટોડ રાજ્યસ્થાન ઈતિહાસ

૧૪ શારદા માસીક ૧૯૪૩ અંક ત્રીજો પુસ્તક ૩૯

૧૫ ગુજરાતનો બાળ ઈતિહાસ પાના ૯

૧૬ પ્ર. પુ. ૧ લું અંક ૩૯

૧૭ પ્ર. બ. ૪૪ તા, ૯–૩–૧૯૪૧

૧૮ કુમાર માસિકનો લેખ ૧૯૮૯ પૃષ્ટ ૩૫૬

૧૯ ઈન્ડીયન એન્ટી ક્વરી માસિક પાના ૩૬૦ ૧૫

૨૦ „ „ વોલ્યુમ ૧૨ પા. ૧૭૯

૨૧ „ „ „ ૧૧ પાના ૩૩૭

૨૨ વી. સ. ૧૨૭૨ શ્રી મહાવિરની મૂર્તિ ઉપર લખેલ લેખો

૨૩ ડોકટર ફ્લીટ વોલ્યુમ [ઈન્ડીયન એન્ટી ક્વરી]

૨૪ લેખક શ્રી ધનેશ્વરસુરિજી

૨૫ કાઠિયાવાડ ગેઝેટીયર પાન ૨૭૯

૨૬ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ

૨૭ ટોડ રાજ્યસ્થાન ઇતિહાસ

૨૮ „ „

૨૯ „ „

## મહેરોની શાખ ( અટક )

| | |
|---|---|
| ૧ કેશવારા | ૮ વાઢેર |
| ૨ સીસોદીયા | ૯ સોલંકી |
| ૩ રાજસાખા | ૧૦ કીશોર (જાડેજા) |
| ૪ સુમરા | ૧૧ વાળા |
| ૫ પરમાર | ૧૨ ચૌહાણ |
| ૬ ચાવડા | ૧૩ ચુડાસમા |
| ૭ વાઘેલા | ૧૪ ભટ્ટી |

હાલ મહેરોની ચૌદ શાખ છે ચૌદ શાખના મહેરો જે જે ગામમાં વસ્યા તે તે ગામની છાપથી હાલ ઓળખાવા લાગ્યા મહેરના બારોટોએ પણ તે ને તે ગામથી તેને ઓળખાવ્યા મારે આ સ્થળે કહેવું પડે છે કે બારોટાએં ગામની છાપથી મહેરોને પ્રસિ-

દ્ધિમાં મુક્યા તે કરતાં તેની મુળ શાખથી જ જો ઓળખાવ્યા હોત તો વધારે સારૂં હતું. કારણકે હાલના મહેરોની પોતાની મુળ શાખ કઈ છે તેનું પણ વિસ્મરણ થતું જાય છે એ ખરેખર દુઃખની બાબત છે.

જે જે શાખાના મહેરો જે જે ગામમાં રહેવાને લાગ્યા તેની યાદી.

### કેશવારા મહેર

ગામનાં નામ–રાતડી, કેશવ, આંતરોલી, એરડા વીસાવાડા.

### રાજસાખા મહેર

ગામનું નામ તથા પેટાશાખ — ચુંડાવદર, બોખીરા, ગોરાણા, ભુસિયા બોમીયાવદર, મોરદડ જોગ કારાવદરા સુરીયા, સિંધવા, સેલોત, સેલાર

### સુમરા (ઓડેદરા) મહેર

ગામનું નામ તથા પેટાશાખ — ઓડદર, રેવદરા, ટુંકડીયા, ફટાણીયા, ભારવાડીયા દેવાણા, જસાણા, હેમાળા, વીસાણા, ધુંધાણા. બુટડ, આસદે, મોખરા, માત્રા મિયા, નાનાલાલા, દલાખ, સોનેરાણા, વજયા. અરજનકા, લોધાણા, જી. ફટીયા હાજાણાં.

### ચાવડા મહેર

ગામનું નામ પાદરડી. નાવલીયા

### વાઘેલા મહેર

ગામનું નામ — સીમર, બોગસર, પારાવાડા

પેટા શાખા ચીડા. ચાડેલા, ચંડેલા, દીવરાણીયા, વડીયા, ખમીદાણીયા.

## ( સુર્ય વંશી ) વાઢેર મહેર

ગામનું નામ સુતરેજા સરમા
પેટા શાખા દાસ્મા સીંધલ

## કીશોર મહેર અથથા જાડેજા મહેર

ગામનું નામ કડછ તરખાડા કડેધીયા, રાતીયા

## વાળા મહેર

ગામનું નામ બાપોદર
પેટા શાખા મુરીઆસીયા આગઠ

## ચૌહાણ મહેર

ગામનું નામ ગરેજ

## ચુડાસમા મહેર

ગામનું નામ વાઘણોયું ધરશન
પેટા શાખા વાઘ.

## ભટ્ટી મહેર

ગામનું નામ અડવાણા, મહેરવદર વીતરારા, દેરોદર, નેરાણું, ઠોયાણું, ખીજદડ, ભડ.

હાલમાં નીચે લખ્યા ગામોમાં મહેરોની વીશેશ વસ્તી છે.

પોરબંદર તાબે, ઓખીરા, કુંછડી, બખરલા, વીસાવાડા, રાતડી, મોઢવાડા, કેશવ, ટુંકડા, ભાવપરા, વડાળા, મીયાણી, અડવાણા, સોઢાણા, ભેટકડી, ફટાણા, આબારામા, હાથીયાણી, બેરણ બોરીચું, નાગકુ, સીસલી, બાવરવાવ, વીંઝરાણા, ખીસ્રી, ખાંભોદર, ભારવાડા, દેગામ, બગવદર, કાટેલા, કુણવદર, કીંદરખેડા, ભોમીયાવદર, પારાવાડું

સીમર ઓડદર, બળેજ, ગરેજ, બાપોદર, મીત્રાલા, એરડા, પાદરડી, કડછ, ચીંગરીયા, પાતા, કડોરણા રાતીયા, બાપોદર, સીકાસા જામનગર તાબે, ગોરાણા ચદ્રાવાડા રાજપરા, દાદર ડાંગરવડ, જુનાગઢ તાબે બગસરા મહીયારી, કડેધી મીતી, તરખાઈ આતરોલી, ઠોયાણું માંગરોળ તાબે કાંસાબડ. છત્રાલા, ભોગસર વીગેરે

પરમાર સોલંકી ચૌહાણ એ અગ્નિકૂળની શાખા છે.

પરમારની ૩૫ શાખ.

સોલંકીની ૧૬ શાખ.

ચૌહાણની ૨૪ શાખ.

## વાઢેર.

રાઠોડ વંશના શિવજી તેના ત્રણ પુત્રો.

અશ્વસ્યામા, સોનીંગ, અજમલ.

અજમલે સૌરાષ્ટના પશ્ચિમ કિનારા સુધીનું રાજ્ય તલવારના બળથી લીધું તે વખતે ત્યાં વીકમસી રાજ્ય કરતો હતો તેને મારી અજમલે રાજ્ય લીધું અને ત્યારથી તે વાઢેલ (વાઢેર કહેવાણા અને તેમાંથી વાઘેલા પણ કહેવાણા. આ સુર્યવંશી રજપુત છે.

## યદુકુળની આઠ શાખા.

રૂક્ષમણીને પેટે પ્રદુમન જનમ્યા તેના અનીરૂદ્ધ અને અનીરૂદ્ધના વજ્ર થયા. વજ્રના નવરાજ થયા અને નવરાજના પૃથ્વીબાહુ થયા અને પૃથ્વીબાહુના બાહુ અને બાહુના રીબીન થયા, રીબીનના ગજ થયા અને ગજના સાલીવાહન થયા. સાલીવાહનના બુલંદ થયા અને બુલંદના ભટ્ટી થયા. ભટ્ટી, ભાટી અથવા ભુતીયા મહેર કહેવાણા.

## જાડેજા.

શ્રીકૃષ્ણુની આઠ રાણીઓ તેમાં રૂકમણીને પેટે પ્રદ્યુમન થયા અને તેના અનીરૂદ્ધ અને અનીરૂદ્ધના વજ્ર, વજ્રના નવરાજ, નવરાજ

અને ક્ષીરરાજ તેના નવરાજના પૃથ્વીબાહુ અને ક્ષીરરાજના નરપત તેના જાડેજા, અને જાદભાણુ થયા.

## સુમરા.

પરમારની ૩૫ શાખા છે તેમાં સુમરા (ઓડેદરા મહેરે આવી જાય છે.

## સીસોદીયા.

(મોઢવાડાના મહેરો મેવાડમાંથી આવેલા છે. મોઢવાડામાં રહે છે તેથી મોઢવાડીયા મહેર તરીકે ઓળખાય છે. ખીસ્રીના હાડીયાના મહેરો પણ સીસોદીયા મહેર છે.

## ચાવડા.

સીંધુ નદીની પેલીમેર સૌરાષ્ટ સુધી વસતા લોકોની સાથે ભળી ગયા છે. ચાવડાની રાજ્યધાની પહેલાં દીવ બંદર હતી. સોમનાથના પવીત્ર દેવળ ઉપર તેની જ સત્તા હતી, અને કીનારા ઉપરના ગામો તેમના તાબામાં હતા. બાલનાથ અને સુર્યને તેઓ માનતા, આ રાજાઓએ અણુહીલવાડ પાટણનો પાયો સંવત ૮૦૨ ઇ. સ. ૭૪૬ માં નાંખ્યો. આ ચાવડા યદુવંશની શાખા છે એમ પણ કેટલાકનું માનવું છે.

સૂર્યવંશીઓ અને ચાવડાઓ વચ્ચે જુનો સબંધ હતો, અને હજુ જાળવતા આવ્યા છે.

## ચુડાસણા.

એ યદુવંશી (ચંદ્રવંશી)

શ્રીકૃષ્ણની દશમી પેઢીએ અસપત થયા. અસપતના વંશના ચુડાસમા. ચુડાસમા મહેર હાલ વાઘણીમા ગામમાં રહે છે અને તે વાઘ શાખના મહેર તરીકેની તેની ગામની છાપ પડી છે.

## ચૌહાણ શાખના મહેર.

હાલમાં પોરબંદર તાબે ગરેજ ગામમાં રહે છે અને ગરેજા મહેર તરીકે ઓળખાય છે.

**લેખ નંબર ૧**

# વીક્રમ સંવત ૯૨૩ થી ૯૪૦ સુધીની મહેરોની સ્થિતી બતાવતો લેખ.

વડોદરાનું દાન પત્ર શક સવંત ૭૯૩ (વીક્રમ સંવત ૯૨૭) નું છે. તે વખતે જે ગેઝેટીયરનો ગુજરાતનો ઈતિહાસ લખાયો ત્યારે કયાંય છપાએલ નહોતું પણ પંડીત ભગવાનલાલ પાસે હતું અને તેમણે બ્રીટીશ મ્યુઝીયમ (પ્રદર્શન)માં આપેલું (જુઓ મુંબઇ ગેઝેટ ગ્રંથ એક ભાગ ૧ લો પૃષ્ટ ૧૨૭) આ તાંમ્રપત્રમાં ધ્રુવે પોતાના વીફરેલા બંધુ વર્ગને શાંન્ત કર્યાનું લખે છે પણ તે વખતે ધ્રુવની સામે બંધુવર્ગનીજ આફત નહોતી પણ એક તરફથી રાષ્ટકુટની શાખાનો રાજા વીમુખ થઈ બેઠો હતો અને બીજી તરફથી પ્રબળ ગુર્જરોનું સૈન્ય ચડીને આવ્યું હતું ત્યારે ધ્રુવના ભાઇઓ પણ સામે થઈ ગયા હતા, છતાં એ બધું ધ્રુવના તલવારના બળથી શાંન્ત થયું.

(માળવા અને ગુજરાત વચ્ચેના પ્રદેશોમાં રહેનારા ગુર્જરોના નામથી ઓળખાય છે.)

નાગાવ લોકના વંશના કાન્ય કુબ્જના પ્રતિહારોજ (પડીહારો) આંહી ગુર્જર શબ્દોથી ઓળખાય છે.

આ તાંમ્ર પત્રમાં લખેલું છે કે જેનું તેજ દશે દીશામાં વ્યાપી ગયું છે એવો મહીર (મહેર) પણ બીજા ધ્રુવ રાજાની ઉન્નતી જોઈ શાંન્ત થઈ ગયો.

શ્લોકમાં મિહિરનો અર્થ સૂર્ય ઉપર લીધો છે, બીજા ધ્રુવે મિહિરને (મહેરને) હરાવ્યો. આ મહેર તે કયાનો રાજા ?

આ મહેર તે કાઠીયાવાડનો મહેર ઠાકોર.

મહારાજા સીલાદીત્યના વખતમાં વીક્રમ સવંત ૫૮૦ ઇ. સ. ૫૨૪ વલ્લભીનું પતન થયું. વલ્લભીની પડતી પછી કાઠીયાવાડના મહેર ઠાકોર જોરમાં આવ્યા, એમ પંડીત ભગવાનલાલ મુંબઇ ગ્રંથ ૧ ભાગ ૧ લો પૃષ્ટ ૧૨૭ ને આધારે કહે છે કે આ મહેરતે કાન્ય કુબ્જના પ્રતિહાર રાજા મહીર ભોજ કનોજના પડિહાર (પ્રતીહાર) વંશનો આભોજ અતી પરાક્રમી રાજા હતો. વીક્રમ સવંત ૮૯૬ થી ૯૪૬ સુધી તેમણે રાજ્ય કર્યું એ ધ્રુવ બીજાનો સમકાલીન હતો મહેર ભોજ રાજા એ કનોજ રાજ્યનો ખુબ વીસ્તાર વધારેલો હતો. એના રાજ્યને સાંભ્રાજ્ય કહી શકાય એમ શ્રી. વી. સ્મીથ પણ કહે છે ( અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડીયા આ. ૩ પૃષ્ટ ૩૧૯ )

## લેખ નંબર ૧૦

ભોજ રાજા વિ. સ. ૮૯૬ થી ૯૪૬

નાગભટ્ટ પછી તેના પુત્ર રામચંદ્રને તથા પૌત્ર મીહીર ભોજને તાબે રજપુતાનાનો ઘણો ભાગ તાબે હતો અને તેના પુત્ર તથા પૌત્ર સાંમતના તાંમ્રપત્ર છેક કાઠીયાવાડમાંથી મળી આવ્યા છે. આ જોતાં મહેર ભોજને તાબે કાઠીયાવાડનો મોટો ભાગ હોવાનો સંભવ છે. વીનસેન્ટ સ્મીથ પણ સ્વીકારે છે. ( અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડીયા આ. ૩ પૃષ્ટ ૩૭૯ )

## લેખ નંબર ૨

ટોડ રાજ્યસ્થાનના ઇતીહાસ ઉપરથી મેરવાડમાં મેરના પરગણાની વારસીક ઉપજ એક લાખની મહેરને હતી.

મહેરોના સંસ્થાનો ઉત્તરે ચંબળ નદીથી દક્ષીણે સૌરાષ્ટ મુલક સુધી હતાં. હાલ એજ મેરવાડા મેવાડના રાણાના તાબામાં છે મેર-

વાડાના મેરોના તમામ હથીયારોને મેવાડના પાયતખત રાજનગરમાં એક ખાસ જરૂખામાં રાખવામાં આવ્યાં છે.

---

## લેખ નંબર ૧૩

પૃથુરાજના કવી ચંદબારોટ લખે છે કે જ્યાં એક ટેકરી બીજી ટેકરી સાથે જોડાય છે ત્યાં મહેર અને મેનાનાં ટોળાંબંધ જોડાએલાં છે. ચાર હજાર મહેરો એ અરવલ્લીનો રસ્તો બચાવવા નક્કી કર્યું દરેક મહેર મરણીયો બન્યો. તેઓ શુકન જોઈ નીકળ્યા હતા, તેના કામઠાંઓમાંથી તીર ખાલી જતાં નહોતાં. તેમનાં તીર ઇન્દ્રના ધનુષ્ય જેવાં હતાં. તેઓ પોતાનું વચન પાળતા હતા.

સર્પની માફક લાગ આવે ત્યારે દુસ્મન ઉપર તુટી પડતા. દુશ્મનોને ખબર પડી ગઈ કે શૂરવીર મહેરો પોતાના તીરકામઠાં સાથે પર્વતોની ગુફામાં ઉભા છે તો તેમને હરાવવા કોણ શક્તિવાન છે. મેરોનો ગુસ્સો શીકારની શોધમાં નીકળેલા સિંહ જેવો છે.

મેર લોકો તો સુમેરૂ પર્વતની માફક હાલે એવા ક્યાં હતા. મેરોનાં તીર તો ઇંદ્રના વજ્ર સરખાં સાથે મૃત્યુને બોલાવી લાવતાં હતાં. દુશ્મનોના યોદ્ધાઓ લડાઈના ઘોડાઓ ઉપરથી પડવા લાગ્યા. પવનના ઝપાટાથી જેમ ઝાડ પડી જાય તેમ દુશ્મનોના બખતરમાં સપાટામાં ગર્જના કરતાં હતાં. દુશ્મનોની છાતીમાં ભાલા લાગી પીઠમાંથી સોંસરવા નીકળતાં હતાં. પર્વતવાસી શૂરવીરો આવી રીતે લડાઈમાં ઉતર્યા. મેર આગેવાનો દુશ્મનોને ચરખાની માફક ફેરવવા લાગ્યા. પર્વતવાસી મેર સરદાર પડયો, આથી મેરો ચમક્યા પણ ડગ્યા નહિં વીગેરે વીગેરે.

" જે દેશમાં મેર વસે છે તે મેરવાડા કહેવાય છે. આ લોકો હિંદના અસલ વતનીઓ માંહેલા છે, મેર ઉપરથી પાછળથી મેરાવત

પડયું છે. કોકલમેર અને અજમેર વચ્ચે ૯૦ માઇલિ લાંબા અને ૬ થી ૨૦ માઇલિ પહોળા અરવલ્લી પરવતની હાર છે. તે મેરવાડા કહેવાય છે. આ ભવ્ય પ્રદેશનો દેખાવ શારીરીક ભુગોળવિદ્યાનો ચીતાર આપે છે. હિંદુસ્તાનના સૌથી અગત્યના પ્રદેશની કુદરતી ખીલવણીનું વર્ણન કરવાની મારામાં શક્તી નહોતી. અરવલ્લી પર્વતનું આબેહુબ વર્ણન કરતાં એક મોટો ગ્રંથ ભરાય તેમ છે. મહેરોનો ઇતીહાસ જાણવા જેવો છે.

ટોડ રાજસ્થાનમાંથી.

**લેખ નં. ૧૯**

ઈન્ડીયન એન્ટી કવરી માસીક આંક ૧૫ પાના ૩૬૦

ગોહેલવાડ તાબે હાથસણી (ઉજી સરવૈયા મહાલ) ગામનો સંવત ૧૩૮૬ નો લેખ.

ચંદ્રવંશમાં ખગાર નામનો રાજા હતો. તેના વંશમાં જશધવલ નામનો રાજા થયો તેને મલ્લ, મંડલ, મેલીંગ એ ત્રણ પુત્રો હતા આ વખતે વાખલ રાજવંશમા નાગાર્જુન નામે એક માણસ થયો તેના પુત્ર મહાનંદ હતો મંગળરાજની પુત્રી હતી તેણે ઠેપક નામના વીરપુત્રનો જન્મ આપ્યો આ ઠેપકે તેમના સદ્ગુણોથી પ્રજાનાં મન જીતી લીધાં તળાજાના રાજા મહીશે તેને રાજ્ય આપ્યું તેને એક સુંદર વાવ બંધાવવા વિચાર થયો પછી તેણે ઠેવાવાથી નામે સુંદર વાવ બંધાવી તે મેહર જે બ્રાહ્મણોને પ્રીય હતો તે દીર્ઘાયુષ્ય ભોગવો સંવત ૧૩૮૫ અશાડ સુદ ૭ સોમવારે વાવ તૈયાર થઇ.

---

**લેખ નંબર ૨૦**

ઈન્ડીયન એંન્ટી કવરી માસીક વોલ્યુમ ૧૨ પાના ૧૭૯ બગૂમ (વલસાડ જીલ્લો) ગાયકવાડ સ્ટેટ.

રાષ્ટ્રકુટ (રાઠોડ) વંશના રાજા ધ્રુવ ત્રીજાનું દાનપત્ર શક ૭૮૯ ઇ. સ. ૮૬૭ નવમો સઈકો એમાં લખે છે કે—

મીહીર ભારે શક્તિવાન હોવા છતાં ધારા વર્ષના પરાક્રમ આગળ હારી ગયો.

---

## લેખ નં. ૨૧

ઈન્ડીયન એન્ટી વોલ્યુમ ૧૧ પાના ૩૩૭ ભાવનગર તાબે ટીમાણા ગામનો લેખ ચાલુકય (સોલંકે) રાજા ભીમદેવ બીજાનો

વિક્રમ સંવત ૧૨૬૪ ઈ. સ. ૧૨૦૭

ટીમાણક ગામના મહેર રાજા જગમલ હતો જગમલે બે મૂર્તિઓ સ્થપાવી હતી એક દેવી ચંડિકેશ્વર અને પૃથ્વિદેવી પોતાના પિતા ચઉંડરાના પુણ્યાર્થે કરાવી હતી ચઉંડરા મહેર રાજા આનનો પુત્ર હતો પોતાની શેઠાણી રાણી પૃથ્વિદેવી જગમલની માતા હતી આ મૂર્તિઓ તલાજામાં સ્થપાવી હતી,

---

## લેખ નં. ૨૨

શીલબેટ પાસે ગોરખમઢી (મહંતની) વિક્રમ સંવત ૧૨૭૨ પોષ વદ ૫ રવિવાર.

મહાવીરની મૂર્તિ ઉપર લેખ છે.

મહેર રાજા શ્રી રણસિંહને તાબેના ટીંબાણક ગામમાં સૂરિ-શાન્તિપ્રભના શિષ્ય સૂરિ હરિપ્રભેએં આ મહાવીરની મૂર્તિ સ્થપાવી. ઇ. સ. ૧૨૧૫

---

### લેખ નંબર ૨૩

ડૉક્ટર ફ્લીટ. ( વૉલ્યુમ ૧૫ ના ૩૬૦ થી ૩૬૨ ના લેખ ઉપરથી કરેલી નોટ )

સીંધમાં સીંધુ નદિથી ઉપર આવેલું મેહર તે મેહર જાતિનું પ્રાચીન સ્થળ ગણાય છે.

મૈત્રીકો એ મહેર છે એવો પંડિત ભગવાનલાલના મતને હું ટેકો આપું છું. મહેરનું અસલ નામ મીહિર હતું અને સંસ્કૃતમાં મીહીર અને મીત્રકનો અર્થ એક જ થાય છે.

---

### લેખ નંબર ૨૪

શત્રુંજય માહાત્મ્ય નામે જૈન પુસ્તકમાં વૈલ્લભીના રાજા યાદવો કહ્યા છે આ રાજા મૈત્રક વંશના હતા.

---

આર્ય મંજુ શ્રી મૂલ કલ્પ નામે બૌદ્ધ ગ્રંથમાં પણ વલ્લભિના રાજાઓને યાદવ કહ્યા છે-

---

### લેખ નંબર ૨૫

કાઠીયાવાડ ગેઝેટીયર પાના ૨૭૯

અણુહીલવાડના રાજાઓની નીચે મહેર લોકો મોટા હોદ્દા ધરાવતા હતા એમ તીમાન ગામના તાંમ્રપત્રમાં મહેર જગમલ્લ રાજાનો ઉલ્લેખ છે.

---

લેખ નંબર ૨૬

કુમારપાળને કાઠીયાવાડના સમર રાજા સાથે લડાઇ થયેલી એમ કુમારપાળ ચરિત્રમાં જણાવે છે. આ સમર રાજાને સૌરાષ્ટના સૌસર રાજા કદાચ ગોહીલવાડનો કોઇ મહેર સરદાર હશે.

---

લેખ નંબર ૨૭

ટોડ રાજસ્થાન ઇતીહાસમાંથી લીધેલો ઉતારો

લડાઈનો મેદાનમાં મહેરોની વીરતાનું વર્ણન

હથીયારોના ખડખડાટ સાથે પવન પણ સુસવાટા મારે છે. દુશ્મનો ઉપર તલવારોના મે પડે છે. લોહીના ક્ષેત્રમાં ખેતલપાળ રમે છે. મહાદેવો પોતાની માળા પુરી કરે છે. ઘાયલ થયેલાઓને ગીધડાં ખાય છે. સૂર્યના પ્રકાશથી જેમ કમળ ખીલે તેમ યોદ્ધાઓના ચહેરા ખીલે છે. લડાઇના ગીતો ગાય છે. તુલસીની ડાંખરી હાથમાં જેણે ઝાલી છે. કેશરીયા વાઘા જેણે પહેર્યા છે. મહેરની બહાદુરીનું વર્ણન અને યુદ્ધનું વર્ણન બારોટો જે હદપાર કરે છે તે માન્ય રાખવું જ જોઇએ. બારમા સૈકામાં મહેરો બહુ જ બહાદુર હતા. ઈંગ્રેજ અમલદારોની ઉપરીપણા નીચે આ મહેરોની એક લશ્કરી ટુકડી બનાવવામાં આવી હતી અને તે વખતે બેશક બહુ જ ઉપયોગી થઈ પડી હતી.

લેખ નંબર ૩

## શારદા જુલાઈ ૧૯૪૩ ના લોક સાહીત્યના અંકમાં કુ. કૃષ્ણાકુમારી જે. વીરજી બી. એ. આપેલો લેખ.

વલ્લભીપુરના ઇતિહાસમાં ધર્મનું પ્રકરણ અતીષય :મહત્વનું છે. એ દેશના મૈત્રકવંશી ( મૈત્રક તે મહેર ) વંશીરાજ કર્તાઓ સર્વધર્મ સભાવાદી હતા. એ તો ઇતિહાસ સીધ્ધ વાત છે, મૈત્રક વંશના

રાજાઓ શીવમાર્ગી હોવા છતાં વૈષ્ણુવ, બૌદ્ધ જૈન તથા સૂર્ય પૂજક પ્રત્યે પણુ ઉદાર દીલથી જોતા કોઈ પણુ ધર્મ કે પંથના અનુયાયી-ઓને તેમની વિદ્વતા માટે રાજ્ય અને રાજા તરફથી બીન પક્ષપાતી સનમાન સદ્ભાવ અને સહાયતા મળતાં અને સત્યને સદા વર્ચસ્વ અપાતું, આ ધાર્મીક ઔદાર્યના પરીણામે મૈત્રક રાજાઓના રાજ્યમાં પ્રજા રાજ્યપ્રેમી સુખી અને સમૃદ્ધ હતી મૈત્રક રાજાઓના તામ્રપત્ર લેખો ઉપરથી પુરવાર થાય છે. આ વંશમાં બે ત્રણુ અપવાદો શીવાય પ્રત્યેક રાજ્ય કર્તા પરં મહેશ્વર ભક્ત એટલે શીવમાર્ગી હતા. એ તામ્રપત્રો ઉપર મહાદેવનું વાહન નંદી તેમજ ત્રિશૂળ એવાં ચીન્હ મળી આવે છે તે પણુ મૈત્રક રાજાઓના શૈવ ધર્મના અનુયાયી હોવાની વાતને ટેકો આપે છે.

વલ્લભીના મૈત્રક રાજાઓના લગભગ સો ઉપરાંત તામ્રપત્રો મળી આવ્યા છે.

આ સમયે જૈન ધર્મના અધ્યાપકો હૈયાત હતા, તેમને ધર્મ-ભાવનાનો લોપ થવાનો ભય લાગવાથી સભાઓ ભરી અલોપ થતા ધાર્મીક સિદ્ધાતોની જયોત જાગતી રાખવાના પ્રયાસો કર્યા. આવી સભાઓમાં વલ્લભીપુરને મથુરાંની સભાઓ પ્રસીદ્ધ છે. વલ્લભીપુરની વાચના નાગાર્જુનના અધ્યક્ષ પણુ નીચે થઈ અને મથુરામાં સ્કન્દિલ લસૂરીએ નેતૃત્વ લીધું હતું.

અજમેરને ચૌહાણુ રાજા અજયપાળે ( ઇ. સ. ૧૧૭૪-૧૧૭૭) કીલ્લો બંધાવ્યો તેથી તેના નામ ઉપરથી શહેરનું નામ અજમેર થયું એમ ચૌહાણુ લોકો કહે છે, પરંતુ તે ખરૂં લાગતું નથી. પાચમા તથા આઠમા સૈકાની દરમીયાન મહેર લોકોનું જોર હતું, તેમના નામ ઉપરથી અજમેર નામ થયું હશે એમ લાગે છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.

લેખ નંબર ૬

## ઈ. સ. ૪૭૦ થી ૯૦૦ સુધીમાં મહેરોની સ્થીતી બતાવનારો લેખ.

સ્કંદગુપ્તના ગિરનારના લેખમાં સ્કંદગુપ્તના સોરઠના હાકેમનું નામ જણાવ્યું છે તે ઉપરથી એતો નક્કી થાય છે કે સોરઠ ઉપર ગુપ્તવંશના રાજાઓનો અમલ સ્કંદગુપ્તના વખત સુધી (ઈ. સ. ૪૫૪ થી ૪૭૦) ચાલેલો હોવો જોઈએ.

રાજા સ્કંદગુપ્ત પછી રાજા બુદ્ધ ગુપ્ત થયો (ઈ. સ. ૪૮૪ થી ૪૯૯) તેના વખતમાં સોરઠ ઉપર ગુપ્તવંશના રાજાઓનો અમલ હોવાનો પુરાવો મળતો નથી. રાજા બુદ્ધ ગુપ્ત વીષે એટલી વાત જણાઈ આવે છે કે રાજા નબળો હતો અને તેના વખતમાં ગુપ્ત વંશના રાજાઓની પડતી પછી ઈ. સ. ૫૧૪ માં સેનાપતી ભટાર્કે રાજ્ય સ્થાપન કર્યું ત્યાં સુધીમાં સૌરાષ્ટ અને ગુજરાત ઉપર કોણ રાજ્ય કરતું હતું તે નક્કી થયું નથી, તો પણ એમ તો જણાય છે કે રાજા બુદ્ધ ગુપ્તના વખતમાં અથવા તેના પછી તરતજ કોઈ બળવાન પ્રજાએ પ્રદેશ ઉપરના હાકેમને હરાવીને આ પ્રદેશ પોતાના કબજામાં લઇ લીધો.

વલ્લભી રાજાઓના તાંમ્રપટમાં જે મૈત્રીક લોકોએ કાઠીયાવાડમાં આવી મંડલ અથવા રાજ્ય સ્થાપન કર્યું એમ લખે છે તે મૈત્રીક લોકો ગુપ્ત વંશના હાકેમને હરાવનાર બળવાન પ્રજા હશે એમ લાગે છે.

આ મૈત્રીક લોકો એજ મિહિર અથવા મહેર લોકો છે. મૈત્રક અને મિહિર એ બંનેના અર્થ સંસ્કૃતમાં સૂર્ય છે, તેથી એ બંન્ને પરથી થયેલાં રૂપ એક બીજાને બદલે વપરાયાં હશે અને મૈત્રીક એ મહેર કહેવાયા અને મિહિર એ મૈત્રક કહેવાયા હશે.

મહેર અથવા મેર લોકો હજુ કાઠીયાવાડમાં માલુમ પડે છે. કાઠીયાવાડના મહેર એક વીચીત્ર જાત છે. તેમની ભાષા પોષાક અને દેખાવ ઉપરથી એમ લાગે છે કે તેઓ ઉત્તર હીન્દુસ્તાનમાંથી આવ્યા હશે. માળવ, જાટ, પહલવ વીગેરે જાતોની પેઠે મહેર જાત પણ પંજાબ, સીંધ અને ઉત્તર ગુજરાતને રસ્તે કાઠીયાવાડમાં આવી હશે. રસ્તામાં અજમેર, બાદનુંર, જેસલમેર, કોકલમેર અને મેરવાડાનાં સંસ્થાનો સ્થાપતી આવી હશે.

ગુપ્તવંશના રાજાઓને હરાવનાર તોરમાણની સાથે આ મહેર જાત આવી હશે અને તોરમાણના સેનાધીપતીની સાથે સૌરાષ્ટ્રમાં પેઠી હશે. જે અરસામાં ભટ્ટાર્કના દુશ્મન તરીકે મૈત્રીકો ( મહેર ) હોવાનું જણાવે છે. તે અરસામાં તોરમાણે બુદ્ધગુપ્ત રાજાને હરાવ્યો છે તે ઉપરથી આ અટકળ સંભવીત લાગે છે.

ભટ્ટાર્કના વખતમાં (ઈ. સ. ૫૦૯ થી ૫૨૦) મહેર લોકો કાઠીયાવાડના દ્વીપકલ્પમાં રાજ્ય સ્થાપન કરી બેઠેલા હોવા જોઈએ. કારણ કે તેમ જો ન હોત તો વલ્લભી તાંબ્રલેખોમાં મહેરોનું મંડળ ઘણી સત્તાવાળું હોવાનું લખે છે. તે લખ્યું ન હોત તો કાઠીયાવાડના ઉત્તર કીનારાના પ્રદેશ ઉપર વલ્લભીનું રાજ્ય નહી પણ મહેર રાજાઓનું રાજ્ય હોવું જોઈએ. વલ્લભી રાજાઓના વખતમાં પાછળથી કદાચ મહેર રાજાઓ તેના ખંડીયા થયા હશે. તોપણ ઈ. સ. ૭૭૦ માં વલ્લભી રાજાઓના નાશ પછી મહેર લોકોએ વલ્લભી રાજાઓનું રાજ્ય લઈ લીધું અને પોતાના નાના નાના રાજ્ય સ્થાપી આખા કાઠીયાવાડમાં રાજ્ય કરવા લાગ્યા.

મહેર લોકોની સત્તા જ્યારે ખૂબ વધી પડી ત્યારે તેઓ કાઠીયાવાડના મધ્ય ભાગમાં બરડાંમાં આવી વસ્યા.

મહેરવંશમાં જૈકદેવ નામનો એક સ્વતંત્ર રાજા થઈ ગયો હશે એ વાત સંભવીત લાગે છે એમ ડોકટર ભગવાનલાલનું ધારવું છે.

હ. બા. ગ્રં. તા. ૧૪
(સને ૧૯૧૮–સંવત ૧૯૭૪)

## લેખ નંબર ૭

### અનોખું સ્થાપત્ય

સુર્યપુજકોના એ પ્રદેશની આસપાસ વસેલા મહેર લોકોના મંદીરો અને ઘરોનું સ્થાપત્ય કોઈ પણ આંગતુકને આનંદાંશ્ચર્યમાં (આનંદની સાથે આશ્ચર્યમાં નાખે તેવું) ગરકાવ કરી રહે છે એવું સૌરાષ્ટનું બીજું ગીરનાર.

## લેખ નંબર ૭

### મહેર સ્થાપત્ય

પચાસેક વર્ષ ઉપર સંશોધન માટે આવેલા પહેલા અને છેલ્લા સરકારી પુરાવેત્તા કઝીન્સનને ધુમલીની પાડોશનાં ગોપ અને બીલેશ્વરમાં વિચિત્ર આકાર પ્રકારનાં પ્રાચીન મંદિરો મળી આવ્યાં હતાં. ચોરસ આકારના મીનારા અને છેક ઉપર પીરામીડ ઘાટના ઘુમટ નીચે બેસાડેલી સુર્યની પ્રતિમા ગોપના મંદિર ઉપરના લેખમાં લખેલી લીપી (ભાષા) ઉપરથી કઝીન્સને નક્કી કર્યું કે આ મંદિરો જરૂર છઠ્ઠા સૈકા પહેલાનાં છે. ખુબી તો એ છે કે આખા હિંદમાં માત્ર કાશ્મીરમાં આને મળતાં આકારનાં મંદીરો મળ્યાં છે. પણ તે બારમા સૈકાના છે. સૌરાષ્ટના આ વીચીત્ર મંદિરો હિંદી સ્થાપત્યના ઈતીહાસમાં એક નવો કોયડો ઉભો કરે છે. ધુમલીના પાડોશને લઇને

ફ્ઝીન્સને એવું મંતવ્ય (મત) રજુ કરેલ છે કે આ મહેર જાતીએઃ બંધાવેલાં સુર્ય મંદિરો છે.

તા. ૧૪–૭–૪૦

## લેખ નંબર ૧૬ ચાલુ

પ્ર, પુ. ૧ લું અં. ૩૯

ભાટો જેને સુર્ય કે ચંદ્રવંશમાં નોંધવાનું ભુલી ગયા છે તે ચાવડાઓએ દરીયા રસ્તે આવી ઓખા મંડળમાં જમાવટ કરી અને બારાડીને દરીયાકાંઠે કાંઠે શ્રીનગર (પોરબંદરની નજીકમાં) મીહીર અથવા મહેર (મેર) પ્રજાએ થાણું સ્થાપ્યું. એ મહેર દરીયા રસ્તે આવ્યા. એમ હું કહી નાંખતો નથી. ભાટોના ચોપડા કહે છે કે આખો બારાડી હાલારનો કબજો મહેરો લેતા આવ્યા. સાતમા સૈકાના બે તાંમ્રપત્ર ઉપરથી આ હકીકત વીશેશ સાબીત થાય છે.

## લેખ નંબર ૪

મારવાડના માનસિંહ મહારાજાએ જ્યારે ૧૮૧૭માં ઇંગ્રેજ સરકાર સાથે સંધી કરી ત્યાર બાદ એક વરસ પછી બ્રીટીશ સરકારના પ્રતીનીધી રૂપે અજમેરના સુપ્રીટેન્ડેન્ટ વીલ્ડર જોધપુર ગયા અને રાજ્યની વ્યવસ્થા કેવી છે તેનું નીરક્ષણ કર્યું. ઈતીહાસવેત્તા કર્નલ ટોડ સાહેબ પણ લખે છે કે આ સમયે મહારાજા માનસિંહને રાજ્ય સુધારણા બાબત નીચે મુજબ લક્ષ આપવાની જરૂર હતી. તેમાં સાત કલમો માંહેની છઠ્ઠી કલમમાં લખે છે કે મારવાડમાં દક્ષિણ ભાગમાં મહેર વસે છે. તેઓ અનેક પ્રકારના ઉપદ્રવો કરે છે. તો રાજ્યની પોલીસની સંખ્યામાં વધારો કરવો જોઈએ. બ્રીટીશ સરકાર સાથે મહારાજા માનસિંહે સંધી કર્યા બાદ મહારાજા માનસિંહને એવું લખી જણાવ્યું કે મેરવાડના પહાડી મહેર અતી ઉદ્ધત છે તોફાની છે. આ

લોકો જોધપુર રાજ્યમાં જઈ અનેક ઉપદ્રવો કરે છે, તેને તાબે કરવાની અમારી અભીલાષા છે અને તે કામ કરવાને એક ઈંગ્રેજી સેનાનું દળ ઉભું કર્યું છે અને આ પહાડી મહેરને દાબવા માટે એક જુદી લશ્કરી ટુકડી રાખવી પડશે અને તેના ખર્ચ માટે દર વરસે પંદર હજાર રૂપીયા આપવા પડશે. મેરવાડામાં મહારાજા માનસિંહના બે પરગણાના એકવીસ ગામો છે તે મહારાજાએ અમને આઠ વરસ સુધી આપવા પડશે. મહારાજા માનસિંહે એક પણ શબ્દ બોલ્યા વીના કબુલ કર્યું તે વખતે પોલીટીકલ એજંટ એફ વીલ્ડર હતા. બ્રીટીશ સરકાર તરફથી ફરી કહેવામાં આવ્યું કે ઉપરના કામ બાબત એટલે મહેરોને દમન કરવા માટે સેના કાયમ રાખવી પડશે માટે બીજા સાત ગામો નીયમ અનુસાર આપવાં પડશે. મહારાજા માનસિંહ બ્રીટીશ સરકારને સંતુષ્ટ રાખતા આવ્યા અને વીલંબ સેવ્યા વીના ઈ. સ. ૧૮૩૬ના અકટોમ્બરની તા. ૨૩ મીએ નવીન સંધીપત્ર પર મહારાજા માનસિંહ તરફથી તેમના વકીલ વ્યાસ સવાઈરામે અને સરકાર તરફથી એચ. ડબલ્યુ. ટ્રેવેલીયને હસ્તાક્ષર કર્યા.

મહારાજા માનસિંહ ૧૮૪૩ ના સપ્ટેમ્બરની તારીખ ૫ મીએ મુત્રહીન અવસ્થામાં શરીર ત્યાગ કર્યો.

લેખ નંબર ૮

બરડાની ઘણી પ્રસીદ્ધ ટોળી મહેર લોકો વીશે કર્નલ વોકર લખે છે કે મહેર લોકો પોતે જેઠવાના પ્રથમ રાજાની સાથે આવેલા લોકોની ઓલાદના ગણે છે.

મહેર લોકો મારવાડમાં ઘણા છે. ગીરનારમાં પણ એક ટુકડી મહેરની કહેવડાવે છે પણ તે લોકો બરડાના મહેરથી તદન જુદા છે,

મહેર એ શબ્દ ઘણો જ આબરૂદાર જણાય છે. ગીરનારનો ખાંટ કોળીનો મુખી જે પોતાને મુળમાં રજપુતની ઓલાદનો માને છે તે પણ પોતાને મહેર કહેવરાવે છે. આવા ઘણા કુટુંબો થઇ મળી પાછળથી મહેરની જાત થઈ હશે. મહેર લોકોની શાખાના નામ જોતાં તેમાં ઘણી જાતના રજપુતો ભળ્યા છે.

જેઠવા જાતીનો રાણા ગાદી ઉપર બેસે છે ત્યારે રાજશાખા મહેર પોતાની આંગળી કાપી લોહીનો ચાંદલો કરે છે. આ ક્રીયા થાય ત્યારે જ રાજ્યાભીષેક પુરો થયો ગણાય છે.

સૌ. ઇ. પૃષ્ટ ૬૫-૩૬
પ્રકરણ ત્રીજું

લેખ નંબર ૫

ગુજરાતનો પ્રાચીન ઇતીહાસ વૈલભી વંશ

સેનાપતી ભટ્ટાર્કના પુત્ર વલ્લભી સંવત ૨૦૭ ઈ. સ. ૫૨૬નું તાંમ્રપત્ર મળ્યું છે તે ઉપરથી જણાય છે કે મૈત્રીકો (મહેર) જેમણે જેમણે બળજબરીથી પોતાના દુસ્મનોને તાબે કર્યા હતા. મોટા અને બળવાન લશ્કર પર સેંકડો ઘા કરી જેણે કીર્તિ મેળવી. મૈત્રીકનો અર્થ સુર્યવંશી થાય છે. આ મૈત્રકો મહેર જાત છે મહેર જાત એક વખત કાઠીયાવાડમાં ઘણી પ્રબળ હતી અને હજુ પણ કાઠીયાવાડના વાયવ્ય કોણમાં બરડા પર્વત આગળ માલુમ પડે છે.

ગુજરાતનો પ્રાચીન ઇતીહાસ
વલ્લભીવંશ પાનું ૮૧

લેખ નંબર ૧૬

કનોજ જેને સાતમી સદીમાં શ્રી હર્ષના સમયમાં અને નવમી અબે દશમી સદીમાં મિહિર ભોજ અને મહેન્દ્રપાલના સમયમાં એમ બને વખત ઉત્તર હીન્દુસ્તાનની રાજ્યધાની હોવાનું માન પ્રાપ્ત થયું હતું. કનોજ મુખ્યત્વે કરીને પાંચાળની રાજ્યધાનીનું શહેર હતું. શ્રી હર્ષના મૃત્યુ પછી જેના વીષે કાંઇ પણ માહીતી મળી શકે છે. તેવો પ્રખ્યાત રાજા યશોવર્મન હતો. યશોવર્મન પછી કનોજની ગાદીનો વારસદાર વિજાયુદ્ધ પછી તેનો પુત્ર ઇન્દ્રાયુધ ગાદીએ આવ્યો. ઈ. સ. ૮૧૦ માં ઈન્દ્રયુધને બંગાળ અને બીહારના રાજા ધર્મપાલે પદભ્રષ્ટ કર્યો. ધર્મપાલે પાંચાળની રાજયવ્યવસ્થા પોતાના હાથમાં ન લેતાં પદભ્રષ્ટ થયેલ ઇન્દ્રયુધના નજદીકના ચક્રયુધને પોતાની આણુ માનવાની અને ખંડણી ભરવાની શરતે સોંપી આશરે ઇ. સ. ૮૧૬ માં રજપુતાનામાં આવેલ ગુર્જર પ્રતિહાર રાજયના મહત્વાનાંક્ષી રાજા નાગ ભટે ચક્રાયુધને કનોજની ગાદી ઉપરથી ઉઠાડી મુકી અને

માંથી પોતાની રાજ્યધાની ફેરવી કનોજમાં રાખી અને ત્યારથી કનોજ તેના વંશ વારસોની રાજ્યધાનીના શહેર તરીકે સૈકાંઓ સુધી ચાલુ રહ્યું. નાગભટ્ટના શાસન દરમીયાન ગુર્જરો અને દક્ષીણના રાષ્ટકુટો ( રાઠોડ ) વચ્ચે લડાઈ સખ્ત ચાલીજ રહેતી. નાગભટ્ટના પછી તેના વારસ રામદેવ ( ૮૩૪થી ૮૪૦ )ના સમયમાં નોંધ પાત્ર કંઈ બનાવ બન્યો નથી.

રામભદ્ર પછી તેના પુત્ર મિહિર કે જે સાધારણુ રીતે ભોજના નામથી ઓળખાય છે. તેણે અર્ધા સૈકા જેટલા લાંબા સમય સુધી રાજ્ય ભોગવ્યું નિઃશંકપણે ભોજ એ શ્રેષ્ટ રાજા હતો.

તેના રાજ્યને મહારાજ્ય કહેવામાં કંઈ અતિશયોક્તિ ન ગણી શકાય. તેના મહારાજ્યમાં સતલજ નદીનો પંજાબનો દેશ લગભગ

આખું રજપુતાના આગ્રા અને ઔધના સંયુકત પ્રાંતોનો ઘણો ખરો પ્રદેશ અને ગ્વાલીયરના પ્રદેશનો સમાવેશ થયો હતો તેના પછીના બે રાજાઓના કબજામાં પશ્ચિમ કીનારા પર આવેલ ગુજરાત અને માળવા કે અવંતી ઉપર તેઓનો કબજો સુચવે છે.

અત્યારે એ વસ્તુ નિંશ્ચિતપણે સિદ્ધ થઈ ચુકી છે કે મિહિર ભોજ અને કનોજના નવમી દસમી અને અગીયારમી સદીના બીજા રાજાઓ ગુર્જર હતા. આપણે ચોક્કસતાપુર્વક કહી શકીએ કે મિહિર ભોજ ( ૮૪૦ ૮૯૦ ) જેના પુર્વજો અને વંશજો એ ગુર્જર જાતિની પ્રતિહાર ( કે પડિહાર ) શાખાના હતા અને એટલા માટે પડિહાર રજપુતોની એ પ્રખ્યાત શાખા ગુર્જર જાતિનો એક વીભાગ જ ગણી શકાય.

અર્લી હીસ્ટ્રી ઓફ ઈન્ડીયા ( વિન્સેન્ટ સ્મિથ કૃત )
પ્ર. ૧૪ મું પૃષ્ટ ૩૭૯ આવૃત્તી ત્રીજી

## લેખ નંબર ૧૧

મુંબઈ ઈલાકાના ગેઝેટીએરના ૮ મા વોલ્યુમમાંથી ઉતારો પૃ. ૧૩૮ પ્રકરણ ૩ જું

મેર લોકો બળવાન પ્રજા છે અને સૈકાઓથી એ જાતીએ જેઠવા સાથે પોતાનો સબંધ જાળવી રાખ્યો છે. મેર પોતાને રજપુત તરીકે ઓળખાવે છે જો કે જેઠવાઓ આ દાવો ન સ્વીકારતાં કહે છે કે મહેર લોકો એ રણધીરજી નામે જેઠવો કે જેમનાં બરડા પ્રદેશમાં ૨૪ ગામો હતાં એના વંશના મહેર લોકો લશ્કરી ફરજ અદા કરવાને બંધાએલા છે.

મહેર લોકોની લશ્કરી સેવાના બદલામાં તેઓને ગરાસ આપવામાં આવે છે.

## લેખ નંબર ૧૨

### મુંબઈ ઇલાકાના ગેઝેટીઅરના ૮મા વોલ્યુમમાંથી ઉતારો
### પ્રકરણ ૭ મું પૃષ્ટ ૨૭૮

ઇ. સ. ના નવમા સૈકામા અને કદાચ એથીએ ૨૫૦ વર્ષ પહેલા જ્યારે જેઠવાઓને સિંધમાંથી નસાડી મુકવામાં આવ્યા, ત્યારે કચ્છમાં થઈ ગુજરાતમાં તેઓએ પ્રવેશ કર્યો. કચ્છનું રણ ઓળંગી તેઓએ મોરબી જીતી લીધું અને ત્યાંજ વસવાટ શરૂ કર્યો. ત્યાર પછી કચ્છના અખાતના દક્ષીણ તરફના ભાગપર પોતાની સત્તા સ્થાપી ત્યાંથી તેઓ બરડા તરફ આગળ વધ્યા. જ્યાં પ્રથમ શ્રીનગરમાં તેઓએ વસવાટ કર્યો. બરડા કીનારાનો પ્રદેશ કબજે કર્યા પછી થોડા જ સમયમાં તેઓએ બરડો પર્વત પણ જીતી લીધો. જ્યાં શાલકુમારે પોતાની વીખ્યાત રાજ્યધાની ધુમલી અથવા સાધારણ રીતે ઓળખાતી ભુંભલીની સ્થાપના કરી. તેઓ સત્તાને શીખરે પહોંચ્યા હતા. ઓખામંડળ અથવા નાઘેરના ચાવડાની બાબતમાં તેઓએ માથું માર્યું હોય કે તેઓ સાથે ઘર્ષણમાં આવ્યા હોય તેવું દેખાતું નથી. અહીંના તેઓના વસવાટ દરમીયાન મહેર જાતી કે જેને જેઠવાઓથી સહેજ ઉતરતી જ ગણવામાં આવે છે. તે તેમની સાથે હતી આજના દીવસ સુધી પણ મહેર લોકોએ બરડા પર્વતની આસપાસના પ્રદેશમાં પોતાનો વસવાટ ચાલુ રાખ્યો છે. વાલાકમાં શેત્રુંજા નદીના કીનારા પર આવેલા ટીમ્બાનક અથવા આજના ટિમાના પર મેર લોકો અથવા જેઠવાઓએ રાજ્ય કર્યું હોય તેમ માનવામાં આવે છે એ સંભવીત લાગે છે.

## નંબર ૨૮

ચીતોડના મહેરોએ ચીતોડનું રાજ્ય બાદશાહના તાબામાં આવ્યા છતા

બાદશાહનું શરણુ સ્વીકાર્યું નહિ. તેમ તાબે થયા નહિ તે સંબંધી મહારાણા હમીરના વખતનો ઇતિહાસિક પ્રસંગ આંહી રજુ કરવામાં આવ્યો છે.

ચિતોડ અલાઉદ્દીન બાદશાહના કબજામાં આવ્યા પછી મહારાણા લક્ષ્મણસિંહ દેશના ઉદ્ધાર માટે ફરીથી બાદશાહના સૈન્ય સાથે યુદ્ધ કરીને પોતાના જીવનનો અંત લાવવાના નિશ્ચય પર આવ્યો કાંતો ચીતોડ ફરી પ્રાપ્ત કરવું કાં તો લડાઇમાં મરી ફીટવું આવી તૈયારીમાં મહારાણા લક્ષ્મણસિંહલો એ સમયે અજયસિંહને કહ્યું કે અરિસિંહના પુત્ર હમીર જ ચીતોડના સિંહાસનની પ્રતિષ્ટા જાળવશે એમ મને સંપૂર્ણ વિશ્વાસ છે માટે સમય આવ્યે હમીરને જ ચિતોડની ગાદી સોંપી દેવી. આ સમયે હમીરની ઉંમર માત્ર ૧૩ વરસની હતી હમીરની મુખાકૃતિ જોતાં જ વિરતા, તેજસ્વીપણું ચપળતા આદી ગુણો જોવામા આવતા દરેકને એમ થતું કે શત્રૂઓને જરૂર હમીર હણશે આ વખતે અજીતસિંહ ચીતોડ તજીને કેલવાડાના પહાડોમાં જીવન વિતાવતો હતો ચિતોડનો કબજો અલાઉદીન બાદશાહે લઈ લીધા બાદ ઝાલોરના રાજા માલદેવને ચિતોડનો સુબો બનાવ્યો હતો અને સત્તા માલદેવને આપી હતી, માલદેવ રજપુત હોવા છતાં પણ સમયને આધીન બનીને બાદશાહનું દાસત્વ સ્વીકાર્યું હતું જો કે આ દાસત્વ સ્વીકારવામાં તેનું હૃદય તો ડંખ્યા કરતું હતું પણ બીજો ઉપાય નહોતો. ચિતોડના સુબા તરીકે માલદેવ નીમાયા અને તેના તાબામાં નાયબ સુબા તરીકે બદરૂદીન નામના મુસલમાન સરદારને નીમવામાં આવ્યો હતો બદરદીન એક તરૂણ મુસલમાન હતો તે સર્વ દુર્ગુણોનો ભંડાર હતો તેના વખતમાં સ્ત્રીઓથી કામકાજ પ્રસંગે ઘર બહાર નીકળી શકાતું નહિ ભુલેચુકે કોઈ સ્ત્રી ઘરની બહાર નીકળી તો તે પાછી પવિત્રતાથી જ પાછી ઘેરે પહોંચશે એવી આશા રખાતી નહિ હિન્દુ જાતિને આવા અત્યાચારો મુંગે મોઢે સહન કરવા પડતા

હતા હિન્દુ જાતિ આવા અત્યાચારો સહન કરવા ખાતરજ જાણે કેમ સરજાએલી હોય? એવું જોવામાં આવતું રજપુત રાજાઓ પણ અંદર અંદરના કલેશમાં ઝગડા કરી લડાઈઓ કરી નબળા પડતા ગયા તેમ તેમ દુશ્મનો ફાવતા ગયા. રજપુતોની પડતી દશાનું આ એક મુખ્ય કારણ છે આવી વિરજાતી એક બીજાની મદદમાં ઉભા રહ્યા હોત તો આ વિરજાતિના પર આવતાં વિપત્તિના વાદળો જરૂર વિખરાઈ જાત સમય સમયનું કામ કર્યે જાય છે આવા વિપત્તિના સમયમાં પણ રજપુત જાતિના સુર્ય મહારાણા પ્રતાપ તથા તેમના વંશજોએ અતુલ પરાક્રમ બતાવી પારાવાર કષ્ટ ભોગવીને પણ પોતાના દેશનું રક્ષણ કરવામાં જે ભોગ આપ્યો છે તે જોતાં તો રજપુત જાતિએ ગૌરવ લેવા જેવું છે મગરૂર બનવા જેવું છે ધન્ય છે એવા વિર નરોને એવા વિર પુરૂષોને અમારો લાખો વાર વંદન.

માલદેવને ચિતોડનો સુબો બનાવ્યો પણ તે બદરૂદીનને ગમ્યું નહિ એટલે કોઈ રીતે તેને નાલાયક બનાવી અને તે જગ્યાએથી ખસેડવાની કોશીશ કરવા લાગ્યો.

ચિતોડ બાદશાહના કબજામાં તો આવ્યું પણ ચિતોડના મહેરો એ બાદશાહનું શરણ સ્વીકાર્યું નહિ અને વખતોવખત બાદશાહ સાથે બળવો જગાડતા હતા. બદરૂદીન જ્યારે મહેરોને તાબે કરવામાં પાછો પડયો ત્યારે બાદશાહ પર એક પત્ર લખી મોકલ્યો અને તેમાં લખ્યું કે ભુચા નામના પહાડોમાં રહીને મહેર લોકો ઉપદ્રવ મચાવે છે આ પહાડી પ્રદેશ છે એટલે ત્યાં લશ્કરના માણસો જવા માટે હિંમત કરતા નથી આ કામ જો સુબા માલદેવને સોંપવામાં આવે તો તે કામ સફળ કરી શકશે તેને બીજી લસ્કરી મદદ તો ત્યાંથી મોકલવી પડશે કારણકે લશ્કરની પુરતી મદદ વિના મહેરોને તાબે

કરી શકાય તેમ નથી વળી મને શંકા રહે છે કે માલદેવ રજપુત છે અને તે રજપુત હમીરને મળી જાય એવી દહેશત રહે છે માટે જો આ કાર્ય એને સોંપવામાં આવે તો હું પાછળથી હમીર પર ચડાઈ કદી તેને તાબે કરી લઉં.

દીલ્હીના બાદશાહ પોતાની કચેરીમાં બેસીને આ કાગળ વાંચે ત્યારે તેની પાસે બેઠેલા મુસલમાન સરદારોએ કહ્યું કે ખુદાવન્દ સરદાર બદરૂદીનની હકીકત સાંભળતાં અમને વ્યાજબી લાગે છે મહેર લોકોને તાબે કરવાને માલદેવને મોકલવામાં આપણને લાભ છે એમ કરવામાં આપણી કાર્ય સિદ્ધિ છે એમ મને ભાસે છે અલીખાન તમારી યુક્તિ સાંભળી હું ખુશી થયો છું કારણકે મહેર લોકોનું પ્રબળ દીવસે દીવસે વધારે થતું જાય છે અને માલદેવને એ કામ સોંપવાનું મને પણ વ્યાજબી લાગે છે માટે બે ફરમાનો તૈયાર કરો ને મારી સહી સીક્કા કરીને સરદાર બદરૂદ્દીન ઉપર તથા માલદેવ ઉપર તરત મોકલાવી આપો ઘોડેસ્વારોને તાકીદ આપજો કે તુરત પહોંચતા કરે અને આંહીથી ચાર હજારનું બીજું સઈન્ય માલદેવને મદદ માટે મોકલવાનો તુરત બંદોબસ્ત કરે.

રાત્રિનો અઢી પ્રહર જેટલો સમય વીતી ગયો છે ચિતોડના નરનારી નિદ્રાવશ હતાં કિલ્લાનાં દ્વારો પણ બંધ હતાં માલદેવને સંધ્યાકાળે બાદશાહનું ફરમાન મળી ગયું છે વિચાર કરવામાં સમય વીતી ગયો નિદ્રાદેવીએ તેનો ત્યાગ કર્યો હતો. મનમાં એકાએક કલ્પના આવી અને ગુપ્ત વેશ ધારણ કરી પોતાના મહેલમાંથી બહાર નીકળ્યો દ્વારપાળને પોતાના બહાર જવાની વાત છાની રાખવા ફરમાવ્યું અને મહારાણા હમીરના નોકરને હમીરને જગાડવા કહ્યું. હમીર જાગ્રત થઈ પોતાના ખાનગી ઓરડામાં માલદેવને મળ્યા અને પૂછયું કે અત્યારે પરિશ્રમ લેવાની શું જરૂર પડી. માલદેવે કહ્યું કે બાદશાહનું

ફરમાન છે કે મારે મહેરોને તાબે કરવા જવાનું છે તો એ ફરમાન પ્રમાણે મારે જવું જોઈએ.

મારી કુંવરીના આપશ્રી સાથે વિવાહ થયા એ હકીકત ખાનગી રાખ્યા છતાં બાદશાહને એની ખબર મળી ગઇ મારી આપને પ્રાર્થના છે કે આપ સહ પરીવાર આ સ્થળ તજી નિર્ભય સ્થાનમાં પહોંચી જાઓ તો સારૂં કારણકે મને મહેરોને તાબે કરવાનું કામ સોંપી પાછળથી શું રમત રમવી હશે તે ધારી શકાય નહિ હું ધારૂં છું કે મારા ગયા બાદ બદરૂદીન કદાચ આપ ઉપર હલ્લો કરે એવી દહેશત રહે છે.

વળી બીજી સલાહ આપું છું કે હું ચિતોડ તજી મહેરોની સાથે લડાઇમાં ઉતરીશ ત્યારે અમારૂં લશ્કર ચિતોડમાં વધારે સંખ્યામાં રહેશે નહિ તો એ સમયનો લાભ લઈ જો તમો ચિતોડનો કિલ્લો સર કરી લીઓ તો બદરૂદીન જે મને બદનામ કરવા ધારે છે તો તેને બદલે એ બદનામીનું હાંડલું બદરૂદીનના પોતાનાજ માથામાં ફુટશે વળી મહેરોને દાબવાથી તે લોકો પણ આપણી સત્તાને માન આપશે.

માલદેવ તો પોતાના પ્રબળ સઈન્યને લઈને મહેરો પર ચઢાઈ કરવા ચિતોડમાંથી રવાના થયો. રસ્તામાં પોતાની તબિયત બગડવાથી બે દીવસ ગામડામાં રોકાણો અને પોતાના લશ્કરને આગળ વધવાનો હુકમ કર્યો માલદેવ બે દિવસ આરામ લેવા માટે રોકાણો ત્યારે ત્યાં મહત્વની જે બિના બની તે જાણવાની ખાસ જરૂર હોવાથી આપણે તે જાણી લઈએ.

એક ઓરડામાં ચાલીસ પીસતાલીસ વરસનો એક પુરૂષ ખાટલામાં બેઠા બેઠાં વિચાર કરે છે આ પુરૂષે સુરવાલ તથા આંગડી પહેરેલાં છે બાજુમાં ખાટલા ઉપર તેની પાઘડી તથા બેશ પડયા છે ભરાવદાર મુછો તથા કાતરાથી પુરૂષ વધારે દીપે છે બહુ ઉજ્વળ

કાયા નહોતી છતાં મુખાકૃતિ ઉપરથી જણાતું કે જરૂર કાઇ જવાં-મર્દ છે તે વિચારોના વમળમાં પડતા. કાયા અને મુખાકૃતિ નિસ્તેજ જણાતાં હતાં જે ઓરડામાં પોતે બેઠો હતો :તે ઓરડો ટેકરીની અંદર જમીનમાં હતો એક બારી એવી રીતે મુકવામાં આવી હતી કે ગામનો દેખાવ ઓરડામાં બેઠેલ માણસ જોઇ શકે પણ ગામમાંથી તેને કાંઈ જોઈ શકે નહિ.

થોડીવાર થઈ ત્યાં પગલાંનો અવાજ થયો તે સાંભળતાં વિચા-રમાં પરોવાયેલું મન જાગ્રત થયું ત્યાં તો કાલીન્દીની સાથે એક પુરૂષને આવતાં દીઠો.

કાલીન્દીની તથા તેની સાથે આવનાર પુરૂષ તથા ખાટલા પર બેઠેલો પુરૂષ કોણ છે એ જ્યારે જાણવામાં આવશે ત્યારે ત્યારે આપ-ણને ઘણી હકીકત જાણવા મળશે માટે એની ઓળખાણ માટે આગળ વાંચીએ.

આપ જીવ સટોસટના અને જોખમ ભરેલાં કામો બાદશાહ ના માટે જ કરોછો ને ? મહેરોનો પરાજય કરીને તેમના બળવાને દાબી દેવાથી તમોને પોતાને તે કંઈ લાભ નથી એમ હું માનું છું આ શેવા તમો માત્ર હિન્દુ ધર્મ ના એક પરમ શત્રુ યવન બાદશાહ અલાઉદ્દીનની જ કરી રહ્યા છો ને ?

હાલમાં હું પોતે શુ કરી રહ્યો છું તે હું પોતે જ સમજી શકતો નથી એટલે તેનો ઉત્તર પણ હું આપી શકતો નથી મહેરોને તાબે કરવા અને તેનો પરાજય કરવા જાઉછું એટલી વાત તો ખરી જ છે. માલદેવે કહ્યું માલદેવ આપ ગભરાશો નહી હું બાદશાહનો ગુપ્ત દુત નથી તેમ આપનો શત્રુ પણ નથી હું જે જે પ્રશ્નો પુછું છું તે આપ શ્રીની સાથે મૈત્રી વધારવા માટે જ પુછુંછું માટે વીરપુરૂષોમાં વીશ્વાસ

રાખવો એ વીરપુરુષોનો ધર્મ છે ખાટલામાં બેઠેલા પુરૂષે કહ્યું આપના વચનોમાં મને સંપુર્ણ વીશ્વાસ છે માટે મને વીશેશ હકીકતથી વાકેફ કરશો એવી આશા રાખું છું માલદેવ બોલ્યો

માલદેવ આપે મારા પર વીશ્વાસ રાખ્યો તો હવે હુ મારી ઓળખાણ જરૂર આપીશ મહેરોના બળવાખોર સરદારનો નાશકરવાની જે વાત આપે હમણાં કરી તે બળવાખોર સરદાર હું પોતેજ છું ખાટલા પર બેઠેલા પુરૂષે કહ્યું કોણ કુલિન્દસિંહ? માલદેવ આશ્ચર્ય ચકિત થઈ પુછ્યું જીહા હુંજ કુલિન્દસિંહ હું મહેર છું મહેરોનો સરદાર છું આપ ગભરાટમાં ન પડશો આંહી મારા મકાનમાં બોલાવીને હું આપ સાથે દગો કરવાનો નથી અમારૂં વૈર તો માત્ર મુસલમાન સાથે છે અને મુસલમાની સત્તાને આધીન થવા ઇચ્છતા નથી અમારે બળવો જગાડવાનું કારણ પણ એજ છે મેવાડમાં જો મહારાણાનું રાજ્ય પાછું સ્થપાતું હોયતો મહારાણાને અમે અમારૂં મસ્તક નમાવવા તૈયાર છીએ આપ મહારાણાના મીત્ર હોતો અમે આપના મીત્રો છીએ.

હું મહારાણાનો મીત્ર છું તેનું જ કલ્યાણ ઇચ્છુંછું પણ ઉપર ઉપરથી તો મારે હાલમાં અલાઉદ્દીનનો સેવક છું એવો દેખાવ કરવાની અગત્ય છે હું હાલ કેમ કરવા માગુંછું તે સર્વ હકીકત કાંલિન્દની ને કહેલ છે.

કાલિન્દનીને કુલિન્દસિંહ બીજા ઓરડામાં લઈ ગયો ત્યાં કેટલીક અગત્યની વાતચીત કરી કુલિન્દસિંહ માલદેવને મળ્યા શીવાય ભુયાના પર્વતોમાં જ્યાં મહેરો હતા ત્યાં પહોંચ્યો ઘણા વખતથી જુદા પડેલા પોતાના સરદારને જોતા મહેરો આનંદમાં આવી ગયા અને કાંઇક મહત્વના સમાચાર જણાવશે એમ જાણી જંગલમાં કોઈ અજાણ્યો માણસ આવી ન ચડે તે માટે ચારે બાજુ સચેત ચોકી પહેરો રાખી દેવામાં આવ્યો કુલિન્દસિંહ આવ્યો બધાએ ઉઠી માન મને ઉભો

રહેવા દીઓ અને હું જે કહું તે ધ્યાન દઈને સાંભળો અને ત્યાર બાદ તમારે બધાંનો શું મત છે તે મને દર્શાવશો.

અમારા સરદારની આજ્ઞા અમારે શિર સાવંધ છે બધા મહેરો બેસી ગયા જમીનં પર તણખલું નાખવામાં આવેતો તેનો અવાજ સંભળાય એવી શાંન્તીનો પ્રસાર થઈ ગયો મારા બાંધવો ! અમારા શુરવીરો ? તમો જાણોછો કે મુસલમાન બાદશાહની અથવા બીજા શબ્દોમાં કહીએ તો વીદેશીય અને વીધર્મીય ચક્રવતી અલરઉદ્દીનની સત્તાથી આપણે કંટાળી ગયા હતા અને તેટલા માટે જ તે સત્તા સામે બળવો જગાડેલો છે પણ આજે એક વીષેજ :કારણથી તે બળવો બંધ કરવાની મારી ઈચ્છા થઈ આવી છે તમે કદાચ સ્વાલ કરશો કે શું મુસલમાનથી ડરી ગયા? અને પાછી તેની સત્તા સ્વીકારીને આપણે સ્વતંત્ર થવાની પ્રવૃત્તિને તજી દેવાને તૈયાર થયા ? આસ્વાલના જવાબમાં મારે જણાવવું જોઈએ કે મુસલમાનોની તાબેદારી આપણે સ્વીકારવી નથી અને હવેપછી પણ સ્વીકારવાના નથી ખરી હકીકત તો એ છે કે તમારા સાંભળવામાં પણ આવ્યું તો હશે કે મેવાડના મહારાણા લક્ષ્મણસિંહના પૌત્ર અને ચીતોડની ગાદીના ખરા અધીકારી હમીરસિંહની સત્તાનોસુર્ય દિવસે દિવસે પ્રચંડ થતો જાય છે, વિદેશી સૈન્યોને તેણે ત્રાહી ત્રાહીના પોકારો કરાવ્યા છે અનેકવાર બાદશાહના ખજાના પર લુંટ ચલાવી છે.

મેવાડનો કેટલોક પ્રદેશ તો પોતાના કબજામાં કરી લીધો છે એ બધું જોતાં ધારી શકાય છે કે કદાચિત થોડા વખતમાં ચિતોડ-ગઢનો અધીકાર લઈ લેશે અને ફરીથી મહારાણાનું પદ ધારણ કરી મેવાડની ભુમિને શોભાવશે.

મારો વીચાર એમ છે કે આપણે અહીંથી સત્વર કેલવાડા તરફ જઈએ અને મહારાણા હમીર સાથે મળી જઈએ બીજું પણ

તમોને જણાવવાનું કે ચિતોડનો સુબો માલદેવ આપણને તાબે કરવા બાદશાહના ફરમાન મુજબ ચડી આવ્યો છે પણ તે માત્ર ખાલી બહારનો દેખાવ છે કારણકે મોલદેવની પુત્રીનો હાથ હમીરના હાથમાં આપી સબંધ કર્યો છે.

અત્યારે આપણે મુસલમાન બાદશાહના તાબામાં છે અને હવે પછી મહારાણા હમીરના તાબામાં રહેવું અત્યારે આપણે સ્વતંત્ર બનીએ એવા સંજોગો નથી મહારાણાની આજ્ઞાને આધીન રહેવું એ ખરી રીતે તો દાસત્વ નથી કારણ કે આજસુધી સર્વ પ્રકારના અધીકારો ભોગવામાં આપણે સ્વતંત્ર રહીએ છીએ જ્યારે તેમના શત્રુ સાથે તેમને લડાઇ કરવી પડે ત્યારે જ સૈન્યની સહાય આપણે આપવી પડેછે ખરીરીતે જોતાં તો એમાં આપણો પણ લાભ સમાએલોછે પરધર્મીઓની સત્તાને નસ્વીકારવા માટેની આપણી પ્રતીજ્ઞાનો ભંગ થયો નથી તો મહારાણાને તાબે રહેવામાં આપણા ગૌરવની કોઈ પ્રકારે હાનીનથી આર્યધર્મ સંરક્ષકના પક્ષમાં બેસવું એજ આપણો પરમ ધર્મ છે આપણું પરમ કર્તવ્ય છે.

મહારાણાની સત્તાનો સ્વીકાર કરવામાં અને તેમના પક્ષમાં રહી બાદશાહ વીરૂદ્ધ લડવામાં અમારો કશો વાંધો નથી અમો અમારા સરદારના અભીપ્રાયને મળતા છીએ મહેરોએ ગગનભેદી અવાજથી પોતાનો અભીપ્રાય દર્શાવ્યો.

સરદાર કુલિન્દસિંહ આપણે આંહીથી ચાલ્યા જઈએ પરંતુ માલદેવ તેના સૈનકો સાથે આવી આપણી સ્ત્રીઓ અને આપણાં બાળકો પર અત્યાચાર કરેતો? માટે એની વ્યવસ્થા આપણે પહેલી કરવી જોઈએં એક વૃદ્ધ મહેરેં પોતાનો વીચાર દર્શાવ્યો.

એ વ્યવસ્થા તો થવી જ જોઈએ એ વ્યવસ્થા થયા પહેલાં તો

આપણે આહીથી નીકળવાનાં જ નથી બીજા મહેરે કહ્યું બધા મહેરોએ કહ્યું કે આ વાત બરાબર છે.

તમારા વીચાર બરાબર છે સ્ત્રીઓની પ્રતિષ્ઠામાં જ અને તેના રક્ષણમાંજ પુરૂષોની પ્રતિષ્ટા જળવાએલી છે અને તેની વ્યવસ્થા મેં પ્રથમથીજ કરી રાખી છે તમે મારામાં વિશ્વાસ રાખો અને કેલવાડા તરફ ચાલવા તૈયાર થાઓ.

સર્વ મહેરો બોલ્યા કે તમે અમારા આગેવાન સરદાર છો. અમારા જ્ઞાતિના જ મહેર છો. એટલે તમારા વચનમાં અમોને સંપૂર્ણ વિશ્વાસ છે.

ચાલો ત્યારે લ્યો રામનું નામ અને કરો ફતેહના ડંકા : કુલિન્દ્રસિંહે સર્વ મહેરોને ધન્યવાદ આપી ઉત્સાહમાં વૃદ્ધિ કરી નજીક નજીકના ગામોમાં સર્વ રહેતા હતા તે બધા સ્ત્રી તથા સગા સબંધીને મળી આવ્યા સર્વ એક સ્થળે ભેળા થયા જંગલને અને ભૂમિને કંપાવતા અને વીરતાનો પ્રકાશ બતાવતા ત્યાંથી પ્રયાણ કરી ગયા જે અરણ્ય જે ડુંગરો થોડા વખત પહેલા મહેરોના નિવાસથી વાર્તાલાપથી આનંદિત હતું તેજ હવે મહેરોના ચાલ્યા જવાથી એમાંથી આત્મા નીકળી ગયો હોય તેમ મૃત શરીર સમાન જડ અને શબ્દહીન દેખાવા લાગ્યું.

કુલિન્દ્રસિંહ સર્વે મહેર ભાઇઓને લઈ મહારાણા હમીરના સહાયક અને સેવક થવા માટે કેલવાડા પહોંચી ગયાના ખબર માલદેવને પડી ગયા સર્વ મહેરો બળવાખોર મટી રાજભક્ત અને સ્વદેશોદ્ધારક બની ગયા.

મહારાણો હમીર કેલવાડામાં પોતાની તૈયારીમાં તો હતો જ એવામાં વળી મહેરો તેની સાથે મળ્યા એટલે પોતાંના બળમાં અચા-

નક ન ધારેલો વધારો થયો ચિતોડમાંથી માલદેવ મહેરોને તાબે કરવાં ગયેલ તે પછી અવ્યવસ્થા તો હતીજ.

વળી ચિતોડના બચાવ માટે સરદાર બદરૂદીન પાસે જોઈએ તેટલું સૈન્ય પણ નહોતું વળી પોતાને મળેલા સુબાના અધિકારને લીધે મદમાં છકી જઈને રાત દિવસ એસ આરામમાં અને ગાન-તાનમાં ગુલતાન બન્યો રહેતો હતો, હમીર મહારાણાનો એક જાસુસ મુસલમાન વેષમાં હમેશાં રહીને ચિતોડના સુબેદાર બદરૂદીનનો નોકર બની રહ્યો હતો. તેને રાત્રીના સમયે કીલ્લાના દરવાજાને સંભાળ-વાનું કામ સોંપવામાં આવ્યું હતું.

આ સમય યોગ્ય છે એમ જાણી મહારાણા હમીરને આક્રમણ કરવાની સૂચના આપી. મહારાણા હમીરે સૈન્યની સાથે ચિતોડના કિલ્લા દ્વાર આગળ આવ્યો કીલ્લેદારે દરવાજા ખોલી નાંખ્યા. નગરમાં પ્રવેશ કરી સરદાર બદરૂદીન ખાનને કેદ કરવાનું કામ પહેલું કર્યું.

ચિતોડના કીલ્લા ઉપર ચિતોડની પવિત્ર અને પ્રાચીન પતાકા ફરીથી ઉડવા લાગી. પ્રજાએ મહારાણા હમીરનો જય બોલાવ્યો. રાજ્ય મેળવવું તે કરતાં મેળવેલું રાજ્ય સંભાળવાનું કાર્ય અઘરૂં છે મહારાણા હમીર મહા ચતુર હતા અને ફરીથી બાદશાહ તરફથી આક્રમણ થાય તો પહોંચી વળવાની દરેક તૈયારી કરી રહ્યા હતા.

મહારાણા હમીરસિંહે સર્વ રજપુત વીરોને ઉત્તમ પ્રકારનું યુદ્ધ શિક્ષણ આપવાનું કામ મહેરોના આગેવાન સરદાર કુલિન્દસિંહને તથા વિજયસિંહ નામના બે વિશ્વાસ પાત્ર સરદારોને સોંપ્યું માલદેવનો પુત્ર વનવીર પણ પોતાની બનતી સહાય આ કામમાં કર્યા કરતો હતો બાદશાહ સાથે ફરીથી લડવા માટે જે સૈન્ય તૈયાર કરેલું હતું

તે સૈન્યનું ઉપરીપણું (આધિપત્ય) ત્રણે જણને આપવામાં આવ્યું તે ત્રણ વીરનર માલદેવ કુલિન્દસિંહ અને વિજયસિંહ હતા.

**લેખ નંબર ૧૫**

## બહારવટીયા અને ચાંચીયા

ગુજરાતનો બાળ ઇતિહાસ પાના ૯
લેખક નાનચંદ જશરાજ વખારીયા.
તાલુકા સ્કુલ માસ્તર માળીયાહાટીના

અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પહેલાં કાઠિયાવાડની આસપાસ અરબી સમુદ્રમાં ચાંચિયા લોકો ( દરીયામાં લૂંટ ચલાવનાર)ની મોટી ટોળી હતી તે કાવી, ઘોઘા, જાફરાબાદ વિગેરે બંદરોમાં મોટી લૂંટ કરતા તે દરીયાનો કબજો સરકારે કરેલો છે અને લુંટ કરતા બંધ કરેલા છે આવા લૂંટારાનું જોર વલ્લભી રાજ્યના વખતમાં બહુ હતું. તેઓ વેરાવળની આસપાસમાં પણ મોટી લુંટો ચલાવતા.

વલ્લભી રાજાઓ તે વખતે તે લોકોને વશ કરી શક્યા નહોતા પરંતુ તે વખતે કાઠિયાવાડમાં સૌરાષ્ટ્રમાં મહેર લોકોનું જોર બહુજ હતું તેમણે આ લૂંટારાને દરીયા કાંઠેથી નસાડયા અને ત્યાંથી નાશી તેઓ કાઠિયાવાડને ઉત્તર કિનારે કચ્છના રણના કાંઠાની આસપાસ વસ્યા અને ત્યાં તેમણે નાના નાના રાજ્ય સ્થાપ્યાં વખત જતાં તે ચૌરા કે ચૌડાના નામથી ઓળખાતાં શરમાયા અને એ નામ બદલી ચાવડા રજપૂત કહેવડાવા લાગ્યા.

આ રજપુતમાં (ચાવડા વંશમાં) જયશિખર નામનો શુરો રાજા થયો. તેમણે નાના નાના રાજ્ય જીતી મોટું રાજ્ય સ્થાપ્યું.

આ સમયે ઉત્તર ગુજરાતમાં પાટણના તખ્ત ઉપર ચાવડા વંશની સત્તા બિરાજતી હતી. અને દક્ષિણમાં ચાલુક્યની સત્તા હતી

લેખ નંબર ૫

# ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ

વલ્લભ વંશ પૃષ્ઠ ૮૦ થી

તૈયાર કરનાર
રા. બા ગોવીંદભાઇ હાથીભાઇ

છપાવી પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
આસિસ્ટંટ સેક્રેટરી અમથાલાલ હીરાલાલ ત્રીભોવન પારેખ
બી. એ. વડોદરા

સેનાપતિ ભટ્ટાર્કનું તામ્રપત્ર મળ્યું નથી પણ તેના પુત્રષ ધ્રુવ સેનનું વલ્લભિ અથવા સંવત ૨૦૭ નું ઇ. સ. (૫૨૬ )નું તામ્રપત્ર મળ્યું છે પરથી જણાય છે કે ધ્રૂવસેનએ સેનાપતિ ભટ્ટાર્કનો ત્રીજો પુત્ર હતો એ તાંમ્રપત્રમાંથી માલુમ પડે છે કે મૈત્રીકો કે જેમણે બળજબરીથી પોતાના દુશ્મનોને તાબે કર્યાં હતા તેમના મોટા અને બળવાન લશ્કર ઉપર સેંકડો ઘા કરીને એણે કીર્તિ મેળવી. મૈત્રીકનો અર્થ સુર્યવંશી થાય છે આ મેત્રીકો મહેર જાતિના લોક હતા એમ આગળ મહેર લોકો વિષે પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે. ( આ પુસ્તકનું પ્રકરણ ૧૧ મું મિહિર અથવા મહેર લોકો ) તે વાંચો મહેર જાત એ કાઠિયાવાડમાં ઘણી પ્રબળ હતી પણ કાઠિયાવાડના વાયવ્ય કોણમાં બરડા પર્વત આગળ માલમ પડે છે.

લેખ નંબર ૧૭

મહેર જાત ઉત્તર તરફથી આવેલી હતી અને પશ્ચિમ રજપુતાના તરફથી ગુજરાતમાં દાખલ થઇ હતી તેમના સરદારો જસલો, અજો, બડ કોમલના નામ ઉપરથી અજમેર બડમેર જસલમેર કોમલમેર નામ થયાં હતાં ગુપ્તોને હરાવનાર પંજાબ તરફથી આવેલ મિહિર કુલ (ઇ. સ. ૫૧૨–૫૫૦)ના નામ ઉપરથી તથા તેના વખત ઉપરથી એમ લાગે છે કે તે મહેર જાતનો હશે મહેર લોકો હુણ લોકોની સાથે મળી ગયા હશે એમ તેઓની સાથે આવી કાઠિયાવાડમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું હશે મહેર લોકો કાઠિયાવાડના ઉત્તર તરફ ગયાનું જણાય છે.

બારોટના ચોપડા ઉપરથી ઉતારેલો દાખલો નંબર ૫

સંવત ૧૭૨૧ ના કારતક સુદ ૫ ને બુધવારે નીલ પરણાવી મહેરની નાત જમાડીને બ્રામણ મહેરવદરીયાને ગામ આપ્યું જોશી માવજીને ગામ મહેરવદર આપ્યું છે.

(ભુતિયા) ભટ્ટી માલદેવે ભાયુ સમસ્તનો ભાગ બ્રામણને તુલસીને પાંદડે આપ્યો છે બીજી ધરતી ભાટ પાળમાં ભાટને આપી છે પરાજાં ૧૮ આપી છે. તુલસીને પાને ગામથી દખણાદે કોરે બ્રામણને તથા ભાટોને એક દીએ આપી છે નીલ પરણાવીને તુલસીને પાને આપી છે તેની નીશાની વયા વંચની વયમાં વેઢ આપી મંડાવી છે.

બારોટના ચોપઠા ઉપરથી દાખલો ઉતાર્યો નંબર ૬

કાળુ સુમરાનો ગામ પોસીતરે (ઓખા મંડલ આગળ) મરાણો છે જુનાગઢનો નવાબ બાબી હામદખાં તથા માંગરોળનો ધણી શેખમીયાં તથા ગોંડલનો ધણી કુંભોજી તથા જાંમ સાહેબની ફોજ ભેરે

મેરૂ અજાણી તથા મોરબીના ધણીની ફોજ ભેળી ભાવનગરની ફોજ તથા ધ્રાંગધ્રાની ફોજ એ રાજાની ફોજુ ગામ પોસીતરે આવી ત્યારે સાતે રાજાએ ધીગાણું કર્યું પણ પોસીતરૂં ન લેવાય ને જુનાગઢનો દીવાન અમરજીને બાંદરાયે મોકલ્યો પણ તેના સામે કારૂ સામરાનો તથા વજદેએ કહ્યું કે અમો મરીએ ત્યાં સુધી શરણે ન હોય અમારૂં મોત તો થાશે પણ અટલા રાજાની જાન ક્યારે મળે ત્યારે ફરી ધીગાણું થયું ને પોસીતરૂં ન લેવાણું તયેં સરાણુ (સુરંગ) દઈ મઢની મેડી ઉડાડી કાળુ તથા વજદે બંને ત્યાં મુવા તેની ખાંભી ગામ પોસીતરે છે તેના પાળિયા ગામ બખરલે ગામને ઉગમણે ઝાપે રબારણ સતીની ડેરીથી દખણાદે પડખે છે.

સંવત ૧૮૭૧ ના વરખે ફાગણ વદ ૨ ને ગુરૂવારે માંડયા છે રાણા સુલતાનજી વીક્રમાતજીની વારમાં.

આ કારુ (કાળવા)ની કથા મહેર જવાંમર્દ ભાગ ૧ લામાં લખાએલી છે.

બારોટના ચોપડા ઉપરથી ઉતારેલો

દાખલો નંબર ૩

અરજનકા દેવા કાળુનાને ગરાસ ગામ દેવડા શ્રી સરકાર બાબી હામદખાનનો દીધેલ છે તેની વીગત તરસાઇને સીમાડે ખેતર મલબારો સાડ.દશ વીઘા ૩૨૦ ત્રણસો વીશ પાકાને બીલેશ્વરીને કાંઠે ખેતર પ્રાજા ૪ વિઘા એકસો વીશ' વાંસ જાલિયાને સીમાડે ગામ ગટગડીયાની સીમમાં છે તેનો પરવાનો કણબી સાતા ગોવીંદજી પટેલના ઘરમાં છે તેની વિગત વયવંશની વયમાં મંડવેલ છે ધરતીનો આશરો મંડવેલ છે ઘોડી તથા પહેરામણી બારોટને આપીને મંડવેલ છે સ. ૧૮૩૧ ના સાલ રાણા સુલતાનજી વીક્રમાતજીના રાજ્યમાં.

## કાળુ સુમરાની વંશાવલી

કાળુ
|
વેન્જો
|
રાણો — માલદેવ — મેરામણ

લખમણ — સવદાસ — હાદો — જગો — સામરો — અરજન

વજસી – નાગાજણ લાખો હાથીયો મુર–ખીમાણંદ શાણો જેતમાલ રણમલ–વેન્જો રામ–વીસો–કાંધો

ભીમો–હમીર

દુદો

મેરામણ ભીમો સુમરો–માલદેવ

જેઠો–દેવીયો–સાજણ–ખીમો

હરદાસ મુંન્જો હાદો ભીલો–કરશન

## બારોટના ચોપડા ઉપરથી ઉતારેલો દાખલો

ગામ ખીજદડ નવાબ મહોમદખાનનું આપેલ છે તે વઈવિંચની વચમાં મંડાવેલ છે. નવાબ મહોબતખાનને વચને ઓડેદરા જીવણા ઓદા નામે ગામ ખીજદડ અનામી ડુંગરી ગામ આપેલ છે તે રાણાના વજીર જીવણાને ખીજદડ સરકારે આપેલ છે. જીવણાનો વંશ હોય તે ઈ ગરાસ ખાય ને સરકાર નવાબ મહોબતખાનના વંશના હોય તે પાળે સઇ તે ગરાસ ડુંગરી છે. માટે સરકારી દાદ માફ કરી આપ્યો છે. પણ ખીજદડ બાબત સર્વે તાલુકો જુનાગઢને છે. રાજક દોજક ધુરે કજીયો ન્યાય બાબત સરકાર નવાબ રજુ ચુકે ને સરકારને કામ પડે ત્યારે સખાત કરે બાકી ગામ ખીજદડ માથે સરકારનો દાદ સરવે માફ કરી આપ્યો છે. ગરાસ ડુંગરી આપ્યો છે. પરવાનગી સીધી મુખની છે. સવંત અઢાર ને એકત્રીસના ફાગણ સુદ ત્રીજનો લેખ ફારસીના આખર છે તેનાથી મંડાણું અથવા વેપારીના આખર પોતે માંડુ છે.

## જીવણ ઓદાની વંશાવળી

મુંજા ઓધડ
|
દેવો – બાલાર – સેલાર – વજપા – વીંઝા – જસા

સેલાર → ત્રણ દીકરા નકો વીઝાણો

વીંઝા → જેતો → ઓદો → જીવણ

કુમાર નામના માસીકમાં મહેરાનું જીવન એ વીષય પર આપેલો
લેખ સં. ૧૯૮૯ ભાદરવા માસ પૃષ્ટ ૩૫૬

લેખક ગોકળદાસ પરમાર

## લેખ નંબર ૧૮

સોરઠને સીમાડે અને બરડાની ઓથમાં એક મજબુત જાત વસે છે એની સંખ્યા બહુ અલ્પ છે. પોરબંદર, જુનાગઢ અને જામનગરની હદ શીવાય બીજે ક્યાંય એ જાતીનો વસવાટ નથી એ જાતીનો વહેવાર સૌરાષ્ટનો સીમાડો ભાગ્યેજ વટાવે છે. આટલા ટુંકા પ્રદેશમાં એ જાતી જીવન વીતાવી રહેલ છે. પોરબંદર રાજ્યની વસ્તીનો લગભગ પાંચમો ભાગ આ જાતી રોકી રહી છે. વીશથી પાંતરીશ હજારની સંખ્યા એ જાતીની હશે. સંખ્યામાં એ જુજ છે છતાં એની પાછળ ઇતીહાસ છે સારો એવો ઇતીહાસ છે. સિંધની દક્ષીણે મ્હેડ મેર અથવા માડ નામની બળવાન મહેર જાતીના લોકો વસતા તેમાના આ લોકો વસતા હોવા જોઈએ એમ ડોસન અને ઇલીયટ જેવા ઇતીહાસવેત્તાનું માનવું છે ટોડ સાહેબ આથી વીરૂદ્ધ કંઇક ઉતરે છે તેઓ માને છે કે આ લોકો મેવાડમાંથી આવેલા છે. ગમે તે હો છતાં એક બળવાન અને લડાયક જાતિ તરીકે તેઓની ગણના થઈ ચુકી છે.

રબારી અને ભરવાડ જેવા આ લોકો નથી પરંતુ સ્થાયી ખેડુત તરીકે તેઓની જમાવટ આ ભાગમાં છે મહેરો ખાસ કરીને પોરબંદરની વસ્તી છે અને એમના વડવાઓએ પોરબંદરના મહારાણાને પડખે ઉભા રહી ભીડને વખતે પુરી મદદ કરી હતી. બાળરાજાને લઇને રાજમાતા કલાબાઈ નાસતાં ફરતાં ત્યારે આ લોકો એ પોરબંદરની રીયાસત ઉભી કરવા લીલાછમ જેવા માથા વધારી આપ્યાં

હતાં. પોરબંદરના રાણાએ લગભગ ૧૬ ગામ આપ્યા છે. જેની ઉપજ હજુ તેઓ ખાય છે. મહેરોની ચાર શાખા. કેશવાલા રાજસાખા મહેરને નવા રાણાને રાજ્યાભિષેક વખતે તિલક કરવાનો હક્ક છે.

પુરૂષો કદે ઉંચા શરીરે ભરાવદાર અંગે ઘાટીલા અને કસાએલા છે ચામડીનો રંગ ઘઉંલો અને ગોરો પણ છે. સ્રીઓ પણ મજબુત અને શશક્ત છે.

મહેર જુવાનોની રમત મર્દાનગીને શોભે એવી હોય છે. હોળી અથવા સાતમ આઠમના તહેવારોને દીવસે મહેરોના ગામે જુવાનોની ટુકડી એકઠી થાય છે અને છુટા પથરા અને માટીનાં ઢેફાં કે માટીની બનાવેલી કોઠીનાં ભાગેલા ટુકડાઓના છુટથી સામસામા ઘા કરે છે ડાબા હાથમાં પાઘડી કે ધોતીયું લપેટી લીએ તે ઢાલનો અર્થ સારે છે. સામસામા ઘા કરે લાગે લોહીલોહાણ થાય કોઈ વખતે ઝોળીમાં નાંખીને લઇ જવા પડે છતાં પણ પાછા હટે નહી તેમ કોઈને વેર ઝેર ન હોવાથી એ બાબતમાં કોઇને દુઃખ પણ લાગતું નથી એ ટોળીમાંથી એક ટોળીની જીત થાય ત્યારે રમત બંધ થાય.

નાળીએરના પડખામાં સોપારી રાખી સોપારી ઉપર જોરથી હથેળીની ભીંસટ દઈ સોપારીને નાળીએરમાં નાંખી દીએ ગોળના મોટાં માટલાં બે હાથમાં બે ઉપાડીને દોડી જાય. અનાજની બે ગુણો બગલમાં અને એક પીઠ ઉપર ઉપાડી મકાનને બીજે માળ મુકી દીએ દશ પંદર ફુટ ઉંચે દીવાલ ઉપર પગરખું રાખી દોટ મુકીને પગથી પાડી નાંખવું વીગેરે તાકાદ ભરેલી અનેક રમતો મહેર જુવાનોની તાકાત અને શૌર્યની સાક્ષી પુરે છે.

રેંટીયા કાંતવા ભરત ભરવાં પોતાના મકાનોની દીવાલોમાં વગરમાપે વગર પીંછીએ સુંદર ચીત્રો કાઢવાં એવાં એવાં મહેરની સ્રીઓ ફુરસદને વખતે કામ કરે છે.

મહેરની સ્ત્રીઓ પોતાના પતીના તથા બાળકોને માટે રેંટીયાથી કાંતેલ સુતરની ખાદીનાં કપડાં પહેરવામાં આનંદ માને છે. મહેર લોકો પોતાના પ્રદેશ શીવાય બીજે ક્યાંય ધુમવા જતા નથી. સ્વતંત્ર વાતાવરણમાં ઉછરેલા હોવાથી કોઈનું વેણુ કે અપમાન સાંખી શકતા નથી. જરા વાતમાં ડાંગ ઉપાડી કોઈનાં તાલકાં તોડતાં કે ખુન કરતાં પાછુ વાળી જોતા નથી મહેર જ્ઞાતિની આ લડાયક વૃત્તીને સારા કાર્યમાં જોડવામાં પ્રયાસ કરવામાં આવે તો કાઠીયાવાડની આ મજબુત જાતી દેશના હીત ખાતર ખરે ટાણે માથા આપતાં પાછી હટે તેમ નથી.

## લેખ નંબર ૧૪

મહેર જ્ઞાતિ માટે શારદા નામના માસીકમાં જુન ૧૯૪૩ અંક ત્રીજો પુસ્તક ૩૯ માં રા. રા. લેખક ડુંગરશી ધરમસી સંપટના લેખમાંથી તારવેલ હકીકત.

કાઠીયાવાડની એક બહાદુર મહેર કોમ (જ્ઞાતિ) છે. રૂપાળી શશક્ત બહાદુર લડાયક અને ખેતીના કામમાં કુશળ પ્રજા છે એનો પ્રાચીન ઈતિહાસ ઉપલબ્ધ છે. ફારસી વીદ્વાનો તો આ મહેર લોકોને કૌરવો જેટલા એટલે ઇ. સ. પુર્વે અનેક સદીના માને છે. પ્રાચીન લેખકોના જણાવવા મુજબ મહેર લોકોના વડવાઓ સિંધુ ઉપર રહેતા દુર્યોધનના બનેવી જયદ્રથના રાજ્યમાં હતા. એટલે કૌરવના પક્ષવાળી આ મહેર જ્ઞાતિનો ઉલ્લેખ મહાભારતમાં આવે છે. આઠમા સકામાં મહેરો કાઠીયાવાડમાં આવ્યાની કલ્પના છે. પાંચેક હજાર વરસ પહેલાં આ જાતી એશીયામાં આવી પંજાબમા વસી હતી. એવી કલ્પનાઓ વિદ્વાનો કલ્પે છે. મહેર શબ્દ મિશ્ર સુર્યમાંથી નીકળ્યો હોવાના પણ અનુમાન છે. મહેરો સુર્ય પૂજક છે, આગળ બધા સૂર્યપૂજકો હતા.

મહેર પ્રજાએ કાઠીયાવાડના ઇતીહાસમાં આગેવાની ભરેલો ભાગ લીધો હતો. કાઠીયાવાડમાં આવેલો એમનો ભાગ બહુ નાનો છે, એ એ કોમ કોઈ રાજ્ય સ્થાપી શકી નથી. મહેર લોકોનો એક ભાગ સિંધુ કીનારેથી મારવાડમાં જઈ વસ્યો હતો. કોઈ અનુમાન કરે છે કે મેરવાડનું અપભ્રંશ મારવાડ છે. મેવાડમાં પણ આ લોકો વસ્યા છે. ઇતીહાસને ચોપડે નોંધાયું છે કે આ મહેર લોકો ઈ. સ. ૧૧૯૫ માં ભરતપુરના જાટ નામની જાત સાથે સ્પર્ધા થઈ હતી. કાઠીયાવાડમાં મહેરોએ તેના જુના રીત રીવાજો સાચવી રાખ્યા છે, અરાવલ્લી પ્રદેશના લોકો મહેડના વંશજો તે પણ મહેરો સાથે સબંધ તથા કુળની એકતા ધરાવે છે. ઈ. સ. ૮ કે ૯ મા સૈકામાં મહેરો કાઠીયાવાડની ઠેઠ ઉત્તરે આવેલા મોરબીમાથી નીકળી બરડાની વચ્ચે ધુમલીમાં વસેલા હતા. મહેર સ્ત્રી પુરૂષોની બહાદુરીની વાતો બારોટને અને ભાટ ચારણને જીભે ચડી છે. જેઠવાઓ સાથે મહેર લોકોના અંતઃકરણ દશદશ સદીઓથી જડાયાં છે. જેઠવાઓના નસીબ સાથે જોડાઈ મહેરોએ પોરબંદરના રાજ્યને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. હમણા તો જેઠવા રજપુતોની પ્રજા તરીકે કાઠીયાવાડી મહેર લોકોનો મોટો ભાગ છે. પોરબંદરમાં એમને જમીનના ખાસ હક્કો મળ્યા છે મહેર છાંયાના સુલતાનજીની તલવાર હતા. પોરબંદરના મહેર લોકો હાલ ચૌદ ગામ આંગત ખાય છે, તેઓનો દાવો મુળ ગરાસીયા તરીકે હતો, એ માટે નીમાએલ કમિશને એમને ગરાસીયા તરીકે સ્વીકાર્યા છે. પોરબંદરના રાજાઓને માટે રાણીઓ પણ આ મહેરમાંથી આવી હશે. પોરબંદર સાથે એમનો ધરોબાનો સબંધ હતો. મહેરોને વેદાન્તનો વારસો વંશ પરમપરાનો મળ્યો છે, એઓ તત્વજ્ઞાનના શોખીન છે વેન્દાંતના ભજનો એની વાણીમાં શોભે છે. મહેરને લખતા વાંચતા ન આવડે. વેદાંત ઉપનીષદ કે ગીતા ભણ્યા ન હોય છતાં મહેરામાં ધણાઓને વેદાંતના સીદ્ધાંતો પોતાની જીભના અગ્રે હોય છે. મહેરની સ્ત્રીઓ સુંદર કદમાં ઉંચી હોય છે. તેમજ બહાદુર હોય છે. આ

પ્રજા શરીરે તંદુરસ્ત અને લાંબુ આયુષ્ય ભોગવનારા હોય છે. ૧૦૦ વરસની ઉમરે પહોચેલા એ જ્ઞાતિમાંથી ઘણા નીકળશે. આ કામમાં નીમકહલાલી અને પ્રેમાળપણું તો એમના વારસામાં મળ્યું છે. તેઓ ગ્રામ્યવાસી છે. પ્રગતીશીલ નથી છતાં સુખી અને સાદુ જીવન ગુજારે છે. કાઠીયાવાડના અનેક યુદ્ધોમાં તેમણે પાણી દેખાડયું છે.

## સીસોદીયા (મોઢવાડીયા મહેરો) ની વંશાવળી.

નારાયણના બ્રહ્મા બ્રમાના મરીચી મરીચીના કાશ્યપ કાસ્યપના સુર્ય સુર્યના કરણ કરણના ઇશ્વાકુ ઇશ્વાકુ પછી પૃથુ પૃથુ પછી માનધાતા તે પછી અમરીશ તે પછી સત્યવ્રત તે પછી હરીચંદ તેના રોહીત, રોહીતના હરીત તે પછી બાહુક, બાહુકના સગર, સગર પછી દીલીપ, તે પછી ભગીરથ તે પછી પહેલા દશરથ, તે પછી ખરવાંગ તે પછી બીજા દીલીપ, દીલીપના રઘુ, રઘુના અજ, અજના દશરથ, દશરથના રામ, રામના કુશ, કુશથી ૧૯ મી પેઢીએ મરૂ, મરૂ પછી ૩૭ મી પેઢીએ બાપારાવળ, તે પછી સાંગો, તે પછી રાયમલ, રાયમલના ઉદય, ઉદયના પ્રતાપ તે પછી ખુમાણ, ખુમાણના મોટા કુમાર દેશળ ફટાયા કુમાર કાટવો ગોઢો, મનજી હટીસીંગ. આ ચાર ફટાયાને દેશવટો મળેલો તેઓ બરડા પ્રદેશમાં ફરતા ફરતા આવ્યા. ત્યાં પોતાનું પરાક્રમ બતાવી રહ્યા, તેની વીશેશ હકીકત આગળ આવશે.

## મનજીના વંશના જોગીયા. હટીસંગના વંશના હાટી.

ખુમાણને બાર ગામ મળ્યાં.

કાટવાનો ગોહેલ, તેને નાગકું અને રાણાવાવ મળ્યાં.

કાટવાનો વજદે, તેને વીંઝરાણું મળ્યું અને કાટવાણું.

કાટવાનો લાખવો તેને કુંછડી.

પાસ્તરીયા અને હાડડીયાએ પણ કાટવાના વંશના છે, હાલા-મણના દોહીત્રા શેણીના જન્મેલા;

કટારસંગ કેશવારા મહેર ધુમલીના દીવાન હાલામણને ત્યાં પરણ્યો હતો.

ખુમાણને બાર ગામ મળ્યાં હતાં. ખુમાણનો ગોઢો ગોઢનો મલીક તે કેશવારાનો ભાણેજ મીણીબાઈના જન્મેલ અને હાલા-મણના દોહીત્રા.

## મુળુ મેણંદના વડવાઓ મેવાડમાંથી આવેલા તેનું

### કાવ્ય

નર આયો દીન એક જેદી ગોમતી નહાવા
સીસોદીયા કહે સાંભળ સુલતાન
કાટવો ગોઢો કેસરીયા વંકડા
તેદી ભલ્લ ટીલે ધુમલીએ ભાણ
હામો હરા વડા હઠીમલ મેવાડ ધણી
ન આપે કદીએ મહેરાણ
રાણા તણો બીડો સભા વચ્ચે ઝડપીયા

તે દી વીજછડ કાટવે માર્યો વનરાય

પંખે ગંગેવ ગોહેલના પ્રાગડા

શેહ મહેરાં ઉજારણુ શાખ

બોલ જેઠવા અણીપર બોલીયા

તે દી ભાણુ રાણે દીધો ધરામાં ભાગ

ટીલે = ગાદી ઉપર

વીજછડ = ડુંગરનું નામ છે.

વનરાય = સીંહ.

મહેરાં = મહેર.

ભાણુરાણે = ભાણુ જેઠવા.

---

## મોઢવાડીયા (સીસોદીયા) મુળુ મેણંદની કથા

મોઢવાડા ગામ એ જવાંમર્દોની ભુમી છે, આ ગામમાં અનેક શુરવીર નર અને સતી નારીઓ થઈ ગઈ છે. એ નર નારીઓનાં સ્મરણો મોઢવાડા ગામના પાદરમાં મોજુદ છે આવા વીર નરો માહેલા એક મુળુ મેણંદની આ કથા છે.

આજે મુળુ મેણંદની ડેલીએ હકડે ઠાઠ મહેર દાયરાની જમાવટ થઈ છે. મોઢવાડીયાના બારોટ પણ બેઠા છે. એક તરફ અરીણને ખરલમાં ખુબ ઘુંટીને તૈયાર કરેલા કસુંબા ને ગાળવા માટે પાણ-કારાની બનાવેલી ગરણીમાંથી કસુંબીયલ રંગનાં ટીપા ટપક ટપક

વાટકામાં પડે છે વાટકામાં ભરેલો કસુંબો નાની વાટકીઓમાં ભરી ભરીને દાયરામાં અપાય છે. મુળુ મેણુંદ દાયરાને સમ સંધરા દઈને પરાણે પાય છે. આવી રીતે વાયરામાં એક બીજાને કસુંબો પાવાની રકઝક કરે છે. કોઈ કોઈ તો ગોઠણીયાભર થઈને પરાણે મોઢામાં રેડે છે. ડેલીના આથમણા ચોકમાં મનજી વાણુંદ માટીની કુંડડીમાં શેકેલા બુંદ દાણા ઘુંટી રહ્યો છે બુંદ દાણા ઘુંટતાં ઘુંટતાં મોઢામાં પણ મુકતો જાય છે.

મનજી વાણુંદનો દીકરો છગન કાવાદાનીમાં કાવો પકાવે છે. છાણાનો દેવતા એટલે ઘડીક ઘડીકમાં તાપ ન થવાથી ધુંધવાય છે છગને ખુબ ફુંકા મારી મારીને તાપ કરવાની મહેનત કરી ધુંવાડાથી આંખમાં આવેલાં આંસુ પેરણુની ચારથી લુંછયાં. કાવાદાનીના આંક-આંકડીયામાં ચીપીયો નાંખીને કાવો ન ઉભરાય તે માટે નજર રાખે છે તાપ ન થવાથી કાવાદાની નીચે મુકી પેરણુની ચારનો પંખો કરી ખુબ ઝાપટુ નાખી ભડકો કરે છે. કાવાની એક કીટલી ઉતરે કે બીજી કીટલી મુકે છે. મનજી વાણુંદ બે ચાર પ્યાલીઓ એક હાથમાં લઇ બીજા હાથમાં કીટલી પકડી મુળુ મેણુંદ પાસે જઈ કાવાની પ્યાલી ભરી આપે છે. મુળુ પહેલાં દાયરામાં આપવા કહે છે. મનજી વાણુંદ કીટલી નીચે મુકી ઉભી બેઠાઈ બાંધેલ બેશનો છેડો લઈ પોતાના કપાળમાં વળેલો પરસેવો લુંછી દાયરામાં કાવો દેવાનું શરૂ કરે છે.

કાવાનું કામ પતી ગયા બાદ છગને બાવળના ટાંડા હોકા ભરવાને તૈયાર કર્યા અને ચલમમાં બજર ભરી હોકાનું વાસી પાણી ઢોળી નાંખ્યું. ગંધાતા વાસી પાણીની ગંધ આખા દાયરામાં ફેલાણી.

તાજા પાણીથી હોકો વીંછળી ને બેચાર ફુંકા મારી હોકામાંથી પાણીની નીસેડ કાઢી હોકો તાજો કર્યો. માથે ચલમ મુકી અને પહેલાં બેચાર

ફુંકો મારી હોકો ચાલુ કરી દાયરામાં આપ્યો. એક પછી એક એમ બે ચાર હોકા તૈયાર કર્યા.

વર્ષાઋતુમાં એક વરસાદ થઈ ગયા પછી પાણીથી ભરેલા ખાબો-ચીયામાંથી દેડકાંનો ધીમો ધીમો અવાજ આવે તેમ દાયરામાંથી હોકાનો ગડડ અવાજ આવવા લાગ્યો. મહેર દાયરો અંદર અંદર વાતોને હીલોળે ચડયો.

બારોટ ? આજ ગુમ સુમ કી બેઠાછ, કંઇક થાવા દીઓ નવરા બેઠાં વખત જાય દાયરામાંથી અવાજ આવ્યો.

બારોટ ? દાયરાની મરજી છે તો કાઇ મર્દ બચ્ચાની વાત થાવા દીઓ. મુળુએ ટાપસી પુરી મુળુભાઈ ? હું તાં દાયરાના હુકમની વાટ જોઇને જ બેઠો હતો.

વાત સાંભળીને એનો રંગ થોડો અમને પણ લાગે એવી વાત આદરજો મુળુ બોલ્યો, મુળુભાઈ કઈ વાત કરૂં બોલો કયો તો પ્રથી-રાજની કયો તો રાણા રાજસિંહની અને અને કયોતો અમરસંગની કાં રાણા પ્રતાપની કરૂં બોલો તમે કયો ઇ કરું ? તમારી મહેરની નાતમાં પણ ઘણાય વીર પુરુષ પાક્યા જેતી કયો તો એમાંથી કોઈની વાત કરું.

મુળુભાઈ તમારા વડવાની માટીઆઈનો રંગ તમને ક્યાં નથી લાગ્યો આજ નવો રંગ ક્યાં ચડાવવાનો હતો ઈતો સમાએ લાચાર કીધાછે હજી પણ મહેર જુવાનોની પીઠ થાબડનારા હોય તો હજી પણ જુઓ એના ઝપાટા માટીઆઈ તાં હજી છે પણ સમજ્યા વિના અંદર અંદર એક બીજા તકરારૂ કરી ઠાલા મરી ફીટેછ કેમાં કેવા મહેર થઇ ગીયા ઈ સાંભળો,

દાતાર થીયો મહીયારીએ દુદો
જેમલને ભાયો થીયા વઘજાણુ
કાંસાબડે થીઓ ખેમ કાંધાનો
ભારો થીયો વંશનો ભાણુ
ગોવો થીઓ તરખાઇએ ગુણગ્રાહકી
ઊગો થીયો કડછે અડીંગ
નોધો થીયો ઇડર (ઓડવર)માં કુળ નાયક
માલદેવને ભારો થીયા મહેરાણુ
કાળા વદરો મુળુ થીયો કંઇ કારણુ
જે વાતો તણો વિધિ જાણ.
દેવો મેણંદ થીયા બે વટવાળા
સરમણુ દુદો થીયા સુજાણુ
વદરમાં થીઓ સાંગણ વાચ્ચાનો
તેગ ખેગ અને વધ જાણુ
કુંથડ થીઓ કવલકે મહેર કાંટાળો
દેગ તેગ છતો દાતાર
વીંઝો થીયો ધરાનો વારુ
વેજો થીએ ભજાવણ હાર
નખો થીઓ! મહેર નખ ત્રાડો,
શહે શાર્દુલ મહા અડીંગ
મોઢવાડે થીઓ ભારો મહાબીડ
ખુડો મીયાજર થીઓ મહાબળકાર
માંસની ચુકી હાડ સુધી માંડે
નેક ટેક કવીયાં તેજ પાળ

રાણો થીયો એરડે ભુવનો રાજા,
મુળુ થીઓ નગારા શોધ
ઓખાઈ મુળુ પણ થીયા એસા
અણુ પુછયો દેશોત
જાજરમલ થીઓ બળેજમાં જેતો (જેતમાલ)
આડાં વેર લીએ ત્રેહે સીગ
ઇતા થીયા મહેર અજરાયલ
લાખો ખરચી સો ભાગ લીયા
બરડે સોરઠ થીયે મહેર અજવાળા
કવીત મીર રાજે કીયા

મુળુ ? બાપ ? મહેરમાંતો આવા કંઇક નખત્રાડા મહેર નીપજ્યા છે અને હજી પણ તારા જેવા મેર છે તયેંતાં મહેરની લાજ રહી છેનાં ? બારોટ ? આજતાં મહેરમાંજ કોઇ એવા વીરનર નીપજ્યા હોય એવાનીજ વાત કરોને ? અમે પણ દી પાંચ દી અમારો ધરમ ભુલતા જાઈયે તો ઇવી વાતુ સાંભળી અમને પણ કંઇક અમારા ધરમનું ભાન થાય

બારોટ ? તમે ભલે અમારા વડવાઓના વખાણ કરો પણ અમારા બાપદાદા જે ન્યાય નીતિ અને મર્દાઇના કામ કરી ગીયા એના એના જેવું અમારાથીતાં થવાશે નહિ ઇ વખત પણ બીજો અને ઇ વખતનાં માણસ પણ બીજાં ? અમારામાં તો રુંવાડે રુંવાડે અધરમ અને અનીતિ વ્યાપી ગયાં છે,

હવેતાં સાપ ગીયા ને લીસોટા રીયા ઇના જીવું છે મુળુએ કહ્યું.

મુળુભાઈ ? ઈ તમારી વાત સાવ તાં કાઢી નાખવા જેવી નથી પણ સમા પરમાણે હજી બધું ઠીક છે. એક તમારી નાતમાંથી કુસંપ નીકરી જાય તો બધાં રૂડાં વાના છે. મહેરમાંથી હજી માટીઆઈ

વઈ ગઇ નથી. હજી પણ આપણા રાણા જેવો કોઈ પીઠ થાબડનારો હોય તો જોઈ લીઓ આ મહેર જુવાનુના ઝપાટા આને આ મહેર વટને ખાતર કે ધણીને ખાતર મરાઈ જાય એવા છે. ખાતરી કરવી હોય તો કોઇ હજી પણ કરી જુએ મોઢે ખોટાં રૂડાં મનવવા ઈતાં કાફરનું કામ છે. બાકી સાચી વાત તાં મુળુ કહ્યા વીના નહી હાલે. બારોટ હવે તમે કરતા હોઈ ઈ કરો, મુળુભાઇ કયો તો કાળુવાના દીકરા વેજાની વાત કરૂં ? વેજાએ પણ એના બાપ કાળુવાના જેમ માટીઆઇ બતાવવામાં ઉણુપ રાખી નથી.

થાવા દીઓ તયેં બારોટ રણમલ બોલ્યો. બારોટે એક બે ખોંખારા ખાઈ મુછો ઉપર હાથ ફેરવી ને મુછોને સરખી કરીને વાતની શરૂઆત કરી.

ભગવાનને વાતુ રાખવીઉછતી કાળવો જુનાગઢના સુબા પાસેથી દંડ લઇ ભાગ્યો તાં ખરો પણ વાંસોવાંસ જુનાગઢની વાર ચડી કાળવો ભાગ્યો,, ભાગતાં ભાગતાં ગોંડલ પુગ્યો ઇ વખતે ગોંડલની ગાદી ઉપર ભા કુમ્ભોજી રાજ કરતા તા એને ખબર પડી કે કાળુવો જુનાગઢનો શત્રુ બનીને આપણી હદમાં આવ્યો છે તો આપણેથી એને ઘડી ભર પણ રખાય નહી કાળુવાને ગોંડલની હદ છોડી દેવા હુકમ કર્યો. કાળુવો ત્યાંથી ભાગી ઓખામંડલ આવ્યો ત્યાં પોસીતરા ગામે પહોચ્યો, આ વખતે ઓખામંડલના વાઘેરો પુર જોરમાં હતા વટને ખાતર મરી પીટે એવા હતા. મુળુ માણેક અને જોધો માણેક જેવા વીર નરો આ નાતમાંજ પાકયા છ. વાઘેરોએ આશરો આપ્યો કાળુવાએ બની ગયેલી બધી વાત કહી, વાઘેરોએ જાણ્યું કે મોટાથી વેર ઉભું કર્યું, પણ હવે શું થાય, આશરે આવેલાને જાકારો કેમ દેવાય ! વાઘેરાનો મોવડી બોલ્યા, મહેર જુવાન ! ફકર કરજે માં અમારા ખોરીયામાં પ્રાણ છે તાં લગી તારો વાળ વાંકો થાવા દેશું નહી. અમારી કાયા પડી જાય પછી તાં જેવી દ્વારકાંનાથજીની મરજી.

વાઘેર જુવાનો ધન છે, તમારી માતા પીતાને મોટા મોટા રાજને શરણે ગીયો પણ રાખ્યો. નહી ને તમે મને આશરો આપી રાખ્યો. તમારો ગણુતાં ભવોભવ ભુલાય એમ નથી. મારા સારૂ તમે બધાય મરવા તૈયાર થીઆ તમને રંગ છે! કાળવા! તું ઓજપામાં ઈ તાં મરદ મરદના કામ કરતા આવે છે, હવે ઇ વાત જાવા દીઓ. આ તારી ભેગો છોકરો કોણ છે.

ઇતાં મારો દીકરો છે.

કાળવા એને ભેગો નોતો લેવો હજી જુવાન કાચો છે, એને કયાંક મોકલી દઈએ.

હું તાં કઉંછ પણ માનતો નથી.

વાઘેર જુવાનો ઇવી હીણપની વાતુ કરો માં હું નાનો છે તી કાઉં થીયું મોત ભગે બીને આરો આવે એમ નથી. હું મરવાથી તો બીતોજ નથી. વેજો બોલ્યો ઠીક તયેં.

ઠાકોરજીનું નામ લઈ આ ગઢ ઉપર ચડી જાઓ. વાઘેરના આગેવાને કહ્યું.

પોસીતરાના ગઢમાંથી ભાગી જાવા સારૂ કાળુવાએ તેના દીકરાને સમ સંધરા દેવા મંડયો, તયેં વેજાએ કહ્યું કે બાપ! તને આજ લડાઇના મેદાનમાં મરવાની બીકે એક લો મુકી વહ્યા જાઉ તો તો મારી જનેતા લાજેને? હું નાનો છે તી કાઉં થીયું? બાપ? મને જીવવાનો જરાય લોભ નથી. તારી ભેગો રહીને આજ મારી માટી આઇ બતાવવાનો આ સમો આવ્યો છે, ઈ કીવા સારૂ બોવરાવે છે આપણા બેઈની કાયા ધીંગાણામાં નોખી નોખી રખડશે ઈ કરતાં તારી પડખેજ રહીને મરવા દેને!

દકિરા? તું મરવાથી તો નથી બીતો ઈ તાં પણ જાણું છ તું અટાણે આંહીથી વહ્યો જા તો વળી જીવતો હોય તો કોક દી

પણ તારાથી કોઈ માટીઆઇનો કામો થઈ સગે અને એવું કંઈક કરી બતાવતોજ મારી મરવા ટાણે સદગતી થાય તો મારૂં કેવું માનીજા ને આ પગલેજ આંહીથી વહ્યો જાજે આ મારૂં કહ્યું ન માન તો તને અમરનાથના સમ છે.

વેજો એના બાપ ઉપરવટ ન થતાં રાત ગળતાં પહેરેગીરનું ધ્યાન ચુકાવીને ગઢની નાઠા બારીમાંથી નીકળી ગયો. ગઢમાંથી ભાગ્યા પછી વેજો સારા સારા મહેર તથા કાટીયાવરણ જુવાનોને ભેગા કરવા મંડયો અને એવા હીમતવાન જુવાનોની ટોળી ભેળી કરી ગામ ભાગવા લાગ્યો.

તેં જે મહીરૂં મારીયું તેની જુને પુગી જાણ,
ફરી માથે કેકાણુ વળી ખડતાળે વેજડા.

અર્થ—હે વેજા ? તેં મારૂં ગામ લૂટયું તેની ખબર તો જુના० ગઢ સુધી પહોંચી ગઇ છે વળી આજ પાછા તારા ઘોડાના ડાબલા કયું ગામ ભાગવા માટે ખડતાળી રહ્યા છે મતલબમાં કયું ગામ ભાંગવાની તૈયારીમાં છે.

વઢે ઠાઠ વેરી તણાં ભાંગીયા વેજડે
શત્રૂવાં નાર ગરભ ગળે સાંસે
સખે કેમ નીંદરે સેજે બંદરે સુવે
વેજડો થીઓ વહીવાન બહુ વાંસે
માલ હાંકો ગયો ધોરેદી મહેરાણુ
અલંગને ખેડીઓ પમંગ આયો
ધણી માંગરોળ ધણો લાગો ધડક
તાંતાં વેજડે કાળજે હાથ વાયો
પંખીયા પાળતલ વેણુ મોટા પળે

સામવશા ચોપટે વેણુ લીધી
સાતને આઠ વીશ કનને અંતરે
કાળુ સુત કાળવા જેમ કીધી
ઓચીંતા ઓખેથી ના ઘેર દેશ આવીયો
છઠે દીન ઉગંતે પશર લીધો
જુનેગઢ કીધો તોઇ દણીપર જાણીયા
આ કાળવો કીધો તો તે સોજ કીયો

ભલાં બારોટ, ભલાં? આજ તાં વારતાનો રંગ ઠીક જમાવ્યો પણ હવે શીરામણ ટાણું થઇ ગીયુંછ તી ટુંકેથી પતાવજો રણમલ બોલ્યો.

રણમલ એમ ટુંકેથી પતાવવામાં મજા ન આવે, તને દુઃખ ન લાગે તો કઉં.

કયોને બારોટ તમારૂં દુઃખ હોય કંઈ?

રણુમલ જયેં તયેં તું વચમાં ફાચર નાંખેછ એક દી પણ તેં વાતની મઝા બગાડી તીને આજ પણ એમ કર્યું નાં? મારી વાત કરવાની બધી મજા ખોઈ નાંખી?

ઠીક લ્યોને બારોટ વળી બીજી વખત વાત કરજો આપણે ક્યાં દીના દુકાળ છે મેણુંદ બોલ્યો.

બાપુ ઈ વાત સાચી પણ એમ મોકા વગરની વાત બધ કરીએં એમાં દાયરાની સાંભળવાની પણ મજા જાતી રીયેનાં?

બારોટ નમાલા માણસનાં પણ રૂંવાડાં ઉભા થઈ જાય એવો વાતનો રંગ જામ્યો તો ઈતાં મારે પણ કેવું પડશે ભારાએ કહ્યું.

ઠીક બારોટ હવે તમારી મજા ગઇ હવે ઉઠો શીરાવવા હવે બેઇ ન બગાડવાં મુળુએ કહ્યું.

મુળુ આજ જમવાનું તાં ભારા નેં ત્યાં છે તારે જ્યાં તાં રોજ જમીએંછનાં?

મુળુ ઉભો થયો અને બોલ્યો દાયરાને રામરામ.

દાયરામાંથી એકી હારે અવાજ આવ્યો રામરામ.

ડેલીની આથમણી બાજુ મુળુના તથા મુળુના કુટુંબીઓના ઘરની હાર છે તેમાં દખણાદી હારમાં મુળુનું ચોથું ઘર છે ત્યાં આવી ઓસરીમાં ઢોલીયો ઢાળેલ હતો ત્યાં શીરામણની વાટ જોતો બેઠો

ઇ. સ. ૧૭૭૮ની સાલમાં પોરબંદરની ગાદી ઉપર મહારાણા સુલતાનજી બીરાજતા હતા આ વખતે પણ અંધાધુંધીનો છેક નાશ થયો નહોતો. એક બીજા રાજ્ય એક બીજાના સીમાડા દબાવવાની છળકપટવાળી રમત રમી રહ્યા હતા. આ વખતે મારે એની તલવાર હતી બળીયાના બે ભાગ હતા. મોડાવેલું જામનગર રાજ્ય હજુ પણ સીમાડો રખે દબાવી લ્યે એવી દહેશત મહારાણાજીના રૂદયમાં રમ્યા કરતી હતી જેથી મહારાણાજીએ પોતાના વડાળા ગામે ઝપાટાબંધ એક મજબુત કીલ્લો બંધાવ્યો અને તેનું નામ ભેટાળી પાડયું. આ કીલ્લાને ચાર કોઠા છે જે દીશાએથી જુવે ત્યાંથી ત્રણ કોઠા દેખાય ચોથો દેખાય નહી એવી તેની બાંધણી હતી. આ કોઠામાં રહેનારાઓને દુશ્મનની જરા પણ બીક ન લાગે એવો મજબુત અને સગવડવાળો બંધાવ્યો એટલે એનું નામ પણ ભે ટાળી એવું પડયું.

એક વખત જામનગર તરફના એક બારોટ કામ પ્રસંગે પોરબંદર તરફ આવતા હતા. રસ્તામાં આ ભેટાળીનો કીલ્લો આવતાં બારોટને કીલ્લો જોવાની ઇચ્છા થઈ. આ કીલ્લાની આસપાસની સરહદનું રક્ષણ કરવા માટેની સર્વ જવાબદારી મુળુ મેણંદની હતી તેથી પચી પચાસ મહેર જુવાનોની ટુકડી તો કાયમ મુળુના તાબામાં રહેતી બારોટ દરવાજે આવ્યો અને કીલ્લામાં જતો હતો ત્યાં દરવાણીએ અટકાવ્યો.

ક્યાં રહેવું.

રહેવું તાં જામનગર તાબે.

કેવા છો ?

છઈએ તો બારોટ, આટલું બધું કેમ પુછવું પડે છે ?

આહી કેમ આવ્યા છ ?

આ ગઢ જોવાને, તેં તો પુછી પુછીને પતર ખાંડી ?

બારોટ ? ગઢ તો જોવા દેવાશે નહિ કાં કેવા સારૂ અમને બારોટને કોણ ના પાડી શકે.

બારોટ હોય કે ગમે તે હોય પણ અંદર જોવા તો નજ જવાય ?

બોલ્યા પાંચ કોરીનો પગાર ખાવાવાળો ને આટલો જોશ ?

બારોટ અમે તો ચીઠીના ચાકર તમારે જોવાની જ મરજી હોય તો લ્યો હું મુળુભાઇને પુછી આવું.

બારોટના મોટા અવાજથી દરવાજા ઉપરના ઝરૂખામાંથી મુળુએ ડોકું કાઢયું અને કહ્યું કે બારોટ આવો લ્યો હું નીચે આવું છું બારોટ હાલો આપણે ઉતારે તમારે જ્યાં જવું હોય ત્યાં જમીને જજો બાપ ? મારે જમવાની તાં જરાય મરજી નથી મારે તાં આ ગઢ જોવાની મરજી હતી મુળુભાઈ તમારૂં નામ ?

હા બારોટ મુળુ મારૂં નામ એમ કહીને મુળુએ દાઢીના કાતરા ઉપર હાથ ફેરવીને દાઢી સરખી કરીને બોલ્યો બારોટ ! આ ગઢ દેખાડવાનો અમને હુકમ નથી માટે જોવાશે નહિ.

કાં કેવા સારૂ ? ગઢમાં કંઈ ખજાનો ભર્યોછ તી કોઇ લુંટી લેશે ? મુળુ બીજાને ના હોય અમને ના ન હોય અમે તો તમારા દેવ કહેવાઇએ.

બારોટ ઈ વાત સાચી પણ આંહીતાં હુકમ ઈ હુકમ હુકમ

ઉપરવટ અમારાથી થવાય નહિ આ કંઈ આપણા ઘર ખોરડાં થોડાં છે તીજી આવે એને બતાવાય ઠીક તયે મુળુ હવે હું બરાબર સમજ્યો ઠીક ત્યો મુળુ રામરામ.

બારોટ સીરામણ કર્યા વિના ન જવાય સીરાવવુંતાં નથી ઈતાં તને પેલાંજ કઈ દીધુંછ.

બારોટ દુઃખ લાગ્યું હોય તો માફ કરજો લીઓ આ શીખ એમ કહી પાંચ કોરી બારોટને આપવા મુળુએ હાથ લંબાવ્યો. બારોટે મુળુનો હાથ તરછોડી કહ્યું કે તારી શીખજ છે મારે તારી શીખ જોતી નથી ઘણી ખમા જામ સાહેબ બાપુને બારોટ ગુસ્સામાં ચાલતો થયો અને ચાલતાં ચાલતાં બોલ્યો મુળુ દીકરા તે ગઢ જોવાની ના પાડીછ પણ હવે જોઈ લેજે કવી રમતડી રમાયછ જામ બાપુના બારોટનુ અપમાન કરનાર ના કેવા હાલ કરાવુંછ ઈ દી ગણુતો રેજે.

મુળુ ખડખડાટ હસી પડયો બારોટ આવી બીક બતાવો છો તે શું મને કોળી કુંભાર લેખી લીધો.

બારોટ જામ બાપુની નોકરી પણ જો આવી રીતે વફાદારીથી કરૂં તો જામ બાપુ ઉલટા ખુશી થાય. તમારા જેમ ગુસ્સે ન થાય, ઠીક પણ હવે તારામાં કેવુંક પાણી છે ને તું કેવોક વફાદાર છે ઈ સારે જોવુંછ બારોટ ચાલતો જાય છે ને બોલતો જાય છે બારોટ તમે ખીજમાં ગમે તેમ બોલો પણ અમારે તો તમે નમ્મા જોગ છો અમારાથી તમને વધુ પડતું વેણ બોલાય નહિ તમે રૂડા લાગો તેમ કરજો આંહીતાં ખાંપણ ભેગું બાંધીને ફરીએછ પછી બીક કીવાની?

નવાનગરની આજે દોમદોમ સાહેબી છે નવા નગરમાં જામ જસાની આણ ફરે છે જામ જસો જવાંમર્દ અને ટેકીલો પુરૂષ હતો કોઈ પણ કામનો આરંભ બહુજ વીચાર કરીને કરતો અને આરંભ

ક્ર્યાં પછી કોઇપણ ભોગે તે પાર પાડતો આ એનો સ્વભાવ હતો, સ્વમાન કે વટનો સ્વાલ આવે ત્યારે કાં તો આગળ પગલું ભરવું નહિ અને ભરવું તો પાછું હટવું નહિ એ એનો મહાન ગુણ એમના બાપદાદાઓ તરફથી વારસામાંજ મળ્યો હોય એવું ભાસતું હતું વિશેષમાં એ વખતે એની પાસે મેરૂ ખવાસ જેવા કાર્ય કુશળ રાજનીતિ અને રાજરમતના કાવાદાવાની રમતમાં બહુ ચાલાક અને અનુભવી પાસવાન હતા કોઈ વખતે રાજહિતના કામ માટે લડાઈનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ઘરમાંજ બેસી ન રહેતાં મેરૂ ખવાસ લડાઇના મેદાનમાં હાજર થતો.

જસા જામ એક વખત પોતાની કચેરીમાં બીરાજમાન થયેલા છે ભાટ ચારણો વીગેરે ગુણગાન કરી રહ્યા છે ત્યાં એક બારોટ સ્ત્રી વેશમાં હાજર થાય છે.

જામ બાપુ ચતુર હતા. બારોટ આવા વેષમાં કેમ ? જામબાપુએ પૂછયું.

અન્નદાતા કોઈ કારણને લીધે આવેષ પહેરવો પડયો છે, માથા ઉપર વટ કંઈ થઈ જાય ત્યારે જ આમ કરવું પડે અન્નદાતા આપ અમારા ધણી છો પિતા છો આપની પાસે અમે અમારાં દુઃખ ન રોઈએ તો બીજે ક્યાં જઈએ.

બારોટ એવું શું બન્યું છે જલદી બોલો અથવા કંઈ માગણી હોય તો તેમ કહો.

ગરીબનીવાજ ! ઘણીખમાં આપને આપ નામદારના પ્રતાપથી સૌ રૂડાં વાના છે. મારી માગણી બીજી તો કંઈ નથી પણ થોડા જ દિવસ પહેલાં એક પ્રસંગ બની ગયો છે તેમાં જો મારૂં ધાર્યું થાય તો તો ઠીક નહિતર મારૂં તો મોત બગડયું સમજવું.

બારોટ વાત કરો તો ખબર પડે મનમાં મુંઝાવાની જરૂર નથી બેધડક ખુલ્લા દીલથી વાત કરો જામ બાપુએ આશ્વાસન આપ્યું.

બારોટના હ્રદયના ઉડાણુમાંથી દુહારૂપે ઉદગારો નીકળ્યા,

ઉઠ અરે અજમાલરા ભેટાળી કર ભુક્કો
રાણો વસાવશે ધુમલી તો જામ માગશે ટુક્કો

અન્નદાતા આપ બુદ્ધિવાન રાજવી છો વધારે શું કહું.

બારોટ તમારા કહેવાનો ભાવાર્થ હું બરાબર સમજી ગયો છું. આ પહેરવેષ ન પહેર્યો હોત અને મોઢેથી વાત કરી હોત તો તમારા જેવા બારોટનાં વચન લોપત નહિ.

બાપુ ? આવેશમાં ને આવેશમા આ બન્યું મારી ભુલ થઈ હોય તો માફ કરજો.

ઠીક બારોટ જાઓ તમારું ધાર્યું થશે મારૂં વચન છે.

મેરૂ ખવાસ ?

જી બાપૂ ?

આ બારોટને પોષાક આપોને આ પહેરેલો પોષાક ઉતરાવો અને બારોટની ઇચ્છા તમો પણ સમજી ગયા હશો તો તેની ઇચ્છા પૂર્ણ કરવાની તાત્કાળિક તૈયારી કરો. બારોટનું ધાર્યું થશે અને રાજ્યની સરહદમાં વધારો થશે જેવો અન્નદાતાનો હુકમ મેરૂ બોલ્યો.

પોરબંદરની ગાદી ઉપર આજ પર્યંત અનેક ન્ય;યવાન નિતિવાન અને સ્વધર્મનિષ્ઠ મહારાણા થતા આવ્યા છે જેના રૂંવાડે રૂંવાડે ટેકી ટેકીના વ્રત ઉછળતાં હોય છે. જેના રૂદયમાં પ્રજા કલ્યાણની

ભાવનાઓ રમી રહેલી હોય છે એવા ટેકી રાણાઓના યશોગાનથી કયો દેશ અજાણ્યો હોય.

શ્રી કૃષ્ણ ભગવાનના પરમ ભકત શ્રી સુદામાજીનો જે પુણ્ય ભુમિમાં સદા વાસ છે, એવી પવિત્ર ભૂમિમાં વસનારા પુણ્યશાળી, રાજા અને પુણ્યશાળી પ્રજાના હૃદયો પ્રજા પાલન, અને રાજભકિત રૂપી સ્નેહ સાંકળથી વીંટળાએલ અને અરસપરસના કર્તવ્યના સુત્રોથી ઓતપ્રોત થઈને રહેતા હોય તે જોઈને પોરબંદરની પ્રજા મગરુરીમાં મહાલતી હોય તો તેમાં શું આશ્ચર્ય ?

પોરબંદરના દરબાર ગઢમાં મહારાણા સુલતાનજી પોતાની ખાનગી કચેરીમાં બીરાજમાન થયેલા છે, બાજુમાં થોડા હજુરીયા, બરખલા, કુછડી તથા મોઢવાડા વિગેરે ગામના મહેર આગેવાનો બેઠા. છે, અને મહારાણાશ્રીની આજ્ઞા અનુસાર રાજદ્વારી બાબતોની કેટલીક ચર્ચાઓ કરી રહ્યા છે.

મહારાણા સુલતાનજી ચોરવાડ પરણ્યા હતા, ચોરવાડના જાગીરદાર રાયજાદા સંઘજીને માળિયાના આલીંગ હાટીએ કોઈ કારણસર દગાથી મારેલ તે બાબતનો ખટકો મહારાણા સુલતાનજીનાં રાણીજીને રહ્યા કરતો હતો અને એ વેરનો બદલો કઇ રીતે લેવો તે બાબતમાં મહેરોના આગેવાનો સાથે ચર્ચા થતી હતી.

કેમ જેમલ લાધવા તમે કુછડીયા ( સીસોદીયા ) મહેર બંદરની પેદાશમાં ભાગ પડાવો છો પણ આજે એક અગત્યનું કામ કરવાનો પ્રસંગ આવ્યો છે કે જે બાબતની આપણે ચર્ચા કરીએ છીએ એ બાબતમાં તમારી શું સલાહ છે :

બાપુ ! રાજ્યના એવા કામ તો અમે કરતાજ આવ્યા છના ? જી કરવું હોય ઈ ઝટ હુકમ કરી દીઓ બાપુ તું જી કામ સોંપ્ય એમાં કીઓ મેર પાછા પગ ભરે એમ છે જેમલ બોલ્યો.

બાપુ જેમલ કીએછ ઈ સાવ સાચી વાત છે.

મહેરના દીકરાને રાજ્યનું પીઠબળ હોય તો આભથી બથ ભીડે બાપુ મહારાણા સારૂ પણ મહેરતાં મદદમાં ઉભતા આવ્યાછ ઈ વખતનો મને એક દોહરો યાદ છે હુકમ હોય તો કહું.

જીવણજી ખુશીથી કહે,

સાંગે રાણે સજ્જ કીયા ઘરઘર ફોજા ઘેર
અરવલ્લીકે પહાડમેં મેરવાડ કે મહેર

બાપુ બીજા હમીરના વખતમાં પણ મહેરોએ રાણાજીને એવીજ મદદ કરી હતી આણી કોર બરડામાં આવ્યા પછી પણ જેઠવા રાણાઓ માટે અમે તથા અમારા વડવાઓએ જે કંઈ કર્યું છે તે આપ બાપુથી કયાં અજાણ્યું છે જીવણા વજીરે કહ્યું,

જીવણા–શું હજી પણ મેરવાડ તરફ તમારા મહેર છે.

હા બાપુ ? મહેરતો છે પણ એની બોલી ચાલીને રીતસ્વિાજ-માં અને અમારા રીતરીવાજમાં ફરક પડી ગયો જીવણજી સાચી વાત તો મારે પણ કબુલ કરવી પડે મહેર જ્ઞાતિ તો રાજ્યના સ્થંભરૂપે છે રાજ્યને ખરે વખતે કામ લાગે છે એમ હું પણ માનું છું, મહારાણાશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં મહેરોની પ્રશંશા કરી બાપુ ? પોર• બંદરની ગાદી ઉપર જે જે જેઠવા મહારાણા થઈ ગીયા ઈ અધાયની મહેરો ઉપર કંઈ ઓછી લાગણી નહોતી ધૂમલીની ગાદી ઉપર જે જે મહારાણા થઇ ગયા તેના પ્રધાન અને વજીર તથા લશ્કરના ઉપરી મહેરોજ હતા ને !

મહારાણા ભાણ જેઠવા પાસે શીયા નામનો મહેર પ્રધાન હતો અને એ જીવણા વજીરને વજીરાત આપી અને તેની કામગીરી બદલ બેરડાની સીમમાં બસો વીઘા જમીન આપી દીધી. ઈ પણ રાજ્યની

મહેરબાનીથી જતો! લાધવા મહેરે રાજ્યની સાથેનો ગાઢ સબંધ જણાવ્યો.

લાધવા એવા લાયક પુરૂષને તેની લાયકાત પ્રમાણે રાજ્ય તરફથી બદલો મળે એ રાજ્ય પોતાની ફરજ બજાવે એ વાસ્તવીક છે.

બાપુ? હવે આ બધો ડખો કરવો મુકી દઈને તમે જે જરૂરનું કામ બતાવવાના હતા ઇ વાત કરો, જેમલ બોલ્યો.

મારે જે તમને કામ સોંપવાનું છે, એ કામ એક બેથી થાય તેવું નથી, એક કામ માટે તો સારા સારા પાણીયારા મહેર જુવાનોની ફોજ મોકલવી પડશે. એક દુશ્મનને આપણે નમાવવો છે. બાપુ? ઈ કામ તો મારા ધારવા પ્રમાણે મુળુ ભાઈને સોંપવામાં આવે તો ઠીક એની મદદમાં જેટલા જુવાનની જરૂર હોય એને મોકલીએ. મોવડી તો મુળુ ફોજદાર હોય તો ઠીક ઇ જ્યાં જાય ત્યાંથી પાછા પગ ભરેજ નહી.

---

ખુદાવિંદ? જામનગરસેં મેરૂ ખવાસને એક આદમી કી સાથ કાગદ ભેજા હય, યે કાગદ આપ માલીક કે કદમોમેં ધરતા હું.

આરબ નમી નમીને તાજમ કરી દુર ઉભો રહ્યો, અને મહારાણાશ્રીના હુકમની રાહ જોતી આરબની આંખો અધીરી બની.

**મહારાણાશ્રીએ કાગળ વાંચ્યો.**

જો જગાડીએ જામ તો કોક ભડ ત્રેવડ કરવી
જો જગાડીએ જામ તો આભથી ઉનડ ભરવી
જો જગાડીએ જામ તો દેખીતો દરીયો પીવો
જામના ખેલ છે દરીયા સમા તેથી વાવ તમે તાણીયો
ધુમડા રાણા બરડા ધણી તમે જામને નથી જાણીયો.

મહારાણાનાં રૂવાડે રૂવાડે કાગળ વાંચી ક્રોધ વ્યાપ્યો, અને તેની અસર આંખોમાં ઉભરાણી, કાગળનો જવાબ શું વાળવો તે માટે ઘડી ભર વીચારમાં પડયા, મહારાણાનો સ્વભાવ શાંન્ત હતો. દુશ્મના

ઉભરાના જેમ ઘડી ઘડીમાં સાધારણ બાબતમાં છલકાય જાય તેવો નહોતો, તોપણ આ કાગળથી રૂદયની શાંન્તીનો ભંગ થવા લાગ્યો.

બાપુ? અમારાથી કંઈ ખાનગી રાખવા જેવું ન હોય તો અમને વાત કરો. કાગળ વાંચીને તમે વીચારમાં પડી ગીયા છ એમ મને લાગે છ જયમલ બોલ્યો.

તમારાથી ખાનગી રાખવા જેવો આ કાગળ નથી. જો કે રાજદ્વારી કેટલી બાબતો એવી પણ હોય કે તે ખાનગી રાખવામાં રાજ્યનું હીત હોય છે, આ પ્રસંગ તો એવો છે કે આપણે એક દુશ્મનને નમાવવાની તૈયારી કરતા હતા ત્યાં બળીયા સાથે બાથ ભીડવાનો પ્રસંગ ઉભો થયો છે. જામ બાપુની હારે જુદ્ધ કરવાને માટે મેરૂ ખવાસે કહેણ મોકલ્યું છે. જામ બાપુને ખબર હશે કે ખાલી અદ્ધરથી ખાલી દાબ બતાવવા ખાતર આ પ્રવૃતી કરી હશે, આમાં કંઈ સમજાતું નથી. જેમલ તમારો બધા મહેર ભાઇઓનો મત શું છે. રણમેદાને લડવું અને મરવું, એતો આપણો ક્ષત્રીઓનો પરમધર્મ છે, એમાં મારે કાંઈ ડરવા જેવું તો નથીજ, પણ મને એમ થાય છે કે લડાઈ કરવા જેવું કાંઈ કારણ આપણે ઉભુ કર્યું નથી છતાં આ કેણ મોકલવાનું શું કારણ હશે તે સમજાતું નથી, કંઈ ધારવામાંજ નહી, અને આ ઓચીંતું કેમ બન્યું? ઠીક જેવી દ્વારકાંનાથજીની મરજી આપણે ક્યાં ચુડીઓ પહેરીને બેઠા છીએ, રાણાજીએ ઉદ્‌ગારો કાઢ્યા.

બાપુ? અમને તો એમ લાગે છે કે ચોરવાડ જવાની તૈયારીયુ માટે હમણાં માંડીવાળો, અને જામ બાપુને જવાબ બીડી દીઓ કે મોટાઓની હારે વગર કારણે વેર ઉભુ કરવાની અમારી મરજી ન હોય છતાં પણ વીના કારણે દબાવવા ઇચ્છા હોય તો એ બને એમ નથી. અમારા ક્ષત્રીવટ માટે તથા અમારા ધર્મને માટે તમારી મહેમાન-ગીરી કરવાને અમે તૈયાર રહેશું, માટે ખુશીથી સામે પગલે વણા

આવજો બાપુ ? આમ લખવું ઠીક લાગે તો લખો, અમે તો અમારી મત પ્રમાણે બોલીએ.

બરાબર છે જયમલ. તારૂં કહેવું વ્યાજબી છે સીમાડાના રાજ્યોએ તો અરસ પરસ સંપ સલાહથી રહેવું જોઈએ. વીના કારણે અંદર અંદર વેર ઉભા કરવામાં તો હીંદુસ્તાનમાંથી ચક્રવૃત્તી રજપુત રાજાઓનાં બળવાન રાજ્ય પણ નષ્ટ થયા ને ? એ બધું અંદર અંદરનો કુસંપ અને ખોટો રાજ્યલોભ.

બાપુ ? બીજું પણ ભેરા ભેરૂં કહી દઉં, હવે ઝટપટ મહેર લોમને ભેળી કરીએ એનું હવે મુરત જોવું ન હોય. સામો સામો જામ બાપુ જેવો બળવાન રાજા છે, તો આપણે પણ ઈ પ્રમાણે તૈયારીયુ કરવી જોશે, જીવણોજી વજીર બોલ્યો.

મહારાણાજીએ પત્રનો જવાબ લખી નાંખ્યો ચાઉસ ?

જી બાપુ ?

આ કાગળનો જવાબ આવનાર માણસને આપો કે તે મેરૂ ખવાસને આપે, એને જમાડીને તુરત રવાના કરો.

ધણી ખમાં ગરી પરવર ? આરબ તાજમ કરી પાછે પગે હટી ચાલતો થયો.

---

જામ સાહેબના ફરમાન પ્રમાણે મેરૂ ખવાસે એક મોટું લશ્કર તૈયાર કર્યું અને તે સાથે ભેટાળીના કીલ્લા ઉપર ચડી જવા માટે હરી ફરી શકે તેવો લાકડાનો મજબુત કીલ્લો ઝડપથી તૈયાર કરવા માટે રાત દીવસ માણસો કામે લગાડયાં.

૧૮૨૯ ની સાલમાં જામનગરથી જબરૂં લશ્કર લઇ મેરૂ ખવાસ પોતે ચડાઈ કરીને વડાળા ગામની આસ પાસમાં પોતાની હદમાં

પડાવ નાંખ્યો અને અનેક તંબુઓ તથા રાવટીઓ નાંખી દીધા. મેરૂ ખવાસ માટે અલગ તંબુ નાંખ્યો, બાજુમાં લાકડાનો બનાવેલો મોટા પહાડ જેવો કીલ્લો પણ ઉભો કરી દીધો.

પ્રભાત થતાંજ ભેટાળીનો કીલ્લો સર કરવા માટે કેવી રીતે તુટી પડવું એ બાબતમાં મેરૂ ખવાસે લશ્કરોના ઉપરીઓની સલાહ લઈ વ્યુહ રચના નક્કી કરી તે પ્રમાણે લશ્કરની ટુકડીઓના આગેવાનોને સમજુતી આપી દીધી.

રાત્રી પુરી થવા આવી, અંધકાર દુર થતો જતો હતો. ઉષાનાં પગલાં થતા જતાં હતાં, સુર્યનારાયણ ઉદય થવા અને રાત્રીના અંધકારને દુર કરવાની તૈયારીમાં હતો. સૈનીકોમાં પણ જોમ અને જાગૃતી આવતી જતી હતી. જગત સુર્યનારાયણના સોનેરી જળમાં સ્નાન કરવાની તૈયારીમાં છે એવે સમયે મેરૂ ખવાસે રણમેદાને ઝંપલાવવા માટે પોતાના સૈનીકોને હુકમ કર્યો. હુકમ મળતાની સાથે લશ્કર આગળ વધ્યું. પાપ રૂપી પહાડમાંથી ક્રોધ રૂપી નદીઓનો ધોધ વહે તેવી રીતે જામ સાહેબનું જબરૂં લશ્કર ભેટાળીનો કીલ્લો સર કરવા તુટી પડયું.

ભેટાળીના કીલ્લા ઉપર આજે મુળુ મેણંદ હજારો મહેરોને હથીયારથી સજ્જ કરી દુશ્મનોનો સામનો કરવા માટે તૈયાર ઉભો છે. મહેર જુવાનો પણ મુળુના હુકમની વાટ જોતા દુશ્મનોને ભેટવાની તાલાવેલીમાં ઘોડા ખુદી રહ્યા છે. કયારે જામ લશ્કરનો ભેટો થાય અને કયારે અમે અમારી વીરતા બતાવીએ એજ લગની લાગી રહી છે.

મેરૂ ખવાસે પોતાના લશ્કરને આગળ વધવા અને કીલ્લાને જમીનદોસ્ત કરી નાંખવાનો હુકમ છોડયો. મુળુ મેણંદે જામના લશ્કરને આવતું જોઈ મહેર જુવાનોને છુટા કર્યા. બંને લશ્કરનો ભેટો થયો.

ભુખ્યા સિંહ જેમ પોતાના શીકાર ઉપર તુટી પડે તેમ બંને લશ્કરો એક બીજા ઉપર સમશેરથી કતલ ચલાવા લાગ્યા. મહેર જુવાનો પોતાના બાહુબળથી દુશ્મનોનાં માથા ધડથી જુદા કરવા

લાગ્યા. સાંજ પડતાં સુધી લડાઈ ચાલુ રહી અને બંને પક્ષના ઘણા માણસો મરણ અને ઘણા જખમી થયા. સાંજ પડતાં લડાઇ બંધ થઈ. આવી રીતે એક મહીનો ને ને આઠ દીવસ સુધી લડાઈ ચાલુ રહી.

મુળુ તથા મહેરો કીલ્લાના રક્ષણ માટે મરણીયા થઈ ઉભા હતા. જીવ સટોસટની આ લડાઈ છે. મહેરોનો અને જામના લશ્કરનો કચરઘાણ વળતો જાય છે, જામ સાહેબના લશ્કરની સંખ્યા મોટી હતી, તો પણ મહેરોએ જામના ઘણા માણસોને ધુળ ચાટતા કર્યા. મહેરો વકરાએલા વાઘના જેમ ચારે બાજુ ઘુમવા લાગ્યા. જામ સાહેબના માણસોનું આત્મબળ હણાવા લાગ્યું. ચારે બાજુ મારો મારો ! કાપો ? કાપો ? ના અવાજો થવા લાગ્યા. અરસ પરસના દારૂણ યુદ્ધથી ધુળની ડમરીઓ ચડવા લાગી. જેના રોમે રોમમાં શુરાતન વ્યાપી રહ્યું છે, અને મરવું કાં મારવું એ નીશ્ચય ઉપર આવી ગયા છે. એવા મહેર જુવાનો દુશ્મનોનાં માણસોને પાછા હટતા જોઈ લડવૈયાઓના પડેલાં મુડદાંઓને ખુંદતા ખુંદતા આગળ વધ્યા. જામ સાહેબનું લશ્કર પાછુ હટે છે અને માણસોએ હીમત ખોઇ છે એ નજરે જોતાં મેરૂ ખવાસે પોતાના ઘોડાને આગળ કર્યો, પડકારો કર્યો ખબરદાર ? કોઈએ પાછો પગ ભર્યો તો ? આજે આપણે કીલ્લો સર કર્યેજ છુટકો છે, અને તે પછીજ આરામ લેવો છે.

આપણે ઘણા દીવસ જામ બાપુનું અનાજ ખાધું છે, આજે એ હક્ક કરવાનો આ સમય આવ્યો છે. મહેરોની ગુંજાશ શું છે કે તે આપણને ગાંજી જાય. લડાઈના મેદાનમાં મરવું પડે તો તેમાં ગભરાવા જેવું નથી. લડાઈના મેદાનમાં મરવું અને મારવું એતો મર્દ બચ્ચાનું કામ છે, તમો પણ મર્દ છો ચાલો આગળ ધસો અને એક એક દુશ્મનોને તમારા ભાલાની અણીથી વીંધી નાંખો. લાકડાના બનાવેલા કીલ્લામાં રહેલા લશ્કરને પણ આગળ વધવા હુકમ કર્યો અને ભેટાળીના કીલ્લા આગળ એ કીલ્લો આવતાં અંદરથી હથીયારબંધ સેંકડો લડવૈયાઓ નીકળી પડયા અને ભેટાળીના કીલ્લા ઉપર ચડવા લાગ્યા.

મેરૂ મેણુંદ પોતાના ચુનંદા માણુસોને તૈયાર રાખી પોતે પણ સજ્જ થઈને ઉભો હતો. મુળુએ મહેર જુવાનોને પડકારો કર્યો તે સાથેજ કીલ્લાના કોઠામાંથી બંદુકની અસંખ્ય ગોળીઓ છુટવા લાગી જાણે ગોળીઓનો વરસાદ કેમ વરસતો હોય એવું દ્રશ્ય હતું. મુળુ તાડુકયો, મહેર જુવાનો આ ખરાખરીનો ખેલ છે, હાર કે જીતનો આ છેલ્લો દીવસ છે મહેરનો દીકરો પાછો પગ ભરે તો મહેરની જનેતા લાજે. જોજો દુસ્મનોનું એક પણ માણુસ કીલ્લા ઉપર ચડી ન જાય.

તેતર પક્ષી ઉપર જેમ બાજ ઝપટ નાંખે તેવી રીતે ચારે બાજુ મહેરનાં જુવાનો ઝપટ નાંખવા લાગ્યા. મહેરોના જુવાનો અંદર અંદર પડકારા કરવા લાગ્યા. મુળુ જરાય ફકર કરજે માં. જીત આપણી છે. દાતરડાથી જેમ ઘાસની કાપણી થાય તેમ દુસ્મનોનાં માથા કાંપતા મહેરો આગળ વધ્યા. લોહીની નીકો વહેવા માંડી, જામના લશ્કરનો કચરઘાણ વળતો જોઈ મુળુ પણ આગળ વધ્યો, અને મોખરે પુગ્યો, અને મુરૂ ખવાસને પોતાનો હાથ બતાવવાની મરજી થતાં આગળ વધ્યો, મુળુને મરણીઓ થઈ આગળ આવતો જોતાં મહેરોમાં બમણું શુરાતન વ્યાપું. પોતાના દેહનું પણ ગ્નાન ભુલેલા રણઘેલા મહેરો ઉપર તલ્લવારોના જખમો હોવા છતાં આગળ વધ્યા, અને જામ સાહેબનાં નગારાં નીશાન પડાવી લીધાં અને મેરૂ ખવાસના બળનું માપ કરવા મહેરો આગળ વધ્યા મેરૂ ખવાસ બુદ્ધીશાળી હતો. તેમણે જાણ્યું કે અર્ધ કરતાં વધારે લશ્કરનો જમીન ઉપર સાથરો પડયો છે, અને હજી પણ જો લડાઈ લંબાવીશું તો બાકી રહેલું લશ્કર પણ કપાઈ જશે, એના કરતા ફરીથી પુરી તૈયારીથી લડવા આવવું, એજ વધારે શ્રેયકર છે એમ ધારીને લડાઈનું મેદાન છોડી દેવાના નીશ્ચય ઉપર આવતાં મેરૂ ખવાસ ભાગ્યો છકી ગયેલા હાથી જેમ વૃક્ષોને મુળમાંથી ઉખેડી નાખી ફેંકી દીએ તેમ મહેર જુવાનો જામના લશ્કરને ફેકવા લાગ્યા, મહેરોએ જામના લશ્કરનો રાવલ સુધી પીછો લીધો.

એક મહીનોને આઠ દી ઝુલાવ્યો તેં જામ,
ગણીએ ખવે ગામ મહાભડ વડાળે મુળવો

લાદા તંબુ લુંટીયા નગારાં ને નિશાન
મારે હનુમંત મુળુવો ખાંડા હાથ ખુમાણ

મુળુએ ચીચોડો માંડીઓ મહેરો પીલે વાડ
સોજારની કીધી શેરડી ધ્રધકે લોહીની ધાર

મુળુ મેડી માંય કોઠામાં કરાણો નહિ
છલકયો સમદર માંય માથા કાપે મુળવો

રાસડો

મોઢવાડીયા મુળુ બંકા મેરુને તે હરાવીઓ
માર્યા છે કંઇક અશ્વારો અનેક રે......
મેરૂએ કાગળ લખી મોકલ્યા,
રાણાજીને દીધી કંઈ જાણરે......મોઢવાડિયા

કંયે જે કપાળ તારે જોગણનો વાસજે,
મીટો મીટ મળે મેરૂ ભાગ્યો મુળુવા
દાતરડા સમ દળને વાઢીયા
સેનામાં થઈ છે રીડા રીડરે......મોઢવાડિયા

દળ ભાગ્યાં દો વાટ માણિંગા મેલી કરી
ત્યાં શોભે મુળુ થાટ રોકે મેણુંદ રાઉત
વંકા બરડોને વંકા રાજવી
વંકા કંઇ મુરૂભા જેવા મહેર રે......મોઢ૦

વડાળા શું વેર રાવલમાં રહેવાય નહિ,
મોઢા જાગ્યો મહેર માથાં કાપે મુળવો
ડંકા વાગ્યા છે દેશો દેશમાં
જામાણે કંઇ દીધી જોને જાણુરે,
વિલાત સુધી વાત પુગીયુ
અવિચળ રાખી તે ક્ષત્રિ વટરે......મો૦૮૦
રાવલ માથે આવીયો રવ ઉગમતે રાણ
મોરે હનુમંત મુળુવો ખાડા હાથ ખુમાણ.

---

આજે મહારાણાજીના હૃદયમાં રોમેરોમે આનંદની છાયા છવાઇ રહી છે જામ સાહેબ જેવા બળવાન ભુપની સાથે, અણધાર્યા લડાઇનો પ્રસંગ આવતાં થયેથી જીત માટે આનંદ પ્રદર્શિત કરવાને તથા લડાઇના મેદાનમાં જત મેળવેલા મુળૂ મેણંદ તથા બીજા બહાદુર મહેરોને શીરપાવ આપવાને માટે આજનો દરબાર ભરવાનું મહારાણા તરફથી ફરમાન થયેલ છે.

દરબાર ગઢની આથમણી બાજુની કચેરીમાં આજે મહારાણાશ્રીના ભાયાતો મુળુ મેણંદ તથા બીજા મહેર આગેવાનો એક બાજુ બેસી ગયા છે. બીજી બાજુ રાજ્યના અમલદારો તથા પ્રજાજનો સૌ સૌના દરજ્જા મુજબ બેસી ગયા છે અને મહારાણા પધારે તેની રાહ જોઈ રહ્યા છે.

થોડીવારમાં છડીદારોના મુખમાંથી નીગાહ રખ્ખો મહેરબાન સલામનો અવાજ આવ્યો.

નેકી પુકારવાની સાથે સભાજનો પોતાની જગ્યા ઉપર ઉભા થઈ મહારાણાજીને નમી નમીને લાજમ કરી મહારાણાજીએ હસતે

વદને તાજમ ઝીલતા સિંહાસને બીરાજ્યા ફરીથો નેકી પુકારતાની સાથે પોળ કરવાની શરૂઆત થઇ પોળની વિધિ પુરી થયા બાદ મહારાણાશ્રી પોતાના સિંહાસનેથી ઉભા થયા મહારાણાશ્રીએ નીચે મુજબ ઉદગાર કાઢયા.

વહાલા પ્રજાજનો તથા અમલદારો આજનો દરબાર ભરવાનું કારણ તો આપ સહુના ધ્યાનમાં જ છે તોપણ એસબંધમાં મારે કંઈ કહેવાનું છે તે મારી વતી દીવાન પ્રેમ દામાણી કહેશે એમ કહી મહારાણા શ્રી સીહાશને બીરાજ્યા દીવાન સાહેબ ઉભાથયા અને મહારાણા શ્રી ને તાજમ કરી બોલ્યા,

આજે આપણા પરમકૃપાળુ મહારાણાશ્રીના ફરમાન પ્રમાણે બોલવા રજા લઉ છું.

ભાઈઓ ? રાજ્યને ખાતર મરી ફીટનારી એવી મહેર જ્ઞાતિ આજ પર્યંત રાજ્યને ખાતર સર્વ પ્રકારનો ભોગ આપવામાં તત્પર રહેતી આવી છે.

હાલની જામ સાહેબ સાથેની છેલ્લી લડાઈમાં બરડાના મહેરોએ પોતાના પ્રાણની પણ દરકાર ન કરતાં જામ સાહેબના બળવાન લશ્કરની સાથે બાથ ભીડીને તેમાં જે વીજય પ્રાપ્ત કરેલો છે તે બાબતમાં બરડાના મહેરોને હું ધન્યવાદ આપું છું, મહેરોના આગેવાનો માહેલા મુળુ મેણંદ વીગેરે જે આંહી હાજર છે, તેઓએ બતાવેલી બહાદુરીની કદર કરીને શીરપાવ તથા ઈનામ આપવાનું જાહેર કરૂં છું, અને તેઓ તેનો સ્વીકાર કરશે. મુળુ મેણંદ ઉભો થઈ મહારાણાશ્રીની સનમુખ આવી તાજમ કરે છે. મહારાણાશ્રીએ ઉભા થઈ શીરપાવ તથા પાંચ હજાર કોરી ઈનામમાં આપી અને મહારાણાશ્રી બોલ્યા મુળુ ? તમે મરણ આગમીને રાજ્યની જે સેવા કરી છે, તેની હું કદર કરૂં છું, તમારે માટે મને માન છે, તમોને આજથી મારા

લશ્કરના ઉપરી બનાવું છું, અને આ શમશેરની ભેટ આપું છું તથા આ બીજા મહેર ભાઇઓને બબે હજાર કોરી તથા મંદીલની ભેટ આપું છું.

મુળુ મેણંદ? તમે તમારી જ્ઞાતિને મારો સંદેશો પહોચાડજો કે કે મહેર જ્ઞાતિ માટે મને લાગણી છે, માન છે મહેરોને હું રાજ્યના સ્થંભ રૂપ માનું છું તમારી કદર કરૂં તેટલી ઓછી છે.

બાપુ? દેશને ખાતર કે રાજ્યના ભલા ખાતર અમારાથી જે બને તે દરી છુટવું એ અમારો ધર્મ છે એમ અમો માનતા આવ્યા છીએ.

હું અને અમારા મહેરો બદલો લેવાની આશાએથી આવા કાર્ય કરતા નથી, પણ અમારી ફરજ સમજીનેજ કરીએ છીએ, છતાં આપ નામદારની જે અમીવૃષ્ટી અમારા ઉપર છે, અને તેને લીધે અમારી આ રાજ્યસેવાની કદર કરી તેને માટે અમારી સર્વ મહેર ભોમની વતી હું આપ મહારાણાશ્રીનો ઉપકાર માનું છું. મુળુએ ટુકાણમાં ઉપકાર માન્યો, બાદ સભા વીસરજન થઈ.

મહારાણા સુલતાનજી પોતાના મહેલના એક ખંડમાં કીનખાબના ત્રીશાળ ગાદી તકીઆ પર બીરાજમાન છે. બાજુમાં ગંગાજમના એટલે સોનેરી રૂપેરી મીશ્રીત નકસીવાળો દીલ્લાસાઇ હુકો પડયો છે. મહારાણાજીનું ચીત વીચારગ્રસ્ત હોય એમ સહેજે જણાઈ આવે તેમ હતું એ વીચારોના વમળમાં તેનું મન તણાતું ત્યારે હાથમાંની હુકાની નળી ક્ષણભર હાથમાં જ રહી જતી વળી કયારેક ક્યારેક હુકાની ફૂંક લેવાતી બાજુમાં એક હજુર મૌન્ય ધારણ કરીને ઉભો છે. અને મહારાણાશ્રી કંઇ હુકમ ફરમાવે તો તે ઝીલી લેવાની રાહ જોઈ તૈયાર ઉભો છે. મહેલના ખંડમાં શાન્તિ વ્યાપેલી છે. પણ મહારાણાનું દીલ ઉગ્ર બન્યું છે. થોડીવારે મહારાણા બોલ્યા.

કાનજી ?

જી બાપુ ! જી હજુર ?

દીવાનને ખબર આપો હમણાં જ આવો હમણાં જ આંહી આવે કાનજી ખવાસ સડસડાટ દાદરના પગથીયાં ઉતરી ગયો અને દરબારગઢના આગળના પરસાળની બાજુમાં આરબોની બેઠક હતી ત્યાં જઈ બોલ્યો—

જમાદાર ? કાનજી હજુરીએં સાદ કર્યો.

જી, જમાદાર છુટેલી ભેઠાઇને ફરીથી બાંધી ઉભો થઇ ગયો અને બોલ્યો કયા હુકમ ?

તમારા માણસને મોકલો દીવાન સાહેબને બાપુ જલ્દી અહીં બોલાવે છે.

અચ્છા આદમીકું અભી ભેજતાહું એમ કહીને એક આરબને મોકલ્યો.

દીવાન સાહેબને ખબર પહોંચતાની સાથે જ દીવાન પ્રેમદામાણી મહારાણા સાહેબ જ્યાં બિરાજ્યા છે ત્યાં આવી ઉભા રહ્યા મહારાણાની નજર પડતાં તાજમ કરી.

દીવાન સાહેબ આવો બેસો.

દીવાન બાજુમાં બિછાવેલી જાજમ પર બેઠા.

દીવાન સાહેબ, મારી પાસે કેટલીક હકીકત આવી છે કે તમો મહેર જ્ઞાતિ ઉપર ખોટી રીતે દબાણ કરી તેને હેરાન કરો છો શું આ વાત સાચી છે ?

બાપુ ? આપ નામદાર મારા માલીક છો આપ હજુર આગળ હું જૂઠું તો નહિ જ બોલું એ લોકો મારો કંઈ માન મરતબો

રાખતા નથી ટુંકારે બોલાવવું નતો સલામ ભરવી કે નતો નમ્રતા બતાવવી આવું એમનું વર્તન છે. દીવાન સાહેબ? એનામાં સભ્યતાની ઉણપ છે એથી એ ઉદ્ધત છે એમ ન માનવું ટુકારેથી બોલાવવું એ એનો સ્વભાવ છે મને પોતાને પણ ટુંકારેથી બોલાવે છે એ ટુકારેથી બોલાવવામાં પણ મારા તરફ એનો પ્રેમ કેટલો છે એ હું જોઈ રહ્યો છું એ મહેર તો ભોળા છે એ લોકોને સત્તાની દમદમાટીથી દબાવી દઈએ એની મર્દાઇને છુંદી નાંખીએ એ વ્યાજબી કહેવાય નહિ એ મહેરોએ રાજ્ય માટે કેટલું કર્યું છે કેટલો ભોગ આપ્યો છે અને હજીપણ રાજ્યને કેટલા ઉપયોગી છે એ બધું તમારાથી ક્યાં અજાણ્યું છે એને કાબુમાં રાખવા પણ પ્રેમથી રાખો કરડાઇથી નહિ એના જેવા વીરતા ભરેલાં કાર્યો બીજા કોણ કરી શકશે. હમણા થોડા દિવસોમાંજ તેમનું કામ પડવાનું છે.

બાપુ? આપનું કહેવું મસ્તક ચડાવું છું પણ એ મહોરોને અયોગ્ય છુટ આપવાથી આપ નામદારની કૃપાનો જરૂર ગેર ઉપયોગ કરશે મારા મત પ્રમાણે મને તો એમ લાગે છે કે એ લોકો સાથે કડકાઈથી કામ લઇશું તોજ તેઓ સરખી રીતે ચાલશે.

નહિ નહિ દીવાન સાહેબ એ તમારી સમજફેર છે.

બાપુ? રાજ્યના કોઈ જરૂરી કામ પ્રસંગે બળવાન માણસોની જરૂર હોય તો બહારથી મકરાણી પડાણ વીગેરે શુરવીર કોમને હુકમ હોય તો હું બોલાવું હું એ વ્યવસ્થા બરાબર કરી શકીશ. પ્રેમ-દામાણી બોલ્યા.

દીવાન સાહેબ? તમારા આ વિચારોથી હું વિરૂદ્ધમાં ઉતરૂં છું પરદેશીઓ કરતાં આંહીના આ અમારા મહેર જ સારા છે. પરદેશીઓ આવી રાજ્યનું શું હિત કરશે દેશીઓને રાજ્યના હિતની

દાઝ હોય તેવી પરદેશીઓને તો નજ હોય ? આ બાબત તો તમારે પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે તમારા જેવા કાર્યકુશળ બાહોશ દીવાન મળ્યા તેથી હું ઘણો ખુશી છું તો પણ આવા કોઈ મહત્વનાં કામ કરતાં પહેલાં મારી સલાહ લઈને જ દરેક કાર્ય કરતા રહેજો. ઠીક હવે મારે મારા નીત્ય નીયમનો સમય થયો છે. બહુ સારૂં બાપુ હું રજા લઉં ?

જરાવાર બેસો, બીજું થોડું કહી દઉં.

દીવાન સાહેબ મારા હૃદયની ભાવના એવી છે કે મારી તમામ પ્રજાને વગર કારણે કોઈ પણ પ્રકારની હાલાકી ન થાય તેમ તેમને કોઇપણ પ્રકારનું રાજ્ય કે રાજયના અમલદારો તરફથી દુઃખ ન થાય મારી આ ભાવના જાણીને તમો પણ પ્રજાનાં સુખદુઃખમાં ભાગ લેવા કાળજી રાખશો મહારાણા શ્રી ઉડતાં ઉડતાં પ્રજાપ્રેમ બતાવ્યો ગરીબ પરવર ? બહાર મહેરોક આગેવાન આયે હંય આરબ જમાદાર ઝુકીને સલામ કરી ઉભો રહ્યો.

જમાદાર એને આવવા દીઓ. બહુ મોડા આવ્યા.

જમાદાર સલામ કરી પાછે પગે હઠીને ચાલતો થયો. મહેરના આગેવાનોએ બાપુને નમીને રામરામ કર્યા, રામરામ મહેર આગેવાનો રામરામ તમે બહુ મોડા આવ્યા. તમને નવ વાગે બોલાવ્યા હતા.

બાપુ ટેમની ખબર ન રહી ભેળાં થાતાં થાતાં વાર લાગી.

ઠીક બેસો હું દર્શન કરવા જતો હતો પણ તમો આવ્યા તો થોડી વાત કરી લઇએ.

મુળુભાઈ તમે તથા તમારા સાથીદારોએ મળી વડાળાના યુદ્ધમાં જામસાહેબના લશ્કરને હરાવી જીત મેળવી હવે એક બીજું પણ એવું કામ કરવાનું છે આ બાબતમાં આપણે અગાઉ જે ચર્ચા કરી તે યાદ તો હશે જ.

હા બાપુ ? વેરાવળ અને ચોરવાડ જીતવા બાબતનીને ?

મુરૂભાઈ આ વખતે એ કામ કરવામાં કોણ મોવડી થાય છે બીજા આગેવાનો બોલ્યા બાપુ મોવડી તો અમારા મુળુભાઈજ રહેશે બાકી અમારા ભોમ તરફથી જે મદદની જરૂર હશે તે આપવા અમે તૈયાર છીએં લાધવો બોલ્યો.

દીવાન સાહેબ આ બાબતમાં તમારો શું મત છે.

અન્નદાતા ? જે કામ કરવું એ તુરત કરવું એમાં વિલંબ શું લગાડવો.

મુરૂભાઇ તમારો શું મત છે મહારાણા બોલ્યા.

બાપુ અમે તૈયાર જ છે હુકમ કરો એટલી વાર.

ઠીક ત્યારે કરો તૈયારી કેટલાં વહાણ અને કેટલાં માણસો લઇ જવા એ બધું મુરૂભાઇ નકી કરો અને ભેટાળીના કિલ્લામાં જેવી વીરતા બતાવી તેવી વીરતા બતાવી ફતેહ કરો જાઓ.

બાપુ એમાં કહેવું ન પડે સામે પગલે મરીશ પણ આ મુરૂ પાછા પગતો નહિ જ ભરે.

૧૮૪૩ ની સાલમાં મુળુ મેણંદ વહાણ લઈ સારા ચુનંદા મહેર જુવાનોને લઇ તેમજ રાજ્યના લસ્કરી માણસોને લઈ વેરાવળ જીતવા રવાના થયો ત્યાં પહોંચ્યા બાદ આલીંગ હાટીને કહેવડાવ્યું કે રાયજીદા સંગજી જે અમારા મહારાણાના સસરા થાય છે તેને મારી તેનો મુલક લીધો છે તે તુરત સુપ્રત કરો નહિતર લડવાને તઇયાર થાઓ આ સમાચાર પહોંચતાં હાટીના લશ્કરે આવી સામનો કર્યો પણ મુળૂએ પહેલેજ ઝપાટે તેના માણસોને પાડી લીધા મુળુએ ચોરવાડ જીતી તુરત પાછો વેરાવળ આવ્યો ત્યાં મુળૂનો સામનો કરવાને લશ્કર તઇયાર હતું બંને પક્ષના માણસો બહાદૂરી લડયા

કોઈ પક્ષ ઘડીકમાં હારી જાય તેમ લાગતું નહોતું લડાઇ બરાબર જામી મહેરો મરણિયા બની આગળ કુદ્યા મુળુ સૌથી મોખરે તલવાર વીંઝતો વીંઝતો આગળ ધસ્યો દુશ્મનના માણસોનો સામનો કરવાની હિંમત ઘટતી ગઇ મહેર જુવાનો આગળ વધ્યા બંને પક્ષના ઘણા માણસોનો સંહાર થયો મુળુ બહાદુરીથી લડયો પણ પોતાનો એક હાથ કપાણો છતાં વેરાવળ તો સર કર્યું. ત્યાંથી પાછો પોરબંદર આવ્યો.

મુળૂભાઇ તું ખરો મર્દ બચ્યો છે તારી બહાદુરીનાં બદલામાં મારે શું આપવું આ તારા કપાએલા હાથના બદલામાં રત્નજડિત હાથ બનાવી આપું ?

કચેરીમાં ઉભા થઇ પ્રશન્નતાથી મુળૂભાઇ બોલ્યો.

બાપુ ? રત્નજડિત હાથ મારે ન જોઈએ આવાં કાર્ય હું ધનના લોભથી કરતો નથી રાજ્ય પ્રત્યેની મારી ફરજ છે એમ ધારી હું કામ કરૂં છું એમાં બદલો શું લેવાનો હોય.

નહિ નહિ મુરૂભાઇ તમારી આ વીરતા ભરેલી કામગીરી બદલ કંઇપણ યાદગીરી રહે તેવી રીતે રાજ્ય તરફથી જરૂર યાદગીરી રહેવી જોઈએ.

બાપુ તમારી એવી મરજી છે તો લોઢાનો હાથ કરાવી આપો કારણકે મારા વંશ વારસોની કોઇક દિવસ નબળી સ્થિતિ આવે તો સુવર્ણ કે રત્નજડિત હોય તો વહેંચી નાખવાની ઇચ્છા થાય તો તો અમારા કુળને ખોટ લાગે.

મહારાણાએ લોઢાનો હાથ કરાવી આપ્યો અને વડાળા ગામની

સીમમાં બાસર નામની જમીન ચારસો વીઘાને આશરે બક્ષીસમાં આપી ( આ જમીન તેમના વારસદાર સામંતે પાછી મહારાણાના ચરણોમાં સોંપી. )

મુળુ પોતાના ઠુંઠા હાથમાં લોઢાનો હાથ ચડાવતા અને સ્વારીમાં આવતા ત્યારે એ હાથે ભાલું ટેકવીને ઘોડેસ્વારી કરતા એક જંબીઓ આપેલો તે પણ કમરમાં બાંધતા જામનગર સાથેની લડાઈમાં જે નગારા નિશાન પડાવી લીધાં હતાં તે બહુ મોટા હોવાથી રાજ્યમાં રાખ્યાં અને તે બદલ બીજા નગારા નિશાન રાજ્ય તરફથી આપવામાં આવ્યાં. મુળૂ મેણંદ તથા તેના વારસદારો હજુ પણ દશેરાની સ્વારીમાં સૌથી આગળ રહી ચાલે છે હજુ પણ તેની પાંચમી પેઢીએ જેઠા ભુરા દુવા ભુરા હાઉકા ભુરા તથા તેના વંશના બીજાં ભાઇઓ મુળૂ મેણંદની કહેવાતી ડેલીની અંદરજ સૌ સૌના મકાનોમાં રહે છે.

ખળભળી ગયેલી મુળુ મેણંદની ડેલીની તેના વારસદારોએ મરામત કરાવી મુળુ મેણંદની યાદગીરી રાખી છે.

મુળૂ મેણંદના વખતમા તે ડેલીમાં ડાયરાની ઠઠ જામતી તેવી અત્યારે નથી કાવા કસુંબાની છોળ્યો ઉડતી તેવી અત્યારે તો નથી છતાં પણ બહારથી આવતા મહેમાનો જેઠા ભુરા દુદા ભુરા અને હાઉકા ભુરાનું ઘર પૂછતા આવે છે આવનારનો સતકાર થાય છે હાઉકા ભુરા વિગેરે ભાઈઓ મહેમાનો માટે પ્રાણ પાથરે છે.

લોઢાનો હાથ કટાઇ જવાથી તેનાં આંગળાં ખવાઇ જવાથી હાલના મહારાણા સર શ્રી નટવરસિંહજી સાહેબ બહાદુરે ચાંદીનો હાથ બનાવીને શ્રી મહેરજ્ઞાતિ ભવનમા હજારો મહેરોની હાજરીમાં તે હાથ ફોજદાર મુળૂ મેણંદના વંશના ભાઇ હાઉકા ભુરાને મહારા-

શ્રીના મુબારક હસ્તે આપવામાં આવ્યો છે

મુળુ મેણંદની વંશાવળી

મુળૂ મેણંદ

|

સાંગણ

|

સાંમત

|

શીયાં   શવો   મુરૂ   હરભમ   જીવો   સવદાસ

|   |   |   |   |

કારો   વેજો   ગીગો   કચરો   ભુરો

|   |   |

ભુરો રણમલ જેઠો   જેઠો દુદુ હાઉકો

## સાંગણનું ગીત

લીએ લુંટ જામ તણા થડક ઓખા લગણ.
દતા તેમ સુરતે વહે દોઢા.
સોળ એમ બોલીયાં રહે વીટા સદા,
મૃદંગ હેમ રે કસે મોઢા.
પ્રસણ અવાસે ત્રાસ અસબો પડે,
ફઝર ઉગાં સમા ધમસ ફેરે.
માલ ધીંગા તણા લીએ માટી પણે.

વાળવા તણા નત થાટ વેરે.
માટીયાસીંગ અરણીંગ સાંગણુમીયર,
સાતવા તણા ન નરેશ શાંખે.
ત્રઝળ હાથ હલાવે ધમસ મુળુ તણો નરંગ બરડા તણી ઢાલ,
નાંખે હાંકીયા તે હાલે વકર મેણંદ હરો,
ખાણસર ધ્રુવગે સબળ ખાંડો ધરે નહી.
ચીત્રોળ વારો ધણી અભંગ ભડ રાણસ સરવ આડો.

## દોહરો

ભલ લાવન હોલો ભણે લવે ન બાધા લોક
સાંગણીયા મુળુ સતન કળનો દીવો કોક

## મુળુ મેણંદનું ગીત

પણાં ભારી કેતાં સાત્રવાં તણા કોટ હાકલે પાડે.
ફોજરાં તુંજ સામાં નકો કરે ફેન, પટાળા જેડાળા આગળ
નગારાં ગળેળે પણાં ચીત્રોળારે વેણે ચાલે સદાં મહેરાં સેન
ધ્રોપટે બંદુક નાળ રાગ સીંધવો આગળ ધખે
ફરે ન કે ધ્રા તકે વેરીયા ન ઝાલે ફરક
મેરૂ તણો ભાંગ્યો મરોડ નસાડી નગર મુકો
કોટાળા મુળુ જામાણારૂ ઘણું કાપ્યું તે કટક
જોરાળા નગારાં નીશાન તંબુ તે લુંટીયા ઝપાટે
સાતે શાખને ચડાવ્યું પાણી મેણાંદરા સધીર બરાસક
એક માસ આઠ દી તેં જુદ્ધ કીધું
બંકા એવડા અડગ ભડ રાણા સરતાન અમીર
ભાલારા તુહારે કપાળે જોગણુરો વાસો ભજે
ખેરૂ ખેરૂ કીધો મેરૂ આંકતુર ઉડાડો ખુમાણુ

ભેટાળીરોકોટ રાખી જશ લીધો અંડા ભારી
રાખ્યું પાણી છાંયા ધણીરૂં તેં સીસોદીયા શહાજ

## સાંમત સાંગણના દૂહા

ભેટાળા ભંડાર ભરીયા જસ ભલપ તણા પાવરજે વધ દાતાર
શરડે નવ સામંત
નવ ભેળી હાલી નહી માયા તો મેવાળા સારપ સામતીયા
રસે સાંગણ રાઉત
વણુજ હીલોળા કરે આઠે પહોર અસા
ડેલીએ નીત દાયરા કાંટાળા સામત કને
મોઢા તું જેવા મરદ પોરે તાં પુગ્છાય
કીં કવતો કર લાઈ શરણે આવ્યાં સામતા.
એક અન્ન દીધા તણો મારગ મેવાળા
સબળો સામતીયા રાખ્યો સાંગણ રાઉત
બીજે ધર બરડા તણી ખંડ દીવો ખુમાણ
એવું અજવાળૂં અસા સાતે વળુમાં સામતા

## દોહરો

એકાસીએ આવત નહીં સોરઠે સોડસ ધીર
વગતુ પડત ન વીર સારા માઢાની સામંતા
અમલરારે જીવો અડગ
બોલે તે ન ફરે બોલ
તેનો કરવો પડે તોલ
સમજીને સાંગણ હરા
પચીશ વરસે પુરૂષ કોક જ મુરખ કહેવાય

દસ વરસની માંય ડાપણ વધ્યું જીવલા
જીવો સામતનો જબર બુદ્ધી અકલવંત બહુ
સરઠ મહીં તને સઉ જાણે તુને જીવલા
ભોમ વખાણે તને બહુ ખરા બુદ્ધની ખાણ
વીચારી બોલછ વાણ સાચા દીલનો જીવલા

## જેઠા ભુરા

ભલો ભલો સહુ ભણે સામત હરાં સદાઈ
જગ દાતા જેઠા જુઓ કરમી કોક કહાઇ
તે તો રાખી ભુરા તણા ધારણા બુદ્ધિ ધાર
વડાઇ નથી વાર જશ ભરીયલ તો જેઠડા
મેં જાણ્યું ભુરો મરંતે ડાપણ જાશે દુર
જેઠા તે તો જરૂર રાખી વટ ભુરાઉત
સમઠાંનાં ભુરા સતન ગુણ કદી ન ગવાય
કીરતી દાતારની કહેવાઈ જગત બધામાં જેઠીયા
મુળુ આગે થીયો મરદ સાંગણ તેનો સવાઇ
ઈ સાંમત તણા સદાઇ જશ ગવાએ જેઠડા
ધર ધબે ધીંગા ધણી જેમ અખાડે અરડીંગ
બહોતેરસેં બરડા તણું તેદી સાંમત માથે સંગ

## હાઉકા પટેલનો યશ

કઠણ જમના તણી ચોટ લાગી હવે ન રીયો મનુષ્ય તણો કયાંય નેઠો
કવીના કાવ્યનું જોર ચાલે નહી મુખથી સરવ સંસાર મીઠો
મોહથી માનવી અ્રડ દાલા કરે દીએ ન ધરમમાં પાવ હેઠો
જ્ઞાન નીતી તણી વાત સમજે નહો હું પણાને મુકે નહી કયાંય હેઠો
મોઢ પર પારસ મણી પ્રેમથી પારખ્યો બુદ્ધીરો સમુદ્ર પ્રવાહ દીઠો

આજ મુળુ મેણુંદના વીકટ ભડ વંશમાં સોળે કળાથી સુર્ય ઉગો:
પટેલ હાવ્રા તણી કવીવર હાકલુ નસાં ભાઇ પ્રેમથી સ્નેહ લાગે
આજ ભુરા હરાને વખાણે ભૂપતી કીરતી જગુ કવી અમર ગાવે.

## દોહરા

સનમાન કરો છો સર્વનાં પાંથુ ઉપર છે પ્રીત:
રાખી સાંમત રીત હરદમ તેં તો હાઉકા
મોઢવાડે જાગ્યો મરદ ભુરા ઓત કળભાણ:
રાખે નટવર રાણ હેત સદાએ હાઉકા
તુ તો થયો ભુરા તણા મન સાગર હીલોળ:
કવીયાં કરે કીલોલ હરદમ તું કને હાઉકા
તુને મળતાં તો તરત કવીને ઠારક તો થતી
હોશ ઘણી મન માંય બહુ મળવાની હાઉકા
જીવા હર તું કારણ જકે પાંથુ ને કરવા પંથ:
ગણીયણને દે તું ગરથ હેતેથી સદા હાઉકા
કીરત તુહાંરી તો કરી રણમલે રૂડી રીત
હેતુ તણું તું હીત હરખે કરેછ તું હાઉકા.

# કડછના મહેર વીર ઠેબાની કથા

કાંઉ કેછ કાકાભાઇ ? મહેર ભાષામાં આ જવાબ હતો મહેરની ભાષાનો જેને અનુભવ ન હોય તેને આ શબ્દો તોછડાઈભરેલા જરૂર લાગે. કાકાભાઈ પીઢ પુરૂષ હતો તેથી આ તોછડાઇ ભરેલ જવાબ સાંભળીને પણ સંયમ સાચવીને ઉધ્ધતાઈથી સામો જવાબ નવાળતાં શાંન્તિથી સામો જવાબ વાળ્યો

ઠેબાભાઇ. હું તો તમારા હીતની વાત કહું છું તમારે ત્યાં કઇ બાબતની કમીના છે. હામ, દામ, ઠામ જે જોઈએ તેવો ઇશ્વરનો આપેલ સારો દી છે અત્યારે તમારો દી ચડીયાતો છે છતાં તમો આ ન લેવાનો માર્ગ લીઓ ઇ તમારે માટે ઠીક કહેવાય નહી.

કાકાભાઇ ? ઇ પારકી પંચાતમાં તારે કાંઉ કરવા પડવું જોઈએ તારૂં તોં હું કંઇ બગાડવા આવતો નેય ને !

ભાઇ ઈ વાત સાચી પણ ગાયુનાં ધણવાળી જાવાં ઇ આપણું કામ નહી વાછરૂ નો વછોહ થાય વીયોગના દુઃખે ભાંભરે અને એની પણ આંતરડી તો કકળે ને ? ગામ ભાગવા ધણ વાળવાં લુંટફાટ ચલાવવી આવો ત્રાસ વરતાવવો ઇ તમને ન શોભે. કાકાભાઈએ પોતાની મીઠી વાણીથી ઠેબા મહેરને સમજુતાઇ આપી.

કાકાભાઇ ઇ મારે તારી શીખામણ નથી સાંભળવી અમે ઈ મારગ લીધો છ તી એમાં કંઇક કારણ તો હશે ને ! ઠેબા તમે કયાં ભુખ્યા દુઃખ્યા છો તે આમ ગામ ભાંગો છો. હું સારીરીતે સમજું છું કે ઓલો બાવો ખુમાણ આ તરફ આવીને જે જુલમ વરતાવી

જાય છે ઇ તમારી મીઠી નજર ને તમારો સાથ છે એટલે ફેરો મારીને પોતાનું મન ધાર્યું કરીને ચાલ્યો જાય છે નહી નરતર ઇની તાકાત શું છે કે આ સીમાડામાં એનો પગ હોય! એનું ગજું શું છે કે આ નજર નજર કરી શકે.

કાકાભાઇ, તારૂં પુરાણ બંધ કર મારે સાંભળવું નથી મારે તારી વાત સાંભળવી નથી. કાકા ભાઇ ઈ તો મર્દો ના મામલા છે ઇશ્વરે સારો દી આપ્યો છે પણ કાકાભાઇ વટની વાત આંવીને ઉભે તયેં કોઇ કોઈનો વટ જાવા ન દીએ મેં કંઇ બલોયાં પહેર્યાં નથી કે એમ કોઇથી બી જાઉં જો દાદા ખુમાણની એટલી બીક લાગતી હોય તો ઘર ઝાલીને બેસી રહે. તમારી હદમાં આવીએ તયે તમારેથી થાય ઇ કરી લેજો.

મારી હદમાં આવો તો તો ખબર પડે મારી વસ્તીના ઉપર જુલમ ગુજારનારનું હું નામ નીશાન રહેવા ન દઉં હું પણ રજપુત બચ્ચો છું.

કાકાભાઇ રજપુતીનો બહુ ફાંકો રાખતો હોય અને તારી વસ્તીનું તને બહુ લાગતું હોય તો તું પણ આવી જા જે મેદાનમાં ને બતાવ તારૂં પાણી મારે પણ તારામાં કેવીક માટીઆઈ આજ છે ઇ જોવી છે.

કોઇ પણ વ્યકતી ઉપર કોઇ પણ કારણ સર જ્યારે જુલમની ઝડીઓ વરસે અને એ જુલમ સહન કરતાં કરતા પણ જ્યારે તેને ધાન ખાવા ન દેતાં પજવણી થાય ત્યારે નમાલામાં નમાલી વ્યકતી બણ એ જુલમનો બદલો લેવા તઇયાર થાય છે અને તેના હૃદયના ઉંડાણમાં એક જ વાત ઘોળાયા કરે છે કે આ જુલમ ક્યાં સુધી

સહન કરવો આ જુલમનો બદલો મારે કઈ રીતે લેવો આ એક જ ધુનમાં એનું આત્મબળ વધે છે અને એક અદનો માણસ પણ મરણીયો બને છે જે વેરની વસુલાત લીએ છે પછી એ ગામ ભાંગે લુંટફાટ કરે એમ અનેક રીતે પોતાની ઇચ્છાને તૃપ્ત કરે કોઇ કોઈ એવી પણ વ્યક્તીઓ હોય છે કે કંઇ કારણ વગર પણ જાણે એ પોતાનો બાપદાદાનો ધંધો જ કેમ ન હોય એમ માનીને ગામ ભાંગવા લુંટ ચલાવવા ત્રાસ વરતાવવો આ બધા જુલમ ગુજારવામાં એ એક પ્રકારનો આનંદ માને છે પોતાની મોટાઇ અને મર્દાઇ સમજે છે.

દેબો પોરબંદર તાબે કડછ ગામનો રહેવાશી છે જાતનો મહેર છે કડછ ગામમાં પાંચસો ઘર મહેરના છે કડછ ગામમાં દેબો આગેવાન અને સુખી ગણાતો પોતાને ઘેરે વીશ પચીસ નાની મોટી ભેંસો પાંચ છ ગાયો હતી જમીનની પેદાશ પણ બહુ સારી એટલે એક નાનકડા ગામ ધણી જેવી સ્થીતી દેબાની હતી દેબો દીલનો દીલાવર હતો એને ઘેરે પાંચ સાત મહેમાનો તો હોય જ દેબાંની પ્રશંસા સાંભળીને કાઠીયાવાડથી પણ કેટલાક કાઠીઓ પણ તેને ત્યાં મેમાન થતા અને બે ચાર દીવસો રહી મોજ માણતા દેબો ઘેર આવેલ મેમાનને માટે મરી પડે પાળીયાદનો ડાહી દાદો ખુમાણ પણ દેબાને ત્યાં અવાર નવાર આવ્યા કરતો અને દેબો પણ કયેક કયેક પાળીયાદ દાદા ખુમાણને ત્યાં જતો એક બીજાને સારી ઓળખાણ થઇ અને બંનેને ભાઈબંધાઈ થઈ દેબા વીના દાદા ખુમાણને ન ચાલે ને દાદા ખુમાણને દેબા વીના ન ચાલે દાદો ખુમાણ દેબાને ત્યાં આવે ત્યારે ગામના મહેરોની દેબાને ઘેર ઠઠ જામી હોય વાતોના હીલાળા થાય કાવા કસુંબા પીવાય અને અલક મલકની વાતો કરી મોજમજા ઉડાવે દેબા મહેરને ગામના મહેરો હારે લેણાદેણા દેબાનો પડતો બોલ ઝીલવાને કડછના મહેર તઇયાર જ હોય દેબો

કહે આંહી મરી જાવું છે તો પાંચસો મહેર ડેમા ખાતર મરી ફીટે આવો ગામના મહેરોનો એક રંગ હતો.

ડેમાના ઉદ્ધતાઇ ભરેલાં અને કડકાઈ ભરેલાં વચનો કાકાભાઇને ખુચ્યાં કાકોભાઈ રજપુત બચ્ચો હતો વળી ગામધણી કોઇનો હુંકારો પણ સહન ન કરે એવો મર્દ હતો છતાં પણ વિવેક અને ધીરજ રાખી સહન કરી કંઈ વિશેષ ન બોલ્યો અને એક કાગળ માંગરોળના શેખમીયા ઉપર લખ્યો અને ડેમાને સમજુતી આપવાને માટે ભલામણ લખી અને જો તે સમજી જાય અને એક વખત માટે મોઢે આવી જાય અને ડેમા સાથે કેટલીક દીલથી વાત કરી લઉં બને ત્યાં સુધી ડેમા સાથે બગાડવું નહિ એ ઇચ્છાથી ડેમાને ફરી પાછો પોતા પાસે બોલાવેલ અને એના આવવાની રાદ જોતા હતાં ત્યાં તો ડેમો આવ્યો અને રામરામ કર્યા.

કાકાભાઈએ પણ રામરામ કરીને ડેમાને બેસવાનું કહ્યું.

કેમ ડેમાભાઈ હોતો મજામાંને કાકાભાઇએ પૂછ્યું.

હા મજાજ હેનાં ભાઇડાઓને વળી ફિકર કેવાની હોય.

શેખમીયાં પાસે જઈ આવ્યા ?

ત્યાં થઇનેજ આવું છું.

અમે તમને બધી એમાં કંઈ વાત ઘડ બેઠી. ડેમાભાઈ આજ આજ તમને પાછા બોલાવ્યા એમાં તમારા અને અમારા ભલા માટે બોલાવ્યા છે કારણકે બગડયું ઈ તો સાવ સેલી વાત છે પણ જો બગડે તો એમાં સાર ન નીકળે.

કાકાભાઇ તું એમ ડરાવવાની વાતુ કરમાં બોલે ફરે આવ્યો તંયે પણ તું મને દબાવવાની વાતુ કરતો તો ને આજ પણ વરમાંની બોલેછ ભી એમ આ ડેમો મહેર બી જાય એવો નથી.

ઠેબા તારામાં માણસાઈનો છાંટો નથી હું જેમ જેમ તારી હારે ભલમનસાઈ વાપરતો થઉ છ તેમ તેમ તું છડતો જાયછ તું કેની હારે વાતુ કરેછ ઈ પણ તને જ્ઞાન રેતુ નથી ઠેબા હજી સમજ તો ઠીક છે નહિતર મારે હારે બગાડવામા તને ફાયદો નથી તું ઠેબો મહેર છે તો હું રજપુત બચ્ચો છું.

કાકાભાઈ તારી રજપુતાઈ તો મારે જોવી છે થઇ જા મારી સામે તઇયાર.

સુતેલા સિંહને છંછેડવો અને મણીધરને ટકોરો મારવાથી જેમ છેડાઈ જાય તેમ કાકુભાઈનો મિજાજ હાથ ન રહ્યો અને તરત ઉભા થઈ તલવારની મુઠ પર હાથ નાંખ્યો ઠેબો મહેર પણ ઉભો થઇ ગયો સામ સામી તલવાર ખેંચાણી.

કાકાભાઇ વીચારમાં પડયા અને શેખ મીયાંને કહીને ઠેબાને આંહી બોલાવ્યો અને જો હું તેના ઉપર ઘા કરીશ તો શેખ મીયાને દુઃખ લાગશે વળી મારે ઘેરે બોલાવી મારે મારવો એમાં મારી શોભા નહિ કારણકે ગમે તેવા નાલાય છે છતાં અત્યારે તે મારો મહેમાન છે અને મહેમાનને મારવો એ મારો ક્ષત્રિનો ધર્મ નથી. જો કે રાજનિતિ પ્રમાણે તો દુશ્મનને તો કોઈ પણ પ્રકારે પાડી લેવો જોઈએ છતાં આજ મારે તેના ઉપર ઘા નજ કરવો. એને પહોંચવાની મારામાં કયાં તાકાત નથી મનમાં આ વિચારો સ્ફુરતાં કાકાભાઈ બોલ્યા. ઠેબા હું લાચાર છું કે તું મારો મેમાન છે અને મારે તારા પર ઘા કરવો એમાં મારી મરદાઈ નહિ.

તયે તારો મેમાન ન હોય તયેં ઘા કરવા આવજે તેજયેં આવીશ નયે હું તૈયાર જ છે.

તયેં તો હવે કોઈ વાતે તું સમજીશજ નહિને ? કાકુભાઈએ ઠેબાને છેલ્લું વચન કહ્યું.

હવે તો વખત આવ્યે આપણે બેઈ સમજી લેશું. પછે છે કંઈ! ઘડીએ ઘડીએ એવી વાતુ કરવાની હોય? ઠેબો મહેર ક્રોધના આવેશમાં ચાલતો થયો પણ રસ્તામાં ઇહા ગામ આવ્યું એટલે એ ગામનું ધણવાળી જઈને વેરની ધુનને સંતોષતો ગયો.

જુનાગઢના રા. ના કેટલાક વંશજો રાયજાદા તરીકે ઓળખાતા હતા તેઓ ભુચરમોરીનું યુદ્ધ થયું ત્યારે તે વખતે તાતારખાનનો પક્ષ કરવાથી તેઓને જુનાગઢ છોડીને ચોરવાડ જવું પડયું અને કેવદરા અને સોંદરગ વિગેરે ગામોમાં રહેવા લાગ્યા.

કેવદરાના કાકાભાઇ તે સમયે વીરપુરૂષ ગણાતા હતા વીરપુરૂષ હમેશા ધિરજવાન તેમજ ઉદાર દીલના હોય છે તે પ્રમાણે કાકાભાઈ ધીરજવાન પુરૂષ હતા કાકાભાઈની મર્દાઇને લીધે એના ગામ તરફ કોઈ નઇ નજર કરી શકતા નહિ ઠેબો મહેર તથા તેનો મિત્ર પાળીયાદનો દાદો ખુમાણ આસપાસના ગામ ભાંગતા લૂંટતા.

આ વાતની ખબર જ્યારે કાકાભાઈ રાયજાદાને પડતી ત્યારે તેને જરાપણ રૂચતી નહિ ખરા મર્દ બચ્ચા કોઈ ઉપર જુલ્મ થતો પોતે જુએ ત્યારે તે સહન કરી શકે જ નહિ. ઠેબા મહેર અને દાદા ખુમાણનો જુલ્મ વધતો ગયો, છતાં પોતાના ગામમાં કંઇ ત્રાસ ન વરતાવે ત્યાં સુધી ન બોલવું અને ન બગાડવું એ વ્યાજબી લાગતાં પોતાના મિત્ર માગરોળ દરબાર શેખમીયા ઉપર કાગળ લખેલ અને ઠેબા મહેરને સમજાવવા માટે ભલામણ કરેલ શેખમીયાંએ પણ ઠેબા મહેરને કહ્યું કે પ્રભુએ તને શક્તિ આપી છે તારામાં મર્દાઈ છે વળી તારા ગામના મહેરો પણ તારી મદદમાં છે તો આ બધી તારી તાકાતનો ગેર ઉપયોગ શા માટે કરે છે ઠેબા! તને ગરીબની હાય લાગી જશે અને એ હાયથી તારી બધી શકતી હરાઈ જશે માટે કજુ આટલેથી સબુર કરી જા તો ઠીક છે આવી રીતે માગરોળ

ધણી શેખમીયાંએ તથા રાયજાદા કાકાભાઈએ ડેબા મહેરને ખૂબ સમજાવ્યો ડેબાને કોણજાણે આગળ પાછળના કોઇ વેરઝેરને લીધે અથવા તો પોતાની માટીઆઇના જોરમાં ભાન ભુલ્યો અને શેખ-મીયાનું કહેવું ધ્યાનમાં લીધું નહિ તેમજ શેખમીયાના કહેવાથી કેવદરા ગામે રાયજાદા પાસે આવ્યો ત્યારે કાકાભાઈએ પણ ખુબ સમ-જાવ્યો પણ કંઇ અસર થઇ નહિ કાકાભાઈને એમ નક્કી થયું કે આ ડેબો મહેર હવે કોઈ રીતે સમજે તેમ નથી માટે હવે મારે મારામાં કેટલું દઈવત છે એ બતાવવું પડશે એને ભોં ભેગો કરીશ તયેં સમજશે કાકાભાઈ ડેબાને તાબે કરવાને તઈયારી કરવા લાગ્યો અને પોતાના લાગતા વળગતા રજપુતોને તઇયાર કર્યા અને હથિયાર આપ્યા અને માંગરોળ દરબાર શેખમીયાને પણ લખી નાંખ્યું કે ડેબો કોઈ રીતે સમજે તેમ નથી મારે હવે તેને ધુળ ચાટતો કરવો છે એને માટે કેટલી તઈયારીઓ થઈ ગઈ છે ડેબા મહેર પાસે માણસો ઘણા છે વળી હથિયાર બંધ છે માટે વખતે જરૂર પડશે તો તમારે મદદ આપવી જોશે માટે તમારે પણ તૈયાર રહેવું, જરૂર પડયે ખબર આપીશ.

મીત્ર ધર્મને સમજનાર શેખમીયાંએ એક પઠાણને કાગળ લખી કાકાભાઇ તરફ રવાના કર્યો અને જ્યારે જરૂર પડે ત્યારે મદદ કરવા તઇયાર છું એમ કાગળમાં લખી નાંખ્યું.

પઠાણ પોતાના માલિકનો સંદેશો પહોંચાડીને વળતાં ડેલીમાં નિરાંત કરી સુતો હતો ત્યાં પોતાની ઓઢેલી ચાદર કોઇ ખેંચતું હોય એમ લાગ્યું એટલે તુરત ઝબકી ઉઠયો અને ઓશીકેથી તલ-વાર લઇને મીયાન બહાર કાઢી બોલ્યો આટલા માણસો કેમ ભેગા થયા છો પઠાણ બોલ્યો.

ભાઇસાબ માફ કરો અમે જાણ્યું કે રાયજાદા બાપુ છે એટલે

ચાદર ખેંચી આવનારા ખેડુતો હાથજોડી કરગરવા લાગ્યા ડેલીમાં હથિયારથી સજ્જ થયેલા રજપુતો આ અવાજ સાંભળી બેઠા થયા અને બોલ્યા કે શું છે?

શેખમીયાંએ કાકાભાઈને એક આંટો માંગરોળ દઈ જવા માટે લખેલ હતું તેથી જવાની તઇયારીમાં દાતણપાણી કરતા હતા ત્યાં આ અવાજ આવ્યો એટલે દરબારગઢની ડેલીએં કાકાભાઈ આવ્યા. બાપુ ? મારી નાંખ્યા ડેબા મહેરે અમારૂં ગામ ભાગ્યું ? ગામને લૂંટીને ભાગ્યા જાય છે સાથે ત્રણસેંક માણસો હથિયારબંધ છે. બાપુ ? મદદ કરો અને રાંકને મારી નાંખ્યા અમારૂં જીવતર ધુળ કર્યું કાકાભાઈને રુંવાડે રૂંવાડે ક્રોધ વ્યાપી ગયો.

ડેબા મહેરને પોતાનો હાથ બતાવવાનો આ અવસર આવ્યો છે તે જાણી રજપુતોને તઇયાર થવાની સુચના આપી રજપુતો તો તઈયાર હતા ઘોડા પર સજાયો નખાઇ ગઈ અને રજપુતો હથિયાર બંધ ઘોડા પર સ્વાર થઈ તઈયાર ઉભા કાકાભાઇ પણ હથિયાર સજીને ત્યાં આવ્યા. માંગરોળથી આવેલ પઠાણ પણ યુધ્ધે ચડવા અધીરો બન્યો.

રજપુત જુવાનો ? મારી મુકો તમારાં ઘોડાંઓને ઇ ડેબાનો ભાર શું છે કે આજ જીવતો જાય જો જો રજપુતોનું પાણી ન જાય. ડેબો જીવતો જાય નહિ વકરાએલા વાઘના જેમ રજપુતો છુટયા ઘોડાઓના ડાબલાઓથી ધરતી ધણેણી ઉઠી.

અટાણે આ બંદુકના અવાજ કેમ થાય છે રખેને ડેબો **મહેર** અને દાદો ખુમાણ આવી પહોંચ્યા હોય નૈ ? ઘરમાં બેઠા બેઠા બે જણ વાતો કરે છે.

હાય ? હાય ? તો તો ગામના ભોગ મળ્યાને હમણાં ઈ બે

જણુની રાડ બોલે છે અટાણે ગામના ખેડુત પણ ઘણા ખરા તો સીમમાં જ છે એટલે એનું ધાર્યું કરીને વહ્યા જાશે.

આસપાસના પાડોશી બંદુકોના અવાજથી જાગી ગયાં બીકનાં માર્યા બધાં ભેગા થઈ વાતો કરવા લાગ્યાં કે હવે બચવું કેમ ? બંદુકોના અવાજ ઉપરાઉપર થવા લાગ્યાં અને ગામના લોકોના હૈયામાં ધ્રુજ વછુટી સૌના પેટમાં ફાળ પડી અને ફિકર કરવા લાગ્યા કે આજ સુધીની જે કંઈ ઝાઝી થોડી કમાણી છે એ જરૂર લૂંટી જશે કેટલીક બાઈઓ તો લુંટાણા પહેલાં જ કલ્પાંત કરવા લાગી.

કેટલાક ગામના માણસો ગામમાંથી બીકના માર્યા જીવ બચાવવા છટકવાનો લાગ શોધવા લાગ્યા પણ ઝાંપા તથા બીજા માર્ગો ઘોડેસ્વારોએ રોકી લીધા હતા એટલે કોઈથી ભાંગી જવાય તેમ પણ નહોતું હવે ગામના માણસોને ભાગવાની હિંમત જરા પણ રહી નહિ.

લુંટારાઓએ પડકાર કર્યો ખબરદાર ? જો કોઈ ભાગ્યા તો આ બંદુકુ તમારી સગી નહિ થાય જાઓ પેટી પટારામાં જે કંઈ રોકડ દાગીના હોય ઈ તરત હાજર કરો નહિતર જીવના જાશો ઠેબા મહેરે ત્રાડ પાડી બધાને સંભરાવી દીધું.

વંડી આડા છુપાઈને કેટલાક ખેડુત જોતા હતા અને તે બોલ્યા આતો ઠેબો મહેર! એણે પણ બરાબર વખત સાધ્યો અટાણે બધા ખેડુત સીમમાં છે ત્યાંજ પહોંચ્યો હવે આપણામાંથી કોઈ તેની સામો થાય એવો બે માથાવાળો કોણ છે ઉંડો નિશ્વાસ નાંખી ભગવાનનું શરણ લીધું ઠેબો આ બધું દૃશ્ય જોઈ ખડખડાટ હસ્યો એક જુલ્મગાર રાક્ષસ પોતાની સામે ખડો છે એવું ગામના લોકોનાં જોવામાં આવ્યું.

કેવદરા ગામે કાકાભાઇએ ઠેબા મહેરને સમજુતી આપવા અને

સુલેહ શાંતિ જાળવવા માટે બોલાવ્યો હતો, અને એ વાતચિતમાં સમાધાન થવાને બદલે ડેબો મહેર હઠે ચડયો મહેવાણ ગામમાં મઈઓની વસ્તી વધારે એ જાત જોરદાર અને હિંમતવાન હોવાથી એની હાજરીમાં એ ગામ લૂંટયું હોત તો ડેબા મહેરને મુશ્કેલ પડત પણ એની ગેરહાજરીમાં એણે લાગ જોઈને પોતાની ઈચ્છા પુરી કરી.

ડેબા મહેર સાથે હથિયારબંધ ત્રણસો મહેરો હતા તેણે ગામને પાદર આવી ગામના લોકોને ત્રાસ બેસાડવાને બંદુકોના અવાજ આકાશમાં કર્યા આ અવાજથી ગામમાં કોઈ શુરવીર પુરૂષ હોય તો તે ઘરમાં કદી બેસી ન રહે અને મેદાને આવી સામનો કરે અને એવા કોઈ જો આવે તો પહેલાંથી તેને પાડી લેવાં એ ઇરાદાથી આ બંદુકોના અવાજ કરવામાં આવ્યા હતા બહારવટિયાઓ ઘણે ભાગે ગામના શુરવીરોને અને હથીયારવાળાને પહેલાથી પાડી લીએ છે કારણકે એનો રસ્તો સરળ બને. ડેબાએ પણ આવતાં વેંત તેમ કર્યું અને લુંટ કરવાનો માર્ગ સાફ કર્યો.

ડેબાને તુરતમાં સમજાયું કે ગામમાંથી કોઈ સામે થાય એવો જોવામાં આવતો નથી એમ જાણી સાથીદારોને ગામ લુંટવાની આજ્ઞા કરી.

માણસો જ્યારે ન્યાય અને નીતિનો રસ્તો ભુલી સ્વાર્થ અંધ બને છે ત્યારે ગરીબોના પોકાર કે આર્તનાદ સાંભળતાં છતાં તેનાં હઇયાં વજ્ર જેવા કઠોર બને છે એ પ્રમાણે આંહી પણ બાઈઓના અને બાળકોના તરફ ધ્યાન ન આપતાં લૂટનું કામ ચલાવ્યું ડેબાને તો એકજ ધુન હતી કે રાયજાદો કાકોભાઈ પારકાંના દુઃખ હરવાનો ફાંકો રાખે છે તો હવે તે શું કરી શકે છે તે જોઈએ આવા

વિચારોના તરંગોમાં ન્યાયનો માર્ગ મુકી ગરીબ અબળાઓની પાસેથી પણ જે કંઈ મળ્યું તે લઇ લીધું અને એવા ગરીબો પાસેથી પણ લઇ લેવામાં એક પ્રકારનો આનંદ માનવા લાગ્યો આખા ગામમાં દરેક ઘેરેથી મનગમતી લુંટ કરી ગામને તળિયા ઝાટક કરી ઠેબો મહેર પોતાના ત્રણસો માણસ સાથે હોંશભર્યો પોતાને માર્ગે પડયો લુંટારા ગયા અને ગામના માણસોના જીવ ખોળિયામાં આવ્યા પોતાનું સર્વસ્વ લુંટાઈ ગયું જોઈને રોતા કળકળતાં પોતપોતાના આદમીઓને ખબર આપવાને ખેતરે પહોંચ્યાં.

મઇયાઓએ આ વાત સાંભળી પોતાનો જીવ ઉડી ગયો હોય એમ ઘડીભર થયું આખું ગામ લુંટયું ? આ સવાલ પોતાના દીલમાં વખતોવખત ઉઠતો અને તેથી તેના ખેદનો પાર રહયો નહિ.

ગરીબનો બેલી રાયજાદા કાકાભાઈ અમારી મદદે જરૂર આવશે એ આશાએ દોડતા દોડતા કેવદરા ગામે આવ્યા અને કાકાભાઇને ખબર આપ્યા.

કાકાભાઈ માંગરોળ ન જતાં પોતાના શુરા રજપુત ભાઈઓને લઈ ઠેબાને ધુળ ચાટતો કરવા માટે તુરત રવાના થયો.

કાકાભાઇ પોતાના શુરા સોબતીઓ સાથે ઘોડાઓને પુરપાટે દોડાવ્યા જાય છે ત્યાં રસ્તામાં બે માર્ગ આવતાં પોતાના ઘોડાને રોકી આ બેમાંથી કયે મારગે મહેરો ગયા હશે એ વિચાર આવ્યો સામેથી એક વટેમાર્ગુને આવતાં જોયો નજીક આવતાં તેને પૂછ્યું અલ્યા તું કયે મારગે આવ્યો ?

બાપુ ? હું માળના માર્ગેથી આવ્યો બાપુ ? કડછનો ઠેબો મહેર ત્રણસો માણસો સાથે માળમાં થઈને જાય છે.

બહુ સારૂ એ ભાગીને કયાં જશે રાયજાદાએ જવાબ વાળ્યો.

રાયજાદાએ રજપુતોને પડકાર કર્યો જુવાનો તમારા ઘોડાંઓને છુટથી જાવા દીઓ હમણા જ એને પકડી પાડીએ ભાર શું છે એનો કે આપણી પાસેથી ઇ હવે છટકી જાય?

જુવાનોને આજ્ઞા મળતાં જ ઘોડાંઓની લગામો ઢીલી મુકી પુરપાટમાં ઘોડાઓને મુકયા.

કેશોદ ગામે આવતાં મહેરોનો ભેટો થયો પુરપાટથી દોડતા આવતા ઘોડાના ડાબડા તેમના ધમસાણથી ઉડતી આવતી ધૂળની ડમરીઓ અને ઘોડાંઓના નસ્કોરાને ફડડડ ફડડડ કરતા અવાજ સાંભળી દેબા મહેરને ખાત્રી થઇ કે દુશ્મન આવી પહોંચ્યો છે.

દેબાંએ ખુમારીમાં ને ખુમારીમાં આ સ્થળેજ એક બીજાનો હિસાબ ચુકવી લેવો એ વિચાર પર આવ્યો.

એનાથી ડરીને હવે જો ભાગું તો તો મારી જનેતા લાજે દેબાએ પડકાર કર્યો જુવાન મહેરો? વારો ઘોડાઓ ને પાછા આજ તો હવે આ જગ્યાએજ નકી કરીએ કાં કાકોભાઈ નહિ ને કાં હું નહિ જો જો મહેરોની લાજ ન જાય.

દેબા મહેરે પડકારો કર્યો કાકાભાઈ કેવા સારૂ વગર જોતી ઉપાધી વહોરી લીયેછ તારા સીમાડામાં હું આવ્યો નથી ને વગર કારણે મારા જેવા મર્દની સામે આવીને મરવા કેવા સારૂ આવ્યો છ હજુ પણ કહું છ કે પાછો ફરી જા તો ઠીક.

લુટારાના સરદાર? તારૂં ડહાપણ હવે તારી પાસે રાખ હવે આજે મારા પંજામાં તું સપડાણો છે એટલે હવે ડહાપણનો ડોળ કરવા નીકળ્યો છે? હું આજે તારી શીખામણ સાંભળવા નથી આવ્યો પણ ગરીબોની મદદે આવ્યો છું મહેવાણ ગામ લુંટીને તે હાથે કરીને તારા મોતને આમંત્રણ આપ્યું છે. દેબા આ લુંટનો માલ બધો આંહી મને સોંપી દે જો તારે જીવવું હોય તો.

રાયજાદા ? ભાઈડાઓને મરવાની બીક હોય નઇ ? રાયજાદાઈ ઝાઝી વાતુ હવે કરવાની મુકી દઈએ અને હવે આવીજા મેદાનમાં પહેલો ઘા તારો આ શબ્દો બોલતાં ઠેબાએ પોતાની મુછોને વળ ચડાવ્યો કાકાભાઈ લુંટનો માલ લેવો રેઢો નથી પડયો એ માલ તો માથા સાટે છે માટીઆઈ હોય તો લઈ લે માલ એમ કેમ માલ લઈ જા છ ઈ જોઇ લઇશ તારી હોશ હોઈ ઇ આજ પુરી કરી લેજે મને પણ આજ બરાબર લાગ મળ્યો છ તારા જેવું ડાભસુરીયું મને પણ ઘણીવાર નડયા કરે છ તી આજ કાટ કાઢી નાંખું આ શબ્દો બોલી ઠેબાએ મનની વરાળ કાઢી.

કાકાભાઈએ જોયું કે ઠેબો મહેર મીથ્યા અભીમાનમાં તણાતો જાય છે એટલે હવે કોઈ રીતે સમજે તેમ તો છેજ નહી એટલે હવે એને હું આજ બતાવી આપું કે રજપુત બચ્ચા સાથે વેર કરવાથી કેવાં કડવા ફળ મળે છે તેની આજ તેને ખબર પડે રજપુત જુવાનો તો કાકાભાઈની આજ્ઞાની રાહ જોઇનેજ ઉભા હતા.

શૂરા રજપુતો આજે તમારી રજપુતીની ખરી કસોટી છે ગરીબની વારે આવ્યા છે અને એવી વહારે આવતા મરવાનો વખત આવે તો એ મરણ પણ આપણને આનંદદાયક છે શત્રુ પક્ષ આપણા કરતાં જોરાવર છે એ મહેરો પાછા પગ ભરે તેમ નથી છતાં આપણા હાથે એક પણ મહેર જીવતો કડછે ન પહોંચે તેવી રીતે તમારી તલવાર મહેરો ઉપર ચલાવજો જ્યાં ન્યાય નીતી અને ધર્મ છે ત્યાં વીજય છે ઠેબા મહેરનો માર્ગ અન્યાયનો છે એટલે જરૂર આજે એની હાર છે માટે જુવાનો ચલાવો તમારી તલવારો અને દુશમનના મસ્તકો ધડથી જુદા કરો.

કાકાભાઈ એમ વાતુ કર્યેથી તમારા જુવાનોમાં પાણી ન હોય

તો અટાણે આવશે નહી અને એનામાં કેટલું પાણી છે ઈ હવે જોવાઈ રહેશે.

બંને પક્ષો તરફથી સામસામી તલવારો ખેંચાણી રજપુતો મરણીયા બનીને મહેરો ઉપર તુટી પડયા ઘોડાઓનું ધમસાણ મચ્યું ધુળની ડમરીયો ચડીયુ મારો મારો કાપો કાપોના પડકારાઓથી રણમેદાન ગાજી ઉઠયું સજાવેલી તલવારો સુર્યના પ્રકાશથી ઝગમગવા લાગી જમના નદીમાં જેમ કાચબાની ઠઠ જામી હોય અને યાત્રાળુ તેને ખાવાનું અનાજ નાંખે અને એ કાચબા આગળ વધવાની હરીફાઇ કરે તેવી રીતે બંને પક્ષમાં હરીફાઈ ચાલી ઘડીવાર મહેરો રજપુતોને હઠાવે ઘડીવાર રજપુતો મહેરોને હઠાવે સૈનકોની ઢાલો શત્રુના ઘા ઝીલવાને અને પોતાનું રક્ષણ કરવાને ઢાલોને આગળ કરવામાં આવતી હતી.

ઠેબા મહેરને નીરાત હતી કે મારી પાસે ૩૦૦) મહેર છે જેથી હમણાં રજપુતોને પાડી લેશું એમ ધારીને મહેરોને ઉશકેરવાને પડકાર કરી રહ્યો હતો કાકાભાઈ એક મર્દ બચ્ચો હતો ધર્મને ખાતર પોતાના વટને ખાતર આજે મરવાને તૈયાર બન્યો હતો જેથી પોતાની તાતા તલવાર દુશમન ઉપર વીંઝતો અને શત્રુદળને સંહારતો સંહારતો આગળ વધ્યો મરવું કાં મારવું આ જેનો નીશ્ચય છે એવો કાકાભાઈ મહેરોને કાળરૂપ જોવામાં આવ્યો.

રજપુતો થોડા હતા છતાં પણ પાછા હટતા નહોતા શત્રૂના ઘા ઝીલતા ઝીલતા આગળ વધ્યા અને મહેરોને પાછા હટાવતા હતા અને ઘણા મહેરોનો સોથ વાળ્યો.

ઠેબાએ જોયું કે મારા સાથીદારો નાહીમત બન્યા છે અને પાછા હટતા જાય છે એને એનું જીવન વહાલુ લાગ્યું છે જીવવાના મોહથી

તેઓ બરાબર લડતા નથી પણ અત્યારે એ ભુલે છે મહેરો હઠતા હઠતા મહેવાણ ગામની સીમ સુધી આવ્યા.

કાકાભાઈએ જોયું કે રજપુતો મરણીયા બન્યા છે અને મહેરો પાછા હઠે છે એ જોઇ કાકાભાઈએ પોતાની ઘોડી ઠેબા મહેર તરફ કુદાવી અને પડકાર કર્યો ઠેબા રામનું નામ છેવટ લઈ લે હવે તારૂં મોત હું નજરે દેખું છું.

ઠેબા મહેરના સોબતીયો પણ બચવાનો લાગ શોધવા લાગ્યા ઠેબા મહેરને પણ એમ થયું કે જો અત્યારે આંહી બચી જવાય તો વળી બીજી વખત પુરતી તૈયારી કરી કાકા ભાઇનો હીસાબ લેવો પણ કાકો ભાઇ એમ એને છટકવા દીએ તેમ ન હોતો.

શેખમીયાએ મોકલાવેલ પઠાણ પણ કાકાભાઈના રક્ષણ માટે સાથે ને સાથે ઉભો છે અને કાકાભાઈના ઉપર તથા પઠાણ ઉપર મહેરોની તલવારના ઘા ઘણા પડયા છતાં બંને જણ અડગપણે ઠેબા મહેરનો સામનો કરી રહ્યા છે કાકાભાઈએ પઠાણ ગફુરને કહ્યું કે તું મહેરબાની કરી ચાલ્યો જા ભાઇ તું એક શુરવાર બચ્ચો છે છતાં પારકી થાપણ કહેવાય ! જનાબ. માફ કરો પઠાણ બચ્ચો મોતથી ડરીને માલીકના મીત્રને મોતના પંજામાં મુકીને ચાલ્યો જાયજ નહી મારા પ્રાણ જાય તો ભલે જાય પણ તમને મુકીને તો જઇશ નહી કાકાભાઇ દુશમન છટકી ન જાય તેનું ધ્યાન રાખ.

ઠેબા મહેરે જાણ્યું કે હવે આમાં બચવાનો ઉપાય નથી એટલે છટકવાનો લાગ શોધતો હતો કાકાભાઈ પઠાણ સાથેની વાતચીતમાં પડયો અને ઠેબો મહેર ભાગ્યો.

કાકાભાઇએ પડકાર કર્યો ઠેબા તારા જેવો મર્દ માણસ ભાગે એ ઠીક ન કહેવાય આ તને શોભતું નથી તને તારો જીવ આટલો વહાલો

હશે એની મને આજ ખબર પડી ડેબા હવે ભગાશે નહી હવે તો કાં તું નહી કાં હું નહી. ડેબાએ પોતાનો ઘોડો પાછો ફેરવ્યો અને ઓચીંતો કાકા ભાઈ ઉપર તલવારનો જોરથી ઘા કર્યો કાકભાઈએ ડેબાની તલવારનો ઘા ઝીલ્યો અને તરતજ ડેબા મહેર ઉપર પોતાનો ઘોડો નાંખ્યો ડેબો પણ એમ ગાંજ્યો જાય તેમ નહોતો તેણે પોતાનો ઘોડાને પાછો હઠાવી લીધો બંનેના ઘોડા સામસામા થયા અને સામસામી તલવારની ઝપાઝપી ચાલી એક બીજાના કાળ હોય તેમ તલવારોના ઘા ઝીકવા લાગ્યા બંને જણ પોત પોતાની મદાઇ બતાવવાની કોશીશ કરી રહ્યા હતા.

ડેબો મહેર પણ મરણીયો બન્યો અને કાકાભાઇને હમણા પાડી લઉ એ આશાએ પોતાની બધી હીમત અને યુક્તી અજમાવવી જોઇ પણ કાકો ભાઇ એમ ડેબાના ઝપાટામાં આવે તેમ ન હોતો ડેબાનો ઘા ચુકવી એ પોતે એવા તો તલવારનો ઘા કર્યો કે ડેબાના હાથમાંથી તલવાર ઉડી જમીન ઉપર જઇ પડી.

ડેબા મહેરે ઘોડા ઉપરથી છલંગ મારી કાકાભાઈને વીંધી નાંખવાને પોતાનો ભાલો કાકાભાઇ ઉપર ફેંકયો કાકાભાઇની પાસેજ પઠાણ તેના રક્ષણ માટે તૈયાર હતો કાકાભાઈની છાતીમાં ભાલો ન ખુતે તે પહેલાં તો પઠાણે ભાલું ઝીલી લીધું અને દુર ફેંકી દીધું ડેબા પાસે તલવાર કે ભાલું ન રહ્યું એમ જ્યારે કાકાભાઇના જોવામાં આવ્યું ત્યારે કાકાભાઇએ ઓચીતું ડેબા ઉપર ભાલું ફેકયું અને ડેબા મહેરની છાતી વીંધી! શાબાશ મેરે માલીક પઠાણના મોઢામાંથી ઉદગારો નીકળ્યા સો રજપુતોમાંથી ફક્ત વીશ રજપુતો બચ્યા છતાં ડેબા મહેરને રણમાં રોળ્યો.

કાકાભાઇના શરીર ઉપર સાત ઘા પડયા હતા છતાં પણ તે શુદ્ધીમાં હતો મહેવાણ ગામ લુંટીને જે માલ મહેર લોકો લઈ

આવ્યા હતા તે બધોય પાછો મેળવી મહેવાણના મૈયા લોકોને પાછો સોંપ્યો અને તેના અંતરના આશીર્વાદ મેળવ્યા.

તમે પણ રંગ રાખ્યો કાકાભાઈ! કેઆ મહેર જેવા વીર પુરૂષને માર્યો એ કંઈ નાની સુની વાત ન કહેવાય એમાં શું મોટી વાત! રૈયતને રંજાડનારને શીક્ષા કરવી એ આ આપણો ધર્મ છે નાં? કેઓ મહેર તો ગયો પણ હજુ તેનો મીત્ર દાદો ખુમાણ છે એ રઇયતને રજાડયા વીના રહેશે નહી.

કાકા ભાઈ હવે તો એવી પારકી ઉપાધી વહોરી લેવાનું રહેવા દીઓ.

પીઠાત મેં તો મારૂં જીવન ગરીબોને મદદ કરવામાં અને દુષ્ટ લોકોનો નાશ કરવામાં ગાળ્યું છે ખુમાણ ભલે મારી રઇયતને રંજાળે કે અડખે પડખેની રઈયતને દુઃખ આપે અને એ વાત હું જાણું છતાં આંખ મીચામણાં કરૂં તો તો મારી જનેતા લાજે.

કાકાભાઇ હમણા એ વાત વીસારે નાંખો હજુ તો યુદ્ધમાં તમે ઘવાએલા છો શરીરના ઘા રૂઝાણા નથી પડદે પડયા છો ત્યાં એ ઉપાધી કરવી મુકી દીઓ મને આ વાતને ખબર પડી એટલે તમારી પાસે હું દોડી આવ્યો મને એમ થયું કે એક સ્નેહી તરીકે મારી હાજરીથી કાકા ભાઈને શાંન્તિ મળશે પણ તમે તો પડદે પડયા પડયા પણ હજુ દાદા ખુમાણ સાથે યુદ્ધ કરવાના વીચારો કરી રહ્યા છો.

ત્યારે તું એમ માને છે કે હું આવો જખમી થયો તેથી સ્ત્રીઓની માફક સંતાપ કરતો હઈશ આ તો સાત ઘા છે પણ ચાળણીની માફક મારૂં શરીર ભાલાથી વીંધાઈ ગયું હોય છતાં દાદા ખુમાણ મારી ઝપેટામાં આવે તો તો એને જીવતો મુકુ નહી.

પીઠાત દાદો ખુમાણ હમણા કયા હશે એનો પત્તો મેળવી આપીશ.

કાકા ભાઈ એનો પત્તો તો હું તુરત મેળવી આપીશ પણ આવા ઝખમવાળા શરીરે જો તમે તેની પાછળ પડશો તો પરીણામ સારૂં નહી આવે તમે મારા મીત્ર છો એટલે સાચી સલાહ આપવી મારો ધર્મ છે.

પીઠાત પરીણામ જે આવવાનું હોય તે ભલે આવે બાયલાની માફક પથારી પડ્યા પડ્યા મરવું તે કરતાં તો શત્રુની સામે ઉભીને સામી છાતીએ ધા ઝીલતા અને લડતાં મોતને ભેટીએ તો શું ખોટું રજપુત બચ્ચાનાં મોત તો એવાંજ હોય.

કાકાભાઈ હું તેનો પતો મેળવવા જાઉ છું પણ હું આંહી ન આવું ત્યાંસુધી તમારે ઘર બહાર પગ ન મુકવો.

પીઠાત મનમાં ને મનમાં કાકાભાઈના વખાણ કરતો કરતો દાદા ખુમાણની શોધમાં નીકળ્યો.

પોરબંદર તાબાના કડછ ગામના ચોરામાં મહેર દાયરો બેઠો છે દાદોખુમાણ પણ પોતાના મીત્ર ઠેબા મહેરના મરણના સમાચાર થતાં ખરખરો કરવા આવેલ છે.

ઓલ્યો કાકો ભાઈ જોને મોટી પરદુઃખ ભંજનના પુછડી થઈ બેઠો છે એની પોતાની વસ્તીને જો લુંટતા હોય અને ધમપછાડા કરતો હોય તો તો જાણે ઠીક પણ બીજાની રઈયત લુંટીએ એમાં જાણે એના બાપનો લાડવો કેમ લુંટાઈ જતો હોય એમ જ્યારે ને ત્યારે આડે આવીને ઉભો જ હોય દાદા ખુમાણે મહેર દાયરામાં આ પ્રમાણે વાત મુકી એ આડખીલી દુર કરવા સારૂ તો આપણા ઠેબા ભાઇએ તેની સામે જંગ જમાવ્યો હતો પરંતુ પરીણામ ધાર્યા કરતાં

ઉલટું આવ્યું અમારા કેઆ મહેર મરાણા એ વાતનો તો અમને ખટકો છે જો કે મરદોનાં મોત તો એમ થયા કરે પણ ઇઅદલો લીધા વીના તો સખ થાય એમ નથી.

મહેર જુવાનો એમ મનમાં ઓછું આણ્યે કંઇ વળવાનું નથી. તમારા મુરબ્બી અને મારો મીત્ર કેઆભાઈનું વેર વાળ્યા વીના તો હું રહેનાર જ નથી એમ નકી માનજો અને આજ હું એ વેર લેવાની પ્રતીજ્ઞા કરૂં છું કાંતો કાકોભાઈ રાયજાદા નહીતર કાં દુનીયા ઉપર હું નહી મહેર ભાઇઓ દાદા ખુમાણની પ્રતિજ્ઞા સાંભળીને ચમકયા અને વીચાર કરવા લાગ્યા કે દાદો ખુમાણ પોતાના વટને ખાતર અને દોસ્તીને ખાતર કેઆભાઇના જેમ રખે હોમાય જાય દરેક મહેરોએ આ બાબતમાં પોતાની ફરજ કેવી રીતે બજાવવી અને કેવી રીતે દાદા ખુમાણની પ્રતીજ્ઞા જળવાય એ બાબતની મસલત કરવા લાગ્યા.

દાદા ખુમાણ હમણા તો દુશ્મન પડદે પડયો છે. એટલે આપણને આપણું ધાર્યું કરવામાં સુગમ પડશે અને આ બાબતમાં આ વેરનો બદલો કેવી રીતે લેવો એનો રસ્તો કાઢો મહેરો બોલ્યા.

મહેરભાઇઓ જુઓ મારૂં તો એમ ધ્યાન બેસે છે કે કાકાભાઇ રાયજાદો સાજો થઈને વધારે તૈયાર થાય તે પહેલા આપણે એક ગામ ભાગવું. એટલે એ જખમી હોવા છતાં પણ આપણી સામો આવશે અને પોતાના મોતને નોતરશે દાદા ખુમાણે દુશ્મનનો નાશ કરવાનો રસ્તો બતાવ્યો.

સઘળા મહેરોને એ વાત ગમી ગઇ કડછના મહેરોમાંથી રાયજાદા કાકાભાઈ સાથેના યુદ્ધમાં કેટલાક જુવાનો કપાઇ ગયા છતાં કેબા મેરનું વેર લેવા અને તેના મીત્ર દાદા ખુમાણની મદદમાં ઉભવામાં પોતાનો ધર્મ જાણી દાદો ખુમાણ જયારે તૈયાર થાય ત્યારે એક ગામ

ભાંગવાનું નક્કી કર્યું અને બધાનો મત મળતાં ભંડોરી ગામ ભાગવા માટે દાદા ખુમાણ તથા તેના માણસો અને કડછના મહેર જુવાનો ભંડારી ગામ ઉપર તુટી પડયા ભંડોરી ગામની રૈયતને લુંટીને ત્રાસ વરતાવી કાકાભાઈ પાસે રાવ લઈ જવાનો પડકાર કરી દાદો ખુમાણ ગર્વથી પ્રફુલીત બનતો ચાલતો થયો.

રાયજાદા કાકાભાઇના ઘા હજું રૂઝાયા નથી પડદે પડેલ છે. પણ આરામ થાય ત્યાં સુધી બીછાનામાં પડયા રહેવાનું કાકાભાઇના ભાગ્યમાં લખેલ નહોતું પીઠાત ગયા પછી તરતજ તેના તાબાનું ભંડોરી ગામના પ્રજાજનો કાકાભાઇ આગળ ફરીયાદ કરવા આવ્યા.

બાપુ ? ગજબ થયો તમે પડદે પડયા છો એટલે એ પ્રસંગનો લાભ લઈ દાદા ખુમાણે અમારૂં ગામ ભાંગ્યું.

ધોળા દીવસે તેઓએ ગામમા આવીને ધાડ પાડીં અને આખા ગામનું ધન લઈ ગયો અને જતાં જતાં પોતાનો કડપ બેસાડવા પ્રજાજનોને મારવામાં પણ બાકી રાખી નથી અને આગેવાન બોલતો હતો કે તમારો કાકો તો પડદે પડયો છે એટલે હવે હું જોઉં છું કે કોણ તમારી મદદે આવે છે આવી રીતે મેણાં મારતો અને મુછે વળ દેતો દેતો હસ્તે મોઢે પોતાના સાથીદારો સાથે ચાલતો થયો.

કાકો ભાઈ આ હકીક્ત સાંભળી ક્રોધથી સળગી ગયો રૂંવાડે રૂવાડે ક્રોધ વ્યાપી ગયોં પોતે પડદે પડયો છે ઘા હજુ રૂઝાણા નથી એનું પણ તેને ભાન રહ્યુ નહી અને પથારીમાંથી આવેશમા આવી બેઠો થવા જાય છે ઘરના માણસો ના પાડતાં છતાં પણ સફાળો બેઠો થઈ ગયો પોતાના ઢોલીયાની બાજુમાં ભીંતે લટકાવેલી ઢાલ તલવાર લઈ બહાર નીકળી ગયો દુશ્મનોએ કરેલા જુલ્મનો બદલો લેવાની ધુનમાં હવે કાકાભાઈ કોઈ રીતે પાછો નહી જ વળે એમ બધાંને લાગતાં તેના ઘોડા પર સજાઈ નાંખી તૈયાર કરીને ત્યાં લાવ-

વામાં આવ્યો આ દેખાવ જોઈ તેના માણસો પણ ઝપાટાબંધ યુધ્ધે ચડવાને તૈયાર થઇ ગયા.

આટલા પ્રદેશમાં કાકાભાઈ શીવાય કોઈ ગામ ધણી આંગળી ઉંચી કરી શકે તેમ નહી હોવાથી લુટ કરીને લીધેલા માલ સાથે દાદો ખુમાણ આનંદની લહેરમાં ધીરે ધીરે કુચ કદમ કરતો આગળ ચાલ્યો જાય છે તેને ખાત્રી હતી કે કાકાભાઈને ઘા પુરા છે તેથી આ પ્રસંગે બીછાનામાંથી ઉઠી મારી સામે આવી શકે તેમ છેજ નહી છતાં પણ મુર્ખાઈ કરીને જો આવે તો જખમી થયેલા રાયજાદાને સહેલાઇથી પાડી શકાય અને વેરનો બદલો બરાબર લેવાય. અને પોતાના કાર્યમાં નડતા કાંટાને સદાયને માટે દુર કરી શકાય આમ દાદા ખુમાણનું માનવું હતું પરંતુ દાદા ખુમાણની એ અટકળ ખોટી પડી દાદો ખુમાણ ખરખડીયા વોકળા પાસે પહોંચ્યો ત્યાં તો તેની પાછળ ઘોડાઓના ડાબલાના અવાજ સાંભળ્યા અને એ અવાજથી દાદા ખુમાણને ફાળ તો પડી કે જરૂર એ ટેકીલો ગામ ધણી પોતાની પાછળ આવી પહોંચ્યો લાગે છે. ક્ષણ માત્રમાં તેમણે પોતાના પોતાના સાથીદારોનો બચાવ કેમ કરવો એનો વીચાર કરી લીધો દાદા ખુમાણ સાથે મૈયા જાતના બંદુકચી હતા તેને પોતાની પાસે બોલાવીને કાનમાં કહ્યું કે તમો જલદી પેલા જાળાની ઓથે છુપાઈ જાઓ અને કાકાભાઈ ત્યાંથી નીકળે કે તુરત તેને બંદુકની ગોળીથી વીંધી નાંખજો.

આજ્ઞાને વશ થયેલા બંને બરકંદાજો પોતાની ફરજ બજાવવા ઝડપથી ચાલી નીકળ્યા અને જાળાની ઓથમાં છુપાણા અને ધીરેથી બોલ્યા કે આપણે કાકાભાઈને આપણા જનમારામાં જોયા નથી તો તેને ઓળખશું કેવી રીતે એને ઓળખવાની મોટી પંચાત થશે બીજો બોલ્યો કે ભાઇ તારી વાત સાચી છે તું કહેતો હોય તો ખુમાણને પુછી આવું.

હવે તું શું પુછવા જઈશ તારૂં કપાળ તારા કાકા તો બધાય આવી પહોચ્યા અહીંથી હવે જરાક પણ તું જો હલ્યો હલબલ્યો તો કાળનો કોળીયો થઇ ગયો સમજજે.

ચાલી ચલાવીને મોતને ભેટવા કોણ તૈયાર થાય એવા મરવા વાળા તો મર્દબચ્ચા બહુ વીરલા હોય બેઈ મીયા જાળાની અંદર છુપાઈ રહ્યા જોતજોતામાં એ ઘોડેશ્વારનું ટોળૂ જાળા આગળથી પસાર થઈ ગયું છતાં કાકાભાઇ કોને ગણવા એ ભાંજગડમાં બેઈ મીયા જોવામાં જ રહી ગયા અને બંદુકનો ભડાકો કરવા માટે તૈયાર કરેલી બંદુકો બેઈ જણના હાથમાં અખંડ રહી ગઇ.

દાદો ખુમાણ ખરખડીયા વોકળાને ઓળંગી જાય તે પહેલાં જ કાંઠા આગળ જ તેને કાકાભાઇએ પકડી પાડયો અને ખુમાણને પડકારો કર્યો. ખુમાણ ? એમ ઉભી પુછડીએ નાશી જવાય નહિ, થા ભાયડો ! અને આવી જા મેદાનમાં અને આ જખમી રાયજાદાના ઝપાટા જોઈ લે.

અલ્યા રાયજાદા થોડાકદી પથારીમાં આરામ તો લેવો તો હું જાણું છ કે તારા ઘા હજી રૂઝાણા નથી અને હમણા તું મારી સાથે લડીશ તો તને અબળખા ( મમતા ) રહી જશે કે ઘવાએલે ડીલે મારાથી ખુમાણ સાથે યુદ્ધ બરાબર થઈ શક્યું નહી વળી જગત મને મેણાં મારશે કે દાદા ખુમાણે ઝખમી થયેલા ઉપર ઘા ચલાવ્યો માટે બાપુ ભલો થઈ પાછો જા તારે તારી મોટીઆઇ બતાવવી હોય તો તું સાજો થા તયેં બેલાશક આવજે હું તઇયાર જ રહીશ ખુમાણ એ બધી વાત નાના ગીગલાને સમજાવજે હું તારી સાથે જીભાજોડી કરવા આવ્યો નથી હું તો તે ભંડોરી ગામ ભાંગ્યું તેનો હીસાબ ચુકવવા અને તેનો બદલો લેવા આવ્યો છ તારો મીત્ર ઠેબો મહેર તો તેના પાપનો હીસાબ ચુકવવા યમદ્વાર પહોંચી ગયો છે અને હવે તારા પાપનો

ઘડો પણ ભરાઈ ગયો છે આજ હવે નતે જીવતો જવા દઉં તો મારૂં નામ કાકોભાઇ નહી ચાલ તઇયાર થઇ જા.

કાકાભાઇએ ખોભજે ભરાવેલો ભાલો ઉપાડયો બંન્ને જણુ પોત પોતાના ઘોડાને કુંડાળે નાંખીને ભાલાથી યુદ્ધ આદર્યું.

બંને જણુ કુશળ ખેલાડી હતા એટલે કોઇ કોઇના ઘામાં ઘડીકમાં આવે તેવા નહોતા બંને જણુ ભાલાના યુદ્ધમાં નીષ્ફળ નીવડયા એટલે ઢાલ તરવાર લઇ બંને જણુ ખડગ યુદ્ધ કરવા તત્પર બન્યા તરવારના દાવમાં પણુ બંને જણુ પારંગત હતા એક બીજાથી કોઈ ઘડીકમાં ગાંજ્યા જાય તેમ નહોતા, એક બીજાને તુરતમાં પાડી લેવાની તાલાવેલી લાગી અને એક બીજાને થકવવાનો પ્રયાસ કરી રહ્યા હતા રાયજાદાને એમ લાગ્યું કે નાહક આમાં વખત વધારે જાય છે મારે તો તુરત ફેંસલો કરવો છે કાં હું નહી ને કાં ખુમાણુ નહી રાયજાદાએ ચપળતા પુર્વક ખુમાણુનો ઘા ચુકવા ખુમાણુ ઉપર એવો તો ઘા કર્યો કે એકજ ઘાથી જાણે હમણાં જ દાદા ખુમાણુનું મસ્તક ધડથી જુદું થઈ જશે રાયજાદાની વીરતાથી દાદા ખુમાણુના માણુસો તથા મહેરોએ કાકાભાઈને તુરતમાં પાડી લેવાનો નીશ્ચય કર્યો ખુમાણુના પ્રાણુ હરનારને આંહીજ પુરો કરી નાખવા નકી કર્યું અને ક્રોધના આવેશમાં દુશ્મનો ઉપર તુટી પડયા રાયજાદાના માણુસો આ મરણીયા થયેલા મહેરોને જોઈને હડી ગયા અને મહેરોએ અને કાકાભાઈએ જોયું કે અટાણે બરાબર ખરાખરીનો ખેલ છે જરા પણુ જો ઢીલા પોચો બનીશ તો જરૂર દુશ્મનો મને પાડી લેશે પોતાને લાગેલા ઘાની પણ વધારે પીડા થવા છતાં તેની દરકાર ન કરતાં શરીરમાં કંઈ જખમ નથી જ એવું મનોબળ વધારીને મરણીયો બની છેવટનો પ્રયાસ કરી લેવા તઇયાર બન્યો અને ભુખ્યા વાઘના જેમ મહેરો ઉપર અને ખુમાણુના માણુસો ઉપર તુટી પડયો પોતાના માણુસોને હુકમ કર્યો

અને પોતે પણ જેમ ઘાંસ વઢાતું હોય તેમ દુશ્મનોના માથાં કાપવા લાગ્યો અને પક્ષના માણસોના મસ્તક ધડથી જુદાં પડવાં લાગ્યા. કાકોભાઈ શત્રુના હાથમાં ઘેરાઈ જશે એવી બીકથી તેમાંથી નીકળવા તલવારને ચારે બાજુ વીંઝતો બહાર નીકળી ગયો અને પોતાના માણસોને લઈ એક સામટો ખુમાણ ઉપર તુટી પડયો મહેરોએ પડકારો કર્યો કે જુવાનો હમણાં જ કાકાભાઈને અને એના માણસોને એક એકને વીણી લેવા છે આગળ વધો અને દુશ્મનોને ઘેરી લીઓ આ આપણો છેવટનો દાવ છે મહેરો જોરમાં આવ્યા બરાબર આ વખતે કાકાભાઈ ભીંસમાં હતા ત્યાં એકાએક પીઠાત પોતાના માણસોને લઈને કાકાભાઈની મદદે પહોચ્યો અને દુરથી પડકાર કર્યો કાકાભાઈ હીમત રાખજો આવી પહોચ્યો છું કાકાભાઈ બોલ્યા પીઠાત અત્યારે ખરે વખતે તું આંહી કયાંથી ?

દાદા ખુમાણનો પતો મેળવવાને માટે કાકાભાઈને વચન આપી પીઠાત પોતાના ગામ હાટીના માળીયા ગયો ત્યાં તેને ખબર મળ્યા કે દાદો ખુમાણ તો કાકાભાઈના પ્રદેશ તરફ ગયેલ છે પીઠાત જાણતો હતો કે કાકાભાઈ એક વીર પુરૂષ છે અને દાદો ખુમાણ તેની હદમાં આવ્યો છે એવી ખબર પડશે તો અણરૂઝયા ઘાએ પણ તેનો પીછો લેશે માટે આવું સાહસ કરતો અટકાવવા તે મારતે ઘોડે કેવદરા આવ્યો પણ ત્યાં તો તેને ખબર મળ્યા કે કાકાભાઈ તો થોડાં માણસો સાથે દાદા ખુમાણની પાછળ ચડયો છે. પીઠાને જરાપણ વખત ન લગાડતાં જે રસ્તે કાકોભાઈ ગયેલા તે રસ્તે પોતાના માણસો સાથે ઉપડયો.

પીઠાતને માણસો સાથે મદદમાં આવેલો જોતા દાદો ખુમાણ ઢીલો પડયો તેને ખાત્રી હતી કે પીઠાતનાં માણસો તથા કાકાભાઈના માણસો મળીને અમારા માણસોનો જરૂર સોથ વાળશે માટે કંઈ

યુક્તી કરી અહીથી છુટી જવાય તો સારૂં પણ એમ કરતાં તો પોતાના મીત્ર ડેબા મહેરને મારનાર કાકો ભાઇ જીવતો રહી જાય એ પણ કોઇ રીતે રૂચતું નહોતું એટલે જાળીમાં છુપાઈ રહેલા મૈયાને ઇશારો કર્યો કે જોજો હવે કાકો ભાઈ જીવતો જવા ન પામે આમ બોલીને દાદો ખુમાણ ચાલી નીકળ્યો કાકો ભાઈ પણ ઝખમી બહુ થયેલા હોવાથી શત્રુની પીઠ પકડવાનું વ્યાજબી લાગ્યું નહીં જેથી કાકા ભાઇ પીઠાત સાથે પાછા ફર્યો.

કાકાભાઈ તમો તો બહુ ઉતાવળીયા આવતી વખતે એકલા ચાલી નીકળ્યા પણ વળતી વખતે પણ એકલા ચાલ્યા જવું હતું કે શું ? પીઠાત બોલ્યો નારે નાં ભાઈ પીઠાત આ ઉભો રહ્યો હવે હું આગળ ન ચાલતાં બંનેના ઘોડાં સાથે રાખી ચાલશું પછી કંઇ એ વાત પુરી ન થઇ ત્યાં તો જાળીમાંથી બે બંદુકોના અવાજ થતાં સનનન કરતી બે ગોળીઓ છુટી અને બુમ પાડી ઘોડા ઉપરથી કુદકો માર્યો અને કાકા ભાઇ પાસે આવી પહોંચ્યો.

પીઠાત આવ્યા પહેલાં તો કાકા ભાઇ ઉઠયા અને મ્યાનમાંથી તલવાર ખેંચી અને જાળાની પાછળ જઈને નાશી છુટવાની તક જોતા બંદુકચીઓને ફરીવાર બંદુક ભરવાનો સમય ન આપતા તલવારના ઘાથી ત્યાંજ પુરા કર્યા.

બંદુકવાળા કાકાભાઈને ઓળખતા ન હોતા પણ પીઠાતની વાતચીત ઉપરથી ઓળખ્યા અને ગોળીથી વીંધી નાંખ્યો તે કાકો ભાઈ છે એમ ખાત્રી થતાં પોતાનું ધારેલું કામ પાર પડયું એમ જાણતાં મરતા મરતા પણ પોતાના દીલને સંતોષ માન્યો.

પીઠાતે જોયું કે કાકા ભાઈને બંદુકની ગોળી પુરી લાગી છે હવે બચી શકે તેમ નથી કાકાભાઈનું મૃત્યુ નજીક છે એમ જોતાં પીઠાત અફસોસ કરવા લાગ્યો.

છેલ્લા શ્વાસો શ્વાસ લેતો રાયજાદો બોલ્યો પીઠાત? એમાં અફસોસ કરવો હોય નહી રજપુત બચ્ચાને મરણનો શોક હોયજ નહી ગરીબ પ્રજાને રંજાડનાર ઠેબા મહેરને અને દાદા ખુમાણને મેં માર્યા એટલુંજ નહી પણ દગાથી મારનાર બંદુકચીઓને પણ મેં મરણ શરણ કીધા છે એટલે હવે મને કોઈ જાતની તૃષ્ણા રહેતી નથી. વીરનરને શોભે એવું મૃત્યુ યુદ્ધમાં થાય એવાં ભાગ્ય ક્યાંથી રંગ છે રાયજાદા પીઠાતના મુખમાંથી ઉદગારો નીકળ્યા.

**તારાચંદ્ર પોપટલાલ અડાલજા**

---

# જેઠવા મહારાણાને ખાતર મહેર ભીમનાં બળીદાન

વી. સ. ૧૬૩૦ ના વર્ષમાં જામનગરની ગાદી ઉપર જામ સતાજી બિરાજતા હતા જેઠવા કુંવર રામદેવજીનું ખુન થયું અને દસોંદી કાળીદાસ લાગાને અપાયેલા વચનનો ભંગ થવાથી દસોંદી કાળીદાસના અઢાર દેવી બાળકોના ભરખ લેવાણા અને સાથે સાથે જેઠવા રાણાની સરહદ દીન પ્રતિદિન જામ સાહેબ દબાવવા લાગ્યા. અરબી સમુદ્ર અને બરડા ડુંગરનો પ્રદેશ જામ સતાજીએ કબજે કર્યો અને પોરબંદરની બાજુનાં ગામ ઓખીરા સુધી જામનગરની હદ બનાવી! મહારાણા ભાણ જેઠવાના મંદવાડ પછી રાજમાતા કલાંબાઇ તેના બાળ કુમારના રક્ષણ માટે રાણપુર ગામનો ત્યાગ કર્યો.

ટીંબી ગામે આવ્યા અને ત્યાંથી રાજકુટુંબના રક્ષણાર્થે સોઢાણા ગામે આવ્યા પણ જામ સાહેબની બીક તો માથે જ ઉભી હતી રાણા ભાણજીનું શરીર કેટલાક રોગથી નબળૂં થતું જતું હતું દમની વ્યાધિ તો વિશેશ હતી એટલે સોઢાણાથી ઓખીરાની ખાડીની દક્ષિણ બાજુમાં ત્રણ વડના જુથવાળી એક વાડી હતી ત્યાં પોંતાના કુટુંબ સહિત આવ્યાં, દેવની ગતિ વિચિત્ર છે.

મહારાણાનો દેહ આ જગ્યાએ પડવા સરજાયેલ હશે એટલે આ જગ્યાએ તેમનો સ્વર્ગવાસ થયો.

આ વખતે જેઠવા મહારાણાનું રાજ્ય ઘટી ગયું અને બોખીરાવ સુધી જામસાહેબે કબજો લઈ લીધો છતાં રાજમાતા કલાંબાઈ અતિ ધૈર્યવાન હતાં બુદ્ધિવાન હતા. વિપત્તિઓમાં પોતાની હિંમત ગુમાવી બેસે તેવાં નબળાં મનનાં નહોતાં. રાજમાતા ઉપર મુશકેલીનો સમય આવ્યો છે એવું ઓડદરના મહેરોના જાણવામા આવ્યું અને ઓડદરના મહેર આગેવાનો રાજમાતાને આવીને મળ્યા અને ઓડદર આવવા માટે આગ્રહ કર્યો. રાજમાતાએ સમયને વર્તીને તેમજ મહેરોનો પ્રેમ ભરેલો અતિ આગ્રહ જોઈ ઓડદર આવવાને હા પાડી.

ઓડેદ્રા મહેરોએ ઓડદર ગામમાં રાજમાતાને રહેવા માટે પોતાના મકાનો ખાલી કરી આપ્યાં અને રાજમાતા તથા તેના ભાયાત જેઠવા મીયાજીને તથા જેઠવા બખલજી તથા કરણજીને સં. ૧૭૦૨ માં રહેવા આપ્યાં મહેરોયે કહ્યું કે રાજમાતા તમે જરા પણ ફીકર કરશો નહિ અમારા ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી તમારો વાળ પણ વાંકો થવા દેશું નહિ આ બાળ કુંવર અમારા શિરને સાટે છે.

રાજમાતા બોલ્યાં કે ભાઈઓ તમે તમારા સાચા દિલથી મને આશ્વાસન આપો છો જેથી મારા દીલમાં ઘણી શાંન્તિ થાય છે તોપણ મને મારા ભાઈ જામ સતાજીની રાત્રી દીવસ ફીકર તો રહ્યા કરશેજ કારણ કે મારા પર વીપતીનાં વાદળો તો આ સમયે ઘેરાએલાંજ છે. મહેરોએ રાજમાતાની પારાવાર મુશ્કેલી નજરે જોઈ સર્વ મહેરોએ વીચાર્યું કે રાજમાતા આવી રીતે મુશકેલીમાં દીવસો વીતાવે અને આપણે એ નજરે જોયા કરીએ એમ તો કેમ બને અત્યારે આપણે ત્યાં છે તો આપણો ધર્મ છે કે રાજમાતા માટે તથા તેમણે ગુમાવેલી ધરતી પાછી મેળવવા માટે આપણાથી બનતું બધું કરી છુટવું જોઇએ.

મહેર ભોમમાં હાકલ પડી અને મહેર ભોમ ભેળી થવા માંડી ત્રણસો ચુનંદા મહેર જુવાનો તો બાળકુમારનાં અને રાજમાતાના રક્ષણ માટે હથીયારબંધ સજ્જ થઈ પાસે રહેવા લાગ્યા જામ સાહેબે લઈ લીધેલું રાજ્ય પાછું કેવી રીતે મેળવવું તે બાબત સર્વ મહેરાએ એક મત મેળવીને જામના લશ્કર પર ચડાઈ કરી ગુમાવેલ પ્રદેશ પાછા સર કરવા નકી કર્યું.

જામ સતાજીના ભાઇ ખેંગારજી બાર ગામ લઇ તે નગરથી ઉતરેલ તેના મુખ્ય ગામ રાવલ ઉપર મહેરા ઓચીંતા ત્રાટકયા. ખેંગારજીના બાર ગામ પહેલાંથી લઇ લેવાનો હેતુ એ હતો કે કુંવર રામદેવજીને મરાવી નાંખવામાં ખેંગારજીનો હાથ મુખ્ય હતો. રાવલના ગઢને મહેરાએ ઘેરો ઘાલ્યો ખેંગારજી ગઢમાં હતા કોઠા પર ચડી ગયેલા તે હેઠા ઉતરતા નહોતા ત્યારે તેના ચારણે પડકારો કર્યો કે જામનગરની ગાદી ઉપર તો ભડવીર પુરૂષો પાકતા આવ્યા છે એવા વીર જામના ભાયાત સંતાઈને કોઠામાં બેસી રહે તો તો જામની ગાદી લાજે ને ! ખેંગારને આ ચારણના વચન રૂપી કઠોર બાણો ખુચ્યા એ વચનના પ્રહારો એનાથી સહન થઈ શકયા નહી કોઠાથી તુરત નીચે ઉતર્યા અને ખુલ્લી સમશેરથી મહેરાનો સામનો કરવા મેદાને પડયા મહેરા તો વકરાએલા વાઘના જેમ ટાંપીને જ બેઠા હતા ખેંગારે પડકાર કર્યો અને કુદયો મહેરાએ સંબોસબ તલવારો ખેંચી અને ચારે બાજુથી ખેંગારને ઘેરી લીધો ચારે બાજુથી તલવારોની ઝપાઝપીમાંથી બચાવ કરતો કરતો મરણીયો થઇ ખેંગાર પોતાની તલવાર દુસ્મનો પર ચલાવવા લાગ્યો છેવટે મહેરાએ ખેંગારનું મસ્તક ધડથી જુદું કર્યું ખેંગારના માણસો હીમત હારીને ભાગ્યાં મહોરાએ રાવલ લુટયું ખેંગારના નગારા નીશાન મહેરાએ લઈ લીધા અને મહેર જુવાન બાખલે ખેંગારનું મસ્તક રાજમાતા કલાંબાઈ આગળ રજુ કર્યું.

બાખલ બીજીવાર ચડીયો સેલાવર ધણી,
ઝાંપે ઝુલણુહાર જોગ તલવારે જોધડા.

મહેરોને આટલેથી સંતોષ થાય તેમ નહોતો તેમણે રાજમાતાને વચન આપ્યું કે જામ સાહેબે લીધેલી ધરતી પાછી તને સોંપવી છે ચાર શાખના મહેરો કેશવારા, રીસોદીયા, રાજશાખા અને ઓડેદરા (સુમરા) મહેરોએ મળીને મહેરોનું મોટું સૈન્ય ભેગું કર્યું પુરતી તૈયારી કરીને બરડામાં જ્યાં જ્યાં જામની ફોજે થાણા નાંખીને પડી હતી ત્યાં ત્યાં તેમનો સામનો કર્યો અને અપાર પરાક્રમ બતાવી જામની સેનાને નસાડવા માંડયા ભારવાડા ગામની બાજુમાં ભાદ્રા-સુર નામની જગ્યાએં મહેરો અને જામનગરના લશ્કર વચ્ચે મોટી લડાઈ થઈ ચાંર શાખાના મહેરોમાંથી ૨૪૫૦ મહેરો સામે પગલે ચાલી લડાઈમાં મરાણા કેટલાક ઝખમી થયા, છતાં છેવટ મહેરોએં પોતાની વીરતાથી વિજય પતકા ફરકાવી.

જેઠવા બાળ મહારાણાને ખાતર જુવાન જોધ જેવા હજારો મહેરાએ આ લડાઈમાં પોતાના દેહનાં બલિદાન આપ્યાં.

જામ સાહેબે જેઠવા મહારાણાના દબાવેલા મુલક મહેરાએં સર કરી રાજમાતા કલાંબાઇને સોંપ્યો અને કહ્યું કે માતાજી આ તારૂં ગુમાવેલું રાજ્ય પાછું સંભાળી લે વળી કોંઈ એવી ભીડ પડે ત્યારે અમે તો તારી મદદમાં ઉભાજ છીએં.

ભાઈઓ તમે બધા મહેરાએં તથા રબારીઓએ બહાદુરી બતાવી તમારા મોતને આગમીને અમારૂં ગુમાવેલું રાજ્ય પાછું મેળવી આપ્યું છે. તેનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી કારણકે જામ સાહેબની પ્રબળ સત્તાને દાબી મારો મુલક પાછો કેમ મેળવવો તેની મને બીલકુલ નજર પડતી નહોતી આ

બધું તમારા અણમુલ માથાંઓના ભોગે જ બન્યું છે હવે મારી પણ એવી ઇચ્છા છે કે એક રાતમાં તમો જેટલા ગામને તોરણ બાંધી શકો એટલાં ગામ તમોને આપવા હું વચન આપું છું અને તે ગામનો તમે તથા તમારા વંશ વારસદારો સદાને માટે ભોગવો વળી તમારાંમાં જે અગ્રેસરો હોય તેમના નામો મારી આગળ રજુ કરશો એટલે એમને પણ પહેરામણી અને ઇનામ આપી યોગ્ય કદર કરીશ.

માતાજી તારી અમ ઉપર આટલી લાગણી છે ઇજિ બસ છે દીધું લીધું થોડું એઠું રીયે છે મહેરોએ જવાબ વાળ્યો.

તો પણ મારી ઇચ્છા છે એટલે મારૂં કહેવું તમારે માનવુંજ જોઈસે. રાજમાતા બોલ્યાં.

માતાજી તારી મરજી છે તો ભલે અમારી ચાર શાખમાં મોવડી તો જીવણો બોદાનો, નકો વીછાણો, અરજન સામરો, વેજો કારાવદરો. હરભમ કેશવારો, રીણો સીસોદીયો, ધાકો પરબતનો, મુંજો જીવણાનો, સુમરો, સવદાસ ખુંટી, જેસો, વજસી સાંગણ, રામકાનાનો મુંજાળ આટલા તો અટાણે હાજર છે કેટલાક તો સૌ સૌને ગામ પણ પહોંચી ગયા ઠીક ત્યારે જે હાજર છે તેને મારે જે આપવાનું છે તે આપીજ દઉં છું.

લીઓ આ સોળ મંદીલ, સોળ જણને માટે અને દરેકને ૫૦૦૦ કોરી ભેટ તરીકે આપું છું હવે તમે તમારે જાઓ અને ખુશીથી તોરણ બાંધો.

માતાજી આજ સુધી તો અમે પણ ઝાઝી ધરતીના ધણી હતા અમારે હતું તયેં ઘણું હતું. હવે અટાણે ઈ બધું કયાં યાદ કરવા બેસીએં એ તો સમો સમાનું કામ કર્યે જાય છે.

અત્યારે મહેરોનાં ગામ સોળજ રહ્યાં છે એમ કહેવાય છે કે

મહારાણા સુલતાનજીના વખતમાં કુંવર જન્મના ઉત્સવ પ્રસંગે પ્રેમજી કામદારે મહેરોને બોલાવ્યા ખુબ જમાડયા પોરસાવ્યા ફોસલાવ્યા અને કુંવર પછેડામાં ઘણા ગામ લખાવી લીધાં હશે કામદારે આ વખતે ચારણોને હાજર રાખ્યા નહિ એમાં પણ ખાસ કારણ હશે ગમે તેમ હોય પણ ચાલીસ ગામોમાંથી અત્યારે સોળ ગામ રહ્યાં છે.

જામ સાહેબના લશ્કર સાથે જે જે મહેરોએં વીરતાપૂર્વક આગેવાન તરીકે કામ કરી વિજય મેળવ્યો તેમના કવીત આહી લખેલાં છે.

## ( સુમરા રજપુત ) ઓડેદરા જીવણા ઓદાનું

## કવિત

સજે ગરંટા વકંટા થટાં હોય આગે રાગ સિંધુ
પછાડે ધકાવે લાવે જામરા પમંગ
વિજળે છાબળે ભડે ખાગસું ઓડેદરો
જીવણો સતાની આગળે દુસરો જેસંગ
હીલો હોળાં મેળે દળાં રાણારાહી સૈન્ય હાલે
મામલે મુકામણો ધણો અરીયાં કા માન
ઓદાણી હલવે ફોજાં રાવતાંકી સાંળ બંધે,
ધ્રમ ધ્રટાં કરે થટાં ઘોડે સું ધુફાણ
ન્યાં ચણંકે બંદુકાં તીર કોક બાણ નાળ છુટે
કરમાડા વહે ઝારા બાંધીને કંગલ
ઝાટકે ઝરોળે એમ સૈનિકોનાં ભાંગે જાડાં
નેજાળા ઝૂડાળા ધસે રાહોતા નવલ
હુંકળે બહુ બેહુ દળાં સામસામા મીટ હોવે
પડે લડે ઊઠે ધણા શત્રૂવાનાં પ્રાણ

રાડે આપણો નામ ચાર જગે વાત રાખી
જેતા હર જીતી આયો મામલો જોરાણ

---

સિંધુ—લડાઈ વખતે ગાવાનો રાગ
જામરા—જામ સાહેબનાં
પમંગ—ઘોડાંઓ
બેહુદળાં—બન્ને લશ્કર.
ખાગ—તલવાર
અરીયાં—દુશ્મનનાં
જાડાં—મોટાં

સોઢાણાનો વેજા કારાવદરાનું કવિત

ઊગે ધરામાં આદીત ગામ અડવાણે જામ આયો
લડવા ભડ કંઈક લાયો ભડવા લંકાળ
ધ્રુબકે જંજાળાં નાળાં કાહેરાંકાં હઈયાં ધ્રુજે,
ઝબાકા વિજળી કરે એસી ખગા ઝાળ
હોંકારે મરદાં જોર સહુકારા વજે હાંકાં.
કાહેરકું પડે ઢાંકા છુટીયાં કંઈ પ્રાણ
ધંધુણે ગેણાક ખાગ ઉઠીયો સોઢાણા ધણી
રાખવા ધણીરો પાણી અરી જમરાણ
ધમંકે પાખરાધટ ઘુઘરા અથાઓ ગાજે
વાજતા અથાઓ જેમ સીંધવા વખાણ
ભડંતે જામની ફોજા તરવારે કરી ભુકા,
પોવાડો સોઢાણા ધણી જાણે ધીર પાદશા
દમ ગળાં ભડે સામા મદીકું રેચ દીધા
પ્રાછટે શત્રુવા જોધ પાડે ભુંજા પાંવ
બરડો ઊજાળ્યો ભલા આભપરા મહેર બંકા
ઈ વેજડા વખાણે તને પૃથ્વી સાર તને વાહ

---

કાહેરાંકા–કાયર પુરૂષનાં  જંજાળા–બંદુકા  ખગા–તલવાર
અરી–શત્રૂ  ભડંતે–લડે  સાંધવા–લડાઈ વખતે ગાવાનો રાગ.
મદીકું–દુસ્મનને  જોધ–જુવાન  પાઉ–પગ.

મેરૂ ખવાસ આગળ જામ સાહેબની પ્રજા શરણે આવીને મહેરોના ત્રાસમાંથી છુટવા અને આશરો મેળવવા વિનંતિ કરે છે તે પ્રસંગનું કવિત.

સજે ખેગતાતા બને વઢેઆ સુમરા
જોધભડ જમરાણ બંને જાયા
પડાવે ત્રાસ નત ભાંગે પ્રસણા
અરે આ ? અરજનને સામળો બેઈ આયા

ભાગરે ભાગ એમ કંથ નારી ભણે
ધ્રુજાવે હાલાર એ તો ખાગ ધારે
પોકારે આગળે જામવાળી પ્રજા
મહેરકર મેરૂવા મહેર મારે

સતન ખુમાણ ઓડદરવાળા સોહડ
ભામની સંધેને એમ ભાખે
ચડે સરતાન સંધના સુમરા
નત દી ઉગે ત્યાં ખેગ નાંખે

વિચારો જામજી આ વાત જાયે વંધી
અમે ખેડ કીધા વિના કાઉ ખાઈએ
તમે રાજ દરીયાવ અમે તમારી રઈયત
હવે તો જગ ચીંધો ત્યાં ભાગી જાઈએ

---

ખેગ–તલવાર  સુમરા–ઓડેદરા મહેર  જોધભડ–વીર
બંને જાયા–બે ભાઈઓ  મહેરકર–દયા કર

નત–હમેશ      કાઉ–શું      જાગ–જગ્યા      ચીંધો–બતાવો
મેરૂવા–મેરૂ ખવાસ      ભામની–સ્ત્રી      સંધેની–બધાઈની

આ લડાઈના પ્રસંગમાં ગામડાના માણસોએ નીચેનું કાવ્ય બનાવ્યું છે.

ખીમાજી શું ન ખાટીએં નાગર જેઠવો જોરા બોળ
બરડે બેઠા બીલનાથ બંકા દીએ નગારા ઠોર
દીએ નગારા ઠોર તીકણેણે ને સોળસેં બાંધી તેજણ હણેણે
સાત સાયરને સુસવે નાગર ખીમાજી શું ન ખાટીએ નાગર

વર વડારૂં ને રાવલ કન્યા વિગતે વિવાહ થાય
પ્રથમ કંકાતરી કુતીયાણે મોકલી જુનેગઢ ખબરૂ થાય
જુનેગઢ ખબરૂ થાય તે જાશે અમરજી દીવાન પણ ભેળા થાશે
તમો આવ્યે આંહી ભાંગશે ભન્યા વર વડારૂં રાવલે કન્યા

રૂડીરદ્ધ રાવલે મંડાણી સોનેરી ગઢ ચણાય.
વિભોજી જામ બેઠો ગોખમાં જેઠવા ફોજુ જાય
જેઠવા ફોજુ જાય તે જાણી બોખીરે બેઠા જામના દાણી
પાણો કાંકરો લીધો સૌ તાણી રૂડીરદ્ધ રાવલે મંડાણી.

---

વડારૂં–રાણા સાહેબનું ગામ છે તેને નર જાતિ ગણ્યો.
રાવલ–જામ સાહેબનું ગામ છે તેને નારી જાતિ ગણી.

બોખીરા ગામની બાજુમાં ખાડી પાસે પૌરાવ માતાના મંદિર આગળ લડાઇમાં ધાકો મહેર મરાણો તે વખતનો દોહરો છે.

ધડ પડ્યું ધાકા પોરે પરઆત રાઉત
તેની વાતુ વિઝાણા અવિચળ રહી ઓડેદરા

---

અર્થ—હે પરબતના દીકરા ધાકા જામના લશ્કર સાથે લડાઈ કરતાં કરતાં તારૂં ધડ પડયું અર્થાત તું મરણ પામ્યો તેનો અમને જરાપણ અફસોસ નથી કારણ કે વીર પુરૂષો લડાઇના મેદાનમાં સામે પગલે મરે એ તો એને શોભા આપનારૂં છે આવી મર્દાઈ બતાવીને તું મુવો એમાં તો ઓડદર ગામની અને વિછાણા શાખના બીજા મહેરોની આબરૂ વધારી છે અને તારી કિર્તિ પણ અવિચળ રહી છે.

---

(મહેર) નકા વિછાણો

જેદીને જાડેજાતણું કડે ચળિયાં કાંધાળ,
તેદી ત્રાજવું ત્રેહવાળ તે નમવા દીધું નહિનકા
આ દુહો નકા ઓડેદરા મહેરનો છે.
ગદ કચર ગાદા છ વળે વિછાણા,
કાપ્યાં કટક ઘણાં તેં નઠાવિયા નકા,

---

ઓડેદરા મહેર જેસંગ તથા વજસી મેપાણા શાખના
મહેરનું કવિત

જગદાતા સોહીવદ જાણુ
નજ ભલ પરીએ ચડાવણ નીર
જેસંગ વજસી આભપરે જેવા
વીકમ છતા વજીર
હાથીયા સતન સદેખા હિંદુ
રવધણ ધણાદી પાસ રીયે
જોડે સજોડ બીયા કોણ જોડાં.

આગે સેલાર ખરો અડભંગ
પાટ ધણી પુછે પાટોધરા
થાટે મહેર મેપાણા થંભ

સેલાર–મહેરની શાખ છે. મેપાણા–મહેરની શાખ છે
છતા–પ્રસિદ્ધ.

---

બોખારાના મહેર લાલાએ જામનગરના લશ્કર સાથે લડાઈ કરી જામના દાણીને બોખીરેથી મહેરોએં નસાડયા તે વખતનું મહેર લાલા મેસુરનું કવિત.

કથન બોલિયો રાણુશું લાડ એમ કારમો
કોટ છાંયા તણે નામ કીધો
ત્રીઠ ખાડી તણે દ્રીઠ માતી ત્રજળ
લાડ નાગા જણે વેર લીધો
ભીંછદળ જામરા મેસુર તન ભાંજ્યા
લીઓ તડ બોખીરા તણો લાલે
હારાં જુથ્થ તે અજાજેમ હાંકીયા
ભાણારો ફતેહ કરમાર ભાલે
વંકે ખગ સુમરે જામ ઘેર વજાડી
લાડાયે આવીને જશ લીધો
રાણો ભાણુ છત્રપત જેઠવો રીઝાયો
કડાં વેઢ વાજી પસાવ કીધો
અવચળ વાત તે રહી જે નવે ખંડ
થિર કર જેઠવે વજીર થાપ્યો
તેગસેં ખડો આજ ગજાવળ તસાંસું
ઈનામમાં ટુકડુ ગામ આપ્યો

દાણીને દજડે લીધો તેં જે લાડીયા
તો લાલા હર લાલા તણાં ભાજા સૈન ભડે
જોરાવર જામો તણાં દળ ભાગ્યાં દો વાટ
હાલા હાટો હાટ સોંપ્રા મેસુર સતન
તખતા સરહર ટુંકડું વંકા ભડ વીકટ
ખાગે અરી દળ એસણાં ઠેલે ભાજે થટ

રાણશું-રાણા સાથે તડ-ઓખારાની ખાડી હારાં-હાર્યાં જુથ્થ લશ્કરનું ટોળું અજા જેમ-અકરાંના જેમ હાંકીયાં-ભગાડ્યાં ભાણારી-ભાણ જેઠવાની. પસાવ-ભેટ બક્ષીશ દળ-લશ્કર દોવાટ-બે બાજુ ભાગ્યાં.

પડીયલ પાડોસી તણું નવલો નાડીલા
સાત્રવ સુજવીયા પડઘા પરબત રાઉત્ર

અર્થ-હે પરબતના દીકરા ધાકા વીછાણા તારી આસપાસના પાડોસી શત્રુઓને તારી ધાક લાગે છે અને તે તારાથી થરથર ધ્રુજે છે.

આ કરસેં એહવા કીયા શાત્રવ તણાં શરીર
કર નીચોયલ નીર પોતાં પરબત રાઉત

અર્થ-હે પરબતના દીકરા ધાકા વીછાણા! તેં તારા હાથથી એવાં મર્દાઈના કામ કર્યા કે જાણે કપડાંને નીચોવીને એમાંથી તમામ પાણી કાઢી નાંખે તેમ દુશ્મનના શરીર નીચોવી તેમાંથી તમામ લોહી બહાર નીચોવી નાંખ્યું મતલબમાં દુશ્મનોના બુરા હાલ કર્યા.

દાણી અરે જે દમગળ તણો ઉગો આરેડે
ધાકા મોર ધાડે પુગો પરબત રાઉત
વીજળ તણો ન વારાગો કમળ કામળીયા
મધ તું માંહી ખરા પીધું પરબત રાઉત

કરસેં-હાથથી એહવા-એવા શાત્રવ-શત્રુ નીર-પાણી પોતાં-પાણી નીચોવેલ કપડું મોર-સૌથી આગળ ધાડે-લશ્કરનું દળ પુગો-પહોચ્યો.

રાજમાતા કલાંબાઈ એક ક્ષત્રિય વીર નારીને શોભા આપે એવા અનેક ગુણોથી શોભીત હતાં પ્રજા પ્રત્યે પ્રેમ રાખનારાં રાજ્ય ચલાવવામાં કુશળ હતાં અને ન્યાય આપનારાં હતાં રાજ્યમાતાના આવાં ઉત્તમ સદ્દગુણોને લીધે પ્રજામાં એમનું નામ અમર છે ભક્તિ ભાવથી તેમને સંભાર્યા કરે છે.

રાણા ખીમાજીને ભોજરાજજી અને જેઠીજી બે નાના ભાઈઓ હતા. રાણા ખીમાજી પછી તેના વડા કુમાર રાણા વિક્રમાતજી બીજા ગાદી ઉપર આવ્યા હતા તેમના નાના ભાઈનું નામ કરણજી હતું મહારાણા વિક્રમાતજી ૧૬૮૨માં ગાદીએ બેઠા. ૪૫ વરસ રાજ્ય ચલાવ્યું. મહારાણા સુલતાનજી વિ. સ. ૧૭૨૭માં ગાદી પર આવ્યા. રાણા સુલતાનજી ને રાણા ભાણજી સગ્રામજી અને હાલોજી ને કુંભોજી ચાર કુમાર હતા.

મહારાણા સુલતાનજી નીતિ નિપુણ રાજવી હતા એમણે રાજનીતિ ઉપર સુંદર ગ્રંથ લખેલ છે. મહારાણા સુલતાનજીને પોતાનાં બે રાજાંવાળાં રાણી ને હાલોજી નામના કુમાર હતા કુમાર હાલાજીને રાજ્યની કુલ વ્યવસ્થા કરવા માટે રાજ્યભાર તેમના પર મૂકી મહા-રાણા સુલતાનજી વાનપ્રસ્યાશ્રમ જીવન ગાળવા લાગ્યા મહારાણા સુલતાનજી જ્ઞાનવાન હતા તેમણે વૈરાગ્ય ઉપર એક પુસ્તક લખેલું છે તેઓ કાવ્ય બનાવવાની શક્તિ ધરવતા હતા એક છપય છંદ તેમનો બનાવેલ છે તે મળી આવતાં આંહી રજુ કરેલ છે.

ભોગ સહિત ભરપૂર આયુ યહ બીત ગઈ સબ
તપ્યો નહિં તપ મૂંઢ અવસ્થા થકિત ભઈ અબ

કાલન કિતહુ ખાત વયસ વહ ચલી જાત નિત
વૃદ્ધ ભઈ નહિં આશ વૃદ્ધવય ભઈ છાંડ હિત
અજહુ અચેત ચિત સમજંક દેહ ગેહસોં નેહ તજ
દુઃખ દોષ હરન મંગલ કરન હરિ હરપદ સુલતાન ભજ

કુમાર હાલાજી તેમના પીતાશ્રી વતીજ રાજ્ય ચલાવતા હતા આઠ વરસ રાજ્ય ચલાવ્યું પણ મહારાણા તરીકે નહિં પણ કુમાર હાલાજી એમ જ્યાં પોતાની સહી કરવી પડતી ત્યાં કરતાં હાલાજીના પાટવી કુમાર પ્રથીરાજજી હતા તે ગાદીએં આવ્યા ત્યારે ખીમાજી નામ ધારણ કર્યું વિ. સ. ૧૮૬૯માં ગાદીએં બેઠા. ખીમાજી મહારાણાનો ૧૮૮૭માં કૈલાસવાસ થયો તેમને ત્રણ રાણીઓ હતી તેમાંના ચુડા-વાળાં શ્રી રૂપાળીબાને ભોજરાજજી નામે કુંવર હતા તેઓશ્રીએ રાણાશ્રી વિક્રમાતજી નામ ધારણ કરી વિ. સ. ૧૮૮૭માં ગાદીએં બેઠા. તે વખતે તેમની ઉમર માત્ર ૮ વર્ષની હતી રાજ્યનું તમામ કામ તેમનાં માતુશ્રી રૂપાળીબાએં ચલાવ્યું હતું તેઓએ રાજ્યનો ખર્ચ ઓછો કરી કરકસરથી પૈસાનો સંગ્રહ કર્યો ખોટા ખરચાનો ત્યાગ કર્યો અને સાદામાં સાદી રહેણી કરણીથી જીવન વીતાવ્યું પ્રજાને પ્રેમથી પાળી ન્યાય આપી પ્રજાને સંતોષી રાજમાતા પોતેજ ન્યાય આપતાં એમની બુદ્ધિ નિર્મળ હતી તેમજ ધાર્મિક વૃત્તિ પણ ઉચ્ચા પ્રકારની હતી તેમણે દશ વરસ ઉજ્જવળ રાજ્ય કારભાર ચલાવી યશ મેળવ્યો મહારાણા વિક્રમાતજીએ ૧૮ વરસની ઉમરે રાજ્યની લગામ હાથમાં લીધી.

મહારાણા વીકમાતજીને બે રાણીઓ હતી. ધાંગધ્રાના રાજકુંવરી બોનજીબા અને સડોદરનાં રાજકુંવરી બાઈરાજબા બાઈરાજબાને માધવસિંહજી પ્રતાપસિંહજી અને હમીરસિંહજી એમ ત્રણ કુંવરો હતા

અને બે કુંવરીઓ હતી. બન્ને કુંવરીઓને ભૂજના મર્હુમ રાવ પ્રાગમલ્લજી સાથે પરણાવ્યાં હતાં મહારાણા વિક્રમાતજી મહાન ચારિત્ર-વાન હતા વ્યભિચારી માણસનું મોઢું જોવામાં તેઓ પાપ માનતા તેઓ ટેકી હતા રાણાશ્રીની યુવાવસ્થામાંજ તેમની રાણીઓનો સ્વર્ગવાસ થયો હતો ઘણાં ઉંચા કુળોએ પોતાની કુંવરીઓનું પાણી ગ્રહણ કરવા રાણાશ્રીને વિનતી કરી હતી પણ મનુષ્ય જીવન એ વીષય ભોગ ભોગવવા ખાતરજ નથી એવી દ્રઢ માન્યતા હોવાથી તેઓએ બાકીનું જીવન બ્રહ્મચર્ય વ્રત પાળી બહુ નેકી ટેકથી ગાળ્યું વહેલા ઉઠતા ઠંડે પાણીએ નહાતા પ્રભુ સ્મરણમાં ધ્યાન ધરતા આ એનો નીત્યનો નીયમ હતો વૃદ્ધ થયા છતાં પણ કેદારનાથ સુદામાજી અને ભોજેશ્વરનાં દર્શન કરી આવવાનું નીયમ રાખ્યું હતું. એમની કાયા ચાલી ત્યાં સુધી એ નીયમ તેમણે પાળ્યું હતું.

સવંત ૧૯૫૬માં મહારાણાશ્રીનો કૈલાસવાસ થયો તેમના પાટવી કુમાર માધવસિંહજી હતા સજ્જનપુરના જાડેજા શ્રીવજેસિંહજીનાં કુંવરી માજીરાબાને ઉદરે મહારાણાશ્રી ભાવસિંહજીનો જન્મ થયો તેઓશ્રીએ પણ પ્રજા કલ્યાણના કાર્યો કરી યશ મેળવ્યો હતો છપનીયા દુકાળમાં એક રાજા તરીકેની ઉત્તમ ફરજ બજાવી ગરીબ પ્રજાને ઘણી સહાય કરી હતી પ્રજાજનોનો મહારાણાશ્રી તરફ બહુ પ્રેમ હતો સહુ તેને દુલ્લા–ભાવસિંહજી કહેતા આ પ્રજાના પ્રેમના ઉમળકાના સાચા રૂદયના શબ્દો હતા તેમને સિંહનો શિકાર કરવાનો બહુ શોખ હતો દીલના દીલાવર હતા મહારાણાશ્રીનો ૧૯૬૫ના માગસર વદ ૩ના દીને સ્વર્ગવાસ થયો,

આ વખતે મહારાણા નટવરસિંહજીની ઉમર ૮ વરસનીજ હતી એટલે તેમને કેલવણી આપવાની તમામ ફરજ ધર્મ પરાયણ રાજ-માતા રામબા સાહેબ પર આવી અને એ ફરજ બરાબર બજાવી

અને પોતાના રાજકુમારના પવીત્ર રૂદયમાં દયા પ્રેમ સરળતા ઉદારતા સાદાઈ આદિ ઉત્તમ ગુણો ધારણ કરાવ્યા રાજમાતા રામબા સાહેબનો ઉત્તમ સદ્‌ગુણોનો વારસો મહારાણાશ્રી નટવરસિંહજીમાં આવ્યો. તેઓશ્રી વિ. સ. ૧૯૭૬માં ગાદી પર આવ્યા. અને વસંતપંચમીથી પોરબંદર રાજ્યનો વહિવટ ચલાવવાશરૂ કર્યું અને તેઓશ્રીએ કન્યા વેરો લેવાનું બંધ કર્યું સવંત ૧૯૭૪ સુધીની ખેડુતો પાસેની તમામ જમીન મહેસુલ સબંધીની પાછલી ઉઘરાણી માફ કરી. સુંદર રીતે રાજ્ય કરી પ્રજાનો પ્રેમ મેળવ્યો.

તા. ૩૦-૧૧-૩૬

## ભાયો મહેર ( દાનો દુશ્મન )

મહેર જ્ઞાતિનો મોટો ભાગ હાલમાં પોરબંદર રાજ્યમાં બરડા વીભાગમાં વસે છે અને છુટા છવાયા ગોંડલ જામનગર જુનાગઢ અને માંગરોળની હદમાં પણ રહે છે.

સૌરાષ્ટનો ઈતીહાસ એ નામના પુસ્તકમાં ત્રીજા પ્રકરણમાં પાના ૬૫-૩૬માં લખે છે કે મહેર લોકો હજી પણ મારવાડમાં ઘણા છે ગીરનારમાં પણ ટુકડી મહેરની કહેવરાવે છે પણ તે લોકો બરડાના મહેરથી જુદા છે ગીરનારનો ખાંટ કોળીનો મુખી જે પોતાને મુળમાં રજપુતની ઓલાદનો માને છે તે પણ પોતાને મહેર કહેવરાવે છે મહેરોની શાખાના નામ જોતાં તેમાં ઘણી જાતના રજપુતો ભળ્યા છે.

ઉપર બતાવેલ ખાંટ કોળીનો મુખી ભાયા મહેરની આ કથા છે.

મહેરોએ અને તેના વડવાઓએ બાહુબળથી બીજા રાજ્યમાં પણ પોતાનું પરાક્રમ બતાવેલું છે અને બીજા રાજ્યોમાં હજી પણ પોતાનો ગરાસ રાખ્યો છે અને મહેરોના વારસદારો તે ગરાસ હાલ ભોગવે છે.

જામનગર તાબે દાદર ગામ મહેર ગરાસનું છે ગોંડલ તાબે રાજપર ગામમાં પણ મહેરેનો મુળ ગરાસ છે જામનગર તાબે ગુંદા ગામે રાસાણી શાખના મહેરનો ગરાસ છે.

બીલખા ગામે ભાયા મહેરે ૧૭૬૯થી ૧૮૦૯ સુધીમાં પોતાના બાહુ બળથી પોતાની સત્તા જમાવી હતી તે નીચેની કથા વાંચવાથી જાણવામાં આવશે.

કાઠીયાવાડમાં જેતપુરના પોણાબસો ગામડાં બલુચોના હાથમાંથી જીતી જનાર મીતીયાળાવાળાને તોડવામાં સાંમત ખુમાણને સહાય કરનાર એ જવાંમર્દ કાઠી વીરાવાળાની સાધુના વરદાન પામેલી કાઠીયાણીને સાઠ વરસે ઓધાન રહ્યું અને નવ મહીને પુનમના ચંદ્ર જેવો તેજસ્વી પુત્ર જનમ્યો સાધુ મહારાજની આશીશથી પુત્ર આવેલ તેથી તેનું નામ ઓઘડ પાડ્યું.

ભાદર નદીનાં ઉંચા કાંઠા ઉપર વીરાવાળાના રહેવાના અવાસ હતા અને ત્યાં સુખરૂપ જીવન વીતાવતા હતા.

જુનાગઢના નવાબ સાહેબને અને વીરાવાળાને સગાભાઈ જેવો અરસપરસ પ્રેમ અને સબંધ. સજ્જન પુરૂષો જેની સાથે સ્નેહ બાંધે છે તેની સાથે જીવનભર તે સ્નેહ નભી રહે તેવું ઉદાર દીલનું વર્તન પણ રાખે છે કારણ કે સ્નેહ બાંધવો સહેલો છે પણ તેને સદા નીભાવવો એ કઠીણ છે.

બાબી સરકારને વીરાવાળાને ત્યાં કુંવર અવતર્યો તેના ખબર મળ્યા મીત્રને ત્યાં શુભ પ્રસંગ આવ્યો એટલે કુંવર પછેડો તો કરવોજ જોઈએ.

જુનાગઢ સરકારને મનમાં થયું કે મારે કુંવર પછેડામાં શું આપવું બીલખાનો ત્રીજો ભાગ જુનાગઢના હાથમાં હતો પણ મદ-

મસ્તખાટનો આગેવાન તથા ખાંટ લોકો ત્રીજો ભાગ જુનાગઢ સરકારને સુખથી ખાવા દેતા નહી અને કંટાળો આપતા જુનાગઢને ફરતાં ખાંટ લોકોના ગામ ફરતાં વીટળાએલાં હતાં બાબી સરકારે વીચાર કર્યો કે આ વીરાવાળો ખાંટના આગેવાનને તથા ખાંટને પુરો પડશે અને ખાંટ સાથેનો દરરોજનો કલેશ દુર થશે એમ ધારી પોતાના કબજાની બીલખાની પાટી જુનાગઢ સરકારે ઓઘડવાળાને કુંવર પછેડામાં આપી ઓઘડ માટે બાવાજીએ નશીબ ભાંખ્યું હતું તે વાણી સાચી પડી ઓઘડવાળો અવતરતાંની સાથેજ બીલખાના ત્રીજા ભાગનો ધણી થયો દરબાર વીરાવાળાએ કુપાવાળો અને કાંથડવાળો નામના બે દીકરાને જેતપરનો ગરાસ સોંપીને વીરાવાળો ઓઘડવાળાની સાથે બીલખા પોતાના મકાનો બાંધી રહેવા લાગ્યો, જેની એક હાકલથી હજાર બારસો ખાંટો બીલખાના ચોરામાં હાજર થતા અને જરૂર પડે ત્યારે એક પણ ખાંટનો જુવાન હથીયાર બાંધનારો ઘરમાં બેસી ન રહેતાં ભાયા મહેરની આજ્ઞા પ્રમાણે વર્તવાને તૈયાર રહેતો આવો ખાંટનો રાજા ભાયો મહેર પોતાની કુલ સત્તા બીલખામાં જમાવીને બેઠો હતો ભાયા મહેરની આણ ભાવનગર તાબાના કુંડલા ગામ સુધી ફરતી હતી.

બીલખાના ચોરામાં સવાર સાંજ અડા બીડ દાયરો ભરાતો હતો હાથીની સુંઢ જેવી ભુજાઓ વાળા હજાર હજાર ખાંટ જુવાનો વીરાસનવાળી બેસતા અને દરેકની ડાબી બાજુમાં શીરોહી તલવાર રહેતી અને તેની વીસ્તામાં ઔર વધારો કરતી હતી. ચોરોની થાંભલીઓએ પણ તલવાર ઢાલ ભાલાં આદી હથીયારો ટાંગ્યા રહેતાં.

વીરાસન વાળીને બેઠેલા ખાટ જુવાનો ભાયા આતાની શું આજ્ઞા થાય છે તે ઝીલવાને તૈયાર રહેતા સમયને આનંદથી પસાર કરવાને પોતાના મોઢે બાંધેલાં બુકાનાં છોડી જ્યારે સામ સામા

આમા શુરવીર પુરૂષોના રંગ દઈ કસુંબો ખોબે અને ધોબે આપતા ત્યારે આતો (વડીલ) ભાયો પણ પોતાના કાને વીટળેલા કાતરા છુટા છુટા મેલીને દાયરામાં પોતાની મોટપ મેલીને પ્રેમથી કસુંબાની આપ લે કરતો અરસપરસના અતી આગ્રહથી કસુંબો રોજના માપ કરતાં પણ વધારે લેવાઈ જતો તેનો ખ્યાલ ભાયા આતાને રહેતો નહી અને એ કસુંબાની ખુમારીમાં નીશામાં ગાદી પર તકીયાને આધારે પડતો નીશાની ધુનમાં કયારેક કયારેક સોનેથી મઢેલા હુકાની ફુંક લેતો.

આ વખતે તેના મર્દાનગી ભરેલો ચહેરો જોતાં દુશ્મની છાતી ફાટી જાય તેવો હતો.

આ વખતે ભાયા વાઘ (વાઘ એ મહેરની શાખ છે)ની ઉમર ૬૫ થી ૬૭ વરસની હશે છતાં ભાયો વાઘ કાયાએં ખડીખમ હતો. બેચારને તો બથમાં ભીંસીને યમદ્વારમાં પહોચાડી દીએ એવી તાકાત ધરાવતો હતો દાઢી અને મુછના વાળ અવસ્થાએ પહોંચવાથી સફેત તો થઈ ગયા હતા તોપણ પોતે નવું ઘર ( સ્ત્રી ) કરેલ હોવાથી માથાના અને દાઢી મુછના વાળ કલપ લગાડી કાળા ઝેબ જેવા રાખી જુવાનની હારમાં ઉભે એવો દેખાવ રાખતો હતો અને ખરી રીતે તે જુવાન જોધ જેવોજ લાગતો હતો એવી તેને કાયાની લેણા-દેવી હતી.

કસુંબો તથા કુંગો ( નાસ્તો ) લીધા બાદ દાયરામાં વાત ચર્ચાણી.

જુનાગઢ સરકારે તો જુકતી કરી અને બીલખાની પાટી વીરા-વાળાને સોંપી તો હવે એક મીયાનમાં બે તલવાર શી રીતે સમાશે ?

ભાયા વાઘે મૂછે વળ દેતાં દેતા દાયરા આગળ વાત કરી. ભાઇયો ? હવે તો કાંતો કાઠી નહી અને કાં આપણે નહી.

આતા ભાયા ? એમાં વીચાર કરવા જેવું શું છે કરો હુકમ તમારો હુકમજ અમારે મન ભગવાનનો હુકમ દાયરામાંથી અવાજ આવ્યો.

એજ વખતે ભાયા વાઘે તથા દાયરામાં બેઠેલા આગેવાન ખાંટોએ શું કરવું તેનો નીર્ણય કરી લીધો.

ભાયા વાઘના હુકમથી ખાંટ લોકો દરબાર વીરાવાળાની વસ્તીને સંતાપવા લાગ્યા એના ઉભાને ઉભા મોલ ભેરવી દેવા મંડયા ખાંટ લોકો એટલો ત્રાસ વર્તાવવા લાગ્યા કે દરબાર વીરાવાળાના ખેડુતો સાતી જોડવા જવાની પણ હીમત કરે નહી. સાંતી હાંકવાં પણ બંધ થીયાં કોઈ પણ કારણ શોધી વાતવાતમાં તકરાર કેમ ઉભી થાય એવો લાગ ખાંટના જુવાનો શોધવા લાગ્યા.

હવે તો ઓઘડવાળો પણ દીપાંચયદી મોટો થતો જાય છે હવે તેને મુછનો દોરો ફુટતો જતો હતો સીંહનાં બચ્ચાં સિંહ સમાન બને છે.

વીરાવાળો ઠરેલ બુદ્ધીનો તેમ વીર પુરૂષ હતો ખાંટ લોકોના ત્રાસની હકીકત તેને કાને આવતી હતી છતાં તેમણે સબુરી રાખી હતી અને ખાંટ લોકો શાન્ત થઈ જાય તો આપણે તકરાર ઉભી કરવી નહી પણ ખાંટ લોકોનો જુલ્મ તો દહાડે દીવસે વધવા લાગ્યો દરબાર વીરાવાળાથી હવે એ જુલ્મ સાંખી શકાય તેમ નહોતું અને એ સાંખવાથી હવે તેની નબળાઇ દેખાઇ આવે તેમ હતું, જેથી ખાંટ લોકોને દાબી દેવા માટે કાઠીયાવાડમાંથી સારા પાણીયારા કાઠી જુવાનોની જમાવટ કરવા લાગ્યો અને ભેળા થયેલા કાઠીઓને હથીયારો આપ્યા અને ખાંટ લોકોની જમીન દબાવવા માટેનો હુકમ આપ્યો છતાં ખાંટ લોકો પોતાના બળના ગુમાનમાં કંઈ દરકાર કરી નહી.

એક વખત વીરાવાળો ઘેરે નહી જુવાન કાઠીયોને લઇ કયાંય

બહાર ગયેલ પાછળથી વીરાવાળાની જ વાડીમાં લીલીછમ જેવી મોલાતમાં ખાંટોએ પોતાના બળદોને છુટા મુકી દીધા. વીરાવાળાના માણસો જે હાજર હતા તેમણે તે બળદો પકડીને ઓઘડવાળાની વહુ જે ફળીયામાં રહેતાં હતાં ત્યાં જઈને બાંધ્યા પકાઉ ઉમરના કાઠીઓ ઓઘડવાળાના ઘરની ચોકી કરતા હતા આ ચોકીદારોનું ધ્યાન નહી અને ભાયા વાઘની નવી વહુનો ભાઈ કમરે તલવાર બાંધેલી છે. એક હાથમાં ભાલું અને બીજા હાથમાં ઢાલ રાખી લઈને આઈના ફળીયામાં આવ્યો અને પરબારો આઈને ઓરડે પહોંચ્યો કાઠીયાણી પોતાના ઘરના ઉંબરામાં બેઠી બેઠી પગ ધોતી હતી તેની પણ દરકાર ન કરતાં ભાયા વાઘનો સાળો સડેડાટ ચાલ્યો આવ્યો અને બળદો બાંધ્યા હતા તે છોડયા કાઠીયાણીએ એ જોયું અને પડકારો કર્યો કે આંહી કોઈ કાઠીના પેટનો છે કે નહી! ન હોય તો કોઈ પણ હાજર હોય તે લાવો મારા હાથમાં બરછી! આ ખાંટના આગેવાનોથી અને ખાંટોના બીવાથી ગરાસ ખવાશે?

એક વૃદ્ધ કાઠી બરછી લઈને મરણીયો થઈને દોડી આવ્યો અને ભાયા વાઘના સાળા રામદેવનું ધ્યાન ચુકાવી બરછીનો એવો તો જોરથી ઘા કર્યો કે એ બરછીનો એકજ ઘા તેના કલેજામાં એવો લાગ્યો કે એક ઘાએ રામદેવ જેવા પહેલવાનનાં પ્રાણ ત્યાંજ ઉડી ગયાં. રામદેવના મરણના સમાચાર ગામમાં તુરતજ પડી ગયા ખાંટ દાયરામાં હાકલ ગોકીરૂં થયું અને ખાંટો ભેળા થઈ ગયા અને વીરાવાળાના અવાસને ઘેરી લીધો બહાર ગયેલો વીરાવાળો પણ તેના કાઠી જુવાનો સાથે આવી પહોંચ્યો ધીગાણું બરાબર જામ્યું ખાંટના એસી જુવાનો અને કાઠીના પચાસ જુવાનો મરાણા આ બધું ભાયા વાઘની ગેર-હાજરીમાં બની ગયું ભાયા વાઘના મનમાં તો થઈ આવ્યું કે હવે આપણે કાઠીઓ સાથે પુરેપુરી દુશ્મનાવટ ઉભી કરી છે હવે તો કાઠીયોનો સામનો કરવાને માટે પુરી તૈયારી કરવી પડશે કારણ કે

વીરાવાળો દરરોજ સારા સારા કાઠી જુવાનોની ભરતી કર્યે જ જાય છે એ મોટો તાલુકદાર છે નાણાવાળો છે એની બરોબરીમાં જો નહી ઉભાય તો વીરાવાળો જરૂર ગાંજી જાશે ખાંટનાં એંસી માણસોના મરણથી ભાયો વાઘ જરા ઢીકરમાં તો પડયો.

ભાયાવાળાને એમ પણ ખ્યાલ હતો કે મારે તો આ ખાંટ જુવાનોની જ મદદ છે અને વીરાવાળો ધારે તો બીજા કાઠી રજવાડાની મદદ લઈને પણ અમારી સામે ઉભશે. ખાંટના સારા સારા જુવાનો મરણ થયા તેથી ખાંટ લોકો પણ જરા મોળા પડયા.

બીજે દીવસે ભાયા વાઘે ખાંટ દાયરાને ચોરે ભેળા થવાનો હુકમ કર્યો.

આજે બીલખાના ખાંટના ચોરામાં ખાંટનો દાયરો ભાયાઆતાની રાહ જોઈ બેઠા છે અને બની ગયેલા બનાવ સંબંધી ચર્ચા કરે છે ત્યાં તો કમરમાં લટકતી તલવાર અને હાથમાં હુક્કો લઇ ભાયોઆતો ચોરામાં આવ્યો સહુ દાયરો ઉભા થઈ રામરામ કર્યા ભાયાઆતો પણ બધાની રામરામી પ્રેમથી ઝીલી અને રામરામ કહી સામો જવાબ વાળ્યો ગાદી પર ભાયોઆતો બેઠો અને જાજમ ઉપર ખાંટ વાયરો પણ બેઠો ખાંટ દાયરામાંથી એક વૃદ્ધ ખાંટ બોલ્યો ભાયાઆતા હવે ઝટ કહી નાખો આપણે કઈ રીતથી કામ લેવાનું છે. કારણ કે કાળેતરાને છંછેડયા પછી ગાફલ રહેવામાં માલ નથી. ખાંટ જુવાનો તમે બધા જાણો છો કે વીરાવાળાનું બળ દી પાંચ દી વધતું જાય છે. જુનાગઢની તથાં બીજા રજવાડાની મદદ સારી છે.

આપણે પણ એને ઘડીકમાં નમતું તો આપીએ તેમ નથી તેમ પાછા પગ ભરીએ તેમ નથી. એક વખત તો આપણે પણ તેને તોબાં પોકરાવી દઈએ પણ એમ એક વખત આપણે ખાટી જઈએ એમાં કાયમનો કજીઓ હવે પતે એમ નથી મને તો બધો વીચાર કરતાં

એમ લાગે છે કે વીરાવાળા હાંરે રોજની રાડ કરી આપણા જુવાનોને ગુમાવવા તે કરતાં કોઈ બીજો રસ્તો કાઢીએ તો ઠીક અને આ બાબતમાં તમારો સહુ ભાઈઓનો શું મત છે તે મારે જાણવાની જરૂર છે.

ખાટ દાયરામાંથી એક જણ બોલ્યો આતાભાયા અમે તો તમારો હુંકમ થયે આંહી બધા મરી ફીટવાના છે એવું જીવતર કોઈને વહાલું નથી કે પોતાની આબરૂ ખોઇને પાછી પાની કરે.

બીજો ખાંટ બોલ્યો ઈ બધી વાત સાચી પણ અટાણે વીરાવાળો જોરદાર રીયોં એની સામે આપણે બથ્થ ભરશું તો કોઇકારે ખાટવાના નથી પછી તો સહુ ભાઈઓની મરજી.

ત્રીજો ખાંટ બોલ્યો તમારી ઇ વાત સાવ સાચી છે. ભાયોઆતો જી કીએ એમ કરવામાં આપણી ના નથી પણ ભાયાઆતાના મોભાને ધક્કો લાગે અને એની ઈજ્જતને જોખો પહોચે તો તો આપણો માનખો પણ ધખ કહેવાયનાં ?

ચોથો ખાંટ બોલ્યો. મારા મત પ્રમાણે તો કંઈ બાંધી મુઠી રહી જાય અને આ ઘેરાનો અંત આવે તો વધારે સારૂં તમો સર્વ ભાઈઓની વાતચીત ઉપરથી એમ લાગે છે કે વીરાવાળા સાથે વધારે દુશ્મનાવટ ઉભી કરવી એમાં આપણે હવે લાભ મેળવી શકીએ તેમ નથી માટે તેની સાથે વધારે ન બગાડતાં તરી માર્ગ દેવો એમજ તમો સહુ ભાઈઓનો મત છે ખરૂં ને ?

આતાભાયા ? અમારો તો એમ મત છે. છતાં તમારી મરજી કંઈ બીજી હોય તો તમો કહો તેમ કરવા અમારી ના નથી અમે તો કહીએ છીએ કે સમો વરતીને કામ કરીએ તો ઠીક દાયરામાં બેઠેલા ખાંટ જુવાનોએ પોતાનો મત જાહેર કર્યો.

મને એક બીજો વીચાર આવ્યો છે અને તે એકે ગોંડલ ઠાકોર સાહેબ ભાકુભાજી મારો તથા વીરાવાળાનો ભાયબંધ છે વળી મારો નાનો ભાઈ જયમલ હાલ કુંભાજી સાથે રહે છે તો આપણા કજીયાની પતાવટ કરવાનું કામ ભાકુંભાજીને સોંપવું હું ત્યાં જઈશ તો મારૂં જરૂર સનમાન કરશે અને મને ત્યાં રાખશે અને વીરાવાળા સાથે સમાધાન કરાવશે ભાયોઆતો બોલ્યો.

ભાયાઆતા તમે જો ગોંડલ ધણીને ત્યાં રીયો તો પછી અમારે પણ આંહી રહીને શું કરવું છે જ્યાં તમે ત્યાં અમે ખાંટના જુવાનો બોલ્યા.

જુવાનો બનતા સુધી તમોને બીલખા છોડવાનો વખત હું નહી આવવા દઉં હમણા મને એકલાને જવા દીઓ ઈશ્વર સહુ સારા વાનાં કરશે.

ભાયોઆતો ગોંડલ ધણીને મળ્યો અને સરસાઈ ગામે પોતાના ઉચાળા ભરી લઈ ગયો. ભાકુંભાએ સરસાઈ ગામે દરબાર ગઢમાં ભાયાઆતાને ઉતારો આપ્યો.

ગોંડલ ધણી ભાકુંભાને આ વખતે રાજ્યની સીમા વધારે વધારે વધારવી. અને નવાં નવાં ગામ વસાવવાનો મોહ હતો એટલે ક્યાંય બાહુબળથી કયાંય બુદ્ધીબળથી ક્યાંય છળકપટથી પોતાનું રાજ્ય દીન-પ્રતીદીન વધાર્યે જ જતો.

૧૮૦૯ ની સાલમાં નવાગઢ મુકામે નવાબની સાથે લડાઈ થઈ ત્યારે છુપી રીતે વીરાવાળાએ અને ભાયા મહેરના ભાઈ જયમલ વાઘે ભાકુંભાને સારી મદદ કરી હતી જયમલ વાઘનો ભાઈ પોતાને શરણે આવેલ છે એમ જાણી વીરાવાળાનું અને ભાયા મહેરનું સમાધાન કરવું એમ વ્યાજબી લાગતાં વીરાવાળાને એક કાગળ લખ્યો અને તેમાં

લખ્યું કે કે જો તમે તરસાઈ મુકામે મને મળો તો બીલખાના સીમાડાની હદ નક્કી કરીને ભાયાવાઘનો અને તમારો કજીઓ પતાવી નાંખું.

વીરાવાળો આ વખતે જેતપર ગયેલ હતા જેતપર ભા કુંભાજીનો કાગળ મળ્યો. જેતપરથી વીરાવાળો બીલખે આવ્યો ખાંટ લોકોના લબાચા વીખવાની પુરેપુરી તૈયારી વીરાવાળાએ કરી રાખી હતી પણ ભાકુંભાજી ઉપર વીરાવાળાને અત્યંત વીશ્વાસ હતો એટલે ભાકું-ભાનો કાગળ વાંચીને થોડાં માણસો સાથે સરસાઈ ગામે ભાકુંભાનો મેમાન બન્યો સરસાઈના દરબાર ગઢમાં સામસામી બે દોઢી છે એક દોઢીમાં ભાયાવાઘની બેઠક છે અને બીજી દોઢીમાં વીરાવાળાને ઉતારો આપ્યો.

સીરામણ ટાણે એક બાંજુ ભાયાઆતાની અને તેની સાથેના ખાંટ જુવાનોની પંગત અને સામી બાજુ વીરાવાળાની તથા તેની સાથેના કાઠી જુવાનોની પંગત જમવા બેસે છે બંને પક્ષને દુશ્મનાવટ હોવા છતાં જમવા ટાણે વેરઝેર તજી સાથે જમે છે ભાકુંભોજી પણ મેમાનોની સાથે જ જમવા બેસે છે અને પોતાના માણસોને બહુ પ્રેમથી પીરસવાની અને સારી રીતે જમાડવાની ભલામણ કરે છે અને વખતો વખત લાપસી લાવો ઘી લાવો દુધના બોઘરણાં લાવો આવી રીતે હુકમ કરી મેમાનોનાં ભાણામાં આગ્રહ કરી પીરસાવે છે.

એક દીવસ ભાયાઆતા પાસે જમવા બેસે તો બીજે દીવસે વીરાવાળા સાથે જમવા બેસે એમ દરરોજ પ્રીતી બતાવવા લાગ્યા મહેમાનોના હૈયામાં પણ આવી પરોણાગત જોઈ પ્રેમ માતો નહોતો. આવી રીતે બે દીવસો વીત્યા.

ત્રીજે દીવસે ભાકુંભોજી મહેમાનોને પીરસવાની કોઈ વસ્તુની ઉણપ હોય અને કોઈ વસ્તુ મંગાવી હોય અને તેની રાહ જોતા હોય એમ

લાગતું હતું ગોંડલથી આજે એક વસ્તુ આવવી બાકી હતી અને પરોણા ચાકરી કરવાની પણ હજુ બાકી હતી.

દરબારગઢની દીવાલને અડીને જ નદી હતી નદીમાં બહુ થોડા પ્રમાણમાં પાણી વહેતું હતું આ નદી તરફ ભાયોઆતો દીશાએ ગયેલો ત્યાંથી પાછો આવ્યો ત્યારે નદીમાં બેઠાબેઠાં પોતાના હાથ પગ ધોતો હતો અને કળશાયો માંજતો હતો દરબારગઢના મકાનોની બારીઓ આ નદીને કીનારે પડતી હતી.

ભાયાદાદાની નજર સહજ સ્વભાવે ઉઘાડી બારી ઉપર ગઇ બારીમાં એક છોકરીને જોઈ છોકરીની અને ભાયાદાદાની નજર એક થઈ ભાયાદાદે પોતાને ઓળખી લીધી એમ ધારીને છોકરી ગભરાઈ ગઈ અને રોવા જેવી થઈ ગઈ.

ભાયોદાદો બોલ્યો અરે બેટા ? તું આંહી કયાંથી બીજાબેથી આંહી કેમ ભાગી આવી દીકરી? ભાયાદાદો શાંન્તિથી પુછતાં મોતી-વડારણના ખોળીયામાં જીવ આવ્યો અને બોલી. બાપુ ? તમારા ગઢ-માંથી હું ભાગીને આંહીં આવી છું તમારા ગઢનું સુખ મેં ખોયું છે બાપુ? મારી ભુલ થઈ? કંઈ ફીકર નહી દીકરી? તારી આંહી રહેવાની ઈચ્છા હોય ત્યાં સુધી આંહી ખુશીથી રહેજે તારો જીવ જ્યારે આંહી મુંઝાય ત્યારે બીજાખા આતતી રહેજે આ ત્રીસ કોરી હું નોકર સાથે મોકલાવું છું તે લઈ લેજે તને વાપરવા માટે મોકલું છું જરા પણ ગભરાઇશ નહી હો બેટા ?

ભાયાદાદાના ગઢની વડારણ ભાગીને ભાકુંભાને ત્યાં આવી હતી ભાયાદાદાની બીકથી સંતાતી ફરતી હતી પોતે ભાગીને આવી છે માટે ભાયોઆતો દેખશે તો મારી નાંખશે એવી બીક હતી પણ ભાયાદાદા એં ત્રીશકોરી વાપરવા આપી તેથી મોતીની બીક દુર થઈ. આજે મહેમાનોને રોકવાનો ત્રીજો દીવસ છે શીરામણી કરવાનો સમય થઇ

ગયો છે બાજોઠ મુકાઇ ગયા કાંસાની તાંસરી થાળી વાટકા મુકાઇ ગયા હમેશની માફક પંગત બેસતી હતી તેમ બેસી ગઈ આજે ચુરમાના લાડુનું જમણુ હતું ભાકુભાએ પોતાના માણસોને પીરસવાનો હુંકમ આપ્યો ભાકુભાજી મહેમાનોની વચ્ચે બેસી વાતોના તડાકા મારતા હતા અને પ્રસંગોપાત ખુબ ખડખડાટ હસતા હતા અને કયારેક કયારેક મહેમાનોની મશ્કરી પણ કરતા હતા આજે ભાકુંભાના દીલમાં આનંદ સમાતો નહોતો તાંસરીમાં લાડુ તથા બીજું જે જમવાનું તૈયાર કરેલું હતું તે પીરસાઇ ગયું સહું દાયરો ભાયાદાદાની વાટ જોઈ રહ્યા છે ભાયો મહેર પોતાનાં ઘોડાં જોવા માટે દરબારગઢની અંદરની ઘોડારમાં બાંધેલા હતાં તે જોવામાં રોકાઇ ગયો પોતે ત્યાં ઉભો છે ત્યાં મેડીની બારીમાંથી સીસકારો સાંભળ્યો જોયું ત્યાં તો મોતીવડારણ હતી પોતાને કંઈ કહેવું હશે એમ ધારીને મોતીને નીચે આવવા કહ્યું મોતી છાની રીતે નીચે આવી ને ફાટે સાદે ધીમેથી બોલી ભાયાઆતા ઝેર ! ઝેર ? એટલું બોલતાં નાક ઉપર આંગળી મુકી બહુ ન બોલવાની ઇશારત કરી.

ભાયોદાદો તુરત સમજી ગયો અને બોલ્યો મને મને ઝેર !

ના નાં એકલા વીરાવાળાને જ ?

શું વાત કરે છ.

હું મારા અન્નદાતા આગળ ખોટું ન બોલું આજે જ ગોંડલથી સ્વાર લઈને આવ્યો છે અને ઝેર ભેળવેલા લાડુ વીરાવાળાને પીરસવાનું નકી થયેલ છે. બટકું ભર્યાં ભે રોજ ફાટી પડશે મોતી બોલી.

ઠીક જા બેટા ક્યાંય વાત ન કરીશ ભાયો મહેર ચાલતો થયો અને વીચારોના વમળમાં પડયો મનમાં બોલ્યો આતો ગજબ થાય છે પણ હવે શું થાય ?

એક ક્ષણુમાં એના અંતરમાં અજવાળું થયું મનમાં નક્કી કર્યું કે અરેરે ? હું ભાયોદાદો આ હકીક્ત જાણ્યા પછી વીરાવાળાને કુતરાને મોતે મરવા દઇશ ? એમ તો કદી નહી જ બને ભલે ને એ મારો દુશ્મન છે તેથી શું થયું એ દુશ્મનાવટનો બદલો લેવાની બીજી રીતે મને કયાં ત્રેવડ નથી પણ હવે મારે શું કરવું ? તેને મારે કઈ રીતે બચાવવો મને કંઇ સુઝતું નથી જો હું ઉઘાડો ઉઠીશ અને આ પ્રપંચથી વીરાવાળાને ચેતવી દઈશ તો તો ભાકુંભોજી મને જીવતો શેનો જાવા દીએ.

આ તરકટનો ભેદ વીરાવાળો તો કયાંથી જાણીજ શકે હવે શું થાય હે રામ ? હવે તું કંઈક સમતી દે કે જેથી વીરાવાળો ઉગરે ભાયોદાદો તુરત આવી પંગતમાં બેસી ગયો ભાકુંભાએ કહ્યું કે ભાયા-દાદા તમે કયાં ખોટી થઇ રહ્યા પગંત પડી ગઈ તમારી જ વાટ જોવાય છે.

ઠાકોર ! હું તો મારા ઘોડાં જોવામાં જરા ખોટી થઇ ગીયો બધા દાયરાને ભાણા ઉપર બેસાડી રાખ્યા માફ કરજો.

ભાયા વાઘની આગળ મોતી વડારણે જે વાત કરી તે બાબતમાં જાણે પોતે કંઈ જાણુતો જ નથી એવો દેખાવ કરી ભાયો વાઘ બધાની સાથે પંગતમાં બેસી ગયો અને ભાકુંભાની સાથે હસતે મોઢે વાતો કરવા લાગ્યો.

ભાકુંભાએ અવાજ કર્યો કે લીઓ કરો હરીહર દાયરાએં આ શબ્દો સાંભળતાં જ જમવાનું શરૂ કર્યું આ વખતે ભાયા વાઘના રૂદયમાં પ્રભુએ વાસ કર્યો અને વીરાવાળો લાડુ ભાંગીને તેનું બટકું મોઢામાં મુકવા માટે મોઢા આગળ હાથ લઈ જાય કે તરતજ ભાયો હાકલ કરીને ઉઠયો અને કહ્યું કે જમવાનું સબુર કર આપણે ત્રણ

દીવસથી બધા હારે બેસી જમીએ છીએ પણ આપણા બંનેની તકરાર બાબતમાં સમાધાન કરવા માટે ભાકુંભાએ કંઈ ચર્ચા કરી નથી માટે આજ જો આપણા બંનેનું સમાધાન ન થાય ત્યાં સુધી જો તું ખા તો ગાય વાઢીને ખા. આ શબ્દો સાંભળતાં તો પંગતમાં બેઠેલા સર્વ ભાઈઓના હાથ લાડવાના બટકા સહીત થંભી ગયા વીરાવાળાએ તો લાડવાનું બટકું જમીન ઉપર મેલી દીધું સહુએ ભાકુંભાજી સામે જોયું ભા કુંભાની અને ભાયા વાઘની નજર એક થઈ ભા કુંભાએ ગોઠવેલી બાજી ઉંધી વળતાં ભાયા વાઘ પર ગુસ્સે થયો અને બોલ્યો કે તું તે મહેર છે કે ખાંટ છે તે બધું મારૂં કામ બગાડયું એમ કહી ભા કુંભો ઉભો થઈ દરબાર ગઢમાં ચાલ્યો ગયો જમનારા સૌ વીચારમાં પડી ગયા જમનારાની આસપાસ બીલાડી બેઠેલી તે વીરાવાળાએ મુકેલું લાડવાનું બટકું ખાવા ગઈ મોઢામાં બટકું મેલ્યા ભેરી બીલાડી ત્યાંને ત્યાંજ ઢળી પડી. વીરાવાળાને તથા દાયરાને સૌને આ ભેદ જાણવામાં આવી ગયો વીરાવાળાએ મનમાં વીચાર કર્યો કે આ સોગન નથી પણ ભાયા વાઘ તરફથી મને જીવતદાન હતું ભાયા વાઘને વીરાવાળાએ કહ્યું કે ભાયા આતા ! તું મારો દુશ્મન નહી પણ મારો :જીવનદાતા છે એમ કહી વીરાવાળો ઉભો થઇ ભાયા વાઘને પ્રેમથી ભેટી પડયો અને દરબારગઢ સામું જોઈ વીરાવાળાએ બુમ પાડી કે ઠાકોર દરબાર-ગઢમાં શું ચાલ્યા ગયા આમ બહાર તો આવો અરે વાહરે વાહ મારા ભાયબંધ વાહ વાહરે ભા કુંભાવાહ ઠાકોર આ જુવો તો ખરા મારા દુશ્મનને ! દુશ્મન પણ કેવો દીલાવર દીલનો. આવા દુશ્મનના દર્શન કરવાથી પણ આપણે પાવન બનીએ ઠાકોર તમે તો મારા દોસ્તદાર દોસ્તીનો હક સારો બજાવ્યો.

ભાયા વાઘે વીરાવાળાને બોલતાં અટકાવ્યો અને કહ્યું કે વીરા-વાળા ક્રોધ કરવાનું કંઈ કારણ નથી ઠાકોરની કંઈ ભુલ થઈ હોય તોપણુ કહેવાય નહી મારી ભુલને લીધે મને જ શીક્ષા કરવાની હશે

અને ભુલમાં તમારા ભાણુામાં આવી ગયા હશે અથવા આમાં કંઇ બીજી રીતે બાજી રમાતી હોય એતો રાજનાં કામ છે તે તમારાથી કયાં અજાણ્યાં છે ભાકુંભો પણુ આપણા બેઇને હેતુ છે છતાં આ જે કંઈ થઈ ગયું તેનો ભેદ શું હશે એ તો ભગવાન જાણે માટે હવે વધારે બોલાચાલી કરી ભાઇબિંધાઇ તોડવી નહી. ખરા મર્દ બચ્ચા ભાઇબિંધાઈ કરે નહી અને કરે તો એના ગણુ અવગણુ ન જોતાં છેવટ લગી નીભાવે માટે હવે એ બધી ગઈ ગુજરી ભુલીને ઘોડાં મંગાવો અને ઝટ રવાના થાઇએ કાઈ કડવું વેણુ બોલાય જાય તો નાહક એક બીજાનો સબંધ બગડે એ ઠીક નહી.

ભાયા આતા ? ઠાંકાર હાંરે તો હવે સંબંધ રાખવા જેવું રહ્યું છે જ કયાં ?

એતો એમજ હાલ્યા કરે ચાલો ઝટ ઘોડાંઓ પર સજાયું નાંખો અને થાઓ રવાના.

ભાયા આતા હવે તો તું મારી ભેળો આવ્ય તોજ હું જાઉં એકલો જવાનો નથી.

વીરાવાળા તારી અટલી બધી લાગણી છે તો મારે આવવાની કયાં ના છે આપણાં વેરઝેર તો ખારે સમુદરે ગ્યાં.

ભાયા આતા ! વેરઝેરની વાત કયાં કરો છો હવે તો મારી ભેગા હાલતાં તમારા ઘોડાના ડાબલા જે જે ધરતી ઉપર પડશે એટલી ધરતીનાં તમે જ ધણી છો એમ માની લ્યો.

વીરાવાળાની સાથે ચાલતાં ભાયા વાઘનાં ઘોડાંઓના ડાબલા જે જે ધરતી ઉપર પડયા એટલી ધરતીનો સીમાડો ભાયા વાઘના હક્કનો કરી આપ્યો. અને બેઈ જણુ જીવ્યા ત્યાં સુધી બીલખામાં સાથે રહ્યા અને ભાઇ બંધાઈ પણુ એવીને એવી રહી ભાયા વાઘના

મરણુ બાદ ભાયા વાઘનો ગરાસ ખાંટ લોકોએ સંભાળ્યો પણુ તે ગરાસ ધીરે ધીરે દરબાર ઓઘડવાળાને ત્યાં મુકતા ગયો અને અંતે ઓઘડવાળાને સોંપી દેવો પડયો અત્યારે તો બીલખાની બાજુમાં વાઘણીયા નામનું ગામ જે વાઘ મહેરોનું છે તેજ છે. વાઘ શાખના મહેરો હજુ પણુ જુનાગઢ તાબાના ગામ મીતીમાં રહે છે તેમજ શ્રીજીનાં ગામ ધરશનમાં પણુ રહે છે વાઘશાખના મહેર મુળ ચુડાસમા રજપુત છે. ભાયા વાઘના ભાઈ જયમલની વીશેશ હકીકત કંઈ મળી નથી.

ભાયા વાઘના વડવા મેણંદની વીરતાનું એક કવીત મળી આવતાં આંહી ઉતાર્યું છે. ભાયા વાઘના વડવા જુનાગઢના તાબે ધંધુસરમાં રહેતા અને જુનાગઢ તાબે મીતી ગામમાં તેના પીતા રહેતા હતા.

ભાયા વાઘના વંશના હજી વાઘણીયા ગામે છે.

કાના વાઘા તથા વસ્તા જેઠા હાલ છે.

તેમને ૪૦ સાંતીની જમીન છે તેમાં ૨૦ સાંતીની જમીન વાઘણીયા ગામમાં છે અને ૨૦ સાંતીની જમીન મંડલકપરમાં છે.

કાનાના પીતા વાઘા મહેર પાસે રણુસીવાવનું નાકું કારો ગડબા. અને મથુરાનું નાકું એટલો ડુંગરનો પ્રદેશ હતો.

ડુંગરપરૂં અને પાદરીયું એ કાના વાઘના ભાયાત ભીમામેર પાસે હતાં. તેના હકક માટે તે બાબત તો હજુ કાર્ટમાં કેસ ચાલે છે. ખસીયાના નામથી ઓળખાતા એ વાઘના કુટંબી છે તેના ૨૪ ગામ છે મહુવા તાલુકામાં છે તેઓ હજુ મુળ ગરાસીયા જ કહેવાય છે. અને ખસીયા રજપુતના નામથી ઓળખાય છે.

કાનો વાઘ હાલ હૈયાત છે તેમને પુછતાં કહે છે કે અમારા વડવાઓ પાસે ખાંટનું મોટું લશ્કર હતું.

## કવીત

ધરા ધ્રોપટે ધંધુસર પ્રજા ધ્રુજે ધરા
પરઠ બાંધીને વેણુ પાળ્યો
મર્દ મર્દો વચ્ચે સદા ઘર મોવડી
વંકડે મેણુંદે વેર વાળ્યો
પ્રગટે ભાણુ ત્યાં અરી ઘેર ખુંમા પડે
વરત ભાલાં દીએ સુર વરીયો
કુકવા હાર હોંકાર કમલ
ઓ અરી નાર કહે વાઘ આયો

અરી=શત્રુ
નાર=સ્ત્રી
આયો=આવ્યો

ખુંમાં=રાડપડે
વાઘ=વાઘ શાખાના મહેર

# વફાદાર હાથીયો મહેર

જે વખતની આ વાત છે તે વખતે પોરબંદર રાજ્યમાં પ્રેમદામાણી દીવાનપદે હતા જ્ઞાતે લુહાણા હતા પ્રેમદામાણી રાજકાજમાં કુશળ હતા કામ લેવામાં કડક હતા તેની સાથે અભીમાની પણ હતા પ્રેમદામાણી હીમતવાન પુરૂષ હતો કોઈ કોઇ વખત લડાઇમા પ્રસંગોમાં પોતે જાતેથી લશ્કરી દેખરેખ રાખવા પહોચી જતો. તે બહાદુર હતો.

આજે પ્રેમદામણી પોતાની બેઠકમાં ગાદી ઉપર તકીયાનો ઓધાર લઇ આડે પડખે પડયો છે વીચારમાં તલ્લીન છે કોઇની આવવાની રાહ જોતો હોવાથી ઘડી ઘડી દરવાજા સામે નજર થઈ જાય છે બાજુમાં દીલ્લીસાઈ હોક્કો પડયો છે રબ્બરની નળીથી કયારેક કયારેક ફુક લીએ છે ડેલીએ બેઠેલા હાથીયા મહેરને સાદ કર્યો હાથીયા ? સાઢણી સ્વાર આવ્યો કે નહી !

સાહેબ ! સાંઢણી સ્વાર તો આવી ગયો છે તમે બોલાવો એટલી વાર છે.

હાથીયા ! જલદી એને આંહી મોકલ હોકાની ફુંક લેતા લેતાં દીવાન બોલ્યો સાઢણી સ્વાર આવતાં પહેલાં તો પ્રેમદામાણી અનેક વીચારોના વમળમાં પડયા આ વખતે એની નજર આગળ નગરનો મેરૂ ખવાસ ગોંડલનો ઠાકોર કુંભોજી અને જુનાગઢનો દીવાન અમરજી તરવરી રહ્યા હતા.

સાંઢણી સ્વારે આવી દીવાનને સલામ કરી અલ્યા આભ પરે તું ગયો હતો !

જી હા સાહેબ.

શું ખબર છે બોલ જોઈએ બેસ વીસ્તારથી બધી વાત કર સાંઢણી સ્વારની વાતો સાંભળવાને તકીયાનો ઓધાર છોડીને ગાદીના છેડા ઉપર દીવાન બેઠા અને હોકાને એક બાજુ મુકયો.

બાપુ એતો ન બોલવાનું બોલી ગયા. કોણ બોલ્યું ? અને ન બોલવાનું શું બોલ્યા અચકાયા વગર સ્પષ્ટ વાત કર.

બાપુ ? નગરનો મેરૂ ખવાસ પોતે બોલ્યો તે હમણા આભપરેજ છે એ બોલ્યો કે પ્રેમદામાણીને કહેજે કે તું તો ડુગળીનું ફોતરૂં તારે માટે તો આ મેરૂ ખવાસની એક ફુંક બસ છે.

આ વાત સાંભળી પ્રેમદામાણીનાં આંખોના ખુણા લાલ હીંગળા જેવા થઈ ગયા પોતાના ક્રોધને આ સમયે મનમાંજ સમાવ્યો અને કહ્યું કે મેરૂ ખવાસે એમ કહ્યું કાં ? ઠીક ત્યારે હવે હું પણ જોઈ લઈશ કે મેરૂ ખવાસ પણ કેટલાકમાં છે.

બાપુ વળી વીશેશમાં એણે એમ પણ કહેવડાવ્યું છે કે આવતી આઠમને દીવસે ધુમલીના ગઢ ઉપર નગરતો વાવટો ન ફરકાવું તો તો રંગમતીના પાણીને થુડમથડા. હવે ફરમાવ્યા ફરકાવ્યા એમ ધુમલી રેઢી પડી નથી કે એ ખાઈ જાય વાવટા ફરકાવવા આવતા તો બહુ આકરૂં પડશે.

સાઢણી સ્વાર જેઠો રબારી અને દરવાણી હાથીઓ મહેરે દીવાનની ક્રોધાયમાન મુખ મુદ્રા સામું જોઈ રહ્યા,

જેઠા સ્વારને રજા આપી અને હાથીયાને કહ્યું કે મહેરના આગેવાનોને બોલાવ્યા છે એ આવે ત્યારે મને ખબર આપજે બહુ સારૂં સાહેબ એમ કહી હાથીઓ ડેલીએ આવીને બેઠો.

કાઠીયાવાડમાં આ વખતે દરેક રાજાઓ પોતપોતાના રાજ્યની હદ મજબુત કરવામાં અને લાગ આવે તો રાજ્યની સરહદ વધારવામાં જહેમત ઉઠાવી રહ્યા હતા.

મર્દોનો આ જમાનો હતો મારે એની તલવાર હતી જેનામાં બાહુબળ હતું લશ્કરીબળ હતું તે નબળા રાજ્યને દબાવી મુલક દબાવતા જુનાગઢમાં અમરજી દીવાન ગોંડલમાં ઠાકોર ભાકુંભાજી જામનગરમાં

મેરૂ ખવાસ અને પોરબંદરમાં પ્રેમદામાણી આ બધા મુંસદ્દીપણામાં અતી કુશળ હતા.

પોરબંદર રાજ્યનું રક્ષણ કરવા માટે મહેરોની સહાયથી પ્રેમદામાણી પોતાના કાર્યમાં સારી રીતે ફાવી શકયા હતા.

લડાઈના મેદાનમાં પણ પ્રેમદામાણી મહેર જુવાનોને આવી પડકાર કરતો કે જો જો મહેર જુવાનો બરડાનો એક કાંકરો પણ નગરનો ન થાય.

મહેર જુવાનો સામો જવાબ વાળતા કે કામદાર તું તારે સખે સુઈ રેને મેરૂ ખવાસનો ભાર શું છે કે આપણી હદમાં પગ મેલી શકે હજી એણે મહેરોના ઝપાટા જોયા નથી.

પ્રેમદામાણીના રૂદયની સ્થીરતા બરાબર રહેતી નહોતી જામ સાહેબના લશ્કરી બળની અને તેની તૈયારીની વખતો વખત ખબર મળ્યા કરતી જેથી હૃદયમાં ફીકર થયા કરતી હતી, કયે કયે અને ક્યાં ક્યાં જામના લશ્કર સાથે મોરચો માંડવો પડશે એ કલ્પી શકાતું નહી રાત્રીના સુતી વખતે પણ પ્રેમદામાણીની તલવાર મીયાનમાંજ પડી રહેશે એમ ચોકસ કહી શકાય નહી આજે પ્રેમદામાણી લડાઈને મોખરે શું શું બનાવ બન્યા તે જાણવા આતુર છે ઘડીએં ઘડીએં સમાચાર આવતા હતા કે મહેરો જોરમાં છે સાંજ સુધીના સમાચારથી પોતાનું રૂદય હીમતવાન બન્યું હતું રાત્રીના નીદ્રાદેવીને આધીન થવાનો સમય થયો બીછાનામાં સુવા જતાં જતાં મનમાં ને મનમાં અનેક કલ્પનાના ઘોડાઓ દોડાવ્યા અને અચાનક હાથીયાને સાદ કર્યો હાથીયા ? મારી ઘોડી તૈયાર કર અત્યારેજ બરડાની સરહદ પર તપાસ કરવાને માટે મારે જાતેજ જવાની જરૂર છે નગરનો મેરૂ ખવાસ શું તૈયારી કરી રહ્યો છે તે હું ગુપ્ત રીતે જોઈ આવું આપણે પણ કોઈ પ્રકારે ગફલતમાં રહેવું ન જોઈએ.

સાહેબ! હુકમ કરો તો એ કામ હું બરાબર કરી આવું આવી અરધી રાતે તમારે શા માટે જાવું જોઇએં માણુસ ક્યાં થોડાં છે. નહી નહી હાથીયા ? માણુસનું કામ માણુસ કરે મારૂં કામ હું કરૂં ચાલ જલદી કર.

હાથીયો મહેર પ્રેમદામાણીનો અતી વીશ્વાસ પાત્ર અને નીમક હલાલ દરવાણી હતો હાથીયો પોતાની ફરજ બજાવવામાં ચોવીસે કલાક તૈયાર રહેતો હતો તેની સારી કામગીરીથી પ્રેમદામાણીની તેના ઉપર સારી કૃપા હતી.

ઘોડી તૈયાર કરી દીવાન સ્વાર થઇ ચાલતા થયા પણ હાથીયાને એમ થયું કે દીવાન સાહેબ સરહદ જોવા જાય છે અને બીજા કોઈ માણુસો સાથે લેતા જશે એ ઠીક છે પણ આવે પ્રસંગે તો મારે જ તેની સાથે જવું એ મારી ફરજ છે હાથીયો દોડયો અને ઘોડી આડો ફરી ને ઘોડીની લગામ ઝાલી.

કેમ હાથિયા કંઇ કહેવું છે ?

કહેવાનું બીજું કંઈ નથી હું તમારી સાથે આવું ?

પ્રેમ દામાણીએ હાથિયાનું રૂદય પારખી લીધું હાથીઓ મારો અંગ રક્ષક છે અને આ વખતે મારા રક્ષણુને ખાતર જ મારી સાથે આવવાની માગણી કરે છે.

સાહેબ સરહદ ઉપર અત્યારે તમારે એકલાને જવું એમાં એમાં જીવનું જોખમ છે માટે તમે મારૂં કેવું માનો અને ઘરે જાઓ અને મને જાવા દીઓ મેરૂં ખવાસને પણ ખબર પડશે કે એક મહેર પણ શું કામ કરી બતાવે છે.

ઠીક ત્યારે આ માન અને મોટાઈ તારે લેવી છે કાં ?

નારે સાહેબ માન અને મોટાઈની મને જરા પણ ભૂખ નથી.

મારા મનમાં તો એમ થયું કે જેનું અનાજ ખાવું તેનું ભલું વાંચવું ઈજ વિચાર આવ્યો એટલે દોડીને આડો ફર્યો.

વળી હું એકલો જઈને માન મળે તેવું કંઇ કામ કરૂં તો પણ હું તો તમારો નોકર એટલે એમાં પણ તમારી અને રાજનીજ શોભા વધેને ?

ઠીક તારો આગ્રહ છે તો તને એકલાને તો આ કામ નહિ સોપું પણ મારી સાથે તું ચાલ અને મેરૂ ખવાસને તારી તલવારની અણીનો સ્વાદ ચખાડજે અને મારી હાજરીમાંજ તારી મર્દાઈ બતાવજે હું તે વખતે તારા કામ આડો આવીશ નહી દીવાન સાહેબ મેરૂખવાસને મળવાના વીચાર માંડી વાળજો મુસદ્દીઓની કંઈકિ મેલી રમતો હોય દગા ફટકા હોય એને મળવાની તમારે શું જરૂર છે લડાઈના મેદાનમાં તો મુવા માર્યાની રમત હોય અને મુસદ્દીપણું તો દુરથી રહીને કરવાનું હોય તમારૂં કામ તો બુદ્ધિબળનું છે માટે થોડાક મહેર જુવાનોને લઈને મેરૂં ખવાસ સાથે વાતચીત કરવા મને જ જાવા દીઓને હવે સવાર (પ્રભાત) થવા આવ્યું છે એટલે એ લોકો પણ તૈયારીમાંજ હશે.

હાથીઓ મહેર પોતાના મહારાણાની કિર્તિ વધારવાને આભ પરે પહોંચ્યો થોડા ચુનંદા અને મરણીયા મહેર જુવાનોને સાથે લેતો ગયો. મેરૂ ખવાસને તંબુએ પહોચ્યો અને પડકાર કર્યો. જામના માણસો તો લડાઈ કરવાની તૈયારીમાંજ હતા સઓસબ બંને પક્ષમાંથી તલવારો ખેંચાણી અને બરાબર ધીંગાણું જામ્યું જામનું લશ્કર વધારે હતું પુરતી તીયારીમાં હતું જામનું લશકર જોરમાં આગળ વધ્યું મહેર જુવાનો પાંછા હટતા ગયા છતાં જામના ઘણા માણસોના મસ્તકો ધડથી જુદા કર્યા.

પ્રેમદામાણીને હાથીએ રસ્તામાં રોકી રાખ્યો પણ હાથિયાને

મોકલ્યા બાદ મનમાં ઘણા વિચારો આવ્યા, દીવાન જાણતો હતો કે હાથિઓ એક મર્દ બચ્ચો છે છતાં થોડા માણસોને લઈ ગયો છે અને જામનું લશ્કર વિશાળ છે એટલે જે મહેર જુવાનો ગયા છે તે બધાજ મરવાના છે માટે મારે વધારે મહેરોને લઈ તુરત પહોંચવું જોઈએ આ વિચાર આવતા પ્રેમદામાણીએ તુરતમાંજ બીજું લશકર ભેળું કરી જ્યાં મહેરોનો પક્ષ નબળો જોવામાં આવ્યો ત્યાં તો પ્રેમદામાણીએ ઓચિંતો આવી પડકાર કર્યો કે શાબાશ મહેર જુવાનો આગળ વધો અમે તમારી મદદમાં પહોચી આવ્યા છે પ્રેમદામણીના અવાજથી મહેરોમાં હિંમત આવી અને મારો મારોના પડકાર કરતા મહેરો આગળ વધ્યા પ્રેમદામાણીએ કહ્યું કે હાથીયા ? મેરૂ ખવાસ કયાં છે એને ગોતો.

દીવાન શાહેબ ધીગાણામાં તો એ પહેલેથીજ દેખાણો નથી તંબુ તાણ્યા છે એમાં ઈ બેઠો હશે ન્યાં બેઠા બેઠા હુકમ કરે છ આ વખતે હાથીઆએ અને પ્રેમદામાણીએ ખાનગી મસલત પણ કરી લીધી.

મહેર જુવાનો ? તૈયાર થાઓ ચાલો મારી સાથે આપણે મેરૂ ખવાસને તંબુએ પુગ્યે છુટકો છે આલુ ફેરે ભૂક્કા ઉડાવી દેવા છ થાઓ ભાયડાં આપણે છેલ્લી છેલ્લી મેરૂ ખવાસ હારે રામરામીયું કરી લેવી છે આલુ ફેરે કાં ઈ નહિ કાં આપણે નહિ મહેરો મરણિયા બની આગળ વધ્યા.

બાતમીદારે મેરૂ ખવાસને ખબર આપ્યા કે પ્રેમદામાણી લડાઈને મોખરે આવી પહોંચ્યો છે ખબર પડતાં જ તંબુનો આશરો છોડી મેરૂ ખવાસ ઘોડા પર સ્વાર થઈ મેદાનમાં આવ્યો પોતે જોયું કે આપણું લશ્કર હિંમત હારતું જાય છે પાછું હટતું જાય છે.

મેરૂ ખવાસ અને પ્રેમદામાણીનો ભેટો થયો પ્રેમદામાણી બોલ્યો

મેરૂ ખવાસ ? ડુંગરીના ફોતરાનો ઝપાટો હવે જોઈ લેજો આવી જાઓ મેદાનમાં જોઈ લે મર્દોના ઘા એમ કહેતાની સાથેજ મેરૂ ખવાસ ઉપર એક તલવારનો સખ્ત ઝટકો માર્યો મેરૂ ખવાસે તો આવી અનેક લડાઈઓમાં ભાગ લીધો હતો એટલે લડવામાં કાબેલ હતો તેનું મનોબળ મજબુત હતું તલવારોના ઝપાઝપીઓથી ગભરાય તેવો નહોતો પ્રેમદામાણીનો તલવારનો ઘા ચાલાકીથી ચુકવ્યો અને મેરૂ ખવાસે તલવારને વીંઝી પ્રેમદામાણીની ઘોડીને ઘા લાગ્યો પણ પ્રેમદામાણી સહેજ બચી ગયો મેરૂ ખવાસની સાથે તેના અંગરક્ષક સીદી સાથે સાથે જ રહેતા તેમણે ઓચીંતો પ્રેમદામાણી પર તલવારનો ઘા કર્યો પ્રેમદામાણીની નજર મેરૂખવાસ તરફ હતી તોપણ હાથીઓ પ્રેમદામાણીની બાજુમાં જ હતો તેની નજર પડી ગઈ જરા પણ જો વાર લાગે તો પ્રેમદામાણીના એક જ ઘાએ બે કટકા થાય પણ હાથીઆ મહેરે આડો પડી તેના પર ઘા ઝીલી લીધો આ બધું આંખના પલકારામાં બની ગયું હાથીયો સીદી ઉપર ઘા કરવા જાય તે પહેલાં હાથીયાનું મસ્તક ધડથી જુદુ પડયું.

આ બનાવ પ્રેમદામાણીએ નજરે જોયો અંતે પોતાને માટે પ્રાણ અર્પણ કરનાર હાથીઆને મૃત્યુને શરણે જતો જોયો આ દેખાવથી પ્રેમદામાણીને રૂંવાડે રૂવાડે ક્રોધ વ્યાપો અને મારવું કાં મરવું એ નિશ્ચય ઉપર આવી મહેરોને પડકાર્યા મહેરો હરણના ટોળા પાછળ જેમ શિકારી પડે તેમ પડયા મેરૂ ખવાસે જોયું કે દિવાન અત્યારે મરણિયો બન્યો છે એટલે યુક્તિ વાપરીને પોતાના ચારણને આગળ કર્યો.

ચારણે પ્રેમદામાણીને કહ્યું કે શાબાશ પ્રેમદામાણી શાબાશ હવે તમે બંને પક્ષ તલવારને મ્યાન કરો અને કાં આ ચારણને મારીને આગળ વધો.

અગાઉના વખતમાં ચારણને તો દેવતુલ્ય લેખનારા શુરવીર

યોદ્ધાઓ લડાઈમાં જ્યારે ચારણ સમાધાન માટે આડા પડે એટલે યુદ્ધ બંધ કરવુંજ પડતું ચારણને આડો ઉભેલો જોઈને મહેરોએ તલવારો મ્યાન કરીને પ્રેમદામાણીને કહ્યું કે હવે શું કરવું ચારણનું વચન કેમ લોપાય પ્રેમદામાણી બોલ્યો કે ત્યારે આજની લડાઈ બંધ કરો.

મેરૂ ખવાસ તરફ જોઇ મહેર બોલ્યો કે લડાઇનો બરાબર રંગ જામ્યો ત્યાં આ જુગતી કરી! આનું નામ મુસદ્દગીરી.

આભપરાના ધીંગાણાને આજે આઠ દીવસ થઈ ગયા છે પ્રેમદામાણી પોતાના મકાનમાં પોતાના આત્માને શાંતિનો અનુભવ મેળવતો આરામથી બેઠો છે સ્વરૂપવાન મેરાણી પ્રેમદામાણીની ડેલીએ આવી.

દરવાણીએ કહ્યું કે કેમ બાઇ?

મારે પ્રેમદામાણીને મળવું છે.

અટાણે મળી શકાય તેમ નથી દીવાન સાહેબ આરામમાં છે.

ભાઈ: ભલો થઈને તું મારા આટલા સમાચાર પુગાડ કે તમારા અંગરક્ષક હાથિયા મહેરની ઓરત લીરૂબાઇ બગવદરથી તમારી પાસે અરજ કરવા આવી છે.

કોણ હાથીયાની ઘરવાળી? દરવાણી બોલ્યો.

હાથિયા મહેરની વીરતા અને વફાદારી ભરેલાં કામોને લઇને રાજ્યના દરેક નોકર તેને ઓળખતા લીરૂબાઈનું નામ સાંભળતાં દરવાણી બોલ્યો કે બાઈ બેસ હું ખબર આપું.

બાપું? આપનો અંગરક્ષક હાથિયા મહેરની ઓરત લીરૂબાઇ આપ પાસે અરજ કરવાને આવી છે.

હાથિયાની બાયડી? શાની અરજ? ઠીક આંહિ મોકલ.

હાથીયાની સ્ત્રીનું નામ સાંભળતાં હાથીઆએ પોતાના પ્રાણુ આગમીને પોતાના ઉપર પડતો તલવારનો ઘા આડો ઝીલીને જીવતદાન આપ્યું, એ પ્રસંગ એ વખતે નજર આગળ તરી આવ્યો.

વીજળી ઝબકે તેમ એ મેરાણીનું સુંદર મુખડું ઝબકયું.

કેમ બાઈ શા માટે આવી છે ?

બાપુ ? મારો ધણી તો વીરને મોતે મુવો છે, એવું મોત તો સહુને આપે આટલું બોલતાં તો લીરૂબાઇની આંખોમાંથી ચોધાર આંસુ ચાલ્યાં, ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી વધારે બોલવા જતાં કંઠ રૂંધાયો અને બોલતાં અટકી.

ઠીક પણ હવે તારે શું કહેવું છે ?

બાપુ ? મારે બે નાનાં છોકરાં છે તે, મારા નિભાવ માટે રાજ્ય તરફથી કંઇ જીવાઈ મળે એવી મારી અરજ છે,

જીવાઇ ?

હા બાપુ ? જીવાઈ હવે તો તમારી જ ઓથ છે ?

બાઈ આવી રીતે ધીંગાણામાં તો ઘણાય મહેર મરી જાય. અને એમ જો રાજ્ય જીવાઈ આપે તો તો જીવાઈનો રાફળો જ ફાટેનાં ?

બાઈ તારે જીવાઇની શું જરૂર છે ?

બાપુ, મારે નાનાં છોકરાં હું નિભાવ કેવી રીતે કરી શકું ?

નિભાવ ન થઈ શકે તો બીજો ધણી કર ?

બસ કર, પ્રેમદામાણી આ વેણ તારાં જેવા અમીરના મોઢામાં શોભતાં નથી હું હાથિયાની સ્ત્રી બીજો ધણી કરૂં ? મેં તો મારો ધણી જોઈ વિચારીને જ ગોત્યોં હતો કે જે બહાદુરીથી પોતાના માલીકને ખાતર મરી ફીટયો, પણ મારા ધણીએ ધણી બરાબર

-ન ગોત્યો તી તારા જેવા નિષ્ઠુર અને ગુણ ચોરને ધણી કર્યો ફટ છે ભુંડા ? મારા ધણીએ તારા જેવાનો આશરો લીધો તયેં હવે તું મને આવી સલાહ આપેછનાં ? મને પહેલેથી ખબર હોત કે પોરનો દિવાન આવો નુગણો હશે તો તો એની ડેલીએ એનું મોઢું જોવાને ન આવત.

લીરૂબાઈના વચન કઠોર હતા, ક્રોધથી ભરેલાં હતાં છતાં એ વચન સાંભળી પ્રેમદામાણી સાવધ બન્યો અને બોલ્યો જો લીરૂ-બાઇ મારી વાત સાંભળ,

જાને વાત વારા મારે હવે તારી વાત નથી સાંભળવી હવે તો હજાર હાથવાળાનો આશરો લઇશ. એમ કહી લીરૂબાઈ ત્યાંથી ચાલતી થઈ.

શારદા નામના માસિકમાંથી ઉતારો

★

# કુછડી ગામનો સીસોદીઓ મહેર ખીમાણુંદ

જે વખતે પોરબંદરની પવીત્ર રાજ્યગાદી ઉપર મહારાણા સુલતાનજી ગાદી ઉપર બીરાજમાન હતા તે વખતનો આ પ્રસંગ છે.

મહેર જ્ઞાતિના વડવાઓમાં નેકી ટેકીના ગુણ કેવા રહેલા હતા તે ખીમાણુંદની કથા ઉપરથી વાંચનારના જાણવામાં આવશે.

ગામની વચ્ચોવચ્ચ આવેલા દરબારગઢમાં મહારાણા સુલતાનજી પોતાની કચેરીમાં બીરાજમાન થયેલા છે.

હાલના વખતમાં જેમ ખુરસીઓ અને ટેબલને કચેરીમાં સ્થાન મળે છે તેમ અગાઉ નહોતું. આગળના વખતમાં તો રાજા મહારાજા સુંદર કીંમતી ગાલીચા પર ગાદી તકીયાની બેઠક ગોઠવતા અને એક બાજુની લાઈનમાં રાજ્યના ભાયાતો નોકરો અને બીજી બાજુની લાઈનમાં પ્રજાવર્ગ બેસતો આ દેખાવ ઘણો સુંદર લાગતો.

જ્યારથી રાજામહારાજાઓના સભાગ્રહમાં કચેરીઓમાં ટેબલ ખુરસી ઘુસી ગઈ ત્યારથી ગાદી તકીયાની મજા અને દબદબા ભરેલો સુંદર દેખાવ અને એની મજા સૌ ચાલી ગઈ છે. રાજા અને પ્રજા પ્રત્યેનો પીતા પુત્ર જેવો ભાવ ભર્યો મીઠો સબંધ રાજ્યભક્તિ. રાજ્ય પ્રત્યેનો પ્રેમ. વફાદારી એ બધું દીન પ્રતીદીન ઓછું થતું જાય છે એ જાણી કયા વીવેકી પુરૂષને દુઃખ ન થાય.

સમયનું પરીવર્તન થતા માણસોના રૂદયનું પણ પરીવર્તન થતું જાય છે. માનવ ધર્મ દહાડે દીવસે ભુલાતો જાય છે. સમય તારી બલીહારી છે.

મહારાણા સુલતાનજી પોતાની કચેરીમાં બીરાજમાન થયેલા છે. સામેના ગાલીચા ઉપર રાજકવી થોડા હજુરીયા તથા પુંજો બારોટ વીગેરે બેઠા છે. કુછડી ગામના મહેર ખીમાણંદે આવી મહારાણા સાહેબને તાજમ કરી.

કેમ ખીમાણંદ આજ આવવામાં જરા વાર લાગી?

બાપુ? કુછડીથી તો વહેલો રવાના થયો પણ અધવચ રસ્તે આવ્યો ત્યાં યાદ આવ્યું કે અફીણની ડાબલી ભુલાઈ ગઈ. ઈ યાદ આવતાં ઘોડીને પાછી ફેરવી. મજુસમાંથી ડાબલી લઈ ઝટ રવાના થીયો. મોડૂ ન થાય ઈ સારૂ ઘોડીને આડસે લેતો આવ્યો તોય જરાક મોડુ થઈ ગયું બાપુ! બાપુ કોઈકિ દીવસ કોઈ જરૂરના કારણસર મને આવતાં વાર લાગી જાય તો મારી વાટ ન જોવી. તમે તમારે સોમવારનું પારણું કરી લેજો.

ખીમાણંદ એમ તો નજ બને. આપણે આજ લગી દર સોમવારનાં હારે પારણા કરતા આવ્યા અને હવે કંઈ ખોટ ખવાય? અફીણ લેવા માટે જો પાછો ધક્કો ન ખાધો હોત તો પણ ચાલત આંહીં અફીણનો કયાં તોટો છે.

બાપુ? ઈતાં તારો પરતાપ છે પણ થોડી હાથખરચી અને અફીણ રાખ્યા વીના તો હું ગામતરે નીકળતો જ નથી કોઈ ગરીબ ગુરબું માગે તો આપવા થાય.

ખીમાણંદ જે માગે એને તું આપ્યા કર તો ચારણ માગણને જેમ ખબર પડતી જશે તેમ તારે આગણે આવ્યાજ કરશે અને તને સુખે રહેવા દેશે નહી એટલું જ નહી પણ તું તારા ઘર વહેવારનું પણ પુરૂં કરી શકીશ નહી.

બાપુ ? હજાર હાથવાળો ભગવાન છે, તું જેવો ધણી છે એટલે મારે ફકર કેવાની હોય તોય હું અટલું તો સમજુંછ કે મારી આ ટેવ સારી તો નથી પણ હવે મારાથી કોઈને ના ન પડાય ઈ સ્વભાવ પડી ગયો ઈજ મોટું દખ છે નાં?

ખીમાણંદ તારી ઈ ટેવ તને કોઈ વખત મુશ્કેલીમાં મુકશે.

બાપુ ? તારી ઈ વાત તો ઘણે સાવ સાચી પણ હવે તાં જી ઠાગા ઢળ્યા ઇ ઢળ્યા હવે તાં ભગવાન કરે ઈ ખરી ?

ખીમાણંદ ? બાપુ કીએછ ઈ સાચી વાત છે કોઈ ગામ ધણી હોયનાં એને પણ એવું નીમ રાખવું પોષાય નહી તારૂં તો ગજું શું ને વાત શું. વળી તું આમ છુટો હાથ રાખ એમાં તો ગામ ધણીને પણ શરમાવું પડે નાં ? પુંજો બારોટ બોલ્યા.

પુંજા બારોટ ? મારે કોઈનો વાદ કરવો નથી મારે સારો કહેવડાવવાની કે મારી મોટપ વધે એની મને ભુખ નથી મેં તો બાપુ આગળ સાચા દલથી કહી દીધું કે બાપુ ? મારાથી કોઈને ના પડાય નહી.

ઇતો કોક દી ના પણ પાડવી પડે દી તાં દીવાળીયો છે બધા દી એકસરખા થોડા રીયે છ કોઈ વખતે હાથમાં નાણું ન હોય તો ના પાડવામાં થોડી ખોટ બેસે છે ?

બારોટ મરવાનો વખત આવે તો ભલે આવે બાકી મારાથી ના તો નજ પડાય ઝાઝી માથાકુટ કરવામાં શું લાભ.

ખીમાણંદ ? રેવાદે રેવાદે આવી અભીમાનની વાતુ કરવી છોડી દે ઈ હું ઠીક કહું છું કોક દી તું ને તુંજ ના પાડીને ઉભો રહીશ ઈ તારૂં નીમ બીમ રહેવાનું નથી ભગવાનની મરજી થઈ તે દી તારૂં ઈ નીમ ક્યાંય ઉડી જાશે સમજ્યો !

બારોટ મારા મનમાં જરાય પણ અભીમાન નથી મારી ગુંજાશ શું તી હું અભીમાન કરૂં જો ભગવાનનીજ મરજી જ મારૂં નીમ મુકાવવાની હશે તયેં જોયું જાશે તેદી મારો વાલો જેમ રાખશે તેમ રેશું.

અન્નદાતા ? ખીમાણંદની હઠ જોઈનીં ? આપ જેવા ધણીની રૂબરૂમાં પણ કેવી બડાઇની વાતો કરે છે.

બારોટ બાપુને અવરૂં સમજાવ્યમાં બાપુ ! હું આ બડાઈની જરાય વાત કરતો નથી આ તારા પગ છબીને કહું છું આતાં મારો સ્વભાવ પડી ગીયો ઇ હવે બદલે નહી એનું શું થાય ? મારી એવી કઈ વીસાત કે હું તારી હરૂભરૂ બડાઈની વાતુ કરૂં.

ખીમાણંદ મેં તો તારા ભલા માટે જે કહેવું ઘટે તે કહી દીધું તું જાણુ ને બારોટ જાણે.

બારોટ હવે ઈ ડખો કરવો મુકી દીઓ અને બાપુને પારણું છે તે પારણું તા કરાવીએં એકતાં હું મોડો આવ્યો તેમાં વળી વગર અકતની બાપુને વહાલો થવા સારૂ આવી વાત ઉપાડી માગણની જાત કહી અટલે હાઉં બારોટ દખ લગાડય તો તને મારા સમ છે ગમે તેમ તોય તું અમારે નમ્યા જોગ છે.

મહારાણાશ્રી ખીમાણંદને તેડી મહેલમાં પધાર્યા અને ત્યાં સોમવારનું પારણું કર્યું ત્યારબાદ ખીમાણંદે બાપુ પાસેથી રજા લીધી અને દરબારગઢનો આથમણી બાજુની ડેલી છે ત્યાં ઘડીક આરામ કર્યો.

મહારાણાશ્રી ખીમાણંદને તેડી જ્યારે મહેલમાં પધાર્યા ત્યારે પાછળથી ખીમાણંદની કોઈ પણ પ્રકારે ટેક મુકાવવા માટે બારોટનું

મન ચગડોળે ચડયું કઈ રીતે ખીમાણંદની ટેક મુકાવવી એ બાબતમાં મનમાં અનેક પ્રકારના સંકલ્પ ઉઠે છે અને પાછા સમાય જાય છે છેવટ એક નીશ્ચય ઉપર આવતાં ડેલીની દોઢીએ જ્યાં આરબનો પહેરો છે ત્યાં ગયો અને ચાઉસને પુછીને ખીમાણંદની ઘોડીની સજાઇ જ્યાં પડી હતી ત્યાં જઈ સજાઇમાં રાખેલો સામાન ભરવાનો ખડીયો તપાસ્યો અને ખડીયાના ખાનામાં કોરીની નાનકડી કોથળી હતી તે લઇ લીધી. કોથરી લઇ લેતાં આરબ દેખી ગયો અને બારોટ પાસે ગયો ?

બારોટ યે ખડીયેમેંસે તુમને કયા લીયા ! ખીમાણંદકી ગેર-હાજરીમે યે તુંમ કયા કરતે હો !

ચાઉસ ? ભલો થઇને કયાંય બોલજેમાં કયાંય વાત કર તો તને ભુંડા સમ છે. ખડીયામાંથી મેં કોરી ભરેલી કોથરી કાઢી લીધી છે આ કોરી મારે રાખવી નથી એમ કહીને પાણકોરાના લુગડાની બનાવેલી કસથી બાંધેલી કોથરી ચાઉસને બતાવી ચાઉસ ? ધોરે દીએ જ્યાં તારા જેવા પહેરાવારા ઉભા છે ત્યાં હું ચોરી કરવા તો ન જ આવું નાં ! ચાઉસ આના ભેદ ઉંડા છે ઈ તને હમણા ખબર ન પડે ભલો થઇને હમણાં કયાંય વાત કરજે માં નકણ મારી ધારેલ બાજી ધુળમાં મળી જાશે.

બારોટ એસા કભી ન હોગા માલીક કા અન્ન ખાકર મેં નીમક હરામ કભી નહી બનુંગા. બાપુકી પાસ યે બાત જાવે તો મેરે લીયે ક્યા ખ્યાલ આવે.

ચાઉસ તું સમજ નહી ને ઠાલો ધડ શું કરવા કરે છે. બાપુનો મત લઇને જ કરતો હોય તો !

અરે બારોટ ? જુઠ કયું બોલતા હે બાપુ એસા કભી ન કહેવે

બરડાકા ધણી કીસીકી ઈજ્જત પર હાથ કભી ન નાંખે યે સબ તુમારા કામ હય એ બાત સબ મેરે ખ્યાલમેં આ ગઈ હય.

ભાઈ પણ હવે માથાકુટ મુકને ? તારો બાળ વાંકો ન થાય પછી કેમ આનો જવાબદાર તો હુંજ છુંનાં ? બાપુથી તો મારે પણ છાનું ક્યાં રાખવું છે. આ તો બે ઘડી ખીમાણંદને મૂઝવવાની ગમત કરવી છે.

કીસીકા જાન જાવે એસી તેરી ગમત ? ઠીક તું જાણે ઔર તેરા કામ જાણે. મેં ઇતનાં તો તેરેકું કહેતાં હું કે યે સબ બાત બાપુસેં છુપી મત રખના.

અરે હું મારા અન્નદાતાથી કેમ છાનું રાખું હું તારી આગળ ખોટું બોલું છું તારા માનવામાં ન આવતું હોય તો લે આ મારો કોલ એમ કહી ચાઉસના હાથની હથેળીમાં પોતાના હાથનો પંજો જોરથી પછાડયો. લે હવે તારે કંઈ ફીકર છે તું તારે ડેલીએ બેસી કાવો પીધા કર ને લેર કરને તારૂં કોઈ નામ ન લીએ એમ કહી બારોટ હરખાતો હરખાતો દરબાર ગઢની ડેલીની બહાર નીકળી ગયો અને બારોટનું મન વળી પાછું વીચારોના વમળમાં પડયું અને અને મનમાંને મનમાં બોલતો મય છે. આજ મારા દીકરા ખીમાણંદની ટેકની ખબરૂ પડશે. મારા વાલીડાની બડાઈનો કોઈ પાર જ નથ. ચારસો સાંતીની જમીન છે તેમાં તો મોટા ગામ ધણી જેવો આડંબર રાખી જમીનથી અદ્ધર હાલે છે. આજ તો કાં એનું નીમ મુકાવું ને કાં દરબાર ગઢમાંથી એનો પગ કઢાવું તો જ હું પુંજો બારોટ સાચો પુંજો બારોટ શેખચલ્લીના જેમ વીચાર કરતો ચાલ્યો જાય છે ઓખીરાની ખાડી ઓળંગીને કુછડીને માર્ગે ચાલવા માંડે છે રસ્તામાં સરસા ચામુંડ માતાજીની ડેરી આવે છે ત્યાં ડેરીના

ઓટલા ઉપર પોતાની પછેડીનું ઓશીકું કરી પગ ઉપર પગ ચડાવી ખીમાણંદની વાટ જોતો સુતો ઘડી ઘડીમાં ઊભો થઈ પોરબંદરના માર્ગ તરફ નજર કરે છે અને મનમાં વીચાર કરે છે કે કયે ખીમાણંદ આવે અને કયે એની આબરૂ પાડું? આવા વીચારમાં પોતાનું કામ ફતેહ કરવા માટે ચામુંડ માતાજીની પ્રાર્થના કરે છે. હે માતાજી? હે હરજોગણી? અટાણે તું મારી ભેરે થાજે હે માતાજી આ લીધેલ કામમાં હું પાછો ન પડું એમ તું મારી લાજ રાખજે.

મુર્ખ અને અજ્ઞાની માણસો બીજાઓનું બગાડવામાં અહીત કરવામાં પણ દેવ દેવીઓની સહાય માટે પ્રાર્થના કરે છે; પણ એને કયાં ખબર છે કે દેવ દેવી સત્યને પંથે ચાલનારને સહાય કરે કે અનીતીને માર્ગે ચાલીને સતવાદીનું સત મુકાવનાર વીઘ્ન સંતોષીઓને સહાય કરે અધમ માણસો કુદરતનો કાયદો સમજ્યા વીના અન્યાયને રસ્તે પોતાની મુરાદ પાર પાડવા મથે પણ એ કયાંથી બને! સત્યનો બેલી પ્રભુ છે એ કહેવત દુર્જન માણસોના હૃદયમાં ક્યાંથી વસે, ખીમાણંદે થોડો આરામ લીધો અને મહરાણા સાહેબને તાજમ કહેવડાવી કુછડી જવા માટે રજા મંગાવી.

જવાબમાં મહારાણાં સાહેબે કહેવડાવ્યું કે ખીમાણંદ તારે જાવું હોય તો ખુશીથી જા સોમવારે વહેલો આવજે.

ખીમાણંદ મનમાં મનમાં બોલ્યો અરે હવે તી મોડો આવું?

ખીમાણંદ દરબાર ગઢની દોઢીએ આવ્યો પોતાની સજાઇ અને ખડીઓ લઈને ઘોડારમાં જ્યાં પોતાની ઘોડી બાંધી હતી ત્યાં જઈ ઘોડી ઉપર સજાય નાખી દરબારગઢની બહાર નીકળવા પુર્વ તરફના

દરવાજે આવ્યો દરવાજા બહાર આવ્યા બાદ ઘોડી ઉપર સ્વાર થવા જાય છે ત્યાં ચાઉસ આવ્યો.

ખીમાણુંદ ? જરા ઠેર.તો ? થોડી ખાનગી બાબત કરૂં.

ચાઉસ ? કોઈ દી ખાનગી વાત નહી ને આંજ ખાનગી વાત કેવી !

દેખ ખીમાણુંદ ? યે પુજા બારોટ હે નાં ? યે તેરી વીરૂદ્ધ કુછ ખટ પટ કર રહા હે કયા કરને ચાહતા હય વો તો મેરે મગજમેં બરાબર સમજમે નહી આઈ મગર કુછ બી હે તો સહી. બસ એ બાત તેરે દીલમેં રખના અબ હો જા સ્વાર.

ચાઉસ ? તેં મને ચેતવ્યો આટલી તારી ભલાઈ તારો ગુણ હું ભુલીશ નહી.

ચાઉસ મારી ફકર જરાય કરીશમાં કારણ કે મેં સ્વપનામાં પણ રાજ્યનું બુરૂં કદી કર્યું નથી એટલે મારૂં બુરૂં થાય જ નહી. પુજો બારોટ જખ મારે એમ કહી લ્યો ચાઉસ રામ રામ એમ કહી ઘોડીને પોતાના પગની એડી મારી ઘોડી રેવાલ ચાલમા એવી ઉપડી કે જાણે વીમાન ઉડયું બોખીરાની ખાડી ઓળગી ગયા બાદ ઘોડીને આડસે દોડવી.

પુજો બારોટ તો ખીમાણુંદની વાટ જોતો આધીરો બન્યો હતો અને પોરબંદરના રસ્તા તરફ નજર નાખતો હતો થોડી વારમાં તો ધુળની ડમરી ઉડતી જોઈ મનમાં નક્કી કર્યું કે નકી ખીમાણુદ જ આવતો હોવો જોઇએ ઘોડી નજીકમાં આવી પહોંચી ખીમ.ણુંદને ઓળખ્યો પછેડી ઓસીકે મુકી હતી તે ખંખેરી ઉભો

થયો ખીમાણંદે પુંજા બારોટને જોતો ઘોડી ઉપરથી હેઠો ઉતર્યો ત્યાં તો પુંજા બારોટે પડકારો કર્યો.

ભલો ખીમાણંદ ભલો? ભલો નવડદાતાર ભલો? ભલો કુંછ-ડીયા ભલો?

બારોટ રામ રામ રામ.

રામ બાપ રામ.

સવારે તો દરબારગઢમાં આપણે બધા સાથે હતા અટાણે અહીં આવી પુગ્યા!

ખીમાણંદ ઓચીંતુ પરીયાણ થયું એટલે આવવું પડયું જાવું છે તો કાંટેલા સુધી પણ બુઢો માણસ થાકયો એટલે વીસામો લેવા આંહી બેસી ગીયો વળી કોઇ જજમાન નીકળે તો તેની વાટ પણ જોતો હતો. ત્યાં તો ચામુડ માતાજીએ તને જ આંહી ધકેલી દીધો, ખીમાણંદ તું ભેટયો એટલે હવે તો મારા દારીદ્ર ભુક્કા થઈગયા,

બારોટ કુંછડીએ આવવું હોય તો હાલો અને થાકયા હોય તો આવી જાઓ આ ઘોડી ઉપર,

ખીમાણંદ હું ઘોડી ઉપર બેસું ને તું?

બારોટ હું હાલ્યો આવીશ.

અરે એમ તે કંઈ બનતું હશે.

તયે બારોટ તમે હાલ્યા આવોને હું ઘોડી ઉપર બેસુ ઈ કઈ સારૂં લાગે તમે ગમે તેમ તોય અમારા પુજનીક છો.

ખીમાણંદ? કુંછડી તો આ જ નહીં આવું મારે કાંટેલે તો ગયેજ છુટકો છે,

બારોટ આજ રાત કુચ્છડીએ રહેજો અને કાલે કાંટેલે જજો અમારૂં ગાડું મોકલીશ તી તમને મુકી જાશે.

ખીમાણુંદ ? આ જ તો કોઇ રીતે અવાય એમ નથી કોઇ બીજી વાર જરૂર આવીશ ખીમાણુંદ આજ તો એક કામ પડયું છે તી તારે કરી દીધે છુટકો છે.

બોલ્ય બોલ્ય બારોટ એવું શું કામ પડયું છે બોલ્ય ઝટ મારાથી થાય એવું હશે તો જરૂર કરી દઇશ તું વાત કર મનમાં મુંઝામાં.

ખીમાણુંદ આ વખતે તો હાથ ખરચી ઘેરથી લેતાં ભુલી ગીઓ તી આપ્ય તયેં થાય.

બારોટ એમાં શું મુંઝાણો કચેરીએ બેઠા હતા તયે ન બોલ્યો. ? ઈ ટાણે જ આપી દેત.

બાપ તું કચેરીમાં બેઠો હોય તયેં કંઈ મગાય ?

અટાણે તને જોયો તાં જ મારા મનને નીરાંત થઈ કે ખીમાણુંદ મારૂં વેણ નહિ ઠેલે.

કેટલી કોરી જોઇએ છ બારોટ !

મારે કંઇ છેટે ગામતરે નથી જાવું અટાણે તો મને એક કોરી આપ તોય ઘણી થઈ પડશે. તારી પાસે હશે તો વળી મારા જેવા કોક બીજાને આપવા કામ લાગશે.

ખીમાણુદે ખડીયામાં હાથ નાંખી કોરીની કોથરી ગોતવા માંડી કોરીની કોથરી હાથમાં ન આવતા વીચારમા પડી ગયો મનમાં એમ વીચાર આવ્યો કે ઘેરેથી તો કોરીની કોથરી લીધેતી ને આ કેમ

થયુ ? દરબાર ગઢમાંથી કોથરી જાય તો તો કૌતુક કહેવાય ખપે એમ થીયું હોય પણ કોરીની કોથરી તો દરબાર ગઢમાંથી જ ઉપડી ગઈ છે ઠીક પણ હવે આ વાત કોઈને કહેવાય નહી મનમાં સમસમી બેસી રહેવા જેવું છે.

કોરીની કોથરી તો ઘોડાને ગઈ પણ હવે મારે બારોટને શું આપવું ઈ એક મોટું દુઃખ થીયું.

બારોટ ? તમે આજ એમ કરો કે આજ મારી ભેગા કુછડી હાલો ત્યાં તમને કોરી આપીશ અને ત્યાંથી શીરાવીને પછી કાવા કસુંબા પીને કાટલે ચાલ્યા જાજો,

ખીમાણંદ કુછડી તો મારાથી આજ કોઈ રીતે અવાય એમ નથ ઈતાં તને પહેલાં જ કહી દીધું તું મને આંહી આપી દેને એટલે હું રસ્તે પડું.

બારોટ ? સાચી વાત કરૂં ?

વાત કર.

બારોટ કોરીની કોથરી તો જાણે મેં ભેગી જ લીધી હતી પણ કોણ જાણે શું ગડબડ ગોટો દરબાર ગઢમાં થઈ ગીયો કે ખડીયામાં કોરીની કોથળી જ નમળે.

દરબાર ગઢમાંથી વાલની વારી પણ જાય ખરી ? અને તું કહે છે કે કોથરી ઉપડી ગઈ આવી ગલાવેલી વાતુ ક્યાંય કરજે મા.

બારોટ ઈ વાત ક્યાંય થાંય જ નહી આ તો તારી આગળ પાપ ફુટી વાત કરું પણ હવે તો તારે કુછડી આવ્યે છુટકો છે ત્યાં તને એકને બદલે દશ કોરી આપીશ.

ખીમાણંદ એવી ગાલાવેલી વાતુ કર માં તારે ન દેવી હોય તો ના પાડી દે મને એનું કંઈ દખ નથી પ્રભુના પરતાપથી મારે ઘણાય જજમાન છે તું નહી આપે તો મારૂં કામ કંઈ અટક્યું રીએ એમ નથી આ તો તું કોઈને ના નથ પાડતો ઈ સારૂ તારી પાસે વેણુ નાંખ્યું મને જો પહેલેથી ખબર હત કે તું એક કોરી સારૂં ખોટાં બાનાં કાઢીશ તો તો તારી હું આશા કરત નહી.

બારોટ આપવાની મારી ના નથી તમે ઘડીક આંહી વીસામો ખાઓ ત્યાં હલઘડીએ હું કુંછડી જઈ લઇ આવું.

ખીમાણંદ આવી ગાલાવેલી વાતુ કરવી મુકી દે તારે દેવી હોય તો આંહી દે નકણુ ના પાડી દેને ઠાલા ઉત્તર દઈ મને ખોટી શું કામ કરે છે. દાતાર પાય સુમ ભલો તી ઝટ પાડે ના, કઈ દેને કે નથી દેવી એમાં મને તારૂં દુઃખ લાગે એમ નથી.

બારોટ? મારો એક વાત માનીશ? જો આ મારી ઘોડી છે ઈ હજાર કોરીની કીંમતની છે તો એક કોરને બદલે સજાઈ સહીત હું તને ઘોડી આપી દઉ પછે કંઈ છે?

એમ બોલી ખીમાણંદ ઘોડીની લગામ બારોટના હાથમા દેવા તઇયાર થયો.

ઈ હજાર કોરીની થોડી હોય કે બે હજાર કોરીની હોય ઈ ઘોડી મારે જોતી નથી મને તો એક કોરી આપી દેને તું એવો નવડ દાતાર છે તી ઈ મને ખબર છે. ઠાલો વેવલો થઈને ખડ ખાવાની વાતુ શું કરવા બેઠો છે.

બારોટ આમાં વેવલાની આ વાત નથી આ તો મારૂં નીમ તુટી ન જાય ઈ સારૂ જ આટલાં વાના કરવાં પડે છે આ ઘોડી

આપતાં તારૂં મન માની જાય તો જાણે નીહાલ થીયા મારૂં નીમ તો રહી જાય ઘોડી તો વળી બીજી મળી રહેશે માટે બારોટ ભલો થઈ ને તું તારી હઠ છોડી દે હું તારે પગે પડું છું એમ કહી ખીમાણુંદે બારોટના પગ પકડયા. ખીમાણુંદ એમ પગ પકડયે કંઈ ન વળે ના પાડી દે એટલે ઝટ કાટેલાનો રસ્તે પડું *બારોટ તું આટલો બધો મમતે કેમ ચડયો ઇ મને ખબર પડતી નથી ભેળા ભેળી છેવટની બીજી એક વાત કહી દઉં કુછડીયે મારો જે ગરાસ છે તેમાંથી તમે કીઓ એટલી જમીન આપું કયો તો મારી ગાય ભેસો છે એમાંથી ધુનમાં ધુન ભેંસું આપું પણ ભલો થઈ મારૂં નામ મુકાવવાની હઠ કર માં મારી ટેક મુકાવવામાં તને કંઈ લાભ મળ-મળવાનો નથી તેમ ભગવાન પણ એમાં રાજી નથી.

ખીમાણુંદ? એક ફોરી દઈ શકતો નથી ઈ તું ભેંસુને ગરાસ દેવાની મોટી મોટી વાતુ શું જોઇને કરે છ દરબાર ગઢમાં તો બાપુ પાસે મોટી મોટી બડાઈની વાતું કરતો હતો ને અટાણે એક ફોરી માગી ત્યાં વેવલી વેવલી વાતુ કરવા બેઠો છ એક ફોરી માગતા તારો ભગવાન જો મારા ઉપર નારાજ થાય તો ભગવાન ભલે મારૂં ઘાણીમાં ઘાલી તેલ કાઢે ભગવાનને જવાબ દેવાની મને ત્રેવડ છે. ખીમાણંદ તું તારે ના પાડી દેને કે નથી દેવીઃ? ઠાલા ફતુર શું આવર્યા છે.

બારોટ આ ફતુર નથી મેં મારી જીંદગીમાં કોઈને ના પાડીં નથી ફુલ નહી તો ફુલની પાંખડી એ પ્રમાણે મારા ગજા પ્રમાણે માગનારને હું પ્રેમથી આપી છુટતો આજ ના પાડવી પડે એ તો મને મોત બરાબર લાગે છે કારણ કે મારૂં નીમ મુકાય એના કરતાં તો મરવું ભલું.

ખીમાણંદ હવે તારી હારે મારે ઝાઝી માથાકુટ કરવી નથી

ઈ તો તારૂં મોત આવ્યું હશે તો એમ પણ થાશે ટેક રાખવી સલભી નથી ટેક રાખવી હોય તો કોઈ વખત મરવાનો પણ પ્રસંગ આવે એમાં હવે ચીંથરા ફાડવા શું બેઠો છે મને ના પાડી દેને? ના પાડવું ઈતાં સાવ સલખું છે.

ખીમાણંદે જાણી લીધું કે બારોટે ફક્ત મારૂં નીમ મુકાવવા સારૂજ આ ઉપાડો માંડ્યો છે પણ હવે કરવું શું? મારો રામ કોઈ રીતે મારી લાજ રાખે તોજ રીયે, એમ બોલીને મનમાં શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરવા લાગ્યો હે સતના બેલી? અટાણે તું મારી ટેક રાખજે જો મારી ટેક તુટી તો આ બારોટ મને દુનીયામાં હાલવા દેશે નહી મારા પ્રભુ તેં તો ઘણાને સહાય કરી છે તો મારા રામ? મારી પણ તું લાજ રાખજે ખીમાણંદના રૂદયમાં ફીકર થવા લાગી અને શરીરની શક્તિ પણ ઘટી ગઈ પોતે અફીણનો બંધાણી તેથી આ વ્યાધીમાં અફીણ પણ ઉતરી ગયું જેથી ચામુડ માત્તાના ઓટલા પર બેસી ગયો આંખે અંધારા આવવા લાગ્યાં કાયા સાવ નીસ્તેજ થઈ ગઈ.

ખીમાણંદ! અરે ભડના દીકરા? તું દાતાર થઈને એક કોરી સારૂ થઈને આમ હારીને ગાર જેવો શું થઈ ગીયો એમ હારી ગીયે કંઇ નીમ થોડાં રહેવાનાં છે.

બારોટ? આમાં હારવાની વાત નથી ટેકને ખાતર મને મરવું પડે તો તેનો મને ધાખો નથી મારૂં અફીણ ઉતરી ગયું એટલે જરા અફીણ લઈ લઉં પછી આપણે વાતુ કરીએ.

એક કોરી એમાં તારૂં અફીણ ઉતરી ગયું! ખીમાણંદ હું તો તને કંઈનો કંઈ સમજતો હતો હું તો તને મોંઘા મુલો હીરો સમજતો હતો ત્યાં તો તું કાચનો કટકો નીકળ્યો.

બારોટજી બોલવું હોય ઇ બોલ અટાણે તારો બોલવાનો સમો છે એમ કહેતાં કહેતાં આંગડીના ખીસામાંથી અફીણ રાખવાની રૂપાની ડાબલી કાઢી ડાબલીનું ઢાંકણું જ્યાં ઉઘાડે છે ત્યાં અફીણ ભેગી એક કોરી પણ હતી ખીમાણંદે કોરી જોઇ હરખનો કોઈ પાર રહ્યો નહી બારોટને કહ્યું કે લે બારોટ આ તારી કોરી ? કોરી જોઇ બારોટ ઝખવાણો પડી ગયો અને બોલ્યો.

ખીમાણંદ! આ અફીણની ડાબલીમાં કોરી ક્યાંથી ?

બારોટ હું મારા ઇષ્ટદેવના સોગન ખાઈને કહું છું કે મને એની ખબર નથી અમારી ઘરવાળીએ કોથરીમાં કોરીયુ નાખવા વખતે ડાબલીમાં નાખી દીધી હોય તો કહેવાય નહી મને પોતાને કંઈ ખબર નથી ઠીક ઈતો જેમ થીયું હોય એમ ભલે થીયું અટાણે તો મારા રામે મારી લાજ રાખી બારોટ મારી આબરૂ પાડવા મારૂં નીમ મુકાવવા તેં જે અટલી મહેનત લીધી તો ભલે પણ હવે આવી રીતે કોઈનું નીમ ત્રોડાવવાનો ધંધો કર જેમાં બારોટ કોકની આંતરડી કરલાય તો એમાં તારૂં સારૂં ન થાય.

બારોટ ભોંઠો પડયો કંઈ જવાબ દઈ શકયો નહી અને નીચું જોઇ જમીન ખોતરવા લાગ્યો અને ખીમાણંદની ટેક મુકાવવા માટે જે ખોટી હઠ્ પકડી હતી તેનો મનમાં પસ્તાવો કરવા લાગ્યો.

ખીમાણંદ ? બાપ ! મારી ભારે ભુલ થઈ મારો અપરાધ માફ કર વગર કારણે મેં તને સંતાપ્યો છે આ મારા નીચ અને ઈર્ષાખોર સ્વભાવનું જ પરીણામ છે. ખીમાણંદ

આવો મેં બહુ ખોટું કર્યું પણ હવે શું થાય ! ખીમાણંદ મારો મારો ગુન્હો માફ કર એમ બોલતાં બારોટની આંખમાંથી પસ્તાવાનાં આંસુ ઉભરાણાં.

પુંજા બારોટ ઈ અફ્સોસ કરવો મુકી દીઓ માણસ માત્ર ભુલ કરતા આવે છે હવે ઈ વાત સાવ ભુલી જાઓ જે વાત બની ગઇ એનો અફસોસ હોય નહી ભગવાન જે કરે ઈ સારા સારૂ એમ માનવું બારોટ તમારા અવગુણ જોવા ઈ અમારો ધરમ નહી માટે તારૂં મને જરાય દખ નથી.

: ખીમાણંદ તને ને તારા માતા પીતાને ધન છે. બારોટ ? હવે ઇ વખાણ કરવા મુકી દીઓ અને આવો આપણે બેઈ કસુંબો લઇએ એમ કહી બારોટની પછેડી ખેંચીને તેને ખીમાણંદે પોતાની બાજુમાં બેસાડયો.

ખીમાણંદ હું શું મોઢું લઈ તારી પાસે બેસું ? બારોટ ઇતો એમજ હાલ્યા કરે હું તો તારી ભલાઇ માનું છું મારૂં મન કેટલુંક મજબુત છે એની આજ કસોટી થઇ.

બારોટથી રહેવાણું નહી જેથી ખીમાણંદની ટેક બાબતમાં મનમાંથી ઉભરો આવતાં નીચે મુજબના બે દુહા લલકાર્યા.

કુંછડીયા કીરત તણા લઇ ભરીયા ભંડાર
સેહ બધો સંસાર તેનો તું બોળાધર ખીમાણંદા
તરસ્યો તોય હાથીયો લાંધ્યો તોઇ સીંહ
ખાલી તોય ખીમાણંદા વાદળીયો તોય દી

બારોટ હવે ઇ ઝાઝાં વખાણ કરવાનું છોડી દે મારા કોઇ વખાણ કરે ઈ મને ન ગમે લે કસુંબો પી લેને ગઇ ગુજરી ભુલીજા એમ કહી રૂપાની વાટકીમાં કસુંબો ભરેલ હતો તે વાટકી ખીમાણંદને આપી.

ખીમાણુંદ બાપ ? અટલો કસુંબો પીવાય તારે મને મારી નાંખવો છ ?

કસુંબો પીતા મરીજા તો ઘોર્યો લે પીજા નકણ મારે ઉઠીને મોઢામાં રેડવો પડશે. ઠીક તયેં લે પીજાઉં એમ કહી કસુબો ગટગટાવી ગયો બે ચાર ખોખારા ખાધા પછેડીના છેડાથી મુછના વાળ સરખા કર્યા બારોટ આ છોકરા સારૂ થોડું ખાવાનું લીધું તે એનો નાસ્તો કર અફીણ લીધા પછી ઠુંગો કર્યા વગર મજા નહી આવે,

ખીમાણંદ ! ઈ છોકરાં સારૂ લીધું હોય ઇ તો હું નહી ખાઉં ઈતો તું ઘેરે લેતો જાજે. હવે ખાને છોકરા સારૂ તો બીજું મળી રહેશે અફીણના બંધાણીમાં ને છોકરાંઓમાં શું ફેર હોય એમ કહી મગજનું તથા ગાંઠીયાનું પડીકું છોડયું. બારોટને પરાણે મગજનો લાડુ ખવરાવ્યો થોડા ગાંઠીયા ખાધા.

ખીમાણંદ બુરૂ કરવાવાળાનું ભલું કરવું એવું જે સંતોનું કહેવું છે ઈ આજ આંહી મેં નજયે જોયું ખીમાણંદ તારા જેવા દીલાવર દીલના બહુ થોડા નીકળે તારી જગ્યાએ કોક બીજો હોય તો મારા આવા કામોથી મને મારી મારી મારાં હાડકાં ખોખરાં કરી નાખે ખીમાણંદ તારી ભલાઈનો તો કંઈ પાર નથ મારા આજુના કામથી તો મારે નીચાજોણું થાયછ પણ હવે થઇ ભુલ કેમ સુધરે.

બારોટ તું જરાય શોખમા તો તને મારા સમ છે લે હાલ્ય ઉઠ ચડીજા ઘોડી ઉપર આજ કુંછડીએ રાત રહેજે કાલ જ્યાં જાવું હોય ત્યાં જાજે ખીમાણંદ કુછડીએ હું શું મોઢું લઇને આવું ત્યાં ગયા પછી મારા આ અવળા ધંધાની તારા ભાઇયુને ખબર પડે તો તો મારા ઉપર જોડાની પટજ પડેનાં ?

બારોટ ? હવે ગાલાવેલો થામાં આ વાત તો તું ને હું એજ જાણીયે કાઇને કહેવાની શું જરૂર છે તું જરાય ઓજપામાં.

ખીમાણંદ આજ તો મને કાંટેલે જાવા દેને. બીજીવાર વરી આવીશ.

કાંટેલે જાવાના ઢોંગ હજી મુકતો નથ તારે કાંટેલે કામ છે ઈ તાં મનેય ખબર છે તારી ઠાવકાય હવે તારી પાસે રાખ અને ચડી જા ઘોડી ઉપર.

ખીમાણંદ તું વણો આવ્ય ને હું ઘોડી ઉપર બેસું ઈતાં ઠીક નહી.

તયેં બારોટ હું ઘોડા ઉપર બેસું ને તું વણો આવ્ય ઈ કંઈ મને સારૂં લાગે.

તયે તું હું અને ઘોડી ત્રણેય વણાં આવીએં તોય કોક જુવે તો આપણી ઠેકડી કરે માટે ઘોડી ઉપર સ્વાર થઈજા.

બારોટ ઘોડી પર બેઠો બંને જણ વાતો કરતા કરતા આનંદથી કુછડી પહોચ્યા.

ખીમાણંદે ઘેર જઈ ઓસરીમાં ઢોલીઓ નાંખી માથે ગાદલું પાથરી બારોટને બેસાડયા અને હોકો તૈયાર કરી બારોટ પાસે મુકયો.

ખીમાણંદને ઘેરે મહેમાન છે એવી પાડોશીઓને ખબર પડતા બારોટને રામરામી કરવા આવે છે ઓસરીમાં સૌ દાયરો બેસે છે થોડીવાર બાદ વાળુ તૈયાર થતાં જમવા ઉઠે છે.

ઉઠતાં ઉઠતાં એક બે જણાયેં પુછયું કે બારોટ જમ્યા પછી વાર્તા કરશો ? જો કરો તો સાંભળવા આવીએ.

બાપા આજતાં મને બરાબર મજા નથ અટલે વાર્તા કરવામાં મજા નહી આવે કોઈ બીજીવાર આવીશ તયેં આનંદે બેશશું.

બારોટે વાળુ કર્યા બાદ હોકો પીધો થોડી વાતો કરી બાદ સુતા.

સવારના કસુંબો લીધા બાદ ચા નાંસ્તો કરીને રવાના થયા અને કાંટેલે ન જતાં પોરબંદર આવ્યો.

આજે એ પુંજો બારોટ નથી તેમ ખીમાણંદ પણ નથી પણ ભલાની ભલાઇ અને બુરાની બુરાઇની વાતો જગતમાં રહી જાય છે.

પુંજા બારોટના બે દીકરા હતા ભાભો અને મુળુ બંન્ને નીપુસંક બનવાથી નીરવંશ થયા. આ બાબતની મહારાણાશ્રીને ખબર પડી ત્યારે બારોટને ઠપકો આપ્યો.

## કેશવારો મહેર વીંઝરો

પોરબંદર તાબે વીસાવાડા એ કેશવારા મહેરોનું રહેવાનું સ્થાન છે કેશવારા મહેર એ મુળ મહેર છે. શ્રી રામચંદ્રજીએ જ્યારે લંકા છે. ઉપર ચડાઇ કરી તે વખતની તેની ઉત્પત્તી છે. એવી દંત કથા પ્રચલીત

વીસાવાડા એ મુળ દ્વારકાના નામથી પ્રસિદ્ધ છે. વીસાવાડામાં શ્રી વીઝાત ભગતે શા. ૧૨૬૮ માં ગામથી પુર્વ બાજુ શ્રી દ્વારકાનાથજીનાં દેવળ બંધાવ્યાં છે. વીઝાત ભગતનું જીવન ચરીત્ર મહેર જવાંમર્દ ભાગ ૧લામાં લખેલ છે તે વાંચવાથી વીશેષ જાણવાનું મળશે.

મહેર જ્ઞાતિમાં દાતા શૂરા ભક્તો એમ અનેક પુરૂષો થઇ ગયા છે. તેમાં વીઝાંત ભગતનું નામ અગ્રસ્થાને છે. તેના બંધાવેલાં દેવળ જીર્ણ થવાથી પોરબંદર રાજ્યના રાજ્યરત્ન શ્રીમાન શેઠ દાનવીર નાનજી કાલીદાસે રૂપીયા દશ હજારનો ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરેલો છે. વીંઝાત ભગતના પૌત્ર વીઝરાની આ કથા લખવામાં આવી છે. કેશવારા મહેરોનાં ગરાસનાં ૨૪ ગામો હતાં તેના નામ નીચે પ્રમાણે છે.

કેશવ, વીંઝાતકું, મોઢવાડું, સીસલી, ગઢીયું, રાણુપરડું, ખાંડાગઢ, ભેટાળી, સખપર, વીસાવાડું, રાતડી, બરડીયું, બગવદર, અણીયારી, ટુંકડું, બોરડી, ડમઠડી, બહેલું, સગપર, ડહીયર, વાછરાપીપર, મોખાણું, આબારામું. વીગેરે

ઉપર લખ્યાં ગામોમાંથી કેશવ, મોઢવાડું, વીસાવાડું, ઢુકડું, રાતડી એ મહેરોના કબજામાં હાલમાં પણ છે.

સીંસલી, બેટાળી, સખપર. બગવદર, અણીયારી, બોરડી, ડહીયર, આંબારામું એ પોરબંદર રાજ્યના કબજામાં છે.

ખાંડાગઢ—એ ખુંટી (રાજસાખા) મહેરના માથા બદલ દીધું.

વાછરાપીપર—સીંધવ સાખના મહેર ભાણેજ લખમણને દીધું.

મોખાણું—લાગા બારોટને દીધું.

આંબારામું—બુટા મહેરના માથા બદલ દીધું.

બીજા ગામ ઉજ્જડ થયાં છે તેની પડતર જગ્યા ગામના નામથી હજુ ઓળખાય છે.

મોઢવાડું—શુરા મોઢાને આપ્યું (કેશવે આપ્યું)

આ પ્રમાણે જુદી જુદી શાખના મહેરો પાસે છેવટમાં ચોસઠ ગામ હતાં, તેમાંથી ઓછા થતાં થતાં હાલમાં મહેરોના ચાલીસ ગામ રહેલાં છે એ મહેર ગામોથી ઓળખાણ અપાય છે,

મહાન વીર રજપુત રાજાઓમાં ચક્રવતી રાજાઓ પણ ઘણા થઈ ગયા એની જાહોજલાલી અખુટ સંપત્તિ આજે હતી ન હતી થઈ ગઈ. મોગલ બાદશાહોની શહેનશાહતના પાયા પાતાળ સુધી છે એમ માનનારની શહેનશાહત પણ નષ્ટ થઇ તેનું નામ નિશાન પણ રહ્યું નથી તો હવે મહેરોના આગળના વૈભવ તેની સત્તાની સાથે આજના મહેરોની સ્થિતિનો મુકાબલો કરીએ તો પારાવાર ખેદ થાય પણ એ તો સમયની બલીહારી છે,

એક ઠેકાણે લખેલ છે કે—

કહત વખત બળવાન હે નહિ પુરૂષ બળવાન,

કાબે લુંટી ગોપીકા એહી અરજુન એહી બાણ,

એ પ્રમાણે સમય સમયનું કામ કર્યે જાય છે સમજુ માણસો તેનો હર્ષ શોક કરતાજ નથી,

એક ઠેકાણે એક સતપુરૂષે કહ્યું છે કે—

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ
આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાંપ અનંગરંગ
શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ

અર્થ—લક્ષ્મી વીજળીના ચમકારા જેવી ઘડીક આવે અને ઘડીકમાં ચાલી જાય તેવી છે મોટાઈ પતંગના રંગ જેવી ઘડીભર રહેવાની છે,

જીંદગી પાણીના પરપોટા જેવી ક્ષણીક છે.

આ બધું વર્ષા રૂતુમાં દેખાતા અનેક રંગી ધનુષ્ય બાણ જેવા દેખાય અને ક્ષણ માત્રમાં અદ્રષ્ય થઈ તેમ છે એટલે આ બધું નાશવંત છે તેમાં વિવેકી પુરૂષોને અભિમાન કરવા જેવું શું હોય હર્ષ પામવા જેવું પણ શું હોય.

વીઝરો પ્રરમાત્મા પ્રત્યે ભક્તિભાવ રાખનારો સંસકારી હતો. ધર્મના એના સંસકાર એ એમના વડીલો તરફથી મડેલો વારસો હતો.

સંત પુરૂષ પ્રત્યે તેને પુન્યભાવ હતો, જુવાનીનું જોસ હતું પૈસે ટકે સુખી હતો શરીરની સુંદરતા હતી, છતાં તે બાબતનું જરા પણ અભિમાન નહોતું. પોતે જાણતો હતો કે દી દીવાળીયો છે એમાં ફુલાઈ જવા જેવું કંઇ છેજ નહિ જગતમાં આવીને કંઈ સુકૃત્ય પર ઉપકાર અને ભલાઈ કરી લેવાણુ છે વીઝરાને ઈશ્વર દયાથી આ વાત બરાબર સમજાણી હતી.



શ્રી વીંઝાત ભક્તના મંદિરોનો જીર્ણોદ્ધાર રાજરત્ન શ્રીમાન શેઠજી નાનજી કાલીદાસે
રૂા. દશ હજાર ખર્ચીને કરેલ છે.



શ્રી વીંઝાત ભક્તના મંદિર પાસે મહેર જુવાનો દાંડીયારાસ રમે છે.



વીર વીંઝરાની ઘોડી રેવાલ ચાલમાં જતી ત્યારે જાણે પંખીડું ઉડયું !

વીઝરાના વડવાઓને ગરાસ તે ઘણો હતો પણ અનેક અટ-પટા કારણોને લીધે એ ગરાસ ઘસાતો ગયો હાલ તેની પાસે પચાસ શાંતિની જમીન હતી ત્રીસ ચાલીસ ભેંસો પચીસેક ગાયો અને બે ઘોડીઓ હતી પાંચસો છસો બકરાં અને ઘેટાં પણ હતાં વીઝારા પાસે એક ઘોડી સારામાં સારી હતી શ્રીનગર દરબારે ત્રણ હજાર કોરી આપવા કહેલ પણ એ ઘોડી વેચવાનું તેનું મન થયું નહિ ગાયો ઉપર અને એ ઘોડી ઉપર તેનો પારાવાર પ્રેમ હતો. ગાયોની અને ઘોડીની સંભાળ રાખવાનું કામ તેના સાથીઓને ન સોંપતાં પોતે જાતેથી દેખરેખ રાખતો ઘોડીનુ નામ તેણે માણકી રાખ્યું હતું માણકી ઘોડી ઉપર બેસી સાંજના ફરવા જતો ઘોડી રેવાલ અને છુટ ચાલ એવી તો ચાલતી કે જાણે પંખી ઉડયું કાચાપોચા સ્વારની તો માણકી પર સ્વાર થઈ જવું એ પણ કઠણ કામ હતું પણ વીઝારાને એના રોજના અભ્યાસને લીધે સહેલું થઈ પડયું હતું.

વીઝરાનો ગામડાના પ્રમાણમાં તેનો વહેવાર મોભાવાળો ગણાતો પોતાની આવકના પ્રમાણમાં ઘરના ખર્ચ કરતાં પણ પરમાર્થના કામમાં તેનો હાથ છુટ રહેતો આ ગામ જાત્રાનું સ્થળ હોવાથી અનેક ભાવિક ભકતો આંહી આવતા અને વીઝરાનું નામ પુછીને તેને ઘેરે જતા વીંઝરાએ સદાવ્રત તો ચાલું નહોતું રાખ્યું પણ પોતાને ત્યાં આશા કરીને આવે તેને કોઇને નિરાશ તો કરતોજ નહિ આ એનો સ્વભાવ હતો વીઝરાની સ્ત્રી સુંદર બાઈ પણ વીઝરાને સ્વભાવને મળતીજ હતી. વીઝરાની આજ્ઞા પ્રમાણે વર્તવાવાળી સુંદર બાઈ હતી અને એવા ગુણવાન સ્વભાવવાળી સ્ત્રી મળી તે વીઝરાના પુણ્યનું ફળ હતું. સંસારમાં સ્ત્રી પુરૂષનાં કજોડાં હોય તો તેનો સંસાર સુખરૂપ વીતતો નથી આવા કજોડાં ઘણા પ્રકારના હોય છે. ગુણના કજોડાં, રૂપના કજોડાં, ઉમરનાં કજોડાં, સ્વભાવનાં કજોડાં આવી રીતે દુષ્ટ સ્વભાવ વાળી સ્ત્રી સાથે જીંદગી કાઢવી પડે તે અતિ દુઃખદાયક થાય છે.

સુંદરબાઈ પોતાના ધણી વીંઝરાનું દીલ કેવી રીતે રાજી રહે તેને માટે બહુ કાળજી રાખતી પોતે સમજતી કે ધણીની સાચા દીલની સેવા કરવામાંજ આપણું કલ્યાણ છે આવી રીતે બંને દંપતી બહુજ સુખરૂપ આનંદરૂપ જીવન ગુજારતાં વીઝરાને પ્રભાતમાં જ્ઞાન વાવમાં નહાઈને ઠાકોરજીના મંદીરમાં બેસી ઇશ્વિર સ્મરણ કરવાનું રોજનું નિયમ હતું.

આજે રોજના નીયમ મુજબ મનથી પરમાત્માની પ્રાર્થના કરે છે હે દીનદયાળ ? હે દુઃખીયાના બેલી ? હે ત્રીલોકના નાથ ? અમને સદા સદ્બુદ્ધિ આપજે સન્નમાર્ગે ચડાવજે તારી દયા વિના આ ભવસાગર તરી શકાય તેમ નથી હે નાથ! તું અધમ ઉદ્ધારણ છે તો હું પણ અનેક અપરાધોથી ભરપૂર છું તો મારા અપરાધો હોય તે માફ કરજે અને સદાય તારામાંજ મારૂં ચિત પરોવાએલું રહે એવી સનમતી આપજે મારામાં કંઈ જ્ઞાનબળ કે બુદ્ધિબળ નથી તો હે પ્રભુ હું તને કઈ રીતે રીઝવી શકું પ્રભુ ? મારી તો એજ માંગણી છે કે મારૂં આજીવન તારા સ્મરણુમાં અને તારા ધ્યાનમાંજ પુરૂં થાય એજ મારી ઇચ્છા છે મરણકાળે મારૂં મન સંસારી વાસનામાં ન દોડે અને તારાજ સ્મરણ ધ્યાનમાં મારા જીવનનો અંત આવે એ મારી પ્રાર્થના છે. વીંઝરો પોતાના અંતરથી પ્રભુ પ્રાર્થના કરી રહ્યો છે ગદગદ કંઠે કરેલી સ્તુતિ વખતે ભક્તિભાવનાં આંખોમાં આંસુ આવી જાય છે તે પોતાને ખંભે પડેલ ભીના ફારીયાથી આંસુ લુછી સ્વસ્થ થઈ ભગવાનની પ્રતિમાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પોતાના ઘર તરફ જાય છે. રસ્તામાં કોઈ સાધુ મળ્યો તેમણે વીંઝરાને પૂછ્યું. ઇધર સદાવ્રત મીલતા હય.

મહારાજ સદાવ્રત તો ગામમાં મળતું નથી આ નાનકડું ગાંમ છે તમારે જમવું હોય તો અમારે ઘરે ચાલો.

બચ્ચા હમેરી સાથ દુસરી દો મૂર્તિ હે મહારાજ ! એને પણ બોલાવી લ્યો.

ત્રણે સાધુ વીંઝરાની સાથે વીંઝરાને ઘરે જાય છે ઓસરીમાં આસન આપે છે ત્યાં બેસે છે.

ઘરમાંથી સુંદરબાઈ બહાર નીકળીને અને સાધુઓને સીતારામ કર્યો અને પૂછ્યું કે મહારાજ અમારા ઘરનું તમને ખપશે ?

નહિ માઈ! હમકું સીધા દે દો હમ હાથસે રોટી પકાયગેં હમ લોક કીસીકા હાથકી રસોઈ પાતે નહિ હે.

સુંદરબાઈ ત્રણ સાધુને થાય તેટલો લોટ દાળ મસાલો વાટકીમાં ઘી અને દુધનો કળશિયો એ બધું મહારાજ પાસે મૂક્યું અને બોલી કે મહારાજ આ સામું જે એક ઢાળીયૂં છે ત્યાં રસોઈ કરો.

અચ્છા માય ભગવાન તુમેરા કલ્યાણ કરે એમ કહી સીધાનો સામાન ઉપાડી એક ઢાળીયામાં મુકી એક સાધુ પાછો આવ્યો ને બોલ્યો.

માઇ ! એક બલતનમેં થોડી સક્કર ઔર ભાંગ ચાહીયે પહેલે થોડી ભાંગ પીએંગે ઔર ફીર રસોઈ પકાઇગેં ઔર થોડા ગાંજા સુકાકા બી બંદોબસ્ત કર દીજીએ માઈ તું તો બડી ભલી હય રામજી તેરા કલ્યાણ કરેગા.

મહારાજ ! ભાંગ ગાંજો તમાકુ એવું તો અમે કંઈ ઘરમાં રાખતા નથી ઘરમાં હોત તો હું જરૂર આપત.

મહારાજ અમારે કેવાયનું બંધાણ નથી માટે માફ કરો વીંઝરો બોલ્યો.

સાધુ મહારાજ તમારા જેવા ત્યાગીઓ ભાંગ ગાંજો તમાકુ વિગેરેના વ્યશન રાખે અને એવા વ્યશનના ગુલામ બને ઈ કંઈ સારૂં કહેવાય સુંદરબાઈએ કહ્યું.

માઈ! તુમ હમેરે જેસા ત્યાગીઓકી બાતમેં ક્યા સમજો ત્યાગીઓકા માર્ગ અલગ હય હમ જો કુછ કરે ઉસકી બીચમેં સંસારીઓ કું આનેકી ક્યા જરૂર! સાધુઓ કી સેવા કરના વો તુમારા ધર્મ હય હમલોક ક્યા કરતેં હય વો દેખનેકા તુમારા કામ નહિ હમ જો કહેવેં વો કરના તુમારા કામ હય ઔર ઉસમેં તુમેરા કલ્યાણ હે સુના બચ્ચા!

સાધુએ ત્યાગની અને સાધુ પ્રત્યે સંસારીઓના ધર્મની વ્યાખ્યા કરી ઉપદેશ આપ્યો મહારાજ તમે ઈ કયો ભલે પણ મારૂં મન એમાં હા પાડતું નથી તમે અમને કીયો એનાં કરતા કરી બતાવો તો એનો રંગ સંસારીઓને બહુ લાગે તમારે કંઇ કરવું નહિ અને અમને ઉપદેશ આપો ઈ વાત તો અમને ધડ બેસતી નથી ઠીક પણ હવે તમારૂં મન કચવાય એવી વાત મારે વધારવી નથી તમારી સાથે અમારે ક્યાં રોજનું પનારૂં છે તમે તમારે સુખેથી રસોઈ કરો અને હું ગામમાં ભાંગની તપાસ કરાવું છું જો મળશે તો તમને આપી જઇશ એમ કહી સુંદરબાઈ પોતાના ઓરડામાં ગઈ.

વીંઝરો પોતાની ઓસરીમાં બેઠો છે ત્યાં પોતાના જ્ઞાતિભાઇ ચાર મહેરો આવે છે મહેમાનને દેખી ઢોલીયા ઉપરથી ઉતરી મહેમાનો સાથે રામરામી કરે છે રામરામી કરવામાં પણ મેમાત તરફ કેટલો પ્રેમ છે તે જણાઈ આવે છે.

એક ઠેકાણે કહેલ છે કે—

જેના મળવામાં મીઠપ નહિ,<br>
ઈ પ્રાણ સું પાથરે.

એ પ્રમાણે મહેમાનોને જોઈને વીંઝરો હરખાય છે ઘરમાંથી ગાદલું લાવવા માટે તેની સ્ત્રીને કહે છે સુંદરબાઈ રાંધવાનું કામ

કરતી હતી હાથ ધોઇ તુરત એ ગાદલાં બહાર ઓટલા ઉપર મૂક્યાં અને મહેમાનોનાં પ્રેમથી દુખણા લીધા અને ખુશી ખબર પૂછી ઓરડામાં ગઈ અને મહેમાનો માટે રાધવાની તૈયારીમાં પડી.

સુંદરબાઇને કોઇ દીવસ મહેમાનો માટે રાંધવાનું કહેવા જવાની વીઝરાને જરૂર પડતી નહિ સુંદરબાઇ લાગણીવાળી તેમજ વહેવારના કામમાં કુશળ હતી એટલે જેવા મેમાન હોય તે પ્રમાણે પોતાને મેળે રાંધવાનું તઇયાર કરતી અને આવી રીતે મહેમાનોનો સતકાર કરવામાં સુંદરબાઇ બહુ કાળજી રાખતી તેથી એ બાબતની વીંઝરાને જરાપણ ઉપાધી કરવી પડતી નહિ.

વીંઝરાએ ગાદલાં પાથર્યાં અને મહેમાનો આગળ હોકો મૂકયો મહેમાનો હોકાની ફુંકા લેતા લેતા વીંઝરાની સાથે વાતોના ગપાટા મારવા લાગ્યા.

રણમલ આજે કઈ તરફથી આવો છો.

આજ તો કુછડીએથી ચાઈને તારી પાસેજ આવ્યા છીએ.

જો ભાઇ નાતમાં તમારૂં ઘર મોટું અને વળી નાતના કામમાં કેશવારા મહેરનું તો કામ પડયાજ કરેનાં ?

એવી મોટાઈ આપવી રેવા દે અને કામ શું પડયું છ ઈ વાત કરને ?

કુછડીમાં એક મહેર કામે જતો હતો તેમાં ભુલથી બીજા વરણના માટલામાંથી પાણી પીવાઈ ગ્યું તો હવે કેશવારા મહેર વિનાં એને નાતમાં કોણ લઈ શકે ?

એમ અજાણતાં પાણી પીવાઇ ગ્યું એમાં એનો દોષ જરાય નહિ.

તયેં એનું હવે શું કરવું ?

સૌ નાતીલાનો મત મળે ઇ કરી નાંખો.

મારા ઉપર ભાંખ મેલી ઈ ઠીક છે પણ ચારેય શાખના મહે-રોનો મત મેળવીને કામ થાય તો ઠીક કહેવાય.

વીઝરાં તું કહી નાખ્યને તું જે કહે તે અમારે સૌને પણ કબુલ છે.

હું કહું છું કે ગ્નાન વાવમાં નાહી એક અપવાસ કરે અને ભગવાનના નામનો જપ કરે.

ભગવાન આગળ ભુલની માફી માગે અને એના ગજા પ્રમાણે ખેરીયાત કરે.

વીંઝરા ! ગરીબ માણુસ છે મુલ મજુરી કરી પેટ ભરે છે.

તો તો એને કહોને કે તારી ત્રેવડ પ્રમાણે કબુતરને ચણ નાંખજે.

વીંઝરાએ કહ્યું ઈ વાત તો અમને પણ ગમી.

હું તો એમ કહું છું કે કોઈ બાઈ કે ભાઈ અજાણપણે કંઈ આવી ભુલ કરે તો નાત એને પ્રાયશ્ચિત કરાવી નાતમાં લેઇ લેવાનું ભુલે નહિ.

સુંદરબાઈએ શીરામણ તઈયાર કર્યા. અને પાણીનો કળશિયો લાવી ઓટલા ઉપર મૂકયો અને બોલી કે શીરામણ તઈયાર છે મહેમાનનાં હાથ ધોવરાવો.

વીંઝરો કળશીયો લઈ મહેમાનોના હાથ ધોવરાવવા ઉઠયો.

અમે તો કુંછડીથી શીરામણ કરીનેજ નીકળ્યા છીએ.

જી ભાવે ઇ જમી લેવું વહેલા જમ્યા હશે તે ભુખ તો લાગે ને !

વીંઝરા જરાય ભુખ નથી તું તારે શીરામણ કરી લે.

અરે એમતી કંઈ બને લ્યો ઉઠો જોઈએ. જી ભાવે ઈ જમી લેજો.

વીઝરા તારા સમ સાચું કહુ છું કે પેટમાં પાણી પીવા જેટલી પણ જગ્યા નથી. ઠીક ઉઠો જોઈએ મારા મોઢાની કંઈક સાંભળશો એમ કહી ત્રણેને હાથ પકડી ઉઠાડયા સુંદરબાઇએ ઘરમાં ભરત ભરેલા ચાર ચાકળા નાંખ્યા.

કાંસાની તાંસળીઓમાં ઘી ગોળ નાંખી રાખ્યા હતાં તે મેમાનો ને મુકયાં દાળ શાક મુક્યાં બાજરાના તથા ઘઉંના રોટલા માખણથી ચોપડીને મુકયાં.

અરે બેન? આ ઘીનાં ભાણાં ભર્યા ઇ અમારાથી ખુટે?

ઈ તો ખવાઈ જશે આપણો ખેડુતનો તો ઈ ખોરાક છે. આપણામાં તો સારા સારા જુવાનો હજી પણ દશ શેર ઘી પી જાય એવા પડયાછ અને તું એક તાંસરી ઘીમાં ગરચવાં ગળેછ.

પીવાવાળા તો પી જાય પણ અમે તો જ્યારથી ચાનું બંધાણુ કર્યું ત્યારથી અનાજની ખોરાકી ઓછી થઈ ગઇ ઝાઝું અનાજ ન પચે તો પછી ઘીતો કયાંથી પચે.

રણમલ ચાએ તો દુનીયાનું નખોદ કાઢયું બીજા બેદાડુ પીયે ઇતો ભલે પણ આપણે ખેડુના દીકરા આપણને ચા પીવી પોષાય નહી ચાએ તો કાયા બગાડી વીઝરા તારી વાત સાવ સાચી છે હું પહેલાં ત્રીશ ગાઉ જાતો પણ ચાનું બંધાણુ થીયું હવે માંડ પાંચ ગાઉ હલાય.

આપણી નાતમાં દી પાંચ દી ચાનો પગપેસારો થાતો જાયછ ઈ ભારી અવળું થાય છે પણ હવે થાય શું?

વીંઝરા? ઈ વાત જ કરમાં વાડીયુમાં પણ ચાના સાધન આવી ગીયાં ચા પીધા પછી જ સાંતી હંકાય!

ચા પીને સાંતીહાં કે ઈ શું ઝલેલાટ વાળે ? માખણવારો રોટલો અને દહીની એક તાસરી ખાઈને કામ કરે એવું ચાનો પ્યાલો પીને કામ થાય ?

ભઈ ઈ બધી વાત સાચી અમે સમજીએછ કે ચાથી તાં દાડે દી નબરાય આવતી ગઈ પણ ચા મુકાતી નથી.

વીઝરા તારા દીકરાના વીવાહ કર તયેં બોલવ જેને તયે તને ખબરૂ પડશે કે કટલું ઘી પીવા વારા પડયાછ ટુકડા ગામનો સાંમત બોલ્યો.

સામત ઇ ને ઇ બોલીયેં રહેજે વળી ફરી જા નહી આજકાલ આપણા ભાઈઓને બોલીને ફરી જાતાં વાર લાગતી નથી સાંમત ? કટલાંક ઢોર રાખ્યાં છે.

દશ ભેસુનાં જીવ છે ગાયુ બે ત્રણ છે છ બળદુ છે.

આપણા બરડામાં ગામે ગામ ગાયુના ટોળાં હતાં હવે ઇ ઓછાં થતાં જાય છે ગાયુ કરતાં ભેસુ તરફ મમતા વધતી જાય છે ગાયુની શેવા ભુલાતી જાંય છે.

આવી રીતે વાતો કરતા જાય છે ને જમતા જાય છે જમ્યા બાદ ઓસરીમાં આવ્યા સુડી સોપારી એલચી લવીંગ એક થાળીમાં મહેમાનો આગળ મુકયા.

આણંદાવાણદે આવી મહેમાનાના પગ પકડયા લ્યો લાંબો વાંસો કરો જરા પગ ચમ્પી કરૂં.

અમને કંઈ થાકોડો નથી.

આણંદા આજ અટાણા સુધી કયાં રોકાણો મેમાન માટે હોકો પણ મારે ભરવો પડયો ! ઠીક જા જમી લે.

બાપુ હું તો હમણાજ જમ્યો આજ શીયા પટેલને ત્યાં મહેમાન હતાતી ત્યાં રોકાણો હતો જીવતાં આંહીજ લાગી રીયો હતો.

ધોળકાનો દરબાર વીશળદેવ વાઘેલો ઈ. સ. ૧૨૪૪માં ધોળકામાં સત્તાધીશ થયો. વીશળદેવ દીલાવર દીલનો પેદાશ થોડી હતી છતાં તેનું મન મોટું હતું જેથી આવક જાવકનું ખાતું લગભગ સરખું રહે તું તેમના ધર્મપત્ની રમાકુંવરી ધર્મપરાયણ હતાં અને વૈષ્ણવ સંપ્રદાયનાં હતાં.

વીશળદેવ નીતીવાન હતો છતાં દેવદર્શન કરવાં અને માળા પુજા નીત્ય કરવી જ જોઇએ એટલું બધું ભક્તિભાવવાળું તેમનું રૂદય નહોતું. રમાકુંવરી ઇશ્વર ભજનમાં વધારે વખત સમય લેતાં તે તેને બહુ ગમતું નહી પોતે માનતા કે આ સંસારમાં રહી ન્યાય અને નીતીથી ચાલી અને સંસાર વહેવાર શુદ્ધ રૂદયથી ચલાવવો એજ ઇશ્વર ભક્તિ છે એમ માનતો રમાકુંવરીને એક વખત શ્રીદ્વારકાંનાથજીની યાત્રા કરવાની ઇચ્છિા થઇ તેથી તેમના પતી આગળ પોતાના વીચારો જાહેર કર્યા.

જાત્રા કરવાથી વીશેશ શું લાભ છે આંહી ઘેર બેઠાં ઇશ્વર ભજન કરવું અને નીતીને રસ્તે ચાલી જીવન ગુજારવું એના જેવું બીજું કંઇજ ઉત્તમ નથી આજકાલ સાંભળવા પ્રમાણે જાત્રાના સ્થળોમાં રહેનારાઓ પણ પોતાના સ્વાર્થ સાધવાની રમત રમી રહ્યા છે. જે પોતે ડુબેલા હોય તે બીજાને શું તારે! સ્વામીનાથ ? તમે કહો છો તે સર્વાશેં તો ખોટું નહીજ હોય પણ મને તો એવા સ્થળોમાં ફરવાની દેવદર્શન કરવાની બહુ ઉતકંઠા છે આપણે તો મંદિરોમાં બીરાજમાન થયેલ ભગવાનના અને કોઈ મહાન વીરક્ત સાધુ સંતો હોય તો તેનાં દર્શન કરવાનો લાભ લેવાનો છે માટે મને કૃપા કરી જવાની રજા આપો ઘણા વખતથી મારી એ અભીલાષા છે.

તમારી ઇચ્છા છે તો ભલે મારી ના નથી હું તો એથી તદ્દન વીરૂદ્ધ મતનો છું કારણુ કે મને શ્રદ્ધા નથી તમારી પ્રશન્નતા ખાતર હું રજા આપું છું.

તમારૂં દીલ નારાજ થતું હોય તો તો હું જવામાં જરા પણુ ખુશી નથી કારણુ કે તમારી પ્રશન્નતા સાચવવી એ મારો પ્રથમ ધર્મ છે.

તમોએ કરેલા તમારા દૃઢ સંકલ્પનો ભંગ કરવા હું ખુશી નથી તમારે ક્યારે જવાનું છે તે નક્કી કરો તે પ્રમાણે તમારે માટે વ્યવસ્થા કરવામાં આવે જાત્રામાં ફરવાથી શું શું લાભ મેળવ્યો અને કેવા કડવા અનુભવ થયા તે આવ્યા બાદ મને જરૂર જણાવશો.

મારા સ્વામી ? હું તો ત્યાં ભગવાન કૃષ્ણુચંદ્રના દર્શન કરીશ શક્તિ અનુસાર ગરીબોને દાન આપીશ અને તમોને સંભારતી રહીશ. બાકી તો જે કરશે તે ભોગવશે આવો કુદરતનો કાયદો છે તે તમારાથી ક્યાં અજાણ્યો છે.

રમાકુંવરી સાથે બે બાઇઓ અને પાંચ પુરૂષો એમ સાત નોકરને સાથે મોકલે છે આશીવાય ગાંમમાં પણુ ખબર પડી કે રમાકુંવરી બા જાત્રાએ જાય છે એ જાણી કેટલાંક શ્રદ્ધાળુ બાઇઓ ભાઈઓ પણુ જવાને તૈયાર થયા પંદરેક માણુસોએ પણુ તૈયાર થયાં અને ફરતાં ફરતાં દ્વારકાં પહોચ્યાં શ્રી દ્વારકાનાથજીના પ્રેમભાવે દર્શન કર્યા શહેરમાં બીજાં જે જે મંદિરો હતાં ત્યાં પણુ દર્શન કરી આવ્યાં ગુગળી બ્રાહ્મણોનું જાત્રાળુ તરફ સ્વાર્થી વર્તન જોયું પણુ રમાકુંવરીનું રૂદય તો બહુ શ્રદ્ધાળુ એટલે કોઈના દુર્ગણોને રૂદયમાં ધારણુ કર્યા નહી બ્રામણોને જમાડયાં ગરીબોને પણુ ભોજન આપ્યું બાદ વળતાં શ્રી હરસદ માતાજીના દર્શન કરવા માટે આવ્યા મંદીરના

પુજારીઓએ આ આવેલા યાત્રાળુઓને રહેવાની તથા રસોઈ કરવાની સર્વ પ્રકારની સગવડ કરી આપી રમાકુંવરી માટે એક અલગ ઓરડો કાઢી આપ્યો ત્યાં જાજમ પાથરી ગાદી તકીયા ગોઠવી આપ્યા અને કંઈ વસ્તુની જરૂર હોય તો કહેવું મુંઝાવું નહી એમ પ્રેમથી વીવેક કર્યો એક રાત ત્યાં રહ્યાં બાદ મુળદ્વારકાં (વીસાવાડા) આવ્યાં જ્ઞાન વાવમાં નહાયાં અને શ્રીડાકોરજીના દર્શન કર્યા વીંઝરો પણ આ વખતે આવેલ તેમણે પુછ્યું કે આ સંઘ ક્યાંનોછ ?

ધોળકાના દરબાર વીશળદેવ વાઘેલાના ધર્મપત્નિ રમાકુંવરી આ દ્વારકાંની જાત્રાએ ગયેલાં હતાં આ માણસો તેની સાથે છે,

વીંઝરો રમાકુંવરીને મળ્યો અને બે હાથ જોડી જેજે કર્યાં અને સંઘના માણસો સહીત પોતાના મહેમાન ગણી પોતાને ઘેરે તેડી જવા માટે રમાકુંવરીને વીનંતી કરી.

ભાઇ ! અમારી સાથે ખાવાપીવાની સર્વ સામગ્રી છે અમને કોઈ પણ પ્રકારની મુશકેલી નથી રમાકુંવરીએ ઉત્તર આપ્યો.

બેન ? તમારી પાસે તો સર્વ પ્રકારની સગવડ હોયજ ? પણ આજ તો અમારાં મહેમાન થાઓ તો અમારાં ધનભાગ્ય ! બેન તમે મારાથી અજાણ્યા છો એટલે તમારી ઇચ્છા મારે ઘેર આવવાની ન થાય એ બરાબર છે પણ બાઈ તું મારી બેન છે તારે મારે ઘેર આવવામાં કોઇ રીતે મુંઝાવા જેવું નથી મારે ઘેર આવીને મારૂં ઘર પાવન કર્યેજ છુટકો છે તમે જાત્રાવાસી મારે ઘેર ક્યાંથો ઠીક ભાઈ તારો આટલો અસાધારણ પ્રેમ જોઈ હું તારે ઘેરે આવવાની ના પાડી શક્તિ નથી.

ભાઇ તારૂં નામ.

બેન મારૂં નામ વીંઝરો

વીઝરા તારે અમારે કોઈ દીવસ ઓળખાણ પણ નહી અને

એટલી તાણુ કરી તું તારે ઘેરે તેડી જાય છે તે જોઈ હું ખુશી થાઉં છું બેન ? ઓળખાણવાળાને તો સૌ રૂડા વાના કરે મારે તો કંઈ ઓળખાણનું કામ નથી હું તો આંહી જે જાત્રાએ આવે તેને હું મારે ઘેરે તેડી જાઉં છું અને મારા ગજા સંપત જે શેવા બને તે કરી છુટું છું આપ જેવાં ભક્તિભાવવાળા અને કોઈ સંત પુરૂષોના મારે ત્યાં પગલાં થાય એમાં હું મારા ઉપર ઇશ્વરની દયા થઇ છે એમ માનું છું બેન હું ઘેરે જઈ મારી ઘરવાળીને મોકલું છું તો તમારા સંઘના બધા માણસોને લઇને આવજો.

વીંઝરો પોતાને ઘેરે આવ્યો અને તેની સ્ત્રી સુંદરબાઇને તેડવાં માટે મોકલી સુંદરબાઈ સંઘની સર્વ બાઈઓને પગે લાગી અને સર્વને પોતાને ઘેરે તેડી આવી બાપુ ? આતો અમારાં ખેડુતનાં ઘર છે જેવું હોય તેવું નીભાવી લેજો એમ કહી ઘરમાં ઢોલીયો ઢાળી ગાદલું નાખી આપ્યું પુરૂષ મહેમાનો માટે વીઝરાએ ઓસરીમાં ગાદલાં નાંખ્યા અને કહ્યું કે હમણા તો આંહી બેસો જમ્યા પછી આંહી જુદો ઓરડો છે ત્યાં તમારા આરામ માટે સગવડ કરીશ,

વીંઝરાના બે છોકરાઓ લાકડીના ઘોડા બનાવી ફરીયામાં કુદતા હતા તે કુદતા કુદતા ઘરમાં આવ્યા.

આ છોકરા તમારા છે ? રમાકુંવરાંએ પુછયું બા ! ઇતો પ્રભુની માયા છે આપણે માની લીધા એટલે આપણા ? બાકી આ દુનીયામાં આપણું શું છે ?

ભગવાને છોકરાઓ તો કનૈયાલાલની મુરત જેવા આપ્યા છે ને શું ? છોકરાંઓનું નામ શું ? આ મોટાનું નામ જગદેવ છે અને નાનાનું નામ રણધીર છે.

બેન તમારૂં નામ ?

મારૂં નામ તો સુંદર ?

. બેન નામ પ્રમાણે જ તમારા ગુણ જોવામાં આવે છે.

સુંદરબાઈ ઉઠી મહેમાનો માટે રાંધવાના કામમાં રોકાણી.

લ્યો સુંદર બાઈ હું પણ તમને રાંધવામાં મદદ કરવા લાગું વળી પાસે બેસીને વાતો કરવામાં પણ મજા આવશે.

ના બેન ? તમે બોલો તો મારા સમ છે તમને રાંધવા દેવાય ? તમે અમારા મેમાન ? ત્યાં બેસીને પણ આપણે વાતુ કરશું આ બધાય મેમાન ભરતે ભાણે છે ના ? નકણુ એને માટે નવેઢનું રંધાવવાને અમારા ગોરને બોલાવીએં.

બાઈઓએં કહ્યું કે સુંદરબાઈ અમારી ફીકર કરોમાં તમારી રસોઈ અમારે ચાલશે અમે તો ત્યાંજ જાણી લીધું હતું કે આ કોઈ હીન્દુ જાતીના ગરાસીયા છે કાટીયા વરણ છે.

સુંદર બાઈએં એક ચુલે લાપસી અને બીજે ચુલે ખીચડી કરવાનું શરૂ કર્યું. અને પાડોશમાં પોતાના કુટુંબીઓને ત્યાં ધઉંનો લોટ રોટલી બનાવવા આપી આવી અને જમવામાં મોડું ન થાય તેની બહુ કાળજી રાખી ઉતાવળ કરવા લાગી વીંઝરા ઘરમાં આવ્યો અને કહ્યું કે બહેન ઘરમાં મુઝાતાં તો નથીને ?

શહેરની મેડીઓના જેમ અમારા ઘરમાં ઝાઝાં બારીબારણા નથી.

ભાઈ તમારા ઘર તરફ નજર કરૂં કે તમારાં બંન્ને માણસોના રૂદયના સાચા પ્રેમ તરફ નજર કરૂં આટલી જાત્રા ફરીને હું આવી પણ તમારા જેવો નિસ્વાર્થ પ્રેમ કયાંય પણ મારા જોવામાં આવ્યો નહી ભાઈ તમે હીન્દુ છો એ તો મેં તમારી રહેણી કરણીથી જાણી લીધું હતું પણ હવે તમારી ઓળખાણ આપો ?

બેન અમે જાતનાં મહેર છીએં.

મહેર ? મહેર નામ તો આજે સાંભળ્યું.

અમે ક્ષત્રી છીએં અમારા મહેરમાં સીસોદીયા પરમાર ચૌહાણ ભટ્ટી વાઘેલા જાડેજા રાજશાખ કેશવારા એવી ઘણી ઓળખ છે આંહી અમારે કેશવાર શાખના મહેરોનાં પચીશ ગામ હતાં બાર સીસોદીયાના ( મોઢવાડીયાના ) બાર ગામ રાજસાખાના બાર ગામ ( સુમરા ) ઓડેદરાના એમ હતાં હાલ તો મહેરનાં થોડાંજ ગામ રહ્યાં છે.

વીઝારા ભાઇ તમારો ધર્મીષ્ટ સ્વભાવ તમારી શેવા કરવાની અભીલાષા એ બધું જોઈને હું બહુ ખુશી થઈ છું અને અમારી સુંદર બેન અમે આવ્યાં ત્યારથી ઉપાધીમાં પડી ગયાં છે અમારે વાસ્તે તો શાક અને રોટલા કરી નાંખ્યા હોત તો બહુ સારૂં હતું.

અરે બેન ? તમે અમારે ઘેર ક્યાંથી આ તો દાણા પાણીએં ભેગાં થઈ ગયા વળી આંહી પરભુનો પરતાપ છે ઘરનું અનાજ ઘરનું ઘી ઘરનો ગોળ દુધ દહીં વીગેરે બધું ઘરનુંજ કંઇ વેચાતું લેવું પડે તેમ નથી. સુંદર બાઈએ તો ઝપાટામાં રસોઈ તૈયાર કરી પાણીના લોટા ભર્યા ભાણાં તૈયાર કર્યા ચાકળા બેસવા માટે પાથર્યા અને બોલી કે લ્યો બેન જમવા બેસી જાઓ.

બાજુના ઓરડામાં પુરૂષો માટે જમવાની સગવડ કરી મહેમાનોને બહુ પ્રેમથી જમાડ્યા બાદ આરામ માટે બીછાનાની સગવડ કરી આરામ લીધા બાદ રમાકુંવરીએં જમવા માટે સુંદર બાઇની રજા માગી સુંદરબાઇએં બે દીવસ વધારે રોકાવવાનો આગ્રહ કર્યો પણ સુંદર બાઇના આગ્રહ સ્વીકાર કર્યો નહી અને જવાની તૈયારી કરી રમાકુંવરીએં સુંદરબાઇને પોતાની યાદગીરી બદલ સુવર્ણની એક વીંટી આપવા લાગ્યા.

બાઈ તમે અમારા અતીથી તમારી પાસેથી લેવાનું હોય ?

તમને તો અમે દઈને રાજી થઈએ. તારે દેવું હોય તો પછી કયારે દેવાય? એના કાંઇ વાયદા હોય. વીંઝરો બોલ્યો.

સુંદરબાઈ તરત સમજી ગઇ ઘરમાં જઈને પટારાના ખાનામાંથી એક સરની સોનાની કંઠી લાવી રમાકુંવરીના ડોકમાં પરાણે પહેરાવી દીધી.

રમાકુંવરી ડોકમાંથી કાઢે ત્યાં વીંઝારાએ કહ્યું કે હવે ડોકમાંથી બેન જો કાઢ તો તને મારા સમ છે આ તો એમ માની લે કે ભાઈએ એક સંભારણું આપ્યું.

ઠીક ત્યારે વીંઝરાભાઇ મારી પણ એક વાત રાખવીજ પડશે આ પચાસ રૂપીયા છોકરાઓને આપું છું તો તે લઈ લ્યો મેં તમારો હાથ પાછો ઠેલ્યો નહી તો મારૂં પણ તમારે આટલું માન રાખવું જોશે.

બેન ઇવાત તો કલ્પેય નહી બને.

જો ભાઇ બેનનો સંબંધ રાખવો હોય તો મારી વાત રાખવી પડશે.

બેન આ વાત તો મને જરાય નથ ગમતી આ રૂપીયા લેવામાં મારૂં દીલ દુઃખાય છે.

વીંઝરા બેનનું મન રાજી રાખવુ ઇ ભાઇનું કામ છે નાં?

રમાકુંવરીએ રજા માગી વીંઝરો સુંદરબાઈ તથા કેટલીક બાઇઓ ગામના પાદર સુધી મુકવા આવ્યાં.

થોડા વખતમાં બંધાયેલ સ્નેહમાં જુદાઈનો પ્રસંગ વસમો લાગ્યો રમાકુંવારી અને સુંદર બાઈની આંખોમાં સ્નેહનાં આંસુ ઉભરાણા અને પરાણે જુદુ પડવું પડતું હોય એમ બંને ને લાગ્યું.

વીંઝરાભાઇ કોક દીવસ તો અમારા દેશ તરફ આવી બેનની સંભાળ તો લેજો?

બેન ઇતો અનજળની વાતુ છે ? બેન અમારાથી તમારી કંઈ ખાતર બરદાસ ન થઈ હોય તો માફ કરજો અરસપરસ એક બીજાની માફી માંગી જુદા પડયા.

આજે વીંઝરાના બંન્ને દીકરાઓનાં નામ માંડવાનો પ્રસંગ છે બારોટને ચોપડે બાળકોનાં નામ મંડાવવાં એ મહેર જ્ઞાતિમાં એક ઉત્સવનો દિવસ ગણાય છે બહારગામથી સગા સબંધી અને સ્નેહી જનોને આ પ્રસંગે બોલાવવામાં આવે છે.

દશ બાર બારોટો આવી ગયા છે તેમના ઉતારાની તથા તેમનાં ઘોડાઓની સગવડ થઈ ગઈ છે બહારગામથી બોલાવેલ સગા સબંધીઓ પણ આવવા લાગ્યાં છે.

વીંઝારાએ પોતાના મકાન સામેનાં ફળીયામાં દાયરાને બેસવાની સગવડ રાખી છે એક બાજુ બારોટો માટે અને તેના સામેના ભાગમાં મહેમાનો માટે ગાદલાં પથરાઈ ગયા છે બારોટની બેઠક સામે રંગીત બાજોઠ ઉપર રેશમી વસ્ત્ર પાથરી ચોપડા મુકવાને તૈયાર કર્યું છે બાજુમાં એક થાળમાં ચોખા કુંકાવટી વીગેરે ચોપડો પુજવાની સામગ્રી મુકી રાખી છે.

ઘરની ઓસરીમાં ચીત્રેલાં જુના થઈ ગયેલાં ચીત્રોને બાઇઓએ રંગ ભરી શુશોભીત કર્યાં છે મોતીનાં તોરણો આભલાં ભરેલાં ચાકરા વીગેરે દીવાલોમાં બાંધી દીધા છે.

આજે ઘરના તમામ માણસોના રૂદયમાં આનંદના ઉભરા છુટે છે.

વીંઝરાના બંને છોકરાઓએ રેશમી સુરવાલ રેશમી આંગડીઓ અને માથા ઉપર રૂપાની ઝીણી ઝીણી ઘુઘરીઓ ટાંકેલ જાતીયા પહેરાવેલા છે પગમાં નાના નાના ત્રોડા અને બેડી પહેરાંવેલાં છે કાનમાં તંગલ પહેયાં છે રામ લક્ષ્મણની જોડી સમા દેખાતા છોકરા

ફળીયામાં રમે છે બંને ભાઈઓના નામ માંડવા માટેનો આજનો પ્રસંગ છે એ બાબત જાણવાની એને દરકાર પણ નથી એ તો એના ભાયબંધો સાથે રમતમાં ગુલતાન છે.

આણુદો વાંણંદ ગામની શેરીઓમાં સર્વને દાયરામાં આવવાની હાકલ કરે છે બહારના આવેલાં મહેમાનો અને ગામના માણસો બેસી ગયા બારોટે ચોપડો પુજવા માટે સુંદર બાઈને બોલાવ્યાં સુંદરબાઈના દીલમાં આજે હરખ સમાતો નથી ડોકમાં સોનાની પાવલા કંઠી ઝુમણું પહેયાં છે હાથમાં સોનાની ચુડો અને કાનમાં સોનાના અકોટા અને કાનમાં નથ પહેરી છે સોનેરી કોર છેડાવાળી ઓઢણી અને તેના ઉપર એક રંગબેરંગી ચુંદડી ( ચોપડો પુંજે એટલો વખત એ ચુંદડી ઓઢે છે ) ઓઢી ચોપડા પુંજવાને આવે છે ચોપડો વધાવી ચોપડાની બાજુમાં પચીસ કોરી મુકી ઘરમાં ચાલી જાય છે બાદ બારોટ ચોપડો વાંચવાની દાયરા પાસે રજા મેળવે છે.

કેશવારા મહેરોની ઉત્પતિની શરૂઆત કરી કેશવાળાના વંશની વંશાવળી વાંચે છે અને વડવાઓએ આપલાં સુવર્ણના દાન ઘોડાઓનાં દાન વસ્ત્ર દાન એ બધાની યાદી આપે છે બાદ જયદેવ અને રણધીર નામ ચોપડામાં લખાય છે.

વીંઝરાએ પોતાના તરફથી સોનાના તંગલની એક જોડ સોનાનો વેઢ તથા સોનાનું કડું રેશમી પાઘડી એક બારોટની ગાદી ઉપર મુકયાં બારોટે વીંઝરાના વડવાઓના વખાણ કર્યાં.

### કવીત

અસલ કેશવારા ભલા સરસ છે સર્વ મહેરમાં મણી સાચા
ખરો દાતાર થીયોકેશવે પડકારો કરે હઠે નહી પાછા
જગતમાં દાન જેસો દેવા તણીછે ઝપટ પાંથવા મટાળો તમે પાળો
કવિને આપજો પવંગ હેતે કરી ભલપરા કોટ મન મોટા ભાળો

મોજથી વરસો વરસ ગામ જમાડવું પ્રગટ પ્રેમથી જીવ પુરા
દેવના દેવ પરશન તમ ઉપરે કવીના દારદર કર્યાં ચુરા
કેશવારા ચરણ કાવ્ય તારી કરી આશ કરી આવેલ તારી પાસે
તમ તણાં કવીને પાળ્યા ભભકે કરી ઠાઠ પાઠથી ઘણો જશ થાશે

બારોટની એક ઘોડીની માગણી હતી તેથી એક ઘોડી પણ આપી બાદ સુંદરબાઈના વડવાઓનાં વખાણ કરવાં શરૂ કર્યાં.

## કવીત

ઘરા ધ્રોપટે ધંધુસર પ્રજા ધ્રુજે ધરા
પરઠ કરીને વેણ પાળ્યો
મર્દે મર્દો વચ્ચે સદા ધર મોવળી
વંકડે મેણદે વેર વાળ્યો
પ્રગટે ભાણ ત્યાં આવી ખુમાં પડે
વરત ભાલાં દીએ શુરવરીયો
કુકવા હાર હોકાર માતો કમલ
ઓ અરી નાર કહે વાઘ આયો
કંઈકને મારીયા કંઈક ઝખમી કીયા
પ્રથમ વા શીયાંગરો ફતેહ પાયો
નગરરાં વેરીયો હાથ જોડી નમે
ઉતરાવ જીત ધર મહેર આયો

સુંદરબાઈએ સોનાના વેઢલાની જોડ તથા ત્રણ કપડાં બારોટની ગાદી ઉપર મેલ્યાં ત્યારબાદ દાયરામાં આવેલા મહેરોના વડવાઓનાં વખાણ કર્યા દાયરામાંથી પણ દરેક જણે પોતાની ગજા સંપત પ્રમાણે પાંચ દશ પંદર કોરી એમ સૌ સૌને ઠીક લાગ્યું તે પ્રમાણે બારોટને આપ્યું.

બાદ દાયરામાં કાવા કસુંબા ફર્યા.

થોડી આનંદની વાતોચીતો થયા બાદ દરેકને શીરામણ માટે બોલાવ્યા આજે મીઠા ભાત ને લાપસીનું જમણ હતું ત્રાંબડીની ધારથી છુટે હાથે ઘી પીરસ્યું સૌ સ્ત્રી પુરૂષો જમ્યા બાદ સોપારી એલચી સહુને આપ્યાં.

જુદે જુદે સ્થળે હોકાઓ ભરી મુકી દીધા દાયરામાં ધુંવાડાના ગોટા ઉડવા મંડ્યા.

બાદ દાયરો છુટો પડયો બારોટ મેમાન વગેરે આરામ લેવા ગયા.

બારોટે પોતાને ઉતારે જઈને કોરીઓ જે આવેલી તે ગણી તે ૧૪૧૧ કોરી આવી.

બીજે દીવસે બારોટો તથા બહારથી આવેલા મીજમાનો સહુ વીંઝરાના ઉદાર દીલની પ્રશંશા કરતા કરતા સૌ સૌને રસ્તે પડયા.

રમા કુંવરી જાત્રા કરી પોતાને ઘેર આવી એક વખત બંને દંપતી પોતાના મકાનના ઝરૂખામાં આનંદથી બેઠાં છે. તે વખતે રમાકુંવરી જાત્રાનું વર્ણન કરવા લાગી અને વીસાવાડાના મહેર વીંઝરાના ઉત્તમ ગુણો એમનો માયાળુ સ્વભાવ સુંદરબાઈની પારવાર લાગણીની પ્રશંસા કરવા લાગી.

તમે જાત્રાએથી આવ્યાં ત્યારે પણ એ વીંઝરા મહેરનાં હદ ઉપરાંત વખાણ કરતા હતા અને આજે પણ રૂદયમાંથી એજ ઉદગારો નીકળે છે તો એવું બધું તમે વીંઝરામાં શું ભાળ્યું ? તમે જાત્રા ગયાં અને ત્યાંથી પાછાં ફર્યા ત્યાં સુધીમાં વીંઝરાંએંજ તમારૂં સનમાન કર્યું. બીજા કોઈએ સનમાન નજ કર્યું એક વીંઝરામાંજ માણસાઈનો ગુણ દીઠો.

મારા નાથ ? સાચું જ જો કહેવડાવો તો તો મારે કહેવું પડશે કે વીંઝરાના જેવું અને એની સ્ત્રી જેવું પ્રેમાળ રૂદય બીજે ક્યાંય જોયું નહિ.

વીંઝરાના તું આવાં યશોગાન ગાય છે તે વીંઝરાએ તને શું આપ્યું તે તો કહે.

સ્વામીનાથ ? જ્યાં અરસ પરસ શુદ્ધ પ્રેમનો વહેવાર હોય ત્યાં લેવા દેવાની વાત શું હોય ? કંઈ પણ લઇને રાજી થવું એ તો સ્વાર્થી પ્રેમ કહેવાય મને તો એમ જ થાય કે મારે અને તેને કંઈ પણ પીછાન નહી અને અમારા સંઘના માણસોને પોતે લાગણીથી રોક્યાં અને એવી રીતે જાત્રાએ કોઇ સાધુ સંત આવે ત્યારે તેને પણ તે પોતાને ત્યાં તેડી જાય છે અમે હતાં ત્યારે પણ એ સાધુ તેને ત્યાં હતાં.

જુઓ આ મારા ડોકમાં કંઠી પહેરેલી છે તે પણ સ્નેહની નીશાની બદલ એ ભાઈએજ મને આપી છે એવા ગુણવાન પુરૂષોનું સ્મરણ રહે તે માટે મેં મારા ગળામાંજ પહેરી રાખી છે.

આપણે ત્યાં તો અનેક કીંમતી દાગીનાઓ છે તે તો હું ઘણીવાર તમને પહેરવાને કહું તો ઇચ્છા થતી નથી અને સાદાઇથી રહેવાનો ડોળ બતાવે છે અને આ ત્રણ તોલાની કંઠીને ડોકમાંથી ઉતારવાનું જ મન થતું નથી ? આનું કારણ શું ? શું મારા ઘરના અલંકારો તમને પહેરવા ગમતાજ નથી ?

જેમ સુકોમળ વૃક્ષ દાવાગ્ની જોઇ કરમાઈ જાય તેમ પોતાના સ્વામીનાં માર્મીક વચનો સાંભળી રમાકુંવરીના રૂદયને અતી ખેદ થયોં હસતું મુખાર્વીંદ કરમાઈ ગયું રૂદયને આઘાત થયો અરસ પરસનો આનંદ ચુંથાઈ ગયો.

મારા નાથ ? આજે આપ આમ કાં બોલો ? આપના અલંકારો તો મારે શીર શમા છે. આપ મારા માલીક છો હું આપની દાસી છું આપ મારા રૂદયદેવ છો. આપથી વીશેશ મારે બીજુ કોણ હોય.

કોઈ પણ વેપારીનું કીંમતી માલ ભરેલું વહાણ સમુદ્રની અંદર ડુબતું હોય અને તે પોતે નજરે જોય અને રૂદયને આઘાત થાય તેમ રમાકુંવરીના દીલને અતી ગ્લાની થઈ અને વીચાર કરવા લાગી કે મારા પ્રત્યેનો અગાધ અને કીંમતી પ્રેમરૂપી નાવ આજે સંશયરૂપી સાગરમાં કેમ ડુબવા લાગે છે ? એમની પ્રેમ ભરેલી વાણીનો લોપ થઈ કડક શબ્દો કેમ વપરાય છે ? કંઈ સમજાતું નથી.

રમા ? તું જાત્રાએથી આવી ત્યારથી આજ સુધીમાં મારી પાસે વીંઝરાની કેટલી વખત પ્રશંસા કરી છે વીંઝરામાં એવું શું દેખી ગઈ ?

મારા દેવ ? વીંઝરાના એકનીજ પ્રશંસા નહી પણ એમની સ્ત્રી સુંદરબાઇની પણ એટલીજ પ્રશંસા કરૂં છું સુંદરબાઈનો પ્રેમ તો હજુ પણ કોઈ રીતે ભુલ્યો ભુલાતો નથી.

હવે સુંદરબાઇનું નામ ભેળીને તું તારો બચાવ કરવા માગે છે કેમ ! પરપુરૂષે આપેલો દાગીનો તારાથી ગળામાં નખાય જ કેમ ! એમ બોલી ક્રોધના આવેશમાં આવી ગળામાંથી ઝીંક મારીને કંઠી ત્રોડી જમીન પર ફેંકી દીધી જોરથી ત્રોડી તેથી રમાકુંવરીના ગળામાં કંઠી બેસી જવાથી ગળામાંથી લોહીની ધાર ચાલી.

વીંઝરા સાથેનો તારો પ્રેમ શુદ્ધ છે કે મલીન છે તે હું બરાબર સમજી ગયો છું સંઘના માણસોને પુછતાં તેઓનું કહેવું થયું છે કે વીસાવાડા ગામેથી રવાના થતી વખતે વીંઝરાનો પ્રેમ જોઇ તારી આંખમાં આસું આવી ગયા હતાં કે નહી ? બોલ સાચું ?

મારા રૂદયાધાર? તમારી આગળ હું કદી પણ જુઠું નહીં બોલું વીંઝરાને તો હું મારા સગા ભાઈ બરાબર ગણું છું આપને મારે માટે આવી શંકા કેમ આવે છે?

એમનો થોડી ઘડીનો પ્રેમ અને એ પણ અસાધારણ જોવામાં આવ્યો અને સુંદરબાઈ મુકવા આવેલાં ત્યારે તેની આંખોમાં પણ જળજળીયાં આવેલાં તેથી મારી આંખમાં પક્ષ આંસું તો આવેલાં એ હું કબુલ કરૂં છું પણ તેથી મારૂં રૂદય મલીન છે એવું તો આપ લગીર પણ ધારશો નહી અમારા અરસ પરના વીશુદ્ધ અને નીરદોષ પ્રેમનુંજ એ પરીણામ હતું. આંમ્રવૃક્ષમાં રહેનારી કોયલ પર પુરૂષ રૂમી કેરડાના ઝાડની કદી આશા કરે ખરી?

ત્યારે તું જ્યારે મારાથી જુદી પડી જાત્રાયે ગઈ ત્યારે મારી જુદાઈને લીધે તારી આંખો અશ્રુભીની થઈ હતી ખરી? આ તું તારા રૂદયને જ પુછી જો તારૂં રૂદયજ તને જવાબ આપશે.

મારા પ્રભુ? આપ ગમે તેમ બોલો હું તો આપની ગુલામડી છું હું તો ફરી ફરી એજ કહું છું કે અમારો અરસ પરસનો સબંધ ભાઇ અને બહેનના જેવો છે.

નાલાયક કુલટા? હજુ તારા દંભનો પડદો દુર કરતી નથી. આ વખતમાં ભાઇ અને બહેન કહીને બોલનારના રૂદય મલીન કેવાં હોય છે તેઓ કેવા ચારિત્રહીન હોય છે એ મારા અનુભવ બહારની વાત નથી! મારા રૂદયાઆધાર? આપ સાહસ કરો છો મારા ઉપર અન્યાય કરો છો અમો તો તદન નીરદોષ છીએ આપ જરા બારીકાઇથી તપાસ કરશો તો સત્ય વસ્તુ બહાર જણાઈ આવશે મારા પ્રભુ? આપને કોઈએ મારી વીરૂદ્ધ ભંભેર્યા છે આપશ્રી પ્રત્યે મારો અગાધ સ્નેહ હું આપને સુખે સુખી અને આપને દુઃખે દુઃખી રહેનારી છતાં આપશ્રીને આવી શંકાઓ આવે અને મને કલંકીત બનાવો

એમાં આપ ઇશ્વિરના ગુનેહગાર બનશો. હું તો તદન નીર્દોષ છું છતાં આપની દ્રષ્ટીમાં હું દોષીત જણાતી હોઉં તો આપની સમશેરથી મારૂં મસ્તક ધડથી જુદું કરો. એમ કહી રમાકુંવરી પોતાના સ્વામીના ચરણોમાં પડી.

વીશળદેવે ક્રોધના આવેશમાં જોરથી લાત મારી રમાકુંવરીને દુર ફેંકી દીધી.

અધમાધમ નારી? તારા પર મારો આટલો આટલો પ્રેમ છતાં તારૂં દીલ એક ગામડાના ખેડુત યુવાનમાં લલચાયું? વ્યભીચારી કુલટા? તેં તો મારૂં જીવન ઝેર બનાવ્યું લાચાર છું કે મને સ્ત્રીહત્યાનો ડર લાગે છે નહીતર અત્યારેજ આ શમશેરથી તારા રાયરાય જેટલા ટુકડા કરી નાંખ્યા હોત. મારા શીરતાજ? આપ તપાસ તો કરો મને મરવાની જરા પણ બીક નથી આપને હાથે મરવામાં મારા જીવનને ધન્ય સમજું છું પણ આમ વગર કારણે કલંકીત થઇને મરવું એ જ મને દુઃખ છે. હું આપને હજુ પણ વીનવીને કહું છું કે આપ ઉતાવળા અને અધીરા બનીને સાહસ કરો છો આપના દીલને નાહક ખેદ પમાડો છો. જરા જુઓ તો ખરા! હું મારો ધર્મ ભુલી હશે તો તે કંઈ છાનું રહેવાનું છે.

ચંડાળણી? હજુ તું તારી દગાબાજીથી ભરેલી પ્રપંચ જાળમાં ફસાવવા માંગે છે હું એવો ગમાર નથી કે એવાં તારા કપટયુક્ત અને દંભથી ભરેલાં વચનોમાં ભોળવાઈ જાઉં? હવે તું મારા તો કોઈ પણ કામની તું રહીજ નથી જા ચાલીજા? તારૂં કાળું મુખ લઈ દુર થા.

મારા રૂદયમણી! આપનું શરણ મુકી હવે હું ક્યાં જાઉં! જો મેં ભુલ કરી હોય તો મારો રૌ રૌ નર્કમાં મારો વાસ થાય. એમ

હું પરમાત્મા પાસે માગી લઉં છું મને નીરદોષને ન તરછોડો એમ કહી ફરીથી વીશળદેવના ચરણોમાં ઢળી પડી. વીશળદેવના ચરણો રમા કુમારીની અશ્રુધારાથી ભીંજાયા.

ખીલેલાં કમળને મુળમાંથી ઉખેડી ફેંકી દેવાથી કમળની જેવી દશા થાય તેવી દશા રમાકુંવરીની થઈ છે છતાં પણ પોતાના સ્વામીને પોતે વીનવી રહી છે.

રમા તારા દંભી વચનોથી મારૂં રૂદય કદી પણ હવે પીગળવાનું નથી તું સત્વર આંહીથી ચાલી જા જ્યાં સુધી તું મારા મકાનમાંથી દુર થઈશ નહી ત્યાં સુધી મારે અન્નજળ લેવું હરામ છે?

બસ કરો બસ કરો મારા પ્રભુ? આવા વગર વીચારે કરેલાં કામથી આપને પસ્તાવાનો જરૂર વખત આવશે આપશ્રીએ જ્યારે અન્નજળના ત્યાગ કરવાનું કહ્યું તો હવે હું લાચાર બની છું હવે તો મારે આપની છાયા તજી દુર થવુંજ જોઈએ.

મારા આરાધ્ય દેવ? હવે હું આજથી સદાને માટે તમારાથી જુદી પડું છું હવે આજથી સાચું શરણ મારે પરમાત્માનું છે એ જ્યાં લઈ જશે ત્યાં જાઈશ. મારા દેવ! હું આપને છેલ્લાં છેલ્લાં વંદન કરૂં છું.

જા જા ચાલી જા એ ઢોંગ પછી કરજે મારા મકાનમાં તારાં પગલાં છે ત્યાં સુધી એટલી ભુમી પણ અપવીત્ર બને છે. મારી નજરથી જલ્દી દુર થા.

સુર્ય વીના દીવસની અને ચંદ્ર વીના રાત્રીની સ્થીતી અંધકાર મય લાગે તેવી રીતે રમાકુંમારીનાં રૂદય અને આંખો અંધકારમય બન્યાં. મનમાં ને મનમાં કલ્પના કરવા લાગી ઓ પ્રભુ! એવાં મેં

ક્યાં પાપ કર્મ કર્યાં હશે કે જેથી મારા પતીથી વગર કારણે જુદાઈ આવવાનો પ્રસંગ બન્યો ? કયા પાપનું આ ફળ હશે એમ વીચાર કરતાં કરતાં રસ્તે પડે છે હે પ્રભુ ? હવે હું ક્યાં જાઉં. માતાપીતા પણ નથી કે તેનો આશરો લઉં દીનબંધુ તું મને સનમાર્ગ બતાવ. એમ કહી છાતીફાટ રૂદન કરે છે.

આજે વીંઝરો પોતાની વાડીએથી આખા દીવસમાં કરવાનું કામકાજ સાથીઓને બતાવી ઘેર આવે છે.

ઘરમાં જાય છે ત્યાં તો જેનું મુખાર્વીંદ કરમાએલું છે એવી અશ્રુસારતી રમાકુંવરીને જોઈ અને પોતાના પર આવેલી અણધારી આફતની કર્મકથા સુંદરબાઈ આગળ કહેતી હતી તે વીંઝરાએ સાંભળી.

અરર ? બેન તારી આ દશા ? તું આંહી ક્યાંથી આવી ? તારી આવી હાલત કેમ બની ? તારી સાથેનાં સંઘનાં માણસો આજે તારી સાથે કેમ નથી શું જાત્રામાં ફરતાં ફરતાં કોઈ લુંટારાએ તારી આવી દશા કરી ? બેન જે હોય તે જલ્દી વાત કર તને હેરાન કરનારનું હું ધડથી માથું જુદુ કરીશ.

વીંઝરાભાઇ ? ઘરનાં માણસને હાથે લુંટાઈએ અને આવી દશા બને તેની ફરીયાદ ક્યાં કરવી ?

રમાકુંવરબાના પતીએ વગર વાંકે કાઢી મેલ્યાં છે આપણે આંહી રોકયાં અને જે સોનાની કંઠી આપી એ જોઇને એના ધણીને ખોટો વહેમ આવ્યો. અને ભાઇબેનનો પવીત્ર પ્રેમ તેની નજરમાં દોષ ભરેલો જોવામાં આવ્યો બેનના ઉપર ખોટું કલંક ચડયું સગી-બહેન બરાબર તમે એને લેખી અને જે લાગણી બતાવી છતાં ખોટી શંકા વીશળદેવના દીલમાં ઉત્પન્ન થતાં રમાકુંવરબાને રજા આપી દીધી એના ઉપર તો દુઃખનું વાદળ તુટી પડયું સુંદરે કહ્યું.

હવે તમારા બંન્નેનો પ્રેમ અને લાગણી તદ્દન નીખાલસ છે પવીત્ર છે એની કઈ રીતે દરબારને ખાત્રી કરાવવી એ બાબતમાં દુઃખની મારી આંહી આપણે ત્યાં આવી.

સુંદરીબાઇએ રમાકુંવરીએ કહેલી સર્વ હકીકત પોતાના પતી વીંઝરાને જણાવી બેન તું જરાયે ફીકર કરમાં આ તારા ભાઈનું ઘર ઇ તારૂંજ ઘર છે એમ લેખીલે સતનો બેલી પ્રભુ છે? દરબારની બીક તને કોઇએ ન સંઘરી તો હું આંહી ખુશીથી રાખીશ તું આંહી રહે સૌ રૂડાવાંના થશે સુર્ય આંડા વાદળા આવે અને ઘડીભર અંધકાર રહે પણ અંતે તો પ્રકાશને પામવાનોજ તેમ તમારા ધણીને કોઈ કારણ વગર શંકા આવી તો આપણે ધીરજ રાખવી સાચી હકીકત કોઇથી ઢાંકી ઢંકાતી નથી તું તારે આંહી રહી ઈશ્વરનું ભજન કરી તારી કાયાનું કલ્યાણ કર? બેન તું કહેતી હોય તો હું તારા ધણી પાસે જાઉં અને આપણા નીરદોષ રૂદયવાળા આપણા વર્તનથી એને કંઈ શંકા હોય તો એના દીલનો ખટકો દુર કરૂં આપણું દીલ સાચું છે તો ત્યાં જવામાં બીક કેવાની?

ભાઈ ત્યાં તો હું તમને નહી જવા દઉં એ ને રૂવાંડે રૂંવાડે ક્રોધની જવાળાઓ ભભકી ઉઠી છે તમને દેખશે એટલે તો બળતામાં ઘી હોમાવા જેવું થશે ભાઇ હવે તો મારા નશીબમાં જે લખ્યું હશે તે થઈ રહેશે.

એનો સ્વભાવ હું જાણું છું મેં એને આજીજી કરવામાં બાકી રાખી નથી એનું રૂદય જરાપણ ન પલળ્યું તે નજ પલળ્યું મારે હવે ખડ ખાવું નથી હું પણ રજપુતાણી છું પણ આ જીંદગીમાં મારે મારા પતી પાસે તો જવુંજ નથી વીંછીના ડંખથી આખા અંગમાં વ્યાધી ફેલાઈ જાય તેવી રીતે રમાકુંવરોને તેના પતીના કટુ વચન રૂપી ઝેરી ડંખથી રૂવાડે રૂવાડે દુઃખ વ્યાપી ગયું અને છેવટ પોતાના સ્વામી વીના પોતાનું જીવન પુરૂં કરવાના નીશ્ચય ઉપર આવી.

વીશળદેવ વાઘેલાએ પોતાની નીર્દોષ પત્નીને પુરો તપાસ કર્યા વીના વગર વાંકે તજી તો દીધી પણ તેની શું હાલત હશે સુખી હશે કે દુઃખી એ જાણવાં માટે કોઈ દીવસ ઇચ્છા થઇ નહી એનું રૂદય વજ્રથી કઠોર બન્યું હતું પુરૂષોને જ્યારે પોતાની સ્ત્રીના ચારિત્ર ઉપર શંકા આવી જાય છે અને એ શંકા રૂદયમાં ઘર કરી બેસે છે ત્યારે પુષ્પથી કોમળ રૂદય પણ પથ્થરથી કઠોર બની જાય છે.

એના રૂદયમાં એક ખ્યાલ આવ્યા કરતો હતો અને તે એ કે જો મારી સ્ત્રીનું રૂદય મલીન હશે. ચારીત્ર હીન બની હશે તો તે જરૂર પાછી વીંઝરાને ત્યાંજ જસે મારે આ બાબતમાં નકી કરવાની તો જરૂર છે એમ મનમાં વીચાર આવતાં પોતાના વીશ્વાસુ માણસને વીસાવાડા ગામે રમાકુંવરીની તપાસ કરવાને મોકલ્યો એના માણસે તપાસ કરી આવીને વીશસદેવને સમાચાર આપ્યા કે પોરબંદર તાબે વીસાવાડા ગામે વીંઝરા નામનો ગરાશીયો મહેર છે તેને ત્યાં રમા-કુંવરબા રહે છે તેને રહેવા માટે જુદો ઓરડો આપલો છે હું ગયો ત્યારે રમાકુંવરબા ઇશ્વિર ભજનમાં બેઠાં હતાં એ મેં છાની રીતે તપાસ કરી લીધો.

પોતાની સ્ત્રી વીંઝરા મહેરને ત્યાં પાછી ગઇ એ જાણીને રૂદયમાં અતી ક્રોધ વ્યાપ્યો અને વીંઝરાને યમદ્વારા પહોંચાડી દેવાને માટે મનમાં દ્રઢ સંકલ્પ કર્યો અને પોતાના થોડા વીશ્વાસુ માણસોને લઈને રવાના થયો.

થોડા દીવસમાં વીશળદેવ વીસાવાડા ગામને પાદર પહોચ્યો ત્યાં પોતાના માણસો સાથે પડાવ નાંખ્યો અને માણસોને હથીયારોથી સજ્જ થવા હુકમ આપ્યો વીંઝરા સાથે લડાઈ કર્યા વીના દગાથી કે છળકપટથી જો વીંઝરાનું ખુન કરવામાં આવે તો વધારે સારૂ એમ ધારીને પોતાના માણસોનો અભીપ્રાય લેવા નક્કી કર્યું વીશળદેવ

વાઘેલાનો કવી હરસુર ચારણ પણ આ વખતે સાથે આવેલ હતો તેમણે છળ કપટ ભરેલી રમત રમવાની વાતો સાંભળી તેમણે વીશળદેવને કહ્યું કે એક મહેરને છળ કપટથી મારવાના તમારા આ કાવાદાવાથી તમારી કીર્તિને કલંક લાગશે એમાં તમારી વીરતા નહિ ગણાય એનો જરા વિચાર કરજો આના કરતાં તો અરસપરસના મનનું સમાધાન થાય તેવો રસ્તો લેવાય તો વધારે સારૂં. તમે વીંઝરા સાથે લડાઈમાં ઉતરશો તોપણ તમે ફાવશો નહિ. વીંઝરો એક મર્દ બચ્ચો છે વળી તેની મદદમાં અનેક મહેરો આવીને ઉભા રહેશે આંહીના મહેરો એ એક બળવાન પ્રજા છે એનો પણ ખ્યાલ કરજો આ બાબતમાં તો વગર માંગ્યે હું મારો મત આપું છું હું તથા વીંઝારાના બારોટ વચમાં રહી કોઈ પણ રીતે આ કલેશનો અંત આણવો એમ મારો મત છે પછી તો તમને ઠીક લાગે તેમ કરો હરસુરભાઇ તમે જે કહો તે અમારા ભલા માટે જ કહો છો એ હું બરાબર સમજું છું માટે તમને યોગ્ય લાગે તેમ કરો હું સર્વ રીતે તમને છુટ આપું છું તમે જે કરો તે મારે કબુલ છે.

હરસુર બારોટ ગામમાં ગયા અને વીંઝરાના બારોટને મળ્યા અને સઘળી વાત કરી વીંઝરાના બારોટે હરસુર ચારણને કહ્યું કે આમાં તમારા દરબારનીજ મોટી ભુલ છે વીંઝારાએ તો પોતાની સગી બહેન બરાબર ગણીને આંહી રાખી છે અમે આંહી રાત દીવસ ભેળાં રહીએ એટલે સાચી હકીકત અમારાથી છાની નજ હોય. વીઝારો તો એક નીતીવાન મર્દ બચ્ચો છે.

વળી તમારા દરબાર એની સાથે વેર બાંધવામાં ખાટશે પણ નહિ એમ નક્કી સમજજો વળી પોતાની બેન બરાબર ગણેલ અને વળી તેને આશરે આવી એટલે તો તે કદીપણુ તેને જાકારો દેશે નહિ તેના પર આફતનાં વાદળાં ભલે તુટી પડે કદાચ તેનું ભલે

મોત થાય પણ તે પોતાનો વટ તો નહિજ મુકે આવા નીતીવાન અને વટવાળા પુરૂષ સાથે કજીયો ઉભો કરવામાં તમારા દરબારને શું લાભ છે એને તમો સમજાવો અને એક બીજાના મનનું સમાધાન કરો એમાંજ અમે રાજી છીએ વીંઝરાના બારોટે પોતાના વીચારો રજુ કર્યા.

આપણે બંન્ને સાથે રહીને વીંઝરાને વગર હથીયારે વીશળદેવ પાસે તેડી જઈ શુદ્ધ રૂદયથી વાતો ચીતો કરાવીને એકબીજાની જે કંઇ ભુલો થઇ હોય તો અરસપરસ માફી મંગાવી કાવા કસુંબા પીવરાવીએ તો બહુ આનંદની વાત વીંઝરાના બારોટે કહ્યું કે એમ થતું હોય તો અમારે પણ કબુલ છે આપણે તો જ્યાં ત્યાંથી તકરારાનો અંત આણવો છેનાં ! વીંઝરાને સમજાવવો એ અમારા હાથમાં છે પણ હરસુરભાઇ ? જો જો હો કંઈ દગાની રમત ન હોય.

અરે ? તો તો મારૂં મોતજ થાય નાં ? હું ચારણનો દીકરો થઈ ખુટું ?

હમેશાં યશસ્વી પુરૂષોને અપજશની જો પ્રાપ્તિ થાય તો તેને મરણ સમાન જ છે માટે હું દગાની રમત રમી અપજશ કેમ લઉ ?

હરસુર ચારણ ગામમાં બારોટ સાથે ચર્ચા કરવા આવ્યો પણ પાછળથી વીશળદેવના પાસવાનોએ વીંઝરાને દગાથી જ મારી નાંખવાની જાળ બીછાવી રાખી આ બાબતમાં હરસુર ચારણને તદન અજાણમાં રાખ્યા.

હરસુર ચારણ વીંઝરો અને વીંઝરાના બારોટ વીશળદેવ પાસે ગયા વીશળદેવને રામરામી કરી બેઠો દુશ્મનની છાતી ફાટી જાય તેવી વીંઝરાની કદાવર કાયા અને શરીરની સુંદરતા જોઈ વીશળદેવના મનમાં થયું કે આવા સ્વરૂપવાન પુરૂષને જોઈને કઇ સ્ત્રી મોહ ન પામે મારી સ્ત્રી જરૂર પતીત બની છે.

કેમ વીંઝરા ! મારી સ્ત્રી તારે ત્યાં છે ? હા મારે ત્યાં છે.

પારકી સ્ત્રીને એમ ઘરમાં રખાય ? મારે આશરે આવી તેને મારાથી જાકારો કેમ અપાય ! એ મારો ધરમ નહી.

એ સ્ત્રી બીજે ક્યાંય ગઇ નહી અને તારે ત્યાંજ કેમ આવી !

એને મારામાં વીશ્વાસ હતો કે ત્યાં જઇશ તો મારો ભાઇ મારી સંભાળ લેશે ! તું એનો ભાઇ !

હા હું એનો ભાઈ ને એ મારી બેન.

તમારો ભાઇબહેનનો વહેવાર છે એ હું કબુલ કરતો નથી.

તું કબુલ ન કર નો કંઈ નહી મારે પરાણે ક્યાં કબુલ કરાવવું છે.

આ તારા બેપરવાઇ ભરેલા વેણુ જ કહી આપે છે કે તું નીરદોષ નથી.

એનો ન્યાય મારે તારી પાસે ક્યાં કરાવવો છે ! સાચ ખોટનો ન્યાય કરવાવાળો તો એક ઇશ્વરજ છે.

એમ બોલી તું તારો બચાવ કરવા માગે છે બચાવ ? કેવાનો બચાવ ? તારી મને જો કંઈ બીક લાગતી હોય તો વળી હું ખોટો બચાવ કરૂં મેં તો સાચે સાચી વાત તારી આગળ કહી દીધી.

વીંઝારા તું જુઠો છે પાપી છે.

પાપી તો તું કે હું કે આવી સતની મુર્તીને ઘરમાંથી વગર કારણે કાઢી મુકી ! વીશળદેવની સામે જેમ જેમ વીંઝારો ઉશ્કેરાઇને બોલતો જતો હતો તેમ વીશળદેવની શંકામાં વધારો થતો હતો અને ક્રોધના આવેશમાં બોલ્યો કે વીંઝરા તારા જેવા એક નીચ મહેર સાથે ઝાઝી વાતચીત કરવા ખુશી નથી આજ હું તારા ગુન્હાની શીક્ષા કરવા આવ્યો છું તૈયાર થઈ જા.

તારો બારોટ તો કહે સમાધાન કરવાનું છે માટે હથીયાર વગર આવવાનું છે ચારણ સામું જોઈ બોલ્યો કે ચારણ થઈ આમ દગાની રમત રમાય!

હરસુરે ચારણ કહે મને જો આ પ્રપંચની ખબર પણ હોય તો મારા ઉપર ચાર હત્યાનું પાપ છે જેમ બને તેમ સમાધાન કરી લેવું.

એમ નક્કી થતાં વીંઝરાને આંહી હથીયાર વગરનો બોલાવેલ માટે વીંઝરા ઉપર દગો થાય તો તો મારૂં મોતજ થાય નાં?

અરે ચારણદેવ? તમે ગભરાવમાં વીંઝારો એમ ગારા માટીનો બનાવેલ નથી કે ભાંગી પડે.

વીંઝરા તું કેના બળે આટલો ત્રાડુકેછ? કોઈનું બળ થોડું કામ આવેછ. હું તો આંહી મારા કાંડાના જોરે આવેલ છું હું હથીયાર વગરનો છું અને તમે હથીયારથી સજ્જ છો એટલે હું ડરી જાઉંસિ એમ! હું કંઈ તારી બીકનો માર્યો આંહી નથી આવ્યો મારી પાસે તો સાચનીજ રમત છે અને વળી મારી બેન રમાકુંવરી નીરદોષ નીષ્પાપી છે એટલે કોઈ રીતે સમાધાન થતું હોય તો હું પણ તેમાં રાજી હતો તમારે જો માટીયાઈ બતાવવી હોય તો આવો મેદાનમાં! સીપાઈઓ! શું જુવો છો? પકડો અને બાંધો મુશકેટાઈટ!

વીઝરાએ તો એક સીપાઈ ઉપર ધસારો કરી તેની તલવાર ખેંચી લીધી અને પડકાર કર્યો લ્યો હવે મર્દના દીકરા કોણ છે આવો મેદાનમાં!

વીશળદેવ! આ ચારણના દીકરાનું તમારે મોત કરાવવું છે આમ દગાથી ઘા કરશો તો મારે આંહી લોહી રેડવું પડશે તમારે અને મારે શું વાત થઈ છે.

તમારે એની મર્દાઈ જોવી હોય તો આવો મેદાનમાં અને પડકારી એના પર ઘા કરો.

વીશળદેવ ? આ ચારણને મુંઝવમાં ! તું એમ કર ! તમે બધાય અને હું એકલો આવો મેદાનમાં તમારે તરવાર શીવાય બીજું કંઈ હથીયાર વાપરવું નહી અને હું પણ મારી તલવાર મંગાવી લઉં છું.

વીશળદેવે કબુલ કર્યું અને વીંઝરાએ પોતાના બારોટ પાસે પોતાને ઘેરેથી તરવાર મંગાવી સૌ મેદાને પડયા. એક તરફથી વીંઝારો એકલો બીજી બાજુ વીશળદેવ અને તેના માણસો સામસામી તલવારની રમત ખેલી રહ્યા છે. વીંઝરો ચારે બાજુ બહાદુરીથી ઘુમી રહ્યો છે. પોતાના શરીરનો બચાવ કરતો જાય છે અને સામો દુશ્મન ઉપર ઘા કરતો જાય છે જોતજોતામાં ત્રણ જુવાનો પાડાની કાંધ જેવા હતા તેને પાડી લીધા વીશળદેવને ખંભા ઉપર એક તલવારનો ઘા પડયો પણ બચી ગયો.

પોતે જાણ્યું કે વીંઝારો ખરેખર વીરપુરૂષ છે રખેને એકએક કરી પાડી લ્યે !

સમય જોઇને તેણે તાલીમખાં નામના સરદારને છુપી રીતે વીંઝારાને બંદુકની ગોળીથી ઠાર કરવાનો સંકેત કર્યો. તાલીમખાં સમજી ગયો. બંદુક ભરેલી તૈયાર જ હતી.

તાલીમખાં બંદુક છોડવાનો લાગ જોઈ રહ્યો હતો. વીંઝારો તો વકરાએલા વાઘની માફક તલવારને ચારે બાજુ વીંઝી રહ્યો છે. વીંઝરો વીશળદેવ પર જોરથી તલવારનો ઘા કરવા જાય છે ત્યાં તો પાછળથી ઓચીંતી તાલીમખાંની બંદુક છુટી અને વીંઝરાની છાતીમાંથી સોંસરવી બહાર નીકળી ત્યાંતો તરતજ વીશળદેવે વીંઝારા પર તલવારનો ઘા

કર્યો. એ ઘા એવા જોરથી થયો કે વીંઝારાનું મસ્તક ધડથી જુદું પડયું ચારણુ હરસુરે તાલીમખાંને ફીટકાર આપ્યો કે ધીક્કાર છે દગાખોર આવા મર્દ બચ્ચાને દગાથી માર્યો.

તુમ માગણુ લોક હમેરી રાજ્ય રમતમેં ક્યા જાનો.

વીંઝરાના રૂવાડે રૂવાડે શુરાતન વ્યાપી ગયું છે માથું પડયા પછી પણ વીંઝરાનું ધડ લડયું છે. વીશળદેવ વાઘેલાનો ચારણ હરસુર ત્યાં આ દગાભરી રમત જોઈ કટારી ખાઈ મરણ પામે છે વીંઝરાના ત્રણ બારોટ પણ ત્યાં મરાણા છે.

હજુ પણ એ બારોટની ત્રણ ડેરીઓ તથા હરસુર ચારણુની ડેરી આ મોજુદ છે અને એ પરીયાગતની ડેરીઓના નામથી હજુ પણ ઓળખાય છે.

જ્યાં વીંઝરાનુ ધડ પડયું તે સ્થળ આગળ તેમના સ્મરણાર્થે ચોરો બંધાવેલ છે તે વીંઝરા ચોરાના નામથી ઓળખાય છે.

એકલ વીણો વીંઝરો
તેગ બહાદુર અસો
હઠીલો ભારતમાં ન કો હઠે
તાં ઘણાં શત્રુ તણો કાળ ઘટે
કરમને પાટ અસલ છે કેશવારો
છંછેડયો નાગ જ્યું અમર ચડે
રણુ મેદાનમાં ટકીલો એ હતો
પુરૂષનો પારખો તયેં પડે
વ્રટ ભરેલ વીંઝરો ગરંદા વીરતલ
ગજાળો મોજુમાં દલ્લે ગુદ્દો
લડયો ભારતમાં નામ રાખ્યો ભલો
વરે અપસર ને સરગ પોઢયો

એકલવીણો—એકલો
તેગ બહાદુર—તલવારની પટાબાજી ખેલવામાં બહાદુર
ભારતમાં—લડાઇના મેદાનમાં
પટાધર—વીક્રાળ વાઘ સરખો
દલ્લે—દીલથી
ગજાળો—મોટા મનનો
અપસર—અપસરા
સરગ—સ્વર્ગ
પોઢ્યો—સુતો

વીંઝરો કહે હું હુશીયાર સાચો
અનેક મારી અડ
માથું પડયું મેદાનમાં
ઝુઝવા લાગ્યું ધડ
ઘોડી કટકને પાછું વાળ્યું કડેડી
ચડું જુદ્ધમાં ન વળું પાછો
વીંઝારો કહે હું સુરવીર સાચો
અનેક મારી અઢ

# મહીયારીવાળા શ્રી મેરૂભગત

મહીયારી એ જુનાગઢ તાબાનું ગામ છે મુખ્ય કરી પરમાર શાખના મહેરોની વસ્તી છે આ ગામમાં મેરૂ ભગત દુદા નથુ મેરામણ ભગત વીગેરે મહાપુરૂષો થઈ ગયા છે આ પરમાર શાખના મહેરો ઉજ્જન તરફથી આંહી જુનાગઢ આવ્યા આ વખતે જુનાગઢની ગાદી પર રાહ બીરાજતા હતા તેમના આગ્રહથી જુનાગઢમાં રહ્યા. રાજ્ય તરફથી તેમનું સનમાન થતું દરબાર ભરાય ત્યારે તેમને લાયક સ્થાન મળતું. આવી રીતે સાત ભાઈઓના કુટુંબનો માન મરતબો રાજ્ય તરફથી સારી રીતે સચવાતો હતો.

એક વખત કોઈ રમતગમતના પ્રસંગમાં અને ખાસ કરી ચોપાટની રમતમાં રાહ સાથે વાંધો પડતાં રાજ્ય છોડી પોરબંદર તાબે મહીયારી ગામે આવ્યા, આ બાબતની મહેર જવાંમર્દ ભાગ ૧ લામાં પરમાર જેતમાલની કથામાં વીસ્તારથી હકીકત લખવામાં આવી છે એટલે આંહિ વીશેશ લખવા જરૂર જણાતી નથી.

માધવપુરથી કેટલાક પરમાર મહેર બળેજ ગામમાં (પોરબંદર તાબે) રહેવા આવ્યા એમના વંશના વીરમ ફોજદાર વીગેરે મહેરો હૈયાત છે વીરમ ફોજદારે તથા તેના વડીલે પોરબંદર રાજ્યની વફાદારીથી નોકરી કરી છે. રાજ્ય તરફથી તેમને હાલ પેનશન મળે છે. મહીયારી ગામમાં જે પરમારો રહે છે તેમાંથી શ્રી મેરૂ ભગત (પરમાર શાખના મહેર)ની આ કથા લખવામાં આવી છે.

મેરૂ ભગતના પીતા લુણો ભગત મહીયારીમાં ખેતીનો ધંધો કરતા હતા. વહેવારમાં દરેક રીતે સુખી હતા એમનું પાર્માથીક જીવન પણ ઉંચ કોટીનું હતું. કહેવત છે કે બાપ તેવા બેટા તે પ્રમાણે લુણા ભગતની ધર્મપરાયણુતાના. સાધુસંતો તરફના પ્રેમાળતાના સંસકારોનો વારસો તેના પુત્ર મેરૂ ભગતને મળ્યો હતો. ગામમાં કોઈ સાધુ સંત આવે તે લુણા ભગતનું નામ પુછતા આવે. લુણા ભગત બે ચાર સાધુ તો હોયજ. લુણો ભગત બહુ પ્રેમથી સાધુસંતોની સેવા કરતા હતા. લુણા ભગત ભણ્યા નહોતા. જેથી ધર્મના શાસ્ત્રોનો અભ્યાસ નહોતો. છતાં પણ સત પુરૂષોના રોજના સંસર્ગથી ધર્મના શાસ્ત્રોનો મુખ્ય સાર સમજી રૂદયમાં ધારણ કરતા અને તે પ્રમાણે વર્તતા હતા. લુણા ભગત હમેશા હાથવણાટની શુદ્ધ ખાદી પહેરતા. જીવન બહુ જ સાદું. સાદી રહેણી કરણીથી રહી નીતીથી ચાલી જીવન ગુજારતા પરમાત્મા પ્રત્યે તેમને અડગ શ્રદ્ધા હતી. એક વખત ઘઉંની ખલાવડમાં આગ લાગી. દરેક ખેડુત પોતપોતાના ઘઉંના ઢગલા ઓલવવામાં રહ્યા આ વખતે લુણા ભગતને પોતાનો ઘઉંનો ઢગલો બચાવવો એ ખ્યાલ ન રહેતાં કોઇના પણ ઘઉં કેમ બચે તે માટે પાણી સારવાની મહેનત કરી રહ્યા હતા.

કુદરતનો નીયમ એવો છે કે જે માણુસ કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર બીજાના ભલા માટે પોતે નુકશાની વહોરી લેવા તૈયાર થાય છે પોતાનું બગાડીને પણ બીજાનું સુધારવા તત્પર રહે છે એવા પાર્માથીક કાર્ય કરનારાઓને ઇશ્વિર તરફથી ગેબી સહાય મળે એ સ્વભાવીક છે. લુણો ભગત બીજાના ઘઉં બચાવવામાં રોકાયા હતા એટલે એમના ઘઉંની સ્વભાવીક રીતે રક્ષા થઇ અને ત્યાં આગ આવતાં અટકી ગઈ આ ગેબી સહાય નહી તો બીજું શું કહેવાય! આ પ્રસંગે પોતાનો ઢગલો બળી જવાની તૈયારીમાં હતો છતાં જ્યારે બચી ગયો એટલે આ પ્રસંગથી પરમાત્મા તરફ લુણા ભગતની શ્રદ્ધા વધારે ચોટી.

લુણા ભગતના સદ્‌ગુણોનો વારસો તેમના પુત્ર મેરૂ ભગતને નાની ઉમરમાંજ મળ્યો હતો ૧૬ વરસની ઉમરમાં ખેડુતનો દીકરો ખેતીના કામમાંજ રચીપચી રહ્યો હોય ત્યારે મેરૂ ભગત તો સંત પુરૂષોના સમાગમમાં આવે અને તેની સેવામાં પોતાનો ઘણો ખરો સમય વીતાવતા હતા આવી રીતે મેરૂ ભગત નાની ઉમરમાંથી જ સતસંગના રંગથી રંગાયા હતા મેરૂ ભગતનો ખેતીનો ધંધો હતો. તેથી કપડાં મેલાં રહેતા પણ ઇશ્વરની ભક્તિથી રૂદયને ઉજળું બનાવ્યું હતું.

એક વખતનો આ પ્રસંગ છે. આ પ્રસંગે લુણા ભગતને ત્યાં દશથી પંદર હજાર માણસોની મેદની જામી છે. મેરૂ ભગતની ઓસરીમાં ફળીયામાં શેરીઓમાં ભક્તજનોનું હૈયેહૈયું દળાય છે ગામના મહેરો મહેમાનોને માટે પોતપોતાની ઓસરીમાં ફળીયામાં ખુંગણો બાંધી બેસવાની અને આરામ લેવાની સગવડો કરી રહ્યા છે પ્રભાતનો પહોર છે. સુર્યનારાયણ જગત ઉપર પથરાએલા અંધાર પછેડાને દુર કરવા પોતાના કીરણો ફેંકે છે આ સમયે શ્રી રામદેવજીના અનુયાયીઓ બાવન ગજની લંબાઇવાળો મંડપનો સ્થંભ ઉભો કરવા તૈયાર ઉભા છે પરમાત્માનું સ્મરણ ધ્યાન કરી સ્થંભ ઉભો કરે છે. સ્થંભની ઉપરની ટોંચ ઉપર પાંચ પીતળના બેડાં મુકી તે ઉપર લોટો મુકી જ્યોત પ્રગટાવે છે અને મંડપની અંદર શ્રી રામદેવજી પ્રભુની સ્થાપના થાય છે અને ધ્વજા ચડાવે છે.

સ્થાપના આગળ શ્રદ્ધાળુ ભક્તો રૂપીયા પૈસા શ્રીફળો એમ સૌ સૌની ભાવના પ્રમાણે નૈવેદ્ય ધરે છે. રૂપીયાના શ્રીફળોના મોટા ઢગલા થાય છે. શ્રીફળ ભાંગી ભાંગી પ્રસાદી તરીકે અપાય છે.

આ પ્રસંગે બહારગામથી પણ સાધુસંતોની મંડળીઓ ભજન કરનારાઓની મંડળીઓ આવેલી હોય છે અને સહુ શુદ્ધ ભાવનાથી

ભજન ધુનમાં ભળે છે અને ઇશ્વરની આરાધનામાં એક લીન બને છે. મહીયારીનાં દરેકે દરેક ઘેરે મહેમાનોની ભીડ જામેલી છે.

દરેક પ્રેમી મનુષ્યો આજના ઉત્સવ પ્રસંગે આનંદમાં રસ બસ બન્યા છે પોતાને ત્યાં મહેમાનો આવ્યાં અને તેમનો સતકાર કરવાનો પ્રસંગ મળ્યો તેમાં પોતાના જીવનને ભાગ્યશાળી માને છે.

શીરામણુ કરવાનો સમય થયો ત્યારે સર્વને બોલાવવા માટે હાકલ પડે છે. સહુ દાયરો મંડપ આગળ હાજર થાય છે. હજારો માણસોની પંગત બેસી ગઇ છે. એકી સાથે બધાને જમાડી દેવાની તાલાવેલી હોવાથી ભાવીક અને સેવાભાવી ભક્તો તૈયાર થઇ ઉભા છે. ગોર પાપડીનાં ભરેલા ગાડાંઓની હારને હાર ઉભી છે તેમાંથી સુંડલા ભરી ભરી પીરસવા લાગી જાય છે. ગોર પાપડી અને તળેલા ચણા પીરસાઈ ગયા બાદ કરો હરીહર. એવી ગર્જના થઈ. સહુએં જમવાનું શરૂ કર્યું. આ પંગતમાં નાતજાતનો કશો ભેદ નથી. કોઇ પણ હીન્દુ એકજ પંગતે બેસી જમે છે. જેને આમંત્રણ મળ્યું હોય તેજ આ મંડપના ઉત્સવ પ્રસંગે આવી શકે. એવું સાંકડું મન મંડપનો ઉત્સવ ઉજવવા વાળાનું હોતું નથી આંહી તો વગર આમંત્રણે કોઇ પણ આવી શકે છે.

પંદર હજાર માણસોને જમાડવાની સગવડ માટે લુણા ભગતને કંઇ ઉપાધી કરવી પડી નથી. લુણા ભક્તનું આ ધાર્મીક કામ પુરણુ કરવા ભાવીક જનો હાથોહાથ કામ કરવાને પ્રેમથી જોડાઇ ગયા છે. લુણો ભગત સાધુસંતોની મંડળીમાં બેઠા બેઠા જોયા કરે છે અને મનમાં વીચાર કરે છે કે શુદ્ધ પ્રેમથી અને સંગઠનથી શું કાર્ય થતું નથી તમામ હીન્દુ જાતીમાં સંગઠનની અતી જરૂર છે પણ અત્યારની આપણી હીન્દુ જાતીની દશા તરફ નજર કરૂં છું. ત્યાં આવા આનંદના પ્રસંગે પણ મનમાં દુ:ખ થાય છે. દેડકાંની પાંચશેરી કરવા મથે એ

જેવું મુશકેલી ભરેલું છે તેવું હીન્દુ જાતીને પણ અનેક પ્રકારના રાગદ્વેષના બંધન પણ સંગઠન જેવી મહત્વની બાબતથી પણ વીમુખ બનાવે છે. લુણા ભગતનાં મનમાં ને મનમાં આવા વીચારોની લહેરીઓ ઉપડે છે અને રૂદયમાં પાછી સમાઇ જાય છે.

આ પ્રસંગે આવેલા અનુયાયીઓની દ્રષ્ટી કોઇના ગુણ દોષ જોવા તરફ રોકાયેલી નથી પણ પોતાના આત્મની ઉન્નતી માટે સંત પુરૂષોનો ઉપદેશ સાંભળવો અને તેને હ્રદયમાં ધારણ કરવો. આવેલા સર્વ સજ્જનોની સાથે પ્રેમ ભાવથી વરતી આનંદથી હળવા મળવામાં પોતે કૃતાર્થ થયો હોય ને ? એમ પ્રફુલીત મુખે આનંદની મોજ લુંટી. રસ્તે પડે છે. અરસ પરસ પ્રેમ. સેવાભાવ સંગઠન નીર અભીમાનતા આદી સદગુણો રૂપી ભાતાની પોટલી સાથે બાંધી દરેક સૌ સૌને રસ્તે પડે છે.

મેરૂ ભગતને સતસંગના પ્રભાવે નાની ઉંમરમાં જ સંસારની અસારતા જોવામાં આવી દીવસે દીવસે વહેવારી કામમાં ઉદાસીન રહેવા લાગ્યા ગ્રહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે તો પીતા ઉપરનો વેહેવારીક બોજો યૂવાન પુત્રે ઉપાડી લેવો જોઇએ. તેને બદલે ગ્રહસ્થાશ્રમ ના વહેવારોમાંથી છુટા થવાની પ્રબળ ઇચ્છા થઈ છતાં વડીલોની ઇચ્છાને આધીન થઈ ગ્રહસ્થાશ્રમ માંડયો અને ઓડદર ગામના રહેવાશી માણીંબાઇ સાથે લગ્ન થયાં મેરૂ ભગતને કંઈ સંતતી નહોતી અને તે બાબતની મેરૂ ભગતને કંઈ મમતા પણ નહોતી. એમની ઇચ્છા તો સંત પુરૂષોની સેવા કરવી અને ઇશ્વરનું ભજન કરવું એ ભાવના હોવાથી વીષય વાશનાંને વૈરાગ્ય વળે દાબી દીધી હતી.

ગોંડલ તાબે લુણીવાવ નામે ગામ છે ત્યાં વેણીદાસ નામના શંત રેહેતા હતા મેરૂ ભગતને તે સંત ઉપર વધારે શ્રદ્ધા હતી તેથી

અવાર નવાર મેરૂ ભગત ત્યાં જતા. મેરૂ ભગતનું દિલ દહાડે દિવસે સંસારમાંથી પાછું હટતું ગયું. સગા સંબંધી અને જગતના સ્વાર્થી સ્નેહ જાળમાંથી છુટવા અને પોતાના આત્માની ઉન્નતિ માટેના પ્રયાસો કરવા લાગ્યા અને એ પંથે આગળ વધવા લાગ્યા તે માટે વેણીદાસ સાહેબનો આશરો લીધો અને વેણીદાસ સાહેબના આશ્રમમાં રહી ઇશ્વિર ભજન કરી ત્યાં જ જીવન વીતાવવાનો વીચાર દર્શાવ્યો.

વેણીદાસ સાહેબ કબીર સંપ્રદાયના સંત હતા બહુ સરળ હૃદયનાં માયાળુ સ્વભાવના અને જન સમાજની કોઈ પણ પ્રકારની સાચા દીલથી સેવા કરવામાં તત્પર રહેનારા હતા સમાજ પાસેથી પઈસા પડાવી માલ મલીદા ખાઇને આનંદ માનનારા નહોતામા આશ્રમમાં કોઈ દુઃખી નીરધાર આવે તો તેને ખવરાવીને આનંદ માનનારા હતા કોઈ વખતે આશ્રમમાં ખોરાકની સગવડ ન હોય તો પોતે તથા પોતાના શીષ્ય જેમ તેમ નીભાવી લેતા અને આવેલા અતીથીનો સતકાર બહુ પ્રેમથી કરતા. વેણીદાસ સાહેબે મેરૂ ભગતને કહ્યું કે મેરૂભાઈ શું સંસારને અને સગા સંબંધીને છોડવાથી જ ઇશ્વર ભજન થાય ?

ખરી રીતે તો સંસાર અને સંસારનાં સગા સ્નેહીઓમાં જે આપણી મમતા છે તે દુર કરવાની છે મોહ અને મમતાનું બંધન છે તે જ દુઃખદાયક છે.

સંસાર છોડયા બાદ સાધુ કે ત્યાગી બન્યા પછી પણ સંસાર તરફની મોહ મમતા દુર ન થાય તો માત્ર બહારના ત્યાગથી આપણે આપણું આત્મ હીત કરી શકીએ નહી. માટે ચાહે તો ત્યાગી બનો અને ચાહે તો સંસારી રહો જે આશ્રમમાં રહો તે આશ્રમમાં રહીને પણ કામ ક્રોધ મદ મોહ આદી શત્રૂઓને જીત્યા વગર જીવની ઉંચ

ગતી થવાની જ નથી માટે તૃષ્ણા વગરનું સંસાર વહેવારમાં રહી જીવન ગુજારવું એ તમારે માટે લાભકારક છે અમારા જેવા સાધુઓ પણ ગ્રહસ્થાશ્રમીઓની આર્થીક સહાયથી જ અમારા આશ્રમમાં આવ્યા ગીયાનો સતકાર કરી શકીએ છીએ માટે ગ્રહસ્થાશ્રમના ધર્મો જે શાસ્ત્રકારોએ બતાવેલા છે તે પ્રમાણે જો વરતી શકાય તો ગ્રહસ્થાશ્રમ એ શ્રેષ્ટ આશ્રમ છે. મેરૂ ભાઇ તમારૂં હૃદય તો સાફ છે તમારા મનના મેલ ધોવાઈ ગયા છે તમે સંસારમાં રહીને પણ તમારૂં આત્મ કલ્યાણ કરી શકશો તમારા જેવા સંસારીયોથી તો ત્યાગીઓને પણ લાભ છે અમારૂં પણ તમારા જેવા સંસારીઓ સાથે જ પનારૂં છે નાં! અમે સંસાર છોડયો પણ સંસારીઓને ક્યાં છોડયા છે સગા સંબંધીનો સંબંધ છોડયો તો ચેલા ચેલી રાખીને તે સંબંધ જોડયો આ બધો વહેવાર જો આસકતી વગરનો હોય તો તે દુઃખનો હેતુ નથી પણ જો આસકતી વાળો હોય તો બંધનકારક બને છે ત્યાગીઓ આવી સ્થીતીમાં જો સદા જાગ્રત ન રહે તો ॥ ન ઇધિરકે રહે ન ઉધરકે રહે ॥ એની જેમ બેઈ બગડે છે માટે મેરૂ ભાઇ તમે ઘેરે જાઓ અને ખેતી જેવો ઉત્તમ ધંધો તમારા હાથમાં છે તે ખેતી સુધારવા ખુબ પુરૂષાર્થ કરો ખુબ પેદાશ કરો અને દુઃખી અને નીરાધારની સેવા કરો એ જ તમારી ખરી ભકિત.

મેરૂ ભગતે વેણીદાસ સાહેબે જે ઉપદેશ વચનો કહ્યાં તે બહુ ધ્યાનં પુર્વક સાંભળ્યાં અને ત્યાંથી પાછા પોતાને ઘેરે આવ્યા. વહેવારના કાર્યોમાં જોડાવવા માટે પ્રયત્ન કર્યો પણ વહેવારના કામમાં ચીત્ત લાગ્યું નહીં મનમાં એમ થયું કે મારૂં દીલ વહેવારીક કાર્યમાં જોડાતું નથી તો યાત્રાના સ્થળોમા ફરી આવું અને મહાન પુરૂષોના સંસર્ગમાં આવી કંઈ સત સંગનો લાભ લઉં આં વીચારો આવવાથી કાશી હરદ્વાર વીગેરે પવીત્ર સ્થળોમાં ફર્યા સંતોના સહવાસમાં

આવ્યા અગાઉ થઈ ગએલા મહાન પુરૂષોનાં જીવન ચરિત્ર સાંભળીને હૃદયમાં વીશેષ વૈરાગ્ય થયો ઘણું જાણવાનું મળ્યું કેટલાંક સ્થળો ફરી પાછા વળ્યા અને પોતાને ઘેરે ન જતાં જુનાગઢ પાસે વંથળી ગામ છે તેની પાસે કાજરીયારી નામનું નાનકડું ગામડું છે ત્યાં કચરા ભગતને ત્યાં ગયા.

કચરા ભગત વાણુંદ જ્ઞાતિમાં જનમ્યા હતા તેઓ સંસાર સાગર તરવા માટે પ્રબળ પુરૂષાર્થ કરી રહ્યા હતા. પ્રભુપદ પામવા માટે નાત જાતનો ભેદ હોતો નથી ત્યાં તો પ્રભુના નામ ઉપર પ્રસંગ આવ્યે મરી ફીટવા તઇયાર રહેનાર જ પ્રભુનો વહાલો ભક્ત બની શકે છે એ પ્રમાણે કચરા ભગતની પ્રભુ પ્રત્યે વીશુદ્ધ ભકિત હતી ભક્તિનો રંગ દીન પ્રતીદીન તેજસ્વી બનતો જતો હતો કચરા ભગતના ત્રણસોથી ચારસો શીષ્ય હતા અને કચરા ભગતની આજ્ઞા પાળવામાં તત્પર રહેતા. મેરૂ ભગત પણ ત્યાં આવ્યા. કચરા ભગતે મેરૂ ભગતને કહ્યું કે તમે સંસારમાં રહીને ઇશ્વરનું ભજન કરો તમારૂં હૃદય જોતાં મને લાગે છે કે તમે સંસારમાં રહી જન સમાજની શેવા બહુ પ્રેમ ભાવે કરી શકશો અને પ્રાણી માત્ર પર દયા અને પ્રેમ રાખી તેમાં દુઃખમાં ભાગ લેવો એ પણ એક ઇશ્વર ભકિતનો પ્રકાર છે આવી શેવા કરવા માટે તમારૂં હૃદય તઇયાર છે માટે સંસારમાં રહી શેવા ધર્મ સ્વીકારી તમારાં આત્માનાં કલ્યાણ કરો કચરા ભગતનો ઉપદેશ સાભળીને મેરૂ ભગત પોતાને ઘેરે આવ્યા. અને સંસાર વહેવારનો ભાર ઉપાડી લીધો.

પોતે મનમાં નકી કરી લીધું કે સંત પુરૂષો જે ઉપદેશ આપે તેમાં આપણું હીત જ હોય છે માટે મારે હવે એઓની આજ્ઞા મસ્તકે ચડાવવી અને ખેતીનું કામ સંભાળી લીધું અને વહેવારના કામની સાથે પરમાર્થના કાર્યોમાં પણ બહુ પ્રેમથી ભાગ લેવા લાગ્યા.

નીર અભીમાની બની સતકાર્યો કરતા છતાં ગામના કેટલાક અજ્ઞાનીઓને ઇર્ષા થઈ હમેશાં દુર્જન પુરૂષો અકારણ શત્રૂ હોય છે તેને શત્રુ બનવાનું કંઈ કારણ હોતું નથી દુર્જનનો એ શ્વભાવ છે એ પ્રમાણે મેરૂ ભગત માટે પણ એમના વીરોધીઓએ ખોટી રીતે હેરાન કરવા અને કોઈ પણ રીતે તેમને હલકા પાડવાના પ્રયાસ આદર્યા વીઘ્ન સંતોષીઓને એમાં પણ એક પ્રકારનો આનંદ આવે છે.

શ્રી ભગવાનના પરમ ભક્ત શ્રી નરસી મહેતાને મીરાંબાઈને પ્રહલાદ વીગેરેને દુઃખ આપવામાં ક્યાં બાકી રાખી હતી ખરા ભકતોનાં મન તો તેથી જરા પણ ડોલાયમાન થતા જ નથી. એ તો એક પ્રકારની ભકતોની કસોટી છે પ્રભુના ભકતોમા કેટલી સહન સીલતા છે તેની આવી કસોટીમોથી પસાર થયા વીના ખબર કેમ પડે ?

મેરૂ ભગતને પણ પોતાની મહેર જ્ઞાતિ તરફથી પણ અનેક કનડગતો ઉભી થઈ હતી બે વખત તો મેરૂ ભગતને નાત બહાર મુકવામાં આવ્યા હતા તો પણ મેરૂ ભગતે પોતાની સમતા ગુમાવી નહોતી અંતે સત્યનો જય છે એ ત્યાયે મેહેરની નાતને પસ્તાવું પડયું હતું. અને નાતમાં લીધા હતા છતાં મહેર જ્ઞાતિ તરફ ઈતિરાજી કે અણુગમો નહોતો સંતોના હૃદય તો વીશાળ હોય છે સાગર સમાં હોય છે ખાબોચીયાં છલકાય જાય પણ સમુદ્ર ન જ છલકાય.

કાજળીયારી વાળા કચરા ભગતને ચાર પુત્રો હતા પોતાનો દેહ પડવાનો છે એમ તેને ભાસ્યું ત્યારે તેમણે મહીયારીથી મેરૂ ભગતને બોલાવી લીધા અને પોતાના મુખ્ય શીષ્ય તરીકે ગણીને જગ્યાની બધી જવાબદારી મેરૂ ભગતને સોંપી. ચાર પુત્રો હોવા

છતાં એ તરફની મમતા કે સ્નેહના પ્રવાહમાં ન તણાતાં પોતાના આશ્રમની વ્યવસ્થા કોઈ તટસ્થ સેવાભાવીને સોંપવાનું ડહાપણનું કામ કર્યું. સગા સંબંધીમાંથી તેનો કેટલો ત્યાગ! ધન્ય છે એવા ત્યાગીઓને!

આશ્રમનો (જગ્યાનો) ભાર ઓછો કરી બંને દંપતીએ જીવતાં સમાધી લીધી અને ત્યાર બાદ મેરૂ ભગત ત્યાંજ રહેવાને લાગ્યા અને પ્રભુ ભજનની સાથે પારમાર્થીક કાર્યો કરવામાં લોક સેવા બજાવવામાં પોતાનો વખત વીતાવવા લાગ્યા. મેરૂ ભગતે આ જગ્યામાં કચરા ભગતની તથા તેમના ધર્મપત્નીનાં સમાધી સ્થાન બંધાવ્યાં અને ત્યાં ધુપ દીપ દરરોજ કરી માનસીક પુજા કરવા લાગ્યા.

મેરૂ ભગતને ત્યાં દરરોજ બહાર ગામથી ભાવીક ભક્તો સત સંગ માટે આવવા લાગ્યા મેરૂ ભગતનું સેવાભાવી જીવન તેમની ત્યાગ વૃત્તિથી બહાર દેશાવરમાં પ્રશંસા થવા લાગી તેમની શુદ્ધ ભકિતને પ્રભાવે તેમના શીષ્યોની સંખ્યા વધવા લાગી.

શ્રી શગાળશાના વંશના વણીક જ્ઞાતિના શેઠ શ્રી લાધાભાઈ બીલખા વાળાની મેરૂ ભગત પ્રત્યે વીશેષ લાગણી અને શ્રદ્ધા હતી લાધાભાઈ તથા તેમના કુટુંબીઓ પણ મેરૂ ભગતના શીષ્ય હતા.

દર વરસે એક વખત શ્રી ભાગવત્તની પારાયણ બેસાડવા અને અશાડ સુદ ૨ ના રોજ કોઈ પણ સાધુ સંત અતિથી આવે તેને જમાડવાનો સંકલ્પ કર્યો જુનાગઢમાં શિવરાત્રિના મેળામાં ચઇતર સુદ ૧૫ ના મેળામાં અન્ન ક્ષેત્ર ખુલ્લું મુકવા વીચાર આવતાં સંવત ૧૯૧૮ માં અન્નક્ષેત્ર ખુલ્લું મુક્યું.

પોતે જ્યારે જુનાગઢના મેળામાં જતા ત્યારે બહારથી આવેલા

અનેક માણુસોને ખાવા પીવાની બહુ અગવડતા છે એમ પોતાને જોવામાં આવતાં અન્ન ક્ષેત્ર ચાલુ કર્યું.

મહાત્મા શ્રી તુલસીદાસજીએ કહ્યું છે કે
તુલસી આ સંસારમાં કર લીજે દો કામ
દેનેકુ ટુકડા ભલા લેનેકું હર નામ
શ્રી કબીર સાહેબે પણુ કહેલ છે
કબીર કહે કમાલકુ દો બાતા શીખ લે
કર સાહેબકી બંદગી ભુખ્યે કું કુછ દે

એ પ્રમાણે મેરૂ ભગતના મનમાં પણુ અન્નના ભુખ્યા માટે સગવડ કરવી નકી થયું અન્તે હજારો માણુસોએ અન્નક્ષેત્રનો લાભ લેવા લાગ્યા.

કાજરીયારી વાળા દરબારની લાગણી મેરૂ ભગત પર વધારે હતી અને દરરોજ મેરૂ ભગતને દર્શને આવતા મેરૂ ભગત માટે બે સુંદર ઓરડાઓ દરબારે બંધાવી આપ્યા અને રૂપીયા પંદરસોને ખરચે કબુતરોને ચણુ નાખવા માટે ઓટો બંધાવી આપ્યો આ ઓટા ઉપર દરરોજ ચાર પાંચ મણુ જુવાર કબુતરને નાંખવામાં આવતી હતી કબુતરો ત્યાં આવી કલ્લોલ કરતાં ચણુતાં અને મેરૂ ભગતને આશીશ આપી ઉડી જતાં.

સાંજના ટાઇમમાં અનેક સતસંગીઓ આવતા અને મેરૂ ભગત શ્રી રામાયણુ વાંચતા. મેરૂ ભગતને શ્રી રામાયણુ ઉપર બહુ પ્રેમ હતો અંતરની લાગણીથી રામાયણુ પોતે વાંચતા હતા એથી શ્રોતાજનોને પણુ ઘણી સારી અસર હતી.

ભગવાન શ્રી રામચંદ્રજીએં દુનીયાને માત્ર મોઢેથી ઉપદેશ

આપીને જ નહી પણ તે પ્રમાણે બરાબર વર્તીને જગતને બતાવી આપ્યું કે આ પ્રમાણે વર્તાય તોજ ખરો ગ્રહસ્થાશ્રમનો ધર્મ પાળ્યો કહેવાય. પીતા પુત્રના, ભાઈ ભાઈના, પતી પત્નીના, સ્વામી સેવકના, સાસુ તથા વહુના અરસ પરસના ધર્મ શું છે તે ઘણી ઉત્તમ રીતે રીતે બતાવ્યું છે. આપણો હીંન્દુ સમાજ મોટે ભાગે રામાયણનું નીત્ય શ્રવણ મનન કરતા હશે કેટલાક રામાયણનો નીત્ય પાઠ પણ કરતા હશે કેટલાક રામાયણની ચોપાઇઓ મોઢેથી બોલને યાદ કરી લીધી હશે એવાઓ પણ જો પોતાના દીલને પુછે કે આપણે શ્રી રામાયણમાં બતાવ્યા મુજબ આચરણમાં કેટલું મુકીએ છીએ. અંતરાત્મા જ તેનો જવાબ આપશે. આપણો અનુભવ જ કહી આપે છે કે આપણા હીંન્દુ સમાજમાં જ્યાં જોઈએ ત્યાં મોટે ભાગે કુટુંબ કુટુંબમાં ભાઇ ભાઇમાં સગા સંબંધીમાં અંદર અંદર જ કલેશ કંકાસ. ઈર્ષા અદેખાઈ રૂપી હોળી ઘેરઘેર સળગતી જોવામાં આવે છે આવી જ્યારે આપણી દુર્દશા થઈ રહી છે એનું કારણ તપાસીએં તો તે એક જ છે અને તે એકે એક બીજા તરફનું આપણું જે કર્તવ્ય છે એ કર્તવ્યથી દીન પ્રતીદીન આપણે વીમુખ થતા જઇએ છીએ. આપણા ગ્રહસ્થાશ્રમના ધર્મને આપણે છુંદી નાંખ્યો છે. આવી સ્થીતિમાં આપણે આપણા દેશની ઉન્નતી કયાંથી કરી શકીએ. મેરૂ ભગત શ્રી રામાયણ નીત્ય વાંચતા અને તે પ્રમાણે આચરણમાં મુકવા પ્રયત્ન કરતા અને એની એ રૂડી ભાવનાને પરીણામે જગતના સર્વ પ્રાણી ઇશ્વરનુંજ સ્વરૂપ છે એમ સમજી જન સમાજની નીરઅભીમાનથી અને પ્રેમથી તન મન અને ધનથી સેવા કરતાં.

શ્રી શીવરાત્રીના મેળામાં ચૈત્રી સુદ ૧૫ ના મેળામાં અને કાજરીયાળી ગામે અશાડ સુદ ૨ ના ઉત્સવ પ્રસંગે હજારો માણસોની મેદની ભરાતી કોઈ પણ અન્નનો ખાવાવાળો આવે તેને ત્યાં ના હતી

જ નહી જુનાગઢના મેળામાં પાંચ દીવસ સુધી અન્નક્ષેત્ર ખુલ્લું રહેતું અને હજારો માણુસો તેનો લાભ લેતા.

આ વખતે બરડો કાંઠાર અને સોરઠના મહેર જુવાનો પણુ હજારોની સંખ્યામાં આવતા અને ત્રણુચાર દીવસ મેળાની મોજ માનતા અને ભેગા મળી દુહા લલકારી આનંદ કરતા એ વખતે સામસામા બે પક્ષ ઉભી જાય છે અને બંને પક્ષમાંથી એક પછી એક દુહાની રમઝટ જમાવે છે એ દુહા માંહેલા થોડા આંહી રજુ કરૂં તો અસ્થાને નહી લેખાય.

૧ લો પક્ષ.

જુવાનો જુવાની જાળવો જુવાની ઘોડે ચડીને જાય.
એંકાર નહી રહે રાજા રામનો કાલે પડશે કાય
કાયા પડશે કાલથી અટકી
કંકુ વરણી કાયા ચેહમાં ખડકી
ખડકી ચેહ અને ઓલવવા અંગાર
જુવાનો જુવાની જાળવો જુવાની ઘોડે ચડીને જાય.

૨. પક્ષ

પંથી એક સંદેસડો ઢોલાને પહોચાય
જોબન કળીયુ મોરીયુ ભમર ન બેઠો આય

૧ લો પક્ષ

જુવાનો જુવાની જાળવો જુવાની પાપનું મુળ.
ખપતાં અણુખપતાં ખેલશે તી
લજવશે એનું કુળ
લજવશે એનું કુળ તી માથે મેણુા રહેશે
જુવાનો જુવાની જાળવો જુવાની પાપનું મુળ

૨ જો પક્ષ

પંથી એક સદેસડો ઢોલાને કહી આવ
જોબન હસ્તી જાગીઓ અંકુશ લઈ ઘર આવ

૧ લો પક્ષ

જુવાનો જુવાની જાળવો જુવાની રહેવા આવી રાત
હીંડે જ્યા ત્યાં રખડતી કાં હલકી પાડે ભાત
હલકી પાડે ભાત તી જગત જુવે
જુવાની રાતની નીદ્રા પણ ખુવે
ઈ પ્રીત ન જાણે જાત કજાત
જુવાનો જુવાની જાળવો જુવાની રહેવા આવી રાત

૨ જો પક્ષ

પંથી એક સંદેસડો ઢોલાને સમજાવ
જોબન આંબો ફાલીયો શાખન ચાખન આવ

૧ લો પક્ષ

જુવાનો જુવાની જાળવો જુવાની બપોરની છાંયા
જુવાનીમાં મલકાવમાં એ છે પતંગ સમી કાયા
ઈ પતંગનો રંગ તી ખોટો માથે મરણનો ભે મોટો
સામે ઉભી સુંદરી બતાવે ખોટી માયા
જુવાનો જુવાની જાળવો જુવાની બપોરની છાંયા

આવી રીતે કટલાક ભક્તિરસના આશક માશુકના વીયોગના કેટલાક વૈરાગ્યના અને ઉપદેશ આપનારા એમ જેવો જેનો શોખ એ પ્રમાણે ત્રણચાર દીવસ સુધી મેળાની મોજ માણી સૌ સૌને રસ્તે પડે છે.

મેરૂ ભગત જીવ્યા ત્યાં સુધી ઉપર બતાવેલી ત્રણ બાબત કાયમ નીભાવી અને એ કામમાં પોતાનો કંઈ પણ સ્વાર્થ ન હોવાથી પારામાર્થીક ભાવનાથી જ પોતાની એ પ્રવૃત્તી હતી તેથી તેને જાણે અજાણે ઇશ્વરી સહાય મળ્યા કરતી.

આજે એ મેરૂ ભગત નથી છતાં પણ એમણે અશાડ સુદ ૨નો ઉત્સવ ઉજવવો.

મહાશીવરાત્રીને દીવસે પાંચ દીવસ અન્નક્ષેત્ર ચાલુ રાખવું.

અને ચૈત્રી ૧૫ ના રોજ પણ અન્નક્ષેત્ર ચાલુ રાખવું.

આ નીયમ તેમણે તેમની હૈયાતી સુધી પાળ્યાં પણ તેમના સ્વર્ગવાસ પછી પણ તેમના શીષ્યો તથા બીલખાના રા. લાધાભાઈ તથા તેના વંશ વારસો હજુ સુધી એ પ્રમાણે નીભાવે છે. અને હજુ પણ શીવરાત્રીના મેળામાં શ્રી મેરૂ ભગતના નામની જય બોલાવતા અને સાધુ સંતો અપંગો નીરાધારો સૌ સૌને રસ્તે પડે છે.

શ્રી મેરૂ ભગતના સદ્‌ગુણો બતાવતું એક કવીત આંહી આપવામાં આવ્યું છે.

કેતાં સુજાણે શાસ્ત્રભેદ મહાવેદ જાણે કેતા
ગીતા ભેદ ભાગવંતા અનેકાં જાણે ગનાન
સત્તાધણી રિદ્ધિ સિદ્ધિ તણી ભગતાં આગરાં છુટે
ગુઢ વિદ્યા જાણે મેરૂ સંસકૃતાં ગ્નાન
રાહ હુવા ઉજ્જનમાં પરદુઃખ ભંગ રાજા
એહી કુળાં મહેર થીયો પરમાર્થી એમ
સાધવા હીલોળાં ટોળાં આગણે ગ્રેહકે સદા
જકે ધામધુમ શોભા જગડુશા જેમ
માસ મહા તીથ નોમ ગીરનાર અધુધ મેળા
અન્ન વેળા હુવા ભેળા માનખા અપાર

જેકાર જેકાર કરે તુંહારા નામની જોગી
સમે આવી કરે સહાય ભીરેં રામો સાર
બરડો હાલાર તુને સોરઠ સુજાણે બધા
કાઠીયાવાડ ગોલવાડ નાઘેર કહેવાય
ખુમાણુ ખાચર દેશ માળવા ભાલ હી ખુબ
ગોદાવરી કાંઠે ત્રઠે મેરવાડ ગણાય
ડાંકારજી વીશ્વનાથ પ્રાગરાજ હુવા ડંકા
ગંગાજી યા ભાગરતી હરદ્વાર ગણાય
ત્રીવેણી મથુરા નદી સાવત્રી ગાવત્રી એમ
ભારી તપ કીધું આગે જોગેંદ્ર ભણાય
અશાડી બીજ દને કાજરીયાડી સહુ આવે
સંત કોઈ ભેળા થાવે કરે સતસંગ
બહુ તેડી વીપ્ર મોટા પારાયણુરી ત્રીઠ બાંધે
રાસ લીલા કરે ભારી ગલાલોકા રંગ
અબીરાં ગલાલાં ઉડે તીસરા ફુલેલાં ઉડે
છટા કરી સામૈયાકી ઘટા બાંધે સુર
ભીડાં હળાં કરે ઠાઠ અઢારે વરણુ ભેળા
પીરમે ત્રાંબડી ઘ્રતાં ઘીયાં હુવા પુર
ગરંદ હરીયંગ મારતંડ તુંગી ઘણા
ત્રંબક ગંભીર દશ આઠરી તવન
કહે મીર તમ તણો અરજ જીવોહી કરે
ભવો ભવ તપો મેરૂ તુંહારા ભવન

કેતાં—કેટલાંક
ગુઢ વિદ્યા—ગુપ્ત વિદ્યા
રાવ—રાજા
જેકાર—જયજયકાર

અનેઠાં—જુદા જુદા
માનખા—માનવ મેદની
ભીર—મદદ

ખુમાર ખાચર–કાઠી ભાઇઓ

ભાલ–દેશનું નામ છે

મેરવા–મહેરોને રહેવાનો દેશ ( મેવાડમાં છે )

ત્રીક બાંધે–નક્કી કરે

ઘીયાં હુવાં પુર–ઘી બહુ છુટથી વાપર્યું

---

આંહી એક મહેર ભગતનો રાસ લખવામાં આવ્યો છે.

મધ્ય ઘેડમાં મહીયારી મોટું ગામ છે રે
ત્યાં મેરૂ ભગતનું મોટું મોટુ નામ છે રે
નવ નોરતાના નવા નવા રંગ છે રે
મીત્ર મંડળનો ત્યાં સત સંગ છે રે...મધ્ય૦
નવ નોરતાં કરે છે રૂડી રીતથી રે
સાધુ બ્રાહ્મણને પાળે પુરી પ્રીતથી રે...મધ્ય૦
ક્ષત્રી વંશ તે મહેરનું મુળ છે રે
વેદ શાસ્ત્રો ત્યાં ભરપુર છે રે...મધ્ય૦
મહેર જ્ઞાતિ એ મોજની મહેરાણ છે રે
ગૌ બ્રામણના પ્રતિ જોને પાળ છે રે...મધ્ય૦
દેવ પરી ઉપર ગામની દયા ઘણી રે
ભક્ત મેરામણને કરશન ત્યાં પારસમણી રે...મધ્ય૦
સર્વ વરણ બેઇની સેવા કરે રે
હાથ જોડી શીષ્ય ચરણે ધરે રે...મધ્ય૦
મીર નથુની અરજ ધ્યાને ધરે રે
સુભ પ્રસંગે સહુની સંભાળ લહે રે...મધ્ય૦

## સીસોદીયો મહેર દુદો ધ્રાંગડ

મહેર રજપુત છે મહેરોમાં વરરાજાને બદલે ખાડું (તલવાર) પરણુવા જાય છે અને કન્યાના ફેરા તલવાર સાથે ફેરવવામાં આવે છે અને વરરાજાના પોતાનાં ગામમાં ફુલેકાં ત્રણ દીવસ સુધી ચડે છે કન્યાના માતા પીતાનો આગ્રહ હોય તો વરરાજો (હાથીવાડે) પોતે પણુ પરણુવા જઈ શકે છે.

મોઢવાડા એ સીસોદીયા મહેરોનું ગામ છે એ મહેરોના વડવાઓ મુળ મેવાડમાંથી આ તરફ આવેલા એ હકીકત મુળુ ફોજદારની કથામાં વીસ્તારથી લખવામાં આવી છે.

આજે મોઢવાડા ગામમાં વરરાજાનાં ફુલેકાં (વરઘોડો) ચડેલાં છે ગામમાં જેટલા વરરાજા પરણુવાના હોય તે બધાના એક સાથે ફુલેકાં નીકળે છે અને વરરાજાના લાગતાવળગતા સગા સંબંધીઓ વરરાજાને વધાવે છે. ફુલેકાં ગામમાં ફરી ફરીને વરરાજાઓ ગઢમાં ભેળા થાય છે વરરાજાઓની ઘોડીઓ હારબંધ ઉભી રાખે છે અને મહેરના જુવાનો દાંડીયા રાસ લીએ છે આવી રીતે ત્રણુ દીવસ આનંદ ઉડાવે છે.

જે ગઢમાં મહેરોના જુવાનો વરરાજા અને ગામના માણુસો ભેળાં મળી દાંડીયા રાસ લઈ આનંદ માનતા અને અમારા વડવાઓએ બંધાવેલો આ ગઢ છે એમ માની મનમાં મલકાતા તે ગઢ આજે રાજ્યના પોલીસ અમલદારોનો ઉતારો બનેલો છે. આજે એ ગઢમાં

કોઈ મહેરને જાવું હોય તો રખેને અમને અમલદાર વઢે ! એ બીકથી ગઢમાં પગ મુકતાં અચકાય છે.

લડાઈઓના પ્રસંગે જે ગઢના કોઠે અને કાંગરે મહેરના જુવાનો દુશ્મનોથી ગામનું રક્ષણ કરવા ખુલ્લી તલવારે તડાપો મારતા તે મહેરના સંતાનોને આજે એ ખળભળી ગયેલા પથ્થરવાળા ગઢમાં વગર કારણે ગઢમાં વગર કારણે ગઢમાં જવામાં પોતાનું દીલ ના પાડે છે.

આ કીલ્લો મોઢવાડાના મહેર સીસોદીયા દુદા ધ્રાંગડે સંવત ૧૬૩૫ના ચૈતર સુદ ૬ ને શુક્રવારે પ્રભાતે ચણાવવાનું શરૂ કરી સવંત ૧૬૩૭માં વૈશાખ સુદ ૧૨ ને મંગળવારે ગઢ બાંધવાનું કામ પુરૂં કરલુ છે.

તે નીચેના લખાણુથી જાણવામાં આવશે.

મોઢવાડીયા દુદા વીરમે તેણે ગામ મોઢવાડાના ગઢ ચણાવ્યો તેની વીગત દરવાજો પુર્વ દીશામાં રાખ્યો છે તેમાં દરવાજામાં પીળો પાણો અને આથમણી રાંગે ગોખલો છે તેની સનદ અત્રાદી ધ્રાંગડની ભેણી છે તે બે વાડીયાની ભેણી લઇ કીલ્લો કર્યો વણુધણુ પેટ તથા વીકીયા પેટ તથા વીઝરા પેટ સર્વે ભાયુ મળી મદદ આપી શા. ૧૬૩૫ના ચૈતર સુદ ૬ ને શુક્રવારે પોર દી ચડયે પ્રથમીની પુજા કરી પાયો નાંખ્યો ને સંવત ૧૬૩૭ના વૈશાખ સુદ ૧૨ ને મંગળવારે ગઢ પુરો કીધો છે ને નાત જમાડી બ્રમભોજ કીધો ને ૧૫ ઘોડાં તથા ૧૬ ગાયો ને ૧૨૦૦ કોરી એટલું ખેરીયાત કીધું ને ગઢ બારોટને ચોપડે મંડાવ્યો છે.

જે જ્ઞાતિમાં મુળુ માણેક અને જોધા માણેક જેવા શુરવીર પુરૂષો થઈ ગયા છે એ વાઘેરની જાત ખરેખર મર્દાઈના નમુના સમી છે આ વાઘેર જેવી શુરવીર કોમ સાથે કોઈ કોઇ વાર મહેરોને

આખડવાના પ્રસંગો આવ્યા હતા. દુદા વીરમના પ્રસંગમાં પણ એમજ બનેલું છે તે નીચેની હકીકતથી જાણવામાં આવશે.

એક ઠેકાણે કહેલ છે કે—

જનની જણ તો ભક્તજણ કાં દાતા કાં શુર
નહીતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નુર

એ પ્રમાણે મહેર દુદા વીરમ ઇશ્વરનો ભક્ત હતો તેમ એક મર્દ બચ્ચો હતો તેમ દીલાવર દીલનો હતો પોતાનો ગરાસ ઘણો હતો પૈસે ટકે સુખી હતો ખેતીના કામકાજને લઇને કોઈ વખતે નહાવાનું મોડા વહેલું થાય તોપણ સવારના ઉઠીને પહેલાં પ્રભુ સ્મરણ કરવામાં પોતાનો સમય વીતાવતો. પોતે જ્યારે માળા ફેરવવા માટે બેસે ત્યારે વહેવારીક ગમે તેવાં જરૂરનાં કામ આવીને ઉભાં રહે તોપણ તેમાં ધ્યાન આપતો નહી પણ પ્રભુ સ્મરણમાં જ પોતાનું ચીત પરોવી રાખતો.

ઘણી વાર પોતાની ઉભી મોલાતમાં કોઈનાં ઢોર પડયાં હોય હોય અને નુકશાની કરતાં હોય અને કોઈ ખબર આપવા આવે તોપણ તે વખતે પ્રભુ સ્મરણ કરવાનો જે સમય નક્કી કરેલો તેથી ત્યાંથી ઉઠી જવાય જ નહી આ તેનું નીમ હતું. નુકશાની વહોરી લેતો પણ જપનું કામ અધુરૂં મુકતો નહી. પ્રભુ સ્મરણમાં આવો તેનો પ્રેમ હતો.

પોતે જ્યારે જ્યારે વાડીએ જાય તે વખતે પોતાની મોલાતમાં કોઈની ગાયો ચરતી હોય તેમ પોતે નજરે જુવે છતાં તે હાંકતો નહી ગાયો તરફ તેનો પારાવાર પ્રેમ હતો અને ગાયોની સેવા કરવી એ એક ઇશ્વરી સેવાનો પ્રકાર છે એમ માનતો. હીંન્દુસ્તાનમાંથી જેમ જેમ ગાયોની સેવા નષ્ઠ થતી ગઈ તેમ તેમ હીંન્દુ જાતીની દશા નબળી થતી ગઈ છે છતાં હીંન્દુ ભાઇઓને એ વાત બરાબર સમ-

જાતી નથી જે કોઈ એમ કહે કે હું હીંન્દુ છું તેણે તો જરૂર પોતાની શક્તી પ્રમાણે ગાયોને પાળવી જોઇએ હીંન્દુ જાતી આ એક પોતાનો અગત્યનો ધર્મ છે તે પાળે તો ઘણો લાભ છે.

દુદા ભક્તને ગાયો તરફ બહુ પ્રીતિ હોવાથી સારામાં સારી પંદર વીસ ગાયો રાખી હતી અને તેને ત્યાં સાથીઓ હોવા છતાં ગાયોની સંભાળ તો પોતે જાતેથી જ રાખતો.

દુદા ભક્તને બે સ્ત્રીઓ હતી વાંચકને કદાચ એમ લાગી આવે કે ભક્તને વળી બબે સ્ત્રીઓ હોય પણ દુદા ભગત મોટી ઉમરે પહોંચ્યા છતાં કંઈ સંતતી નહી હોવાથી તેમની સ્ત્રીએ જ દુદા ભગતને બીજુ ઘર કરાવ્યું. એક સ્ત્રીનું નામ રૂપી બાઈ હતું અને બીજીનું નામ સોઢીબાઈ હતું.

દુદો ભગત ગ્રહસ્થી હોવા છતાં પણ ઘણી બાબતમાં સંયમ પાળતો હતો નીતીવાન હતો પર ઉપકારી હતો કોઈના બુરામાં તો સ્વપ્ને પણ ભાગ લેતો નહિ. દયાળુ હતો જેથી બની શકે તેટલું ગરીબોના દુઃખમાં ભાગ લેતો આવા ગુણોએ કરી ગ્રહસ્થી હોવા છતાં સહુ તેને દુદો ભકત કહી બોલવાતા હતા નરસી મહેતા જેવા પરમાત્માના અનન્ય ભકતે પણ કહેલ છે કે—

ભક્ત જનતો તેને કહીએં જે પીડ પરાઈ જાણેરે,<br>
પરદુઃખે ઉપકાર કરે તોપણ મનમાં અભિમાન નવ આણેરે.

એ પ્રમાણે સંસારની અસારતા સમજાયા વીના હૃદયમાં પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત થવા વીના કોઈપણ કારણસર આવેશમાં આવી સંસાર તજી ત્યાગી બને ભગવા વસ્ત્રો પહેરે કે ચોરાસી ધુણી તાપે તો એવાજ પ્રભુના ભક્ત છે એમ માની લેવાનું નથી પણ સંસારમાં રહીને પણ સંસારની માયામાં આસકત ન બને, મમત્વ છોડીને વહેવાર ચલાવે પર૰

આત્માનું સાચા દીલથી સ્મરણુ કરી નીતિપૂર્વક પોતાનો સંસાર વહેવાર ચલાવે એ પણ ઇશ્વરનો સાચો ભક્ત ગણાય છે. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું છે તેણે તો કોઈ પણ પ્રકારે સંસારમાં રહેલી વાસ-નાને દુર કરવી છે.

એક વખત સંધ્યાકાળે દુદો ભકત પ્રભુના ધ્યાનમાં બેઠા છે રૂદયમાં એક રામ નામની જ ધુન લાગી છે એવે વખતે ગામમાં બુમ પડી હાકલ પડકારા થયા અને ગાયોનું ધણુ ઓખાના વાઘેરો ગામના પાદરમાંથી હાંકી ચાલ્યા જાય છે એવી ખબર મળતાં દુદા ભગતને પણ ખબર આપવા એક મહેર દોડતો દોડતો આવ્યો ગામના ગોવા-ળિયા પણ આવ્યા ને બોલ્યા દુદા આતા ! વાઘેરૂ ગાયુના ધણુને વારી જાય છે ઝટ હાલ્ય !

દુદા ભગતે એ અવાજ સાંભળ્યો મનમાં વિચાર કર્યો કે ગાયોનું રક્ષણ કરવું એ અત્યારે મારી પહેલી ફરજ છે કોઈ ધાર્મિક કર્તવ્ય આવીને ઉભું રહે તે વખતે એ કર્તવ્ય માટે જવું એ એક માનવ ધર્મ છે એમ સમજી દુદા ભગતે માળા અધુરી મૂકી કપડાં પહેર્યા ભેઠાઈ તુરત બાંધી તલવાર અને ભાલુ લઈ પોતાની માનીતી રોઝી ઘોડી ઉપર ઝટ સજાઈ નખાવી અને તુરત તઈયાર થયો પોતાની બંને સ્ત્રીઓએ જાણ્યું કે અત્યારે એ એનો ધર્મ બજાવવા જાય છે એટલે હસતે મોઢે વિદાયગીરી આપી અગાઉના વખતમાં ખરા મર્દ બચ્ચાને પોતાની જીંદગી કરતાં પોતાના વટની અને પોતાના ધર્મની કિંમત વધારે હતી અને એવા પ્રસંગે ધર્મ કે વટને ખાતર મરવું એ તો એને મન એક આનંદની વાત હતી એવા મરણમાં પણ તેને એક પ્રકારનો આનંદ થતો હતો

ગામમાંથી પણ જેને જેને પોતાના ધર્મની કે વટની કિંમત હતી તે તે મહેરો વૃદ્ધ જુવાનો કુમળી વયના છોકરાઓ પણ કોઈ

લાકડીઓ, કુહાડીઓ તલવારો જેની પાસે જે હથિયાર હતું તે લઈ સહુ દોડયા કોઇ કોઇની વાટ જોયા વિના જે રસ્તે વાઘેરો જતા હતા તે રસ્તે દોડતા ગયા દુદો ભગત સહુની મોખરે હતો લડાઈના મેદાનમાં સહુથી આગળ હોય તેને વધારે ઘા ખમવા પડે એ સ્વભાવિક છે દુદો ભગત પડકારો કરે છે કે મહેર જુવાનો દોડો વાઘેરોનો ભાર શું છે કે ગામની ગાયો લઈ જાય આપણે હમણાંજ એને પાડી લઇએ એમ કહી પોતાની ઘોડી પુરજોસથી જવા દીધી વાઘેરો સાથે દુદા ભગતનો ભેટો થયો પગે ચાલીને આવનારા મહેરો પાછળ રહી ગયા દુદા ભગતે તો તેની વાટ જોઈ નહિ અને મીયાનમાંથી તલવાર ખેંચી અને ગાયોની આડો પડયો.

વાઘેરો એમ નમતું આપે તેવા ક્યાં હતા બંને વચ્ચે ધીંગાણું થયું પાછળ રહેલા મહેરો પણ આવી પહોચ્યા આમાં વાઘેરોના તથા મહેરોના ઘણા જુવાનો મરાણા દુદો ભગત પુખ્ત અવસ્થાએં હોવા છતાં બહાદુરીથી લડે છે ઘણા વાઘેરોને ધુળ ચાટતા કર્યા વાઘેરોએ પણ ઘણી બહાદુરીથી દુદા ભગતનો સામનો કર્યો ત્રણ ચાર તરવારના ઘા દુદા ભગતને પડયાં :છતાં પાછો પગ ન ભરતાં આગળ વધ્યો પોતાની રોઝી ઘોડીને પણ તલવારના બે ઘા લાગ્યા દુદા ભગત મહેરોથી જુદો પડી ગયો અને વાઘેરોના ટોળામાં પડયો એકલો હોવાથી વાઘેરોએ તેને ઘેરી લીધો અને તલવારોના ઘાથી તેનું આખું શરીર વીંધી નાંખ્યું પોતે બેશુદ્ધ થયો એટલે ઘોડી પરથી જમીન ઉપર ઢળી પડયો બીજા મહેરો પણ બહાદૂરીથી લડયા અને ગાયોના ધણને પાછું તો વાળ્યું પણ દુદા ભગત જેવા શુરવીર નરને ગુમાવતાં મહેરોને ઘણું દુઃખ થયું જ્યારે બીજી તરફથી ધર્મને ખાતર દુદો ભગત મરાણો એ વિચારથી અને ગર્વથી સંતોષને પામ્યા.

વાઘેરોએ જાણ્યું કે આપણા ઘણા જણ આંહી કામ આવી

ગયા છે એટલે હવે આપણે ખાટશું નહિ એમ ધારીને ગાયોનું ઘણુ મહેરા લઈ જતા હતા તેની પાછળ ન પડતાં ત્યાંથી પાછા હાલી નીકળ્યા.

લડાઈના મેદાનમાંથી દુદા ભગતની ઘોડી ભાગીને ઘરે આવી ઘોડીને પણ જાણે પોતાના ધણીને મૂકી ઘરે આવવું ગમતું ન હોય એવું એનું નિમાણું મોઢું અને કાયા નીસ્તેજ લાગી પોતાના ધણી વગર ખાલી પલાણે ઘોડી આવી એથી જાણે તેને દુઃખ થતું હોય તે દુઃખ બહાર કાઢવા ઘરને આંગણે આવી કારમી હણેણાટી કરી ઘોડીના હણેણાટીનો અવાજ દરરોજના કરતાં જુદોજ છે એમ દુદા ભકતની સ્ત્રીઓને લાગ્યું અને પેટમાં ફાળ પડી, બંને સ્ત્રીઓ બહાર આવી ખાલી સજાઇએ આવેલી ઘોડીને જોઈ સોઢીને તથા રૂપીને ધ્રાસકો પડયો ઘોડીને જોતાં તેના શરીર પર તલવારના ઘાથી ઘોડીનું શરીર લોહી લોહાણુ બન્યું હતું. અને લોહીની ધારાઓ ચાલી જતી હતી એ જોઈ મનમાં નકી કરી લીધું કે અમારો ધણી જરૂર રણમાંજ રહ્યો બંને જણીઓ છાતીફાટ રૂદન કરવા લાગી નજરે ન જોઈ શકાય તેવું કરૂણુ રૂદન હતું એ રૂદન સાંભળી કારમીન પથ્થર જેવું જેનું રૂદય હોય તેવા માણસોના આંખમાંથી આંસુધારા ચાલી નીકળે આવો તેનો કલ્પાંત હતો.

ગામના સ્ત્રી પુરૂષોને ખબર પડતાં સહુ દુદા ભગતને આંગણે આવી કલ્પાંત કરવા લાગ્યા. ધૈર્યવાન અને સમજુ પુરૂષો રૂપીબાઈને તથા સોઢીબાઇને બહુ ધીરજ આપવા લાગ્યા.

કેટલીક ગામમાંથી આવેલી બાઇઓએ પણ બહુ બહુ ધીરજ આપી પણ એ રૂદન બંધ કરવાને બદલે વધારે વીલાપ કરવા લાગી.

એક મહેરે આવીને કહ્યું કે એમાં રોવા શું બેઠીયુ છે ભાય-ડાના મોત તો એમજ થાયનાં તમારો ધણી તો ધર્મને ખાતર મુવો

છે એ તો મોટો નશીબદાર એવા મોત તો કાઇ પુન્યશાળીનાં થાય છે એમાં રોવાનું હોય તમે બેઇ જણીયુ તો ભાગ્યશાળી છે કે એવા વીર પુરૂષની ધણીયાણી બનવાનો પ્રસંગ મલ્યો હતો.

સોઢીબાઇ બોલ્યાં કે ભગત વીના હવે મારે તો જીવવું નકામું છે આ સંસારમાં ભગતના વિયોગથી મારો એક પણ દીવસ જાય તેમ નથી આકાશ તરફ દષ્ટિ કરી પરમાત્માનું સ્મરણ કર્યું શરીરના રૂવાડાં ઉભા થયાં શરીરમાં કંપારી વછૂટી અને પરમાત્માની પ્રાર્થના કરવા લાગી.

હે નોધારાના આધાર હે દીન દયાળુ હું હવે આ દુનીયામાં રહેવા રાજી નથી મારા દેહથી મારો પ્રાણ જલદી જુદો કરો હે પ્રભુ ? મારે અને ભક્તને છેટુ પડે છે એ મને કાઈ રીતે પોષાય તેમ નથી હે દીનબંધુ ? આ અબળાની અરજ તું સાંભળ આમ બોલતાં બોલતાં શરીરની અને મુખાર્વિંદની કાંતિ બદલી શરીરમાં હૃદયમાં સત્યનો સંચાર થયો અને સત્યની જ્યોત પ્રગટી રૂદયથી શકિતની ઉપાસના કરી, જય જુગતે અંબે ! જય જોગમાયા ! એ શબ્દ ઉચ્ચારતી સોઢી સાક્ષાત જોગમાયા જેવી જણાતી હતી.

સોઢીએ તો તેજ ક્ષણે ઘરની મમતાતજી મેદાનમાં નીકળી ગામને પાદર આવાં અને સતી થવાનો દ્રઢ સંકલ્પ કર્યો, ગામના સ્ત્રી પુરૂષો છોકરાંઓની મેદની જામી સતીએ ચીતા ખડકવાની સંજ્ઞા કરી રૂપી પણ તેની સાથે હતી રૂપીને પણ આ દેખાવથી શરીરમાં કંપારી છુટી સતી સોઢી ચેહ ખડકેલી છે ત્યાં ચડી બે હાથની જોરથી તાડો પાડી સતીત્વના પ્રભાવે સુકોમળ હાથમાંથી અગ્ની પ્રગટ થયો ચેહતો ભડભડ સળગવા લાગી રૂપીને થયું કે હવે હું એકલી કોને આધાર રહું મારૂં જીવતર ધુળ થયું છે સતી સોઢી ચાલી જાય અને હું એકલી

પડી રહું તે કરતાં તેનો સાથ કરી મારા જીવનનો અંત શા માટે ન આણું.

આવા વિચાર કરે છે ત્યાં તો ચીતામાંથી અવાજ આવ્યો કે સતી ઉતાવળી થાજેમાં ભગતને ભેટવાની ઉતાવળ કરજેમાં.

રૂપી બોલી. કાં માતાજી? તારે એકલીને ભક્તની સેવામાં હાજર થવું છે અને મને એ મારા ધર્મથી દૂર રાખવી છે દુનીયાના મેણાં ટોણાં સાંભળવા માટે જગતમાં રખડતી રાખી તારે તારો ધર્મ સાંચવી લેવો છે માતાજી? એમ નહિ બને? મને પણ મારો ધર્મ વહાલો છે. માતાજી? ખરે ટાણે તારે મને એકલી મુકી ચાલ્યા જવું છે એમ તો નહિ બને.

સતી સોઢી ચીતામાથી ખડખડાટ હસી. રૂપી બેન વ્યાધી કરમાં તારી નિંદા થવાનો વખત નહિ આવવા દઉં.

હું તને ના પાડું છું તેનું કારણ છે અને તે એ કે તારા પેટમાં ઓધાન છે તો મારૂં વચન છે કે પુત્રનો જન્મ થયા બાદ તેને ખૂબ રમાડી લે અને મારૂં તને વચન છે કે તને પણ સત ચડશે માંટે હમણા બોભરી જા દીકરો મોટો કરી લે,

રૂપી બેન મારા નામની યાદી માટે એક વાવ બંધાવજે. બ્રામણોને દાનમાં જમીન દેજે બસ. મારાથી સવાયાં તને સત ચડશે. એહ તો ભડભડાડ સળગી રહી છે સોઢીનો આત્મા પોતાની ભાવના પ્રમાણે પોતાના પતિના આત્માની સાથે એકરૂપ બની ગયો છે.

આ બધો આશ્ચર્યજનક દેખાવ જોઈ ગામના સ્ત્રી પુરૂષો સૌ સૌને ઘરે જાય છે. સોઢીની આજ્ઞા પ્રમાણે રૂપી બાઈએ ગામથી ઉગમણી બાજુ પાદરમાંજ રૂપી વાવ બંધાવી બ્રામણોને ચાર કોસી ચોવીસ વીઘા જમીન આપી અને ચોવીસો કોરી ધર્માદામાં વાપરી.

રૂપીને સતીના કહેવા મુજબ પુત્રની પ્રાપ્તિ થઇ ત્યારબાદ રૂપી પણ સતી થઇ.

હજુ પણ રૂપી વાવ અને સોઢી ચોરો મોજુદ છે બ્રામણોને આપેલી જમીન બ્રામણોના કબજામાં હજી પણ છે.

### દુદા ભગતનું કવિત

મેળે કટક મહેરાણ દુદો ઓખાસર રહ્યો,
ધ્રાંગડ મચચ્યો ધુફાણ મેર કર માલજ લીયો.
ફતેહ કરી વળી ફોજ હાસ કર ઓખો હાર્યો,
દગાખોરે રાખી દાવ મોદો અધવચ માર્યો,
એવી વાત અવસર સુણી બેઉ નારીને સત ચડયો,
સંવત ૧૬૩૮ માં બળી આગવન સોઢી લીઓ.

---

## ભડવીર હાથીયો

મહેરોમાં કેશવારા સીસોદીયા રાજસાખા અને સુમરા એ ચાર શાખના મહેરો મુખ્ય છે એ માંહેલા સીસોદીયા મહેરોનું રહેવાનું સ્થાન મોઢવાડા ગામ છે આ ગામમાં અનેક ટેકીલા અને વટવાળા મહેરો પાકયા છે સ્વમાન કે વટને ખાતર પોતાના પ્રાણની પણ દરકાર ન કરતાં હસતે મોઢે મોતને આગમવાવાળા વીર નરોના આ ગામને પાદર અનેક પાવરાયા છે એમની કીર્તીના સ્મરણ ચીન્હ છે આવા વીર પુરૂષો માહેલા આ ગામના હાથીયા મહેરની વીર કથા આહી લખવામાં આવી છે.

મોઢવાડા ગામની આથમણી બાજુ બાવા વાવની આથમણી બાજુમાં હાથીયાની ગરાસની જમીન છે.

જે વખતનો આ પ્રસંગ છે તે વખતે હાથીયો પોતાના ખેત-

રમાં સાતી હાંકતો હતો હાથીઓ પોતે જેવો પાણીયારો હતો તે પ્રમાણે હાથીયાના બળદોમાં હાથીયાની મર્દાઈનો રંગ આવ્યો હતો હાથીઓ જ્યારે સાંતી હાકતો ત્યારે પોતાના બળદો હાંકવા માટે હાથની આંગળીઓ બળદોને અડાડી અને મોઢેથી હાલો મારા બાપ ! નો પડકાર કરતો ત્યારે એવા પ્રેમ ભરેલા શબ્દો સાંભળતાં બળદો પણ પોતાના માલીકને રાજી કરવા માટે અવાજ સાંભળતાની સાથે કુફાળા મારતા મારતા ફાટી પડે ત્યાં સુધી જોર કરતા એવે વખતે તો હાથીયો બળદોની રાસ બહુ જોરથી પાછી ખેંચતો ત્યારે માંડ માંડ બળદો ધીમા પડતાં.

જે કોઈ જાનવર આપણે પનારે પડયા હોય એવા કોઈ બળદ ઘોડા વીગેરે જાનવરો પાસેથી આપણે મન ગમતું કામ લઈએં અને એના તરફ પ્રેમ રાખીને ખવરાવવા પીપરાવવાની સંભાળ ન રાખતા આપણે આપણો સ્વાર્થ સાધી લઈએ અને જાનવરોની સંભાળ નરાખતાં આપણે તેને જો દુઃખી કરીએ તાં આપણી કમાણીમાંથી બરકત ઘટી જાયછે કેટલાક સમજુ ભાઈઓ તો પોતાના સુખ કરતાં પોતાને આશરે પડેલા જાનવરોના સુખને માટે વધારે કાળજી રાખે છે આવી રીતે જાનવરો પ્રત્યેની પોતાની બરાબર ફરજ જે બજાવે છે તેમના તરફ ઈશ્વર પણ રહેમની નજરથી જુવે છે જો પ્રાણી માત્ર પર આપણો પ્રેમ ન હોય તો ઈશ્વરનો પ્રેમ પણ આપણા ઉપર કયાંથી હોય. આતો સમજાય તેવી બાબત છે.

હાથીયો પોતાના જાનવર પ્રત્યે બહુ પ્રેમાળ હતો અને તેને ખવરાવવા પીવરાવવાની કાળજી રાખતો એ સમજતો કે આપણી ખેતીની કમાણીનો આધાર આ બળદો ઉપર છે એ જો દુઃખી થાય તો લાભ મેળવી શકીએં નહી માટે આપણા સ્વાર્થ સાધવાની દ્રષ્ટીએ પણ પાળેલ જાનવરોને સુખી રાખીએં તો આપણે લાભ મેળવી શકીએં એમ હાથીયાનું માનવું હતું.

એથી એના ઢોરના શરીર પર લોહી માતું નહી આખા ગામમાં

એમના ઢોર રૂષ્ટ પુષ્ટ હોવાથી ગામના ઢોરથી જુદા તરી રહેતા ઢોરો તરફનું માયાળુ પણ હાથીયાનું બહુ છે એમ ગામના લોકો પણ સહુ જાણતા અને હાથીયાની ગેરહાજરીમાં પણ એ બાબતમાં તો સૌ હાથીયાના વખાણ કરતા.

મહેર જ્ઞાતિમાં દુહા ગાવાનો શોખ બહુજ છે દુહાની અંદર પ્રેમ રસ શૃગાર રસ કરૂણા રસ ભરપુર હોય છે દુહા એટલે કાઠીયા-વાડી સંગીત દુહાની એ લીટીઓમાં પણ ઘણો સુંદર ભાવ બતાવી આપે છે રૂદયની વ્યથા, રૂદયનો પ્રેમ, સ્નેહી જનોનો વીયોગ, સંસારની અસારતા, દુહામાં બહુ અસરકારક વર્ણવી બતાવે છે ભાવપૂર્વક કોઈ જુવાન જ્યારે દુહા બોલવા ઉભો થાય ત્યારે સાંભળનારના રૂદય પર ઘણી સારી અસર થાય છે મહેરના જુવાનો કોઈને દુહા સંભળાવી ખુશી કરવા ખાતર બોલવા એવુંજ નહી પણ પોતાના દીલની પ્રશન્નતા ખાતર એકલા હોય ત્યારે પણ પોતાની વાડીએં કોસ હાંકતા હોય ત્યારે સાંતી હાકતા હોય ત્યારે પણ મોટે સાદે દુહા લલકારે છે.

મહેરોનાં રૂદય મોટે ભાગે પ્રેમાળ અને ભોળાં હોય છે સ્વભા-વના હસમુખા અને મશ્કરા હોય છે સુખ દુઃખના પ્રસંગમાં સમતા ધરાવનારા હોય છે અને એવા પ્રસંગોમાં કીસ્મતને આધાર રૂપ માની મનને સંતોષ આપે છે.

હાથીઓ આજે પોતાની વાડીએં સાંતી હાંકે છે સાંતી હાંકતાં હાકતાં દુહા લલકારી પોતાના મનને આનંદ પમાડે છે શરીરનું અભી-માન તજવાના પ્રસંગમાં એક દુહો લલકાર્યો.

આલણદે એંકાર કાયાનો કરીએં નહી
ઘડેલ કાચો ઘાટ માટીમાં જાશે મળી

ખીમરા મોટી ખોટ માણસને મરવા તણી
બીજી લાખ કરોડ પણ ઇ જેવી એક નહી

બીજો દુહો બોલતાં બોલતાં હાથીયાની નજર મોઢવાડાના માર્ગ તરફ પડી અને ધુળની ડમરીઓ ઉડતી જોઈ નજર કરે છે ત્યાં તો થોડી વારમાં ઘોડાના ડાબલાના ધબકારા સંભળાયા જોત જોતામાં તો ઘોડેશ્વારની ટુકડી નજીક આવી હથીયાર બંધ ઘોડેશ્વારોને જોઇ હાથીઓ સાંતી ઉભું રાખી વડના ઝાડના થડે પોતાની તલવાર મુકી હતી તે લઇ આડો ફર્યો અને સ્વારોને જવાનો માર્ગ રોકયો અને પુછયું અશ્વારૂ કયાના છો ? આ પાળ (લશ્કર) કયાં જાય છે જુનાગઢના નવાબ સાહેબનું લશ્કર ખંડણી ઉઘરાવવા નીકળેલું તેમાંથી એક મીજાજી સીપાઈ મશ્કરીમાં બોલ્યો તેરા મોઢવાડા ગાઉં લુટ કર અબી ટુકડાં ગાઉં લુટને કે લીયે જાતે હેં.

હાથીઆએ સીપાઇની વાત સાચી માની લીધી અને ઘડીભર વીચારમાં પડી ગયો. થોડી વારે બોલ્યો હું હાથીયો જીવતાં તમે મોઢવાડું લુટીને જાશો એમ ? હવે જો તમને જીવતા જાવા દઉં તો તો મારીમાં એ હાથીઓ નામ પાડ્યું ઈ ભુલજ કરી. કહેવાયનાં ? હવે તો કાં તમે નહી કાં હું નહી એમ કરી મીયાનમાંથી તલવાર ખેંચી ઉભો રહ્યો. અને બોલ્યો કે તમે તો સામટા છે ને હું તો એકલો છે એટલે હું ખાટીશ તો નહી એમ હું પણ સમજુ છું છતાં મારા ખોળીયામાં પ્રાણ છે ત્યાં સુધી તો તમને ડગલું આગળ ભરવા દઈશ નહી લશ્કરના માણસોએ આગળ વધતા પોતાના ઘોડાઓની લગામ ખેંચી અટકાવ્યા સીપાઈઓનો ઉપર જમાદાર બોલ્યો કયું રૂક ગયે ? ચલો અગાડી ઈસિકી અકીલે કી તાકાત કયા હય જો અપનેકું રૂક શકે હાથીયાનું બોલવું તો કોઇએ ધ્યાનમાં લીધું નહી અને જમાદારના હુકમ પ્રમાણે ઘોડાઓને એડી મારી આગળ ચલાવ્યા હાથીએ તો

પોતાની સમશેર સીપાઈઓ ઉપર ચલાવી હાથીઓ ચારે બાજુ ઘુમે છે ધીગાણું બરાબર જામ્યું.

હાથીઆને પોતાના દેહનું ભાન નથી રણઘેલો બની ચારે બાજુ પોતાની તલવાર વીંઝે છે જે સીપાઇ હાથીયા પર તલવારનો ઘા કરવા જાય છે તેને પણ હાથીયાની તલવારના ઝપાટામાના એના સોબતી આવતા હોવાથી તેમજ કેટલાક જમીન પડી ગયેલા મરણ શરણ થયેલા નજરે જોવાથી હાથીયા ઉપર ઘા કરવા જવા માટે બહુ સાવચેતી રાખવી પડે છે હાથીયા ઉપર ઘા કરવા જવું એટલે મોતને માગી લેવા જેવી સીપાઈઓની સ્થીતી ઉભી થઈ છે.

હાથીયાની મશ્કરી તો કરી પણ એ મશ્કરી બહુ વશમી થઈ પડી હાથીયાએં જોતજોતામાં ત્રણ ચાર સ્વારોને પાડી લીધા આ દેખાવ જોતાં જમાદાર ઉશ્કેરાયો અને સીપાઇઓને પડકારો કર્યો સીપાઇઓ પણ મરણીયા થઈ એકી સાથે હાથીયા ઉપર તુટી પડ્યા હાથીઓ પોતાના બચાવ માટે ચારે બાજુ તલવારને વીંઝવા લાગ્યો પણ ચારે બાજુથી તલવારના દાવમાંથી બચવાનું રહ્યું સીપાઈઓને પાડી લેવા માટે હાથીઓ મરણીયો થઇ ધસ્યો પણ જમાદારે ઓચીંતો હાથીયાનું ધ્યાન ચુકાવી તલવારનો એવોતો ઝપાટો માર્યો કે હાથીયાનું મસ્તક ધડથી જુદું પડયું આ વખતે હાથીયાના શરીર ઉપર તલવારના તથા ભાલાના ઘણા ઘા પડી ગયા હતા, મરણીયો બનેલ હાથીયો તેને ન ગણકારતાં મનમાં નકી કરી લીધું કે આજે મારો આ જીંદગીનો છેલ્લો દીવસ તો મારે પણ મારૂં પાણી બતાવી દેવું છે ઇ સીપાઈઓને પણ ખબર પડશે કે એક મહેરને પાડી લેવામાં કેટલું શહન કરવું પડે છે તેને તેને પણ બરાબર યાદી રહે હાથીયાનું મસ્તક તો જમીન પર પડયું પણ જેના રૂવાડે રૂવાંડે શુરાતન વ્યાપી ગયું છે એવું હાથીયાનું ધડ ધીગાણું ચાલુ રાખે છે મસ્તક વગરના ધડથી એકવીસ જણને પાડી લીધા દોઢ ગાઉ સુધી લશ્કરની પાછળ ધડ

ચાલ્યું તે પછી તે ધડને અપવીત્ર કરવાથી ધડ પડે છે હાથીયાનું જ્યા ધડ પડયું તે જગ્યાનું નામ હાથીયાણી પડયું હાલ હાથીયાણી પડયું હાલ હાથીયાણોનાં ડેરા મોજુદ છે.

નવાબી નેજા તણા આવીને ઓધા કીયા
મોઢા મેલીનાં હાલ તમારી હાથીયા

અર્થ—નવાબના નેજા વાળા નવાબના લશ્કરે મોઢવાડે આવી યુદ્ધ કર્યું એ વખતે નવાબનું બળવાન લશ્કર હથીયારોથી સજ્જ છે એમ તેં નજરે જોયું છતાં પણ હે મર્દના દીકરા હાથીયા ? તે તારો વટવાળો સ્વભાવ મરતાં સુધી પણ ન મુકયો નહી.

---

## મોઢવાડા ગામનો સીસોદીયો
## મહેર રીણો ભોજાણી

જામનગરના બારાડી તાલુકામાં સાત બારી નામે સાત ગામો એક બીજાની લાગોલગ છે ત્યાં રાવ રજપુતો રાજ્ય કરતા હતા એક વખત એ રજપુતો માંહેલા થોડા રજપુત જુવાનો ફરતા ફરતા મોઢવાડા ગામને પાદરે થઈ નીકળ્યા મોઢવાડા ગામની પાદરમાંજ ઉગમણી બાજુ રૂપી વાવ છે ત્યાં મેરાણીઓ તથા ગામની બીજી જ્ઞાતિની બાઈઓ પણ પાણી ભરવાને આવી હતી આ પાણી ભરવાને આવેલી બાઈઓની રજપુત જુવાનોએ મશ્કરી કરી મેરાણીઓથી એ શહન થઇ શકી નહી તેથી રજપુતોને બે ચાર ગાળો ચોપડી અને ક્રોધના આવેશમાં આવી પાણી ભર્યાં વગર ચાલી નીકળી અને બજાર વચ્ચોવચ ચોરા આગળ થઇને જાણી જોઈને ખુલ્લા માંથા કરી નીકળી.

મેરાણી બાઇઓના ખુલ્લાં માંથા જોઇ ચોરામાં બેઠેલ મહેર દાયરો વીચારમાં પડી ગયો કોઇ દીવસ ન બને એવો દેખાવ નજરે જોઇ આશ્ચર્ય પામ્યા બાઇનું આવું મર્યાદા વગરનું વર્તન જોઈ કેટલાક મહેરોના રૂદયમાં તો ઝાળ થઇ દાયરામાં આ વાત ચર્ચાણી કે આ બાઇઓનાં ઉઘાડાં માથાં કાં? બાઈઓને પુછીયેં તો ખરા આમાં કંઇક પણ કારણ હોવું જોઈએ એક જણ ઉભો થઇ બાઈઓને પુછ્યું કે બાઈઓ આ ઉઘાડાં માથાં કરી દાયરા વચ્ચે થઈ નીકળી આ શું કારણ છે તમારી બુદ્ધીમાં કંઇ ફેર પડયો છે કે શું! આમ કરવાનું શું કારણ છે.

મેરાણીઓ બોલી કે આમાં જે મહેરો બેઠા છે એમાં કોઇ મર્દ બચ્ચા ક્યાં છે? જો ખરેખરા મર્દ હોય તો પાદરમાં જુવાન રજપુતો અમારી મશકરી કરે તેને જીવતા જાવા દીએ?

બાઈઓ બોલી કે બદલો લઈને આવો તે પછીજ ઓઢણાં ઓઢાય જે ગામમાં મર્દ ન હોય તે ગામની બાઈઓના માથાં ઉઘાડાં જ રહે મતલબમાં અમને કોઈ શુરવીર મહેરની ઓથ નથી એટલેજ અમે ઉઘાડાં છીએ.

બાઈઓના આ વચનો સાંભળીને તો રીણા ભોજાણીને રૂંવાડે રૂંવાડે ક્રોધ વ્યાપી ગયો બાઇઓના વચન તેને સાચાં લાગ્યાં અને તુરતજ રજપુતોએ કરેલી ભુલની શીક્ષા તુરતજ આપવાના નીશ્ચય ઉપર આવી ગયો બોલ્યો કે આતો ઠીક કે આ મારી જ્ઞાતિની બાઈઓ છે પણ કોઈ પણ જ્ઞાતિની બાઈઓ હોય અને તેની આબરૂ ઉપર હાથ નાંખનારને તો તરત ભોં ભેગો કરી નાંખવો જોઈએ. રીણાએં દાયરામાં બેઠેલા મહેરોને પડકારો કર્યો કે આ તમારા કાવા કસુંબામાં હમણા દીવાસળી મુકી દીઓ અને ખરેખરા મહેર બચ્ચા હોય તો

હાલો મારી ભેગા રીણાનો પડકાર સાંભળીને કાવો પીવાનું પડતું મેલી ધણા જુવાનો ઉભા થઈ ગયા સૌ સૌને ઘેરે જઇ ઘોડાંઓ ઉપર સજાઈઓ નાંખી હથીયારોથી સજ્જ થઈ બહાર નીકળ્યા જે વખતની આ વાત છે તે વખતે મહેરોને ઘેરઘેરે હથીયારો ઢાલ વીગેરે હતાં કોઈ કોઇ મહેરોના ઘરમાંથી હજુ પણ બખતરના તુટી ગયેલા ટુકડાઓ જોવામાં આવે છે અને એ બખતરના ટુકડાઓ હાલ તો હોકાની ચલમ ઢાંકવાના કામમા લીએ છે સમય સમયનું કામ કરે છે સમયની બલીહારી છે મહેરદાયરો પાદરમાં ભેળો થયો. જે રસ્તે રજપુતો ગયા તે રસ્તે રજપુતોનાં ઘોડાઓના ડાબલાઓ દેખાતા હતા તે આધારે મહેરોએ પોતાના ઘોડાંઓને જવા દીધાં રીણાએ મહેરોને પડકારો કર્યો કે જુવાનો ઘોડાંઓને પુરજોસમાં જાવા દીઓ ઘોડાં દોડતાં દોડતાં ફાટી પડે તો ભલે પણ રજપુતોને આંબ્યા પછી તેનો બદલો લીધા પછીજ શીરામણ કરવાનાં છે ત્યાં સુધી ખાવું અગરાજ છે બધા મહેરો ઉપડયા ઘોડાંઓ પુરવેગમાં જાય છે ઘોડાંઓના નસકોરાના અવાજ તથા ઘોડાના ડાબલાના અવાજ પણ ઘણે દુર સુધી સંભળાય છે. રસ્તામાં ક્યાંય રજપુતોનો ભેટો થયો નહી મહેરો સાત બારે પહોચ્યા. ઘોડાઓનાં મોઢાં શ્વાસોશ્વાસથી ફાટયાં રહ્યાં છે. પરસેવાથી નીતરે છે. ખબર આપ્યા કે સ્ત્રી જાતની છેડ કરીને ભાગીને જે આવ્યા હોય ઈ નીકળો બહાર આવો મેદાનમાં તમારામાં કેવુંક પાણી છે ઈ માપવાને અમે મોઢવાડાના મહેર આંહી આવ્યા છે મહેરોએ તો જાતાવેંત દેકારો બોલાવ્યો કોનું મગદુર છે કે મરવા માટે ઘરની બહાર નીકળે મહેરો ધોળે દીવસે ગામ ભાંગી પાછા ફર્યા અને સીમમાં ત્યાંના ખેડુતની વાડીએ જઈ ગામમાંથી શીરામણ મગાવી સીરામણ કર્યા વાડીવાળાને ૨૫ કોરી આપી ત્યાંથી મોઢવાડા તરફ રવાના થયા.

ગામમાં આવ્યા મહેરાણીઓને ખબર પડી કે બદલો લઇને મહેરો આવ્યા છે એમ જાણી ઓઢણાં ઓઢી ઘોડેશ્વારોની પાસે આવી



પરમ પૂજ્ય **શ્રી મેરૂભક્ત** મહિયારીવાળા.



પરમ પૂજ્ય સંત શિરોમણી **શ્રી રામગુરૂ** (સમાધિસ્થાન દેગામ)



શ્રી મુળુ ફોજદારના વારસદારો દશેરાની સ્વારીની મોખરે ચાલે છે.

તેનાં દુ:ખણું લીધા અને પોતાનો મલાજો છોડીને જે વર્તન કર્યું તેની બાઈઓએં માફી માગી રીણા ભોજાણીએં કહ્યું કે બહેનો માફી માગવા જેવું નથી તમે તો ઠીક કર્યું કારણ કે મહેરોને પોતાના સ્વમાન અને વટની કેટલી કીંમત છે તે આવા પ્રસંગ આવ્યા વીના ખબર કેમ પડે બહેનો તમારા જેવી મહેરાણી જ્યાં સુધી છે ત્યાં સુધી મહેરોનો મોભો અને મરતબો એવોને એવોજ જળવાઈ રહેશે મહેરોની ઇજ્જતનો આધાર મહેરની સ્ત્રીઓ ઉપર જ છે તમે તમારો ધર્મ સાંચવ્યો એમ સદા સાચવજો જે દી તમે તમારો ધર્મ મુકયો તે દી મહેરની દશા નબળી છે એમ માની લેજો જાઓ બેનો સૌ સૌને ઘેરે જાઓ તમારી જેવી મહેરાણીઓને અને તેના માતા પીતાને પણ ધન્ય છે.

સાત બારાના રાવ રજપુતને હજી પણ મોઢવાડા ગામનો અપીયો છે.

દુહો

ભોજાણી તેં ભાંગીયા કૈં પાડાના કાંધ
સીંહ ન રાખે સાંધ રીડ પડંતેરીણીયા

અર્થ—હે રીણા ભોજાણી! તારી સામે આવવાની પાડાની કાંધ જેવા મજબુત શરીરવાળા રજપુતને હીંમત આવી નહી કારણ કે તારી સામે આવીને કોઇ ઉભો તો તેની સાંધ રાખે તેમ નથી મતલબમાં તારો પડકાર સાંભળી તારી સનમુખમાં આવવાની કોઈની હીમત ચાલી નહી.

દુહો

ચીત્રોડા ચડીઓંકીં વાંસે વાર થીયે
રીણો રાવણુ તે ભારત રમ્યો ભોજા ઉત્ર

રીણુા રાવ તણાં બળીયા દંડદા બાન
બોંતેરસે બરડાતણા તને મહેર દીએ છે માન

### કવીત

નથી ભડ કાનો આજ વેજો નથી વાસાણી
સામત હતો સરમોડ લંગરી પુંજા લુણાણી
વેજો ભડ વખાણુ માલુ ( માલાણી ) નથી બોદાણી
એતારી લાજ તુંને અચળ મોજવરી અવીચળ નથીમણા
સીસોદીયો દાતા સરસ રીણો ભોજાણી તણા

### દુહો

સજ્યાં સાણુતણા મદી કે માથે
સંધે સીમાડે ભો તારો ભોજા ઉત્ર

વટ રાખણ કુળાં અભનમો વ્રજમલ
થર થોકે સુજશ થયો તેં રોકી ધરા
શત્રુરાંસી રેશણ કટકે રીણો મોરકીયાં
મર્દા મર્દ શત્રુવાં મારણ ભડનન દોયજો તવડભણા
કશાયા ઠાઠ વીકીરા કાંકડ તવીએ મોરે ભોજતણા
મડસાં સામે હુવો ભડ મોરે ધજવડ પ્રશણ સીજવણ ધાર
રાણા તણી ફતેહ કર રીણોમોઢો આવ્યો મેવાડ

વટરાખણ—વટને રાખવાવાળો, કુંળાં—કુળ, અભનમો—આકાશને નમાવે તેવો, વ્રજમલ—કઠોર છાતીનો, થરથોક—સરસ રીતે—સુજશ કીર્તી, ધરા—પૃથ્વી, શત્રુરાંસી—શત્રુને, રેશણ—મારનાર, કટકે—લશ્કરમાં મોર—સૌની આગળ ચાલનાર. શત્રુવાં—શત્રુને, ભડનન—શુરવીરો. તવડભણાં—તેવા કહું, સાસો હુવો—સામો થીયો, ધજવડ—સરસ.

# પરમ પુજ્ય શ્રી રામગુરૂ (રામબાઇ માતા)ની કથા લખી છે

દેગામ એ પોરબંદર તાબે બરડામા નાનકડું ગામ છે પોરબંદરથી બે ગાઉ દુર છે મોટે ભાગે મહેરોનીજ વસ્તી છે. થોડાં લુહાણા ભાઇઓનાં મકાનો છે મોનજી શેઠ નામના લુહાણા ગૃહસ્થ દેગામમાં પરચુરણ વેપારનો ધંધો કરે છે અને મુખ્ય કરીને રૂનો વેપાર કરે છે ગામડામાંથી ખેડુતો પાસેથી કપાસની ખરીદી કરી અને તેને પીલાવી રૂની ગાંસડીઓ બનાવી દેશપરદેશમાં મોકલે છે.

મોનજી શેઠ પૈસે ટકે સુખી ગણાય તેમનું કુટુંબ ધર્મપરાયણ અને સાધુ સંત પ્રત્યે ભક્તિભાવવાળુ એટલે દેગામમાં કોઈ સાધુસંતો તેનું નામ પુછીને આવતા.

આજે મોનજી શેઠના મકાનમાં એક મોટા ખંડમાં સતસંગ નિમિતે ગામની શ્રદ્ધાળુ બાઈઓ તથા ભાઈઓ એક પછી એક આવવા લાગે છે અને માણસોની સંખ્યા વધારે થવાથી સાંકડમોકડથી બેસી જાય છે પાછળથી આવનારી કેટલીક બાઈઓ ખંડની ઓસરીમા બેસી ગઈ છે સહુ રામગુરૂના મુખારવિંદમાંથી નીકળતી ઉપદેશ રૂપી અમૃત ધારા ઝીલવાને તલસી રહ્યા છે લાકડાની પાટ ઉપર નાંખેલી સફેત ગાદી ઉપર શ્રી રામગુરૂ બીરાજ્યાં છે શ્રી રામગુરૂની મુખાકૃતિ અને પહેરેલાં વસ્ત્રો જોતાં જોગમાયા સમાં દીસતાં હતાં

એમના મુખારવીંદ ઉપર શાંન્તિ ત્યાગ અને આનંદની છાંયા છવાઈ રહી હતી પાટની બંન્ને બાજુમા નીચે આસન ઉપર તેમના મુખ્ય શીષ્યો પણ બેઠા હતા અને માતાજી તરફથી શું આજ્ઞા થાય છે તે ઉઠાવવા તત્પર રહેતા હતા. કેમ મોનજી શેઠ ?

જી માતાજી ?

આજે બધાં ભાઇઓ તથા બહેનોની ક્યા વીષય ઉપર ચર્ચા કરવાની ઇચ્છા છે.

માતાજી! જેવી આપની મરજી આપશ્રીનો અંતરાત્મા કહે તે પ્રમાણે કરો અમારે તો કોઇ પણ પ્રકારે આપશ્રીના મુખની વાણી સાંભળીને લાભ લેવો છે.

માતાજી! આજે તો પરમાત્માની ભક્તિનું સ્વરૂપ વિશેશે કરી સમજાવાય એવી મારી માગણી છે બે હાથ જોડી મોનજીશેઠના ધર્મ-પત્ની બોલ્યાં મોનજીશેઠ ? ખરી ભક્તિ કોને કહેવી અને ઈશ્વરની ભક્તિ શા માટે કરવી એ બાબત બહુજ સમજવા જેવી છે. વહે-વારનાં કે પરમાર્થના કોઈ પણ કામ સમજ્યા વીનાં કરીએં તો ખાલી પોપટીયા જ્ઞાનથી જોઇએ તેવો લાભ મેળવી શકીએં નહી. આપણે સવારનાં અને સાંજનાં મનની સ્થીરતા વગર બે પાંચ માળા ફેરવી લઇએં થોડા ગીતાજીના શ્લોક વાંચી લઈએં અથવા રામાયણની થોડી ચોપાઈ વાંચવાનું નીમ લઈએં આવી રીતે બીજી કોઈ ધાર્મીક ક્રીયા કરીએં અને આપણે માની લઈએં કે આપણે ઈશ્વરની ભક્તિ બહુ કરી તો આ બાબતમાં મારે ખાસ કહેવાનું કે આ બધું આપણે પરમ કૃપાળુ પરમાત્માનો મહીમા સમજી જ્ઞાનપૂર્વક શ્રદ્ધાપુર્વક અને પ્રેમપુર્વક કરીએ તોજ લાભ મેળવી શકીએં આપણે જે ધાર્મીક કાર્ય કરીએં છીએં તે કેટલું કરીએં છીએં એ ઈશ્વર જોતા નથી

પણ તે કાર્ય કેટલા પ્રેમથી કરીએં છીએ એ તો જરૂર જુવે છે લુખી ભક્તિથી પરમાત્મા કદી રીઝવાના નથી આ વિશ્વમા રહેનારાં તમામ પ્રાણીઓ ઈશ્વરનાં બનાવેલાં ઈશ્વરનાં બાળક છે એમ સમજી પ્રાણી માત્ર ઉપર દયા અને પ્રેમ રાખી તેના દુ:ખમાં ભાગ લેતાં શીખએ તોજ આપણે પરમાત્માને રીઝવી શકીએ. રૂદયમાં પુર્ણ ત્યાગ ન હોય અને ખાલી દેખાવ પુરતાં ટીલા ટપકાં કરી દેવ મંદીરોમાં જુદા જુદા ભગવાન માનીને એક મંદીરેથી બીજે મંદીરે અને બીજેથી ત્રીજે એમ હડીયા હડી કરીએં તો એવી લુખી ભક્તિથી પ્રભુ કદી રીઝવાના નથી એમ નકી સમજો ભક્તિનું સ્વરૂપ બરાબર સમજી અને પછી જે કંઈ કરવામાં આવે તો લાભ મળે હું તમને એક મારા અનુભવની નજરે જોયેલી હકીક્ત કહું.

એક વખત હું સાધુસંતના દર્શને જતી હતી ત્યાં રસ્તામાં રણછોડરાયજીનું મંદીર આવ્યું ત્યાં દર્શન કરી બહાર નીકળી ત્યાં દર્શન કરવા આવનારી બાઈઓમાંથી એક બાઈએં રસ્તા ઉપર ઉભેલી એક દુબળી ગાયનું પુછડું પકડીને તેનો આંખોએ સ્પર્શ કર્યો મેં તે બાઈને પુછ્યુ કે બહેન! એમ કરવાથી શું લાભ એ મને સમજાવશો ?

બાઇએં કહ્યું કે ગાય માતા છે એમનો સ્પર્શ કરવાથી આપણી કાયાના કલ્યાણ થાય. મેં કહ્યું કે બહેન ગાયા માતા ઉપર આટલો પુજ્ય ભાવ છે તે જોઈને હું ખુશી થાઉ છું પણ જો તમને દુ:ખ ન લાગે તો થોડું કહું તે બાઇએં કહ્યું કે ખુશીથી કહો ત્યારે મેં કહ્યું કે આ ગાયમાતા અત્યંત દુબળી છે તો જો તમે તેને થોડા કપાસીયા ખવરાવો તો તમારા કાયાના કલ્યાણ થાય ખાલી પુછડે હાથ અડાડીને એ હાથને આપણી આંખોએ અડાડીએં એમાં કલ્યાણ થાય નહી બહેન આ લુખી ભક્તિ કહેવાય એમાં જોઇએ તેવો લાભ

મેળવી શકીએં નહી મોનજી શેઠ ? હું તમારોજ દાખલો આપું તમે તો દયાળુ છો ધર્મવાન છો છતાં બીજા કોઈને કહેતાં તમારો દાખલો આપીએં એટલે કોઈને દુઃખ નહી.

તમે સવાર સાંજ ઇશ્વર ભજન કરો છો તેમજ સાધુસંત તરફ પણ પ્રેમ રાખો છો તમે તમારા સવારના નીત્ય નીયમમાંથી પરવારી જ્યારે દુકાને બેસો ત્યાં કોઈ ખેડુત અગર કોઈ બીજા વીશ્વાસુ અને ભોળા દીલનાં ઘરાક આવે તેની સાથે ભાવમાં અને તોલમાં દગાથી કે છેતરપીંડીથી રમત રમો અને અનીતીથી તમારો સ્વાર્થ સાધી લ્યો તો પછી તમે સવારે માળા પુજા પાઠ જે કંઈ કર્યા હોય તેનાથી શું લાભ ? આવી રીતે અન્યાયથી વર્તવાથી ઇશ્વર રાજી થાય ખરા ? મોનજી શેઠ ? સાચું, કહેજો આવી લુખી ભક્તિથી આપણે શું લાભ મેળવી શકીએં, હું તો મોનાશેઠ એટલુંજ કહું છું કે આપણે સવારે ઉઠીયેં ત્યારથી સુઈએં ત્યાં સુધી વહેવારનાં કોઈપણ કામમાં ઇશ્વરને શાક્ષી રાખીને ન્યાય અને નીતિથી વહેવારનાં દરેક કાર્ય કરીએં અને કોઇના પણ બુરામાં ભાગ ન લઈએં એજ ઇશ્વરની સાચી ભક્તિ અને એજ આપણા પુજા પાઠ.

ઇશ્વરે બનાવેલા ન્યાય અને નિતિના કાયદાનો આપણે ભંગ કરીએં તો પછી આપણે ઇશ્વરના ભક્ત કહેવડાવવાનો આપણો હક્ક જ કયાં છે પરમાત્માના બનાવેલા એ કાયદાને પ્રાણ સાટોસાટ પાળીએં તો જ આપણે ઇશ્વરના ખરા ભક્ત કહેવાઇએં.

પરમાત્મા કહે છે કે જગતના તમામ પ્રાણી માત્ર મારાં બાળક છે મારૂં પોતાનુંજ સ્વરૂપ છે એને તમે ઓળખતાં શીખો એની સેવા કરો એના દુઃખમાં ભાગ લીઓ એનું બુરૂં ન કરો તોજ તમે મારા ખરા ભક્ત ગણાશો ભક્તિનું સ્વરૂપ સમજ્યા વીના વૈરાગ્યનું અને ત્યાગનું સ્વરૂપ સમજ્યા વીના સંસારનો ત્યાગ કરી ભગવા વસ્ત્રો

પહેરીએં કે જરા દાઢી રખાવીએં કે મુંડ મુડાવીએ તો એથી આત્મકલ્યાણ થઇ શકે નહિ એવા દેખાવ જો દંભથી ભરેલાં હશે તો જગત કદાચ છેતરાય પણ સર્વ વ્યાપક પરમાત્મા છેતરાય તેમ નથી

બહેનોને અને ભાઇઓને મારે એટલુંજ કહેવાનું કે ધર્મને પંથે ચાલતાં સંકટ પણ આવે તો તે સંકટ વેઠીને પણ પોતાનો ધર્મ સાચવે તેજ પ્રભુનો પ્યારો ભક્ત બની શકે છે સમુદ્રના પેટામાંથી તો મરણ આગમે તેજ સાચા મોતી મેળવી શકે છે સત્યને પંથે ચાલવામાં તો અનેક આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. પોતપોતાના સ્વાર્થ સાધવામાં રચીપચી રહેલા પામર મનુષ્યોનું તે રસ્તે ચાલવાનું કામ નથી એટલા માટેજ ભક્તિને ખાંડાની ધાર કહેલ છે.

ભક્તિનો અર્થ બહુ વિશાળ કરવાનો છે બે પાંચ માળા સવાર સાંજ કરી એટલે આપણે ઇશ્વરનું ભજન કરી લીધું એમ માની લેવાનું નથી જો કે માળા, પુજા, પાઠ, જપ, તપ, કરવાં એ પણ ભક્તિના પ્રકાર છે એ ન કરવાં એમ મારો કહેવાનો ભાવાર્થ નથી. પણ તેની સાથે સાથે આપણો આશ્રમ ધર્મ પણ જો બરાબર પાળીએ તો વિશેષ લાભ મળે.

જમનાં બહેન તમે તમારા થકીજ વિચાર કરી જુઓ તમે અમારા જેવા સાધુ સંત ઉપર બહુ ભાવ રાંખો છો થોડું ઘણું નત નીમ પણ કરો છો આ બધું તમે તમારા કલ્યાણ માટે કરો છો હવે તમે તમારા ઘરમાં તમારા દીકરાની વહુઓની ખુણે ખાંચેથી વગર કારણે ખામીઓ કાઢ્યા કરો. આખો દીવસ વાત વાતમાં હડધુત કર્યા કરો તમેજ દરેક રીતે લાયક છો અને એ દરેક કામકાજમાં નાલાયક છે એમ તમે માની લ્યો ઘરના કામકાજનો બોજો એના ગજા ઉપરાંત એના ઉપર નાખી દીઓ એણે ખાધું પીધું છે કે નહિ

તેની પણ દરકાર ન કરો અને એના તરફ જરા પણ દયા કે પ્રેમ ન રાખો, અને તમે તથા તમારી આ દીકરી રાધાબાઈ આખો દીવસ તેને ટાંક ટાંક ર્ક્યા કરો તેના ઉપર જુલમ ગુજારો તો તમારા સવારના કરેલા પૂજા પાઠ કંઈ કામનાં ખરાં? તમારી રૂદયની આવી કઠોરતા હોય તો તમારા પર પ્રભુ રીઝે ખરા? આવી લુખી ભક્તિથી આપણે જોઇએ તેવો લાભ મેળવી શકીએ નહિ.

ભગવાન રામચંદ્રજીએ ગ્રહસ્થાશ્રમના ધર્મનું પાલન કેવી રીતે કરવું એ માત્ર ઉપદેશ આપીને નહિ પણ આચરણમાં મૂકીને જગતને બતાવી આપ્યું કે આ પિતાના ધર્મ આ ભાઈઓના ધર્મ આ પત્નિના ધર્મ આ સેવકના ધર્મ આ બધા ગ્રહસ્થાશ્રમના ધર્મ ઘણીજ ઉત્તમ રીતે પાળીને બતાવ્યું કે આવા ધર્મ પાળો તોજ તમે તમારો ગ્રહસ્થાશ્રમનો ધર્મ પાળ્યો કહેવાય અને એ ધર્મ પાળો એજ ઇશ્વરની ખરી ભકિત.

સંસારની અસારતા સમજાય રૂદયમાં ખરો વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારેજ આપણે રાગદ્વેષની બેડીઓમાંથી મુક્ત થઈએ. જ્યાં સુધી આપણે આશા તૃષ્ણાના વેગમાં તણાઈએ ત્યાં સુધી આપણને ધર્મને પંથે ચાલવાનું સુઝે નહિ. અને માયાના પ્રદેશમાંથી નીકળી શકીએ નહિ. આપણે આપણા મુળ સ્વરૂપને ઓળખી રાગદ્વેષની બેડીઓ જ્યારે આપણે તોડશું ત્યારે આપણામાં સમભાવ પ્રગટશે અને પછી જગત પર આપણો કોઇ શત્રૂ રહેશે નહિ શત્રૂ હશે તે મિત્ર થશે આખું જગત અને તેમાં રહેલા પ્રાણિઓ તમામ પોતાનું જ સ્વરૂપ છે એમ સમજાશે આ છે ભકિતનો પાકો રંગ એ રંગ ચડયા પછી ઉતરવાનો નથી.

જમના બેન ! મારી વાત તમને સાચી લાગે છે ?

માતાજી ! વાત તો ઘણે સાવ સાચી છે પણ ઈ પ્રમાણે વર્તવું દોહીલું છે તમારી દયા હોય તોજ વર્તાય.

પરમાત્માની અને મહાન પુરૂષોની તો સદા દયાજ હોય છે. એમનાં રૂદય તો દયાથી ભરેલાંજ છે પણ આપણે એ પંથે ચાલવામાં પુરૂષાર્થ કરવો જોઈએ જ્યાં સુધી આપણા રૂદયનો પલટો ન થાય ત્યાં સુધી આપણે માણસના આકારમાં પશુ જેવાં લેખાઈએ.

મનુષ્ય તરીકેનું આપણું કર્તવ્ય બરાબર બજાવતા શીખવું જોઈએ આપણો માનવધર્મ પાળવામાંજ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

કાદવના કીંડાને જેમ સુંગધીદાર ફુલોના ગંધની કંઈ કીંમત નથી તેમ પામર જીવોને પરમાત્માની ભક્તિની કંઈ કીંમત નથી.

આ રસ્તે તો પ્રભુના દાસનો દાસ થઈને રહે તેજ પ્રભુનો વહાલો બને છે એક ઠેકાણે કહેલ છે કે—

સ્વામી હોના સોહીલા દોહીલા હોનાં દાસ.

એ પ્રમાણે સર્વ પ્રકારે હું પણાનો ત્યાગ કરે ત્યારે જ જીવ માયાના બંધનમાંથી મુક્ત થઇ શકે.

માતાજી ? અમે તો તમારી આગળ પાપ છુટી વાત કરીએ છીએ અમે તો દેવમંદીરમાં કે આવા સતસંગમાં જઇએ પણ ત્યાંથી ફરી પાછા ઘેર આવીએ ત્યાં તો કોઈનું બુરૂ કરવું કોઈની નીંદા કરવી વીગેરે પાપનાં પોટલાં બાંધી ઘેરે આવીએ છીએ. અમારી આવી હલકી ભાવનાં હોય ત્યાં અમારૂં કલ્યાણ કયાંથી થાય માતાજી ? અમે સમજીએ છીએ છતાં ભુલ કરીએ છીએ.

તમે તમારી ભુલો કબુલ કરો છો એટલી તમારી બલીહારી ? કેટલાકને તો પોતાની ભુલો જોવા તરફ લક્ષજ નથી અને કદાચ પોતાની ભુલો જાણવામાં આવે તોપણ પોતાની ભુલો પોતે કબુલ કરતા નથી તેમજ ભુલ સુધારવા તરફ લક્ષ આપતા નથી જો કે

માણુસ જાત ભુલથી ભરેલ છે પણ સમજુ માણુસ પારકા અવગુણો ન જોતાં પોતાના અવગુણોજ જુવે છે અને તેને દુર કરવાનો પ્રયાસ કરે છે અને આવા માણુસોજ પોતાનું હીત કરી શકે છે.

પોતાની અનેક પ્રકારની ભુલો હોય તે ગુપ્ત રાખવામાં પોતાની ચતુરાઇ બતાવે અને પારકી નીંદા અને પારકા અવગુણો જોવામાં જ જે આનંદ માને તે માણસ કદી પણ પોતાની ઉન્નતી કરી શકે નહી માટે બીજાઓના ગુણ જોવા અને તે ગ્રહણ કરવા અને પોતાના અવગુણ જોવા અને તે તજવા એ સમજુ માણસનું કર્તવ્ય છે. માટે મનના મેલ ધોયા વીના ભક્તિનો પાકો રંગ ચડે નહી જ્યાં સુધી મનની મલીનેતા અને ચંચળતા દુર થઇ નથી ત્યાં સુધી ભક્તિનું ખરૂં સ્વરૂપ આપણુને સમજાય નહી જે રૂદય મંદીરમાં પ્રભુને પધરાવવા હોય તે મંદીરમાંથી રાગદ્વેષરૂપી કચરો બહાર ફેંકી દઈને દયા પ્રેમ સમતા સંતોષ આદી સદ્‌ગુણો રૂપી સુગંધી પુષ્પોનાં તોરણો બાંધી દેવા જોઈએ આવી રીતે અનેક પ્રકારે રૂદય મંદીર શણુગારી અને તેમાં પરમાત્માને પધરાવવાની તાલાવેલી લાગવી જોઇએ માયાના બંધનમાં બંધાએલા જીવને પ્રભુમાં પ્રેમ પ્રગટે નહી માટે જેમ બને તેમ સંસારના બંધનમાંથી મુક્ત થવા પ્રયત્ન કરવો જોઇએ. ગોદાવરી બેન ભક્તિનું ખરૂં સ્વરૂપ સમજવા માટે આપણે એજ વીષય ઉપર કાલે ચર્ચા કરીશું. માટે આજે એક સુંદર ભજન સંભળાવો કે જેથી ભાઈઓ અને બહેનોને વીશેષ આનંદ થાય! જેવી માતાજીની આજ્ઞા.

રવી રવી કરતાં રે રજની નહી ટળે રે
અંધારૂં કંઈ રવી ઉગ્યા પછી જાય
રૂદયે રવી પ્રગટયા રે ગુરૂ ગમ જ્ઞાનના
તો તો એના ઘટમાં અજવાળું થાય
સમજ્યા વીના સુખ ન આવે જીવને
અંતર ગતી વસ્તુ કેમ ઓળખાય

આપમાં દીસે કેવળ રૂડો આતમા
જળનું લેપન કરતાં રે તૃષ્ણા તો નહી ટળે રે
ભોજન ભોજન કરતાં રે કદી ન જાયે ભુખ
પ્રેમ જળ પીધે રે તૃષ્ણા તો તો ટળે રે
દશ મણ અગ્ની રે લખીએં લઈને કાગળે
ઈ અગ્ની રૂ મંહી ઓળપાય
ઇ રે અગ્નીથી રૂ તો નથી દાઝતાં
સાચો એ રતી ભર અગની હોય
પારસ મણી વીના રે ધાતુ મનને જે રચે
ઇ તો વળી કંચન કેમ કહેવાય
સમજ્યા વીના સાધન જે કરે
એનું જીવપણું કેમ કરીને જાય
દ્વૈત ટળી અદ્વૈત હુઇ રહ્યાં રે
એ તો વેદ વાણીથી વીચાર
મુળદાસ કહે એવા સંતો સેવતાં રે
તે તો પહોચ્યા પરીબ્રમ પાર રે

માતાજી ? આ ભજન બરાબર યાદ નથી ભુલી ગઇ છું એટલે જેમ તેમ પુરૂં કર્યું.

ગોદાવરી બ્હેન ભજનનો ભાવ બહુ સુંદર છે આપણે તો એમાંથી સાર લેવો છે નાં ?

---

શ્રી રામગુરૂ જુનાગઢ તાબે બગસરાનાં રહીશ. મહેર જ્ઞાતિમાં તેમનો જન્મ થયેલ હતો. રામીબાઇના નામથી સહુ ઓળખતાં. જુનાગઢ તાબે કડેઘી ગામના રહેવાશી મહેર નેભા સાથે તેનો લગ્ન વહેવાર થયો હતો. તેમને એક પુત્રી જ હતી બંને ધણીધણીયાણી

પરમાત્માની ભક્તિ કરી આનંદ અને શાન્તિ અને સંતોષમાં જીવન ગુજારતાં હતાં નેભો પ્રભુપરાયણ રહેતો તેથી સહુ તેને નેભો ભગત કહીને બોલાવતા.

એક વખત બંને દંપતીનો મત મળતાં જાત્રાએ જવાનો વીચાર કર્યો અને પગ રસ્તે ચાલીને જવાનું નકી કર્યું.

રામબાઈ તથા નેભો ભગત જાત્રાના સ્થળોમાં ફરતાં ફરતાં સાધુ સંતોના દર્શન કરી અને સત્તસંગનો લાભ લેવાં લાગ્યાં.

ઘણા મહીના જાત્રાના સ્થળોમાં વીતાવ્યા બાદ પોતાના વતનમાં પાછા ફર્યાં.

ફૂરસદની વખતે બંને દંપતી જાત્રાના સ્થળોની અને સાધુ સંતોથી મળેલા આનંદની ચર્ચા કરતા એમાં કોઈ કોઇ વખત રામબાઇની સાથે ચર્ચા કરવામાં નબા ભગતને મતભેદ ઉભો થતો. એક વખત નબા ભગતે કહ્યું કે આપણે જાત્રાના સ્થળો તો બહુ ફર્યો પણ શાસ્ત્રોમાં બતાવેલ લક્ષણ અને ગુણ ધારણ કરેલા કોઈ સાધુ સંતને જોયા નહી દેવ મંદિર વિગેરે એવા પવીત્ર સ્થળોમાં રહેનારા પૂજારીઓ વિગેરેની રહેણી કરણી જોવામાં આવી એ ઉપરથી તો આપણને અશ્રદ્ધા ઉત્પન્ન કરાવે તેવું હતું કેટલેક સ્થળે તો એના પાખંડ અને દંભ જોઈ મને તેના તરફ પુજ્ય ભાવ ઉત્પન થવાને બદલે તીરસ્કાર આવતો આ હકીકત તે વખતે તમારી આગળ કરૂં અને કદાચ તમારૂં દીલ કચવાય એમ ધારીને તે વખતે મેં તમને કોઇ દીવસ જણાવ્યું નહી સાચું કહેવડાવો તો અપણા ગામડાનાં ખેડુતોનાં રૃદય સારાં હશે ખેડુતોનાં રૃદય કેટલાં ભોળાં નીખાલસ પ્રેમાળ ગરીબ છતાં ઉદાર દીલનાં બહારથી મેલા છતાં સાફ દીલનાં! ત્યાં જાત્રામાં તો મોટે ભાગે મંદિરના પૂજારીઓએ જાત્રાળુ પાસેથી પૈસા ધુતવાનો જાણે વેપાર કેમ માંડયો ન હોય એવું જોવામાં આવતું હતું. આહી આવ્યા બાદ તો મને એમ થયું કે જાત્રામાં

ફરી ફરી હાડમારી ભોગવી તે કરતા તો ઘરને ખુણે ઇશ્વરનું ભજન કરીએં છીએં એમ કર્યા કર્યું હોત તો સારૂં હતું.

ભગતજી તમારી આ વાત અને તમારા વીચારો એ તમને વ્યાજબી લાગે તો ભલે પણ મને તો આટલું ફરી આવતાં એમ લાગ્યું કે જાત્રાના સ્થળોમાં ફરવાથી અનેક પ્રકારના અનુભવ મળે જુદા જુદા સ્વભાવવાળા માણસોની સાથે બેસવાથી તેમજ કેટલીક મુશકેલીઓ ભોગવવાથી આપણામાં સહન સીલતાનો ગુણ આવે અગાઉ થઇ ગયેલા મહા પુરૂષોના પવીત્ર સ્થળો જોવાથી એમનાં જીવન ચરિત્રો જાણવાથી, સાધુ સંતોના દર્શન કરવાથી, સતસંગ કરવાથી આપણને ઘણો લાભ મળે એમ મારૂં માનવું છે. કારણ કે કષ્ટો વેઠયા વીના આપણામાં કેટલી સહનશીલતા છે તેની ખબર શું પડે. તમે પૂજારીઓ વીગેરેની જે વાત કરી તે કદાચ સાચી હોય એમ માનો એવા સ્થળોમાં કોઇ દુરાચરણી હોય તોપણ એની જવાબદારી એને શીરપર નકામા પારકાં છીદ્ર જોવાથી આપણને શું લાભ ? વળી આપણે તેનું રૂદય ઓળખ્યા વીના માત્ર બહારની રહેણી કરણી તરફ નજર કરી હલકો મત બાંધવો એમાં તો ઇશ્વરના ગુનેહગાર બનવા જેવું છે. સાચી વાત કહેવી એમાં ઇશ્વરના ગુનેહ-ગાર બનવા જેવું શું હતું તમોએં જે વાત કરી તે મારા મગજમાં નથી બેસતી એવા પવીત્ર સ્થળોમાં અનેક શ્રદ્ધાળુ નર નારીઓ આવે અને એને આવા સાધુના રૂપમાં છુપાએલા શયતાનો અવળે માર્ગે દોરવે, પૈસા પડાવે, એ પૈસાનો પણ દુર ઉપયોગ કરે એમાં તો ખરી રીતે એ લોકો ઇશ્વરના ગુનેહગાર બને છે મને તો એમ લાગે છે કે એવા પાંખડીઓનાં પાખંડ જગતની આગળ જાહેરમાં મુકવાં જોઇએ કે જેથી એની ફરેબી જાળમાં ભોળાં વીશ્વાસુ શ્રદ્ધાળુ જનો ન ફસાય.

અરે ભગતજી ? તમે આ બધું શું બોલો છો ! પારકા ગુણ જુવોને ?

એમના અવગુણો જોવાથી આપણને શું લાભ! એનામાં કંઈ ગુણ હોય તો તે ગ્રહણ કરવામાં આપણને લાભ. અરે શું ધુળ લાભ મળે. એ પોતેજ ડુબેલા હોય એ બીજાને શું તારવાના હતા.

ભગતજી! તમારી દ્રષ્ટિ પારકી ખામીઓ જોવામાંજ રોકાએલી છે એટલે તમને સર્વ સ્થળે દરેકની ખામીઓજ જોવામાં આવશે. એટલે હવે તમે તમારામાં રહેલી ખામીઓ દુર કરી શકવાના નથી.

એક ઠેકાણે કહેલ છે કે

તુજે દુરાની કયા પડી તું અપના નીવેડ
તેરા નાવ સમુદ્રમાં ખેડ, ખેડ, અબ ખેડ.

મતલબમાં આપણે પારકી પંચાત કરવાની શું જરૂર છે. સંસાર રૂપી સમુદ્રમાં આપણું દેહ રૂપી નાવ (હોડી) ગોથાં ખાય છે તો તેને સહી સલામત પહોચાડાય તેને માટે ફીકર કરવાની જરૂર છે.

સતી તમારી વાત સાચી છે છતાં પણ મારા સ્વભાવના બંધારણ પ્રમાણે મારા દીલને જે વાત સાચી લાગે તે તો કહેવાય જાય અને એમ કહેવાથી જો ઇશ્વરના ગુનેહગાર બનવું પડતું હોય તો એ ગુન્હાની શીક્ષા હું ભોગવી લઇશ. સાચી વાત કહેવી એને હું નીંદા સમજતો નથી તેમ તેમ કહેવામાં પાપ થતું હોય એમ હું માનતો નથી. ખરી રીતે તો જાત્રાના પવિત્ર સ્થળોમાં રહીને સ્વાર્થ અંધ બને, અધમ આચરણ કરે, એજ ખરા ઇશ્વરના ગુનેહગાર બને છે.

મારા દીલમાં તો હવે એમ થાય છે કે જાત્રામાં ફરી આટલા પૈસા ગુમાવ્યા તે કરતાં એટલા પૈસા કોઈ નીરાધાર અને આંધળા પાંગળાને આપ્યા હોત તો સારૂં હતું.

ભગતજી! જાત્રાએ જઈ જે લાભ મેળવવો જોઈએ તે લાભ

મેળવવાને બદલે તમે ઉલટા શ્રદ્ધાહીન બન્યા, ધર્મ પ્રત્યેનો અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ગુમાવ્યો આ જોઈ મારા દીલને તો અતી દુઃખ થાય છે.

તમારી સમજ ફેર છે ધર્મ તરફની કે ઇશ્વર તરફની મારા-મારી જરા પણ લાગણી ઓછી થઈજ નથી અને થવાની નથી હું જે વાત કરૂં છું તે તો ધર્મને નામે ઢોંગ મચાવનારાઓને માટે છે એવા પાખંડીઓ તરફ તો તમે ગમે તેટલું સમજાવશો તોપણ મને શ્રદ્ધા ચોંટવાની જ નથી.

ભગતજી આપણા બંન્નેના સ્વભાવમાં આતો મોટો મતભેદ જાગ્યો. આપણો સંગ સદાને માટે નભશે કે કેમ ? આમાંથી આપણને અરસ પરસનું દુઃખનું કારણ ઉભું થયું.

આપણો અરસપરસનો સંબંધ સાથે રહીને નીભાવવો કે ન નીભાવવો એ તમારી મરજીની બાબત છે. આપણે બંને હવે તો વીરક્ત દશામાં છીએ મારા સંગથી તમારૂં દીલ દુભાતું હોય તો તમે તમારે રસ્તે હું મારે રસ્તે તમારૂં દીલ દુઃખાય તેમ વર્તવા હું ખુશી નથી. આપણે જુદા રહીએ કે સાથે રહીએં જ્યાં રહીએં ત્યાં આપણે તો ઈશ્વરનું ભજન જ કરવું છે નાં ? તો પછી અરસ પરસ કચવાટ ઉભો થાય એવું મારે શા માટે કરવું જોઈએં.

તમારા તરફ મને તો જરા પણ અણગમો નથી તમારા જેવાં ધર્મ પરાયણ અને પરમાત્મા તરફ અનન્ય પ્રેમ રાખનાર સાથે મારો વહેવારીક સંબંધ થયો અને આટલો વખત આપણે સુખરૂપ અને શાંન્તિ રૂપ એક બીજાના સહવાસમાં રહ્યાં એમાં તો હું મારા જીવનને ધન્ય સમજું છું તમારા માટે મને ઘણો સંતોષ છે તમારા પ્રત્યે મને માન અને પ્રેમ છે અને સદાને માટે રહેશે. ભક્તિના વીકટ પંથમાં આપણને એક બીજાના જુદા જુદા સ્વભાવને લીધે મતભેદ ઉભો થાય

અને અરસપરસ વગર કારણે મનદુઃખ થાય તે કરતાં જુદું જુદું વીચરવું એ વધારે ઇચ્છવા યોગ્ય છે હું જ્યાં હશે ત્યાં ઇશ્વિર સ્મરણની સાથે તમારા સદ્દગુણોનું સ્મરણ કર્યા કરીશ.

ભગતજી ? વહેવાર પક્ષે તમો મારા પતી છો મારા વર્તનથી કોઈ પણ પ્રકારે તમારૂં દીલ દુઃખાય તો હું જરૂર પાપની ભાગીદાર બનું. પતી સેવા એજ ખરી પ્રભુ સેવા છે એ સીદ્ધાંત આપણે ત્યાગી બન્યા છતાં મારા રૂદયમાંથી દુર થયો નથી એટલે મન વાણી અને કર્મે કરી તમોને અશાન્તિ પમાડવા ઇચ્છતી નથી, છતાં એમ તો મારે કહેવું પડે છે કે જેણે પ્રભુનું બાનું ધર્યું છે એવા સાધુ સંતોની નીંદા થાય એતો મને જરા પણ ન ગમે એવી નીંદા થાય તે હું સાંભળવા પણ ખુશી નહી ભગતજી ?

છેવટમાં હું કહી દઉં છું કે જો સાથે રહી ઇશ્વિર ભજન કરતાં કરતાં બંન્નેએ સાથે રહીને જીવન પુરૂં કર્યું હોત તો મારા દીલને બહુ આનંદ થાય પણ તમો હવે જુદા વીચરવાની ઇચ્છા જણાવો છો તો મારો ઉપાય નથી પણ ભગતજી યાદ રાખજો કે જ્યાં જશો ત્યાં ડગલે ડગલે શંશય વાળો સ્વભાવ જો રાખશો તો કયાંય ઠેકાણે ન પડો.

એતો હવે જે થાય તે ખરૂં. મને ઇશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા છે એને ભરોસે રહી એને શરણે રહીને હું મારા આત્મ કલ્યાણ માટેના પંથ કાપીશ. મારો અંતરાત્મા સાક્ષી આપે છે કે મને પરમકૃપાળુ પરમાત્મા સહાય કરશે જ લ્યો સતી ? જય સીતારામ. મારા કઠોર વચનથી તમારૂં કંઈ દીલ દુભાયું હોય તો દરગુજર કરશો.

જય સીતા રામ ભગતજી ? ભગતજી વહેવાર પક્ષે તમે મારા સ્વામી છો તો મારે તમારી પાસે ક્ષમા માગવી જોઈએ માટે હું

મારાથી બોલવામાં કે વર્તનમાં કંઇ અવીવેક થયો હોય તેને માટે હું ક્ષમા માગું છું.

રામબાઈ માતાજી ઉભાં થઈને ભગતજીના ચર્ણોમાં પડયાં અને ચર્ણોને હાથે સ્પર્શ કરી બંન્ને આંખોએ હાથ અડાડયા.

રામબાઇ માતાજીનું રૂદય તો અતી પ્રેમાળ તેમજ કોમળ હોવાથી આંખોમાંથી અશ્રુ ધારા ચાલો ભગતજી હાથ પકડી ઉભાં કરે છે.

સતી ? ખેદ કરવાનું કારણ નથી તમે મારાં દુશ્મન તો નથી નાં ? આપણા સ્વભાવ ન ભળ્યા તો સૌ સૌને રસ્તે એમાં દુઃખ શા માટે લગાડવું આ તો પંખીનો મેળો છે રાતવાસો સાથે રહે અને પ્રભાતે સૌ સૌને રસ્તે પડે તેમ આપણું પણ આજ પર્યંત સાથે રહી આનંદ લીધો હવે જુદાઈ ભોગવવાનું આપણું માટે નીર્માણ થયેલ હશે તો એ જુદાઈના પ્રસંગને પણ આનંદથી નીભાવી લેવો.

ભગતજી ? કોઇ કોઈ વાર દર્શન દેતા રહેજો આપણા દેહ જુદા જુદા છે પણ આત્મા તો એક જ છે તો એ આત્મભાવે પણ કોઈ કોઇ વખત સંભાળ લેજો.

રામમાતા વધુ બોલી ન શકયાં. કંઠ રૂંધાયો આંખમાંથી અશ્રુ-ધારા ચાલી. ભગતજી તો ચાલતા થયા. ભગતજીને જોયા ત્યાં સુધી હાથ જોડી ઉભાં રહ્યાં છેવટનું વંદન કરી ઘરમાં આવ્યાં. આખો દીવસ અશાન્તિમાં વીતાવ્યો મનને બહુ ખેદ થવા લાગ્યો. મનને કહેવા લાગ્યાં કે અહો પ્રભુ ? અમો બંન્ને જાત્રા કરી આવ્યાં સાધુ સંતોનાં દર્શન કરી આવ્યાં એ સતકાર્યનું મને આ ફળ ?

ગમે તેમ પણ મારા પુર્વાશ્રમના પતિ આજે હું જ્ઞાન દ્રષ્ટીએ કરી આજનો પ્રસંગ ભુલી જઇરા સંબંધ ભુલી જવાથી મારા દીલને શાન્તિતો નથીજ. ભગતજીની જુદાઇથી મારૂં ચીત વ્યગ્ર બન્યું છે મારા

ભજનમાં પણ ભંગ પડયો છે. સંસારની કોઈ પણ વસ્તુમાં મને તૃષ્ણા નહી હોવા છતાં તેમજ સંસારના સગા સ્નેહીઓ અને સબંધીઓમાં લેશ પણ વાશના નહી હોવા છતાં તેમજ સંસારના કોઈ પણ પ્રાણી પદાર્થ પ્રત્યે રાગ દ્વેષ નહી હોવા છતાં આજે ભગતજીની જુદાઈથી મારા દીલને કેટલો આઘાત થાય છે. સાંસારીક પ્રેમ કેટલો દુઃખદાયક છે માટે આ સર્વ ભુલી જવું જોઈએ કોણ કોનું છે ભગતજી પ્રત્યે મારો જે નીરદોષ પ્રેમ છે એ પણ મારે દુર કરવોજ જોઈએ આ પ્રેમ પણ મને જરૂર બંધનકારક બનશે. હે પ્રભુ ! તારે શરણે છું એમ કહી રામગુરૂ ઈશ્વર ભજનમાં જોડાયાં.

નખો ભગત દેશ દેશાવરમાં ફરવા લાગ્યા વીશેશ કરીને સોરઠ વીભાગના ગામડામાં રહી જીવન પુરૂં કર્યું. નખા ભગત સંબંધી વીશેશ હકીકત મળી શકી નથી.

શ્રી રામબાઈ માતાજી ફરતાં ફરતાં પોરબંદર તાબે પોરબંદર રાજ્યની જુની રાજ્યધાની છાયા ગામે આવ્યાં છ માસ રહ્યાં ત્યાં રહી પોતાના જ્ઞાનનો અનેક ભાવીક જનોને લાભ આપ્યો ત્યાંથી પોરબંદર તાબે ખીસ્રી ગામે આવ્યાં ખીસ્રી ગામમાં મહેર ભગત આજા માલદે ભક્તિભાવવાળા તેમજ શ્રી રામબાઇ માતાજી તરફ પુજ્ય ભાવ રાખનાર હતા. તેમણે રામબાઈ માતાજીને આગ્રહ કરી રોકયાં ત્યાં પણ શ્રદ્ધાળુજનો સતસંગનો લાભ લેવા લાગ્યાં પોરબંદર તાબે કાટવાણા ગામના સાંગણ ભક્ત રામમાતાને પોતાને ત્યાં અવારનવાર તેડી જતા ત્યાંથી શ્રી રામબાઇ માતા નાગકા ગામે આવ્યાં ત્યાં મહેર દેવા હમીરને ત્યાં રહ્યાં.

શ્રી રામમાતાનું દીલ વીરક્ત દશાને પ્રાપ્ત થયું હતું. સંસારમાં કોઈ પણ પ્રકારની વાષના હતી નહી.

વીવેક અને વૈરાગ્ય વડે રાગદ્વેષની બેડીઓને ત્રોડી ત્યાગની પરાકાષ્ટાએં પહોંચ્યા હતાં. તેઓશ્રીને ગામમાં રહેવું પણ ગમતું નહીં તેમના દર્શન માટે માણસો બહુ આવજાવ કરે તે તેમને બહુ ગમતું નહી છતાં ભક્તિભાવ વાળાં શ્રદ્ધાળુ જનો આવે તો તેને ન આવવું. એમ પણ કહી શકતાં નહી.

આવી સ્થીતી હોવાથી તેઓ શ્રી દેવા હમીરની વાડીએ રહેવા લાગ્યાં ત્યાં નીરણુનો ( ઘાંસનો ) ઓધો કરી ( બેસી શકાય તથા સુઇ શકાય તેટલી જગ્યા રાખી તેટલી જગ્યાને નીરણના પુળાથી ઢાંકી તડકો કે બહુ પવન ન આવે તેમાં પુળા બાંધી લેવા તે ) તેમાં બેસી ઇશ્વિર ભજન કરતાં. અસાર સંસારના આશા તૃષ્ણાનાં તાંતણા તો કપાએલા જ હતા, એટલે શ્રી પ્રભુ ભજનમાં તલ્લીન રહેતાં. સમાધી અવસ્થામાં પોતાના દેહનું પણ ભાન ભુલાતું પરમાત્મા પ્રત્યેનું એકજ ધ્યાન અને એકજ લગની હતી ભજનમાંથી જ્યારે ઉઠે ત્યારે દેહ નિર્વાહ માટે ત્યાં જે આવ્યું હોય તે ખાઈ લેતા સ્વાદીષ્ટ વસ્તુનો તો માતાજીએં ત્યાગ કરેલો હતો વિશેશ ભાગે બાજરાનો રોટલો અને છાશનો ઉપયોગ કરતાં હતાં માતાજીને જીવવાનો કંઈ મોહ નહોતો તેમજ મરવાની કંઈ ફિકર નહોતી એમની દ્રષ્ટિમાં જીવન અને મરણ સમાન હતાં.

એક ઠેકાણે કહેલ છે કે—

નહિરે જીવન કેરી આશ નહી કંઈ મરતેકા ધોખા.

એ પ્રમાણે રામ માતાજીની સ્થીતી હતી તેમણે પોતાના જીવનમાં અવીચળ શાંતિ અને અચળ સુખનો અનુભવ લીધો હતો જ્યારે જોઈએ ત્યારે તેમના મુખાર્વિંદ પર આનંદનીજ છાંયા છવાઈરહેતી જોવામાં આવતી.

માયાના બંધનમાં બંધાએલ જીવને સૂખ મેળવવાની ઇચ્છા છે સુખ મેળવવા માટે જ્યાં ત્યાં વલખાં મારે છે પણ જે સ્થળે સાચું અને અચળ સુખ છે તે રસ્તે ચાલવા ઇચ્છા થતી નથી અને જે સ્થળેથી સુખ મળે, તેમ નથી અને દુઃખ દુઃખ અને દુઃખથી જ ઘેરાયેલા રહે છે છતાં અજ્ઞાનપણામાં એ દુઃખમાં પણ સુખની કલ્પના કરી દુઃખદ અને કલેશમય જીવન વીતાવતા છતાં પણ અનેક પ્રકારના કડવા અનુભવો મળવા છતાં પણ સાચું સુખ અને અવિચળ શાંતિ મેળવવા માટે સુખદ માર્ગે ચાલવાની ઇચ્છા કરતા નથી

સંસારમાં રહેપી મમતાનો જ્યાં સુધી સમજણપૂર્વક ત્યાગ ન થાય ત્યાં સુધી શાંતિ મળવાનીજ નથી એમ મહાપુરૂષો પોકારી પોકારી કહે છે છતાં અજ્ઞાનરૂપી ઘોર નિંદ્રામાં સુતેલા પામર જીવો લેશ પણ ધ્યાનમાં લેતા નથી અને સંસારના ક્ષણીક વૈભવમાં રચી પચી પોતાનું જીવન અવનતીના માર્ગે ચાલવામાંજ પુરૂં કરે છે સંસારના વૈભવો ભોગવવામાં જો જરૂં સુખ મળતું હોય તો એવા વૈભવો રાજા મહારાજા અને ધનાઢ્ય ભોગવી રહ્યા છે એમના મેડી મહોલાતો બાગ બગીચા અને વૈભવ ભોગવવાની દરેક સામગ્રીજ જો સુખ આપનારી હોય તો એવી સામગ્રી પ્રાપ્ત થયા પછી એ રાજા મહારાજા અને ધનાઢ્યોનાં જીવન તપાસી જુઓ એમને પૂછી જુઓ કે તમારા જીવન કેવાં શાંતિમય અને સુખરૂપ વીતાવી રહ્યા છો. જવાબ મળશે કે અરે ભાઈ? અમોને તો ક્ષણભર પણ શાંતિ કે સુખ નથી અમારા કરતાં તો ગરીબ અને મજુર લોકો વધારે શાંતિ લઈ સકતાં હશે અમે તો અહોનીશ ત્રિવિધ તાપથી તપેલાજ રહીએ છીએ આવું ઉપાધિમય જીવન હોવા છતાં આવા સંજોગોમાં અમે પરાણે આનંદ માની લઈએં છીએં. વાસ્તવિક આનંદનો તો અમને સ્વપ્ને પણ અનુભવ થતો નથી.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય તેમ છે કે જો વઇભવ ભોગવવાનાં

સાધનો જ જો સુખ આપનારાં હોય તો તે સાધનો જેને પ્રાપ્ત થાય છે તે પણ આનંદનો અનુભવ લઈ શકતા નથી એટલે એ મેડી મહેલાતો વાડી બંગલા પણ ખરી શાંતિ આપનારા તો નથીજ એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ત્યાગી અને સંતોષી બની નિઃસ્પૃતાપણે જીવન વિતાવવામાં જ ખરી શાંતિ અને ખરૂં સુખ મળી શકે તેમ છે એક ઠેકાણે રામાયણમાં લખેલ છે કે—

કર્મ બચન મન છાંડી છલ,
જબ લગિ જન ન તુમ્હાર.
તબ લગ સુખ સપનેહુ નહિ,
કિયે કોટી ઉપાય.

અર્થ—મન વચન અને કર્મથી સર્વ કપટને છોડી દઈ મનુષ્ય જ્યાં સધી પરમાત્માનો ખરો ભક્ત થતો નથી ત્યાં સુધી શાંતિ મેળવવા માટે ભલે કરોડો ઉપાય કરે પણ શાંતિ તો મળવાની જ નથી.

શ્રી રામગુરૂ મન વચન અને કર્મે કરી નિર્મળ બન્યાં હતાં પરમાત્માની ભકિતનો રંગ દીન પ્રતિદિન તેજસ્વી બનતો જતો હતો એમના દર્શન નિમિતે શ્રદ્ધાળુજનો આવ્યા કરતાં કાટવાણા દરબાર કાળુભા તથા તેમના ધર્મપત્ની રામબાની પણ માતાજી પર બહુ શ્રદ્ધા હતી એટલે તે પણ સતસંગનો લાભ લેતાં ખાંભોદરના મેરાણી બાઈ રાજીભાઈ ભકિતભાવવાળા હોવાથી તે પણ શ્રી રામગુરૂને પોતાને ઘરે ખાંભોદર તેડી જતા અને ત્યાં પણ માતાજી રહેતા રાજીબાઈના પુત્ર જેમણે સંસાર ત્યાગ કર્યો હતો અને તેઓ હાલ કોમલદાસજીના નામથી ઓળખાય છે તે પણ માતાજીના શિષ્ય બન્યા.

વીસાવાડા ગામમાં મહેર કાના ભગતના નામથી ઓળખાતા તે

કાના ભગત ગ્રહસ્થાશ્રમ ભોગવતા હતા તેમને બે સંતાન થયા બાદ શ્રી રામગુરૂ શ્રીના સતસંગને પ્રભાવે સંસારની અસારતા સમજાતાં સંસાર છોડી શ્રી રામગુરૂના શિષ્ય બન્યા અને શ્રી કલ્યાણુદાસજી નામ ધારણ કર્યું અને માતાજીની સાથે રહેવા લાગ્યા.

શ્રી રામગુરૂ નાગકા ગામે રહેતાં હતાં ત્યારે દેવા હમીરની વાડીએંજ રહી ઈશ્વિર ભજન કરતાં હતાં પણ ત્યાં દેવા પટેલને એમ લાગ્યું કે વરસાદની રૂતુમાં માતાજી ઘણું કષ્ટ સહન કરે છે એટલે માતાજીને બહુ આજીજી કરી એક ઓરડો વાડીએં બંધાવવા માટે રજા મેળવી માતાજીએં કહ્યું કે મને તો આ નીરણના ઓઘામાં પણ આનંદ છે. જ્યાં ત્યાં ને જીવન પૂરું કરવું છે નાં ? મારે મન તો મહેલ અને ઝૂંપડી બન્ને સરખાંજ છે છતાં તારી ઈચ્છા હોય તો એક નાની ઓરડી થોડે ખરચે કરી લે કારણકે અમારૂં સાધુનું કંઈ ઠેકાણું નહિ બે દીવસ આંહી, તો બે દીવસ વળી બીજે સ્થળે ચાલ્યા જાઈએં માટે મારા માટે ઓરડાનો ખર્ચ કરવા જરૂરનો નથી છતાં તારો અતિ આગ્રહ છે તો મારી ના નથી.

ખીસ્રી ગામેથી પણ માતાજી પ્રત્યે પૂજ્યભાવ રાખનારા ભાવિક ભકતો ખીસ્રી તેડી જતાં ખીસ્રીમાં મુળવાસ સાધુના ગુરૂ નરભેદાસ હતા ત્યાં પણ સતસંગ થતો મુળદાસના વંશમાં તેના પુત્રો શ્યામદાસ અને શીવદાસ તથા પુત્રી મીરાંબાઈ છે તેઓ માર્ગી સંપ્રદાયનાં પણ છે.

અડવાણા ગામે જીવંત શેઠ લુહાણા ગૃહસ્થ રહેતા તેમને શ્રી રામગુરૂ પ્રત્યે બહુજ પૂજ્યભાવ તેથી શ્રી રામગુરૂ અડવાણા ગામે પણ વિશેષ કરી રહેવા લાગ્યાં.

જામનગર તાબે ખંભાળીયાના રહીશ આત્મારામજી, ભાણુ સાહેબ

તથા ખીમ સાહેબ વિગેરે સંતોની માતાજી તરફ અતિ સ્નેહભરેલી લાગણી હતી.

આંહી તે વખતે અડવાણા સ્કૂલમાં માસ્તરની જગ્યા ઉપર આ લેખકના સદ્દગુરૂ સંત શિરોમણિ મહાત્મા શ્રી નથુરામ શર્મા તે વખતે હતા સ્કુલની નોકરીમાંથી પરવાર્યા બાદ શ્રી રામગુરૂ સાથે સતસંગ માં બહુ રહેતા તે વખતે શ્રી રામગુરૂ તરફ તેઓશ્રીનો પૂજ્યભાવ બહુ હતો શ્રી રામગુરૂના સંસર્ગથી પૂજ્યપાદ મહાત્મા શ્રી આત્મકલ્યાણને માર્ગે દીનપ્રતિદીન વધવા લાગ્યા.

આ વખતે દેગામના રહેવાશી શેઠ ખેરાજભાઈ પણ બહુ આવતા અને શ્રી રામગુરૂંના સંસર્ગમાં આવતા સતસંગનો લાભ લેતા અને પોતાના દેગામ ગામે પણ શ્રી રામગુરૂને તેડી જતા.

અડવાણા ગામમાં દેવીદાસજી નામના સંત હતા તે રામાનંદી સંપ્રદાયના હતા દેવીદાસના શિષ્ય આત્મારામજી ઇશ્વર ભજનમાં (ધ્યાનમાં) બહુ બેસતા.

વીસાવાડાના સંતશ્રી કલ્યાણદાસજી શીગડાના રહીશ શ્રી રાઘવદાસજી તથા ખાભોદર ગામના (લુહાણા જ્ઞાતિમા જન્મેલ) સત શ્રી પ્રેમદાસજી સંતદાસજી શ્રી રવીદાસજી તથા રાવલના રહીશ (લુહાણા જ્ઞાતિમાં જન્મેલા) શ્રી દેવાદાસજી એ માતાજીના મુખ્ય શીષ્ય હતા.

શ્રી રામગુરૂ બગવદર પધારતાં ત્યારે સંત શ્રી પ્રેમદાસજી તેમની પ્રેમભાવે શેવા કરતા શ્રી રામગુરૂ બગવદર ગામ ભાઇશ્રી લક્ષ્મણ નાગાજણને ત્યાં રહેતા શ્રી હંસદાસજી કુંભાર જ્ઞાતિમાં જન્મેલ હતા અને જીવાભગતના નામથી ઓળખાતા સાધુ સંત પ્રત્યે જીવા ભગતનો પ્રેમ બહુ અને સાધુ સંત જીવા ભગતનું નામ પૂછી આવતા જીવા ભગત સાધુ સંતની બહુ પ્રેમથી શેવા કરતા હતા શ્રી રામ-

ગુરૂભાઈ લક્ષ્મણ નાગાજણને ત્યાં રહેતાં તેમના પાંચ દીકરા તથા નાગાજણના ધર્મપત્ની રાણીબાઇ શ્રી રામગુરૂ બહુ પ્રેમથી શેવા કરતાં હતાં જીવા ભગતને ત્યાં (શ્રી હંસદાસજીને ત્યાં) શ્રી રામગુરૂ વિશ વરસ સુધી અવારનવાર આવ્યા કરતાં. જીવા ભગતે સંસારનો ત્યાગ કર્યા બાદ ત્યાગી બન્યા ત્યારે બરડિયા ગામે રહેતા તેમના શિષ્ય બરડિયાનાં રહીશ મેરાણી બાઇએ સંસાર છોડયા બાદ રૂપદાસ નામ ધારણ કર્યું.

નાની અવસ્થામાં સંસારની અસારતા જોવામાં આવી સગા સંબંધી કુટુંબ કબીલામાંથી મમતા દૂર કરી ઇશ્વિર ભજનમાં રહેવા લાગ્યાં બરડિયા ગામને પાદર રહેવા આશ્રમ બંધાવ્યું અને સંત શ્રી હંસદાસજી તથા પ્રેમદાસજીના શિષ્ય શ્રી રૂપદાસજી ત્યાં રહી ઇશ્વિર ભજનમાં દીવસ ગુજારવા લાગ્યા આ આશ્રમમાં સંતશ્રી પ્રેમદાસજીની સમાધિ છે અને મંદિર બંધાવેલું છે તેમાં સંતશ્રી પ્રેમદાસજીનાં પગલાનું નિત્ય પૂજન થાય છે સંતશ્રી દેવીદાસજી દેગામ આવી રહ્યા અને શેઠ ઓધવજી મોનજીએ રહેવા માટે જગ્યા બંધાવી આપી.

સંત શ્રી રૂપદાસના પૂર્વાશ્રમના પીતા ભાયાભગત તથા તેમના પૂર્વાશ્રમના માતા ધાનીબાઈ બંને ધણીધણીયાણી સંસારમાં રહેવા છતાં નીતીથી ચાલી ઇશ્વર ભજનમાં દીવસ ગુજારતા અને આવ્યા ગીયા સાધુ સંતોની યથાશક્તી શેવા કરતા ભાયા ભગતના પુત્રો પણ શ્રી રૂપદાસ સાહેબના આશ્રમમાં આવનારાઓનું પ્રેમથી યથાશક્તી શનમાન કરે છે શેવા કરે છે શ્રી રૂપદાસ સાહેબ માતાજી રામ ગુરૂને પગલે ચાલી ધર્મ પરાયણ બનીને પોતાનું જીવન ઇશ્વિર ભજનમાંજ પુરૂ કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

શ્રી રામ ગુરૂ મોટે ભાગે દેગામ ગામે ઓધવજી શેઠના ધર્મ પત્ની મોતીબાઈની લાગણીને વશ થઈ દેગામ રહેવા લાગ્યાં પચીશેક

વરસ દેગામમાં રહ્યાં. મોનજી શેઠ રૂનો વેપાર કરતા હતા મુંબઈ એક વખત રૂ મોકલાવેલ અને જે વખારમાં રૂ ભરેલું તેને આગ લાગી અને મોનજી શેઠ ઉપર તાર આવ્યો કે જે વખારમાં કેટલાક વેપારીઓનાં રૂ ભર્યાં છે. જેમાં તમારૂં પણ છે તે વખારને આગ લાગી છે રૂ બધું બળી ગયું હશે એમ ધારી મોનજી શેઠ બહુ ફીકર કરવા લાગ્યા. ત્યારે તે વખતે શ્રી રામગુરૂના રૂદયમાંથી ઉદગારો સ્વભાવીક રીતે નીકળી ગયા કે મોનજી શેઠ તમે ફીકર કરો નહી તમારૂં રૂ બળશે નહી. થોડા સમયમાં તો તાર આવ્યો કે મોનજી શેઠનું રૂ સલામત છે શ્રી રામ ગુરૂના આશીર્વાદથી મારૂં રૂ સલામત રહ્યું અને નુકશાનીમાંથી બચ્યો એ બધો શ્રી રામગુરૂનો પ્રતાપ છે એમ માની દીન પ્રતીદીન શ્રી રામગુરૂ પ્રત્યે વધારે શ્રદ્ધા ચોટવા લાગી. શ્રી રામગુરૂનાં ત્યાગ તપસ્યા તેમજ વૈરાગ્યમાં પણ જરાપણ ન્યુનતા નહોતી એમનું ઉંચ્ચ ચારીત્ર એમની પ્રભુ ભજનની લગની એ બધું જોતા આ જમાનામાં એવાં ત્યાગી સંતો તો ભાગ્યેજ જોવામાં આવે.

અમારા પરમ પુજ્ય સદગુરૂ શ્રી નથુરામ મહારાજ શ્રી જ્યારે યાત્રાના સ્થળોમાં બહુ ફર્યાં અને ત્યાંથી આવ્યા બાદ એમના મુખાર્વીંદમાંથી પરમ પુજ્ય શ્રી રામગુરૂ શ્રી માટે તથા પુજ્યશ્રી કલ્યાણદાસ બાપુ માટે નીચે પ્રમાણે ઉદગારો નીકળ્યા.

શ્રી રામબાઈ તથા શ્રી કલ્યાણદાસજી જેવા સાધુ તો કયાંય મારા દેખવામાં આવ્યાં નથી ધન્ય છે એ સાધુઓના પ્રેમને—શ્રી નાથ ચરિત્ર પુસ્તક પૃષ્ટ ૩૬.

પુજ્યપાદ મહાત્મા શ્રી નથુરામ શર્મા જ્યારે સંવત ૧૯૪૭ના રોજ દ્વારકાં જાત્રાએ જવા પધારેલા ત્યારે મહા સુદ ૭ના રોજ દેગામે શ્રી રામગુરૂને ત્યાં જમવાને રોકાયેલા હતા.

પુજ્યપાદ મહારાજશ્રીનાં શ્રી બીલખા તથા પોરબંદરમાં આશ્રમો

છે તે બંન્ને આશ્રમમાં જ્યારે જ્યારે પુજ્યપાદ મહારાજશ્રી પધારતા ત્યારે ત્યારે શ્રી રામગુરૂ માટે તથા શ્રી કલ્યાણદાસજી બાપુ માટે ઇશ્વર ભજન માટે જુદા જુદા ઓરડા આપતા પોરબંદરના આશ્રમમાં હજુ પણ એ ઓરડો માતાજીનો ઓરડો એ નામે ઓળખાય છે રા. રા. વકીલ ગોવીંદજી ડાહ્યાભાઈના ધર્મપત્ની મોંઘીબાઈનો શ્રી રામગુરૂ પર બહુ પ્રેમ હતો તેમ શ્રદ્ધા પણ બહુ હતી પોરબંદરના વકીલ શ્રીમાન ગોવીંદજી ડાહ્યાભાઇ પુજ્યપાદ ગુરૂમહારાજના શીષ્ય એટલે પુજ્યપાદ મહારાજ શ્રી જ્યારે જ્યારે તેઓ ઉપર પત્ર લખે ત્યારે ત્યારે શ્રી રામગુરૂ ને તથા શ્રી કલ્યાણદાસજી એ બંને સંતોને તો યાદ કર્યા વીના રહેજ નહી એઓશ્રીના કેટલાક પત્રમાંથી એક પત્રની નકલ લખવામાં આવી છે.

પુજ્યપાદ મહાત્મા શ્રી નથુરામ શર્મા શ્રી રામગુરૂને માતાજી કહીને બોલાવતા હતા તે નીચેનો પત્ર વાંચવાથી જણાશે.

શ્રી જીર્ણ દુર્ગ પોષ વદ ૯ બુધ

પ્રીય ગોવીંદવર્મા,

સ્વ દોષોમાંથી જેટલા દોષો સમજાય તે દોષોને ક્રમાત તજી દેવા યત્ન કરશો બાહ્ય વહેવારમાં સમવૃત્તી શેવવાનો દઢ આગ્રહ રાખશો. શ્રીમતી માતાજીને જયસચ્ચિદાનંદ કહેશો તથા શ્રી કલ્યાણદાસજીને આશીર્વાદ સાથે જણાવશો કે મોટા ટાઈપનો વીચાર સાગર છપાય છે.

બરડીયાના સાધુશ્રી હંસદાસજીના ગુરૂ પ્રેમદાસજી અને પ્રેમદાસજીના ગુરૂ શ્રી રામગુરૂ.

શ્રી રામગુરૂની સ્તુતિ એ નામનું નાનકડું પુસ્તક શ્રી હંસદાસજી તરફથી છપાવી પ્રસીદ્ધ કરેલ છે તેમાં પહેલા પાનામાં નીચે પ્રમાણે સાખી છે.

રામગુરૂ પ્રેમગુરૂ સમર્થ હમારા
સાધુ હંસદાજી દાસ તમારા

શા. ૧૯૯૨ની સાલમાં.

શ્રી રામગુરૂની સ્તુતિ રૂપે ૧૯ પદ બનાવેલાં છે તેમાં છેલ્લો દોહરો આંહી લખેલ છે.

રામગુરૂ સ્તુતી રચી કરી મનમાં થયો હુલ્લાસ
પ્રીત થકી જે સાંભળે સ્વરગે થાયે વાસ

શ્રી રામગુરૂશ્રીની સ્તુતિમાંથી બે પદ આંહી લખવામાં આવ્યાં છે.

કબીર અને ગુરૂ એક કરી જાણું દુજો રે ભાવ હું કબીર નહી આણું
સાહેબ કબીર એ તો કાશી રહેવાશી રામગુરૂ અબ ભયે દેગામવાસી
સાહેબ કબીર જીવ તારણ તન ધારા રામગુરૂ એહી કારણ અવતારા
સાહેબ કબીર બોધ સબકુંહી દીના રામગુરૂ દીક્ષા પરખ કેરે દીના
સાહેબ કબીર ગયે લોક મોજાર રામગુરૂ અબે પ્રગટે સંસારા
સદ્દગુરૂ રૂદયે મેરે વસ્યા જબ પ્રેમે રે મહીમા મેનેં સબ ગાયા

---

જબરે દેખું તમ ગુરૂ ધ્યાન ધારીરે અખંડ આનંદ અમીરસ અહારીરે
પરથમ વીચાર ગુરૂ કરે દીક્ષ આપે તેનું નીશ્ચયે કરીને નીવારીરે
શુદ્ધ સકલ્પ જ્યારે ચીતમાંથી ઉઠે તેની તરત કરે તૈયારીરે
દયાનીધી સદ્દગુરૂ દુઃખ નીવારણ દાસ હંસંનકા હીતકારીરે
આંહીથી ઉડી સુરતા ચલી સતલોકે નીજ ઘર લીધાં સંભાળીરે
આઠેરે પહોર વરતી ધ્યાનસ્થવાસા તેની તનડામાં લાગી તાળીરે
પ્રેમ થકી ગુરૂ મહીમા ગાયા રામગુરૂ રૂદયે રેજો સમાઈરે

---

પુજ્ય શ્રી રામગુરૂનો તથા શ્રી કલ્યાણદાસજી બાપુનો આત્મા બ્રહ્મસ્વરૂપમાં મળી ગયા બાદ તેમનાં સમાધી સ્થાન દેગામ ગામે શેડ

મોનજી ભાઈએ ગામના પાદરમાંજ સ્મરણુ મંદીર બંધાવ્યાં છે બંને ડહેરીઓ અડોઅડ બાજુમાંજ છે આજે શ્રી રામગુરૂ નથી તેમ કલ્યાણુદાસજી બાપુ નથી પણુ બંનેની અનન્ય ભક્તિભાવને પ્રભાવે આજે પણુ એ સમાધી સ્થાનની પુજા થાય છે નીવેદ ધરાય છે માનતા થાય છે દર્શને આવવારાં દર્શન કરી કૃતાર્થ બને છે મોનજી શેઠે શ્રી રામગુરૂના સ્મરણાર્થે ખાંભોદર અને તેનું મજીવાણા વચ્ચે એ વાવ બંધાવી છે અને તેનું નામ રામવાવ રાખવામાં આવ્યું છે આંહી થોડી જમીન બ્રાહ્મણોને અપાગી છે અને પાણીનો અવેડો ચાલુ રાખેલ છે અને સાધુ સંતોને સદાવ્રત પણુ અપાય છે મહેર જ્ઞાતિમાંથી આવાં અનેક મહેર ભગવાનના પરમ ભક્ત બની જીવનથી સાર્થકતા કરી ગયેલા છે જેઓના નામ મહેર જવાંમર્દ ભાગ ત્રીજામાં આવશે.

શા. ૧૯૯૯ના શ્રાવણુ વદ ૮ સોમવાર

શ્રીનાથ ચરિતામૃત નામના પુસ્તકમાં પૃષ્ટ ૩૬માં નીચે મુજબ શ્રી રામગુરૂના તથા શ્રી કલ્યાણુવાસજી બાપુ માટે લખેલું છે.

પૂજ્ય રામબાઇ માતાજી તથા તેમના શિષ્ય કલ્યાણુદાસજીની બાબતમાં નીચે મુજબ હકીકત છે.

શ્રી રામબાઇ માતાજીએ સારૂં જ્ઞાન પ્રાપ્ત કરેલું હતું તેમના સતસંગથી શ્રી નાથને (શ્રી નથુરામશર્માજી) અધ્યાત્મા વિદ્યાના શોધમાં સારી સહાય મળી હતી શ્રી રામગુરૂની જ્ઞાન નીષ્ઠા તથા સાધુતા માટે મહાત્મા શ્રી નથુરામ શર્મા પોતાના મીત્ર પાસે સ્તુતી કરતા અને કહેતા કે તે સાધ્વી શ્રી રામબાઇ ઘણા પવીત્ર શાંન્ત સ્વભાવના અને અહોરાત્ર ઇશ્વર પરાયણુ રહેતા મીરાંબાઇના જેમ ગ્રહસ્થાશ્રમનો ત્યાગ કરી નાની અવસ્થામાં પ્રભુપરાયણુ થયાં હતાં

આખી જીંદગી તેમણે એવી રીતે વીતાવી છે તે જાતનાં મહેર હતાં પણ ઈશ્વિર ભજનમાં લીન થઇ ગયા હતાં મહા પવીત્ર હતાં ઘણાં મહેર મહેરાણીઓ આદિને બોધ આપી સુધાર્યાં હતાં તેમના શીષ્યમાં કલ્યાણદાસજી મુખ્ય હતા અને તે તેમની સાથેજ રહેતા મહાત્મા શ્રી નથુરામ શર્માજીનો તે બંને સંતો પર બહુ પ્રેમ હતો તેથી જ્યારે જ્યારે મહારાજ શ્રી પોરબંદર પધારતા ત્યારે બંને સંતોને તેડાવતા.

## ભડદાસાની આ કથા લખી છે.

દાસાએ મુળ વાઢેર શાખના છે ભડ એટલે બહાદુર એમણે બહાદૂરીનાં કામ કરેલ તેથી ભડદાસાના નામથી સૌ ઓળખતા હતા.

રાઠોડ વંશમાં શિવજી નામના મહાન પરાક્રમી રાજવી થઈ ગયા તેમને ત્રણ પુત્રો હતા અશ્વસ્યામા સોનીંગ અને અજમલ છેલ્લા પુત્ર અજમલે સૌરાષ્ટ્રના કીનારા સુધી તલવાર ચલાવી રાજ્ય મેળવ્યું હતું એ વખતમાં વીકમસી રાજ્ય કરતા હતા અજમલે તેને મારીને રાજ્ય લઈ લીધું અને ત્યારથી વાઢેર (વાઢેલ) કહેવાણા અને તેમાં-થીજ વાઘેલા કહેવાણા હશે.

અજમલના વંશમાં આંશરે નવસો વરસ પહેલાં સાંગણ વાઢેર (ભડદાશો) થયા તેના દાદાનું નામ છત્ર સાલ હતું.

ગાયકવાડ સરકારના તાબાનું ગામ આરંભડામાં તેઓ રહેતા હતા તેઓ પરમાત્માના પરમ ભક્ત હતા તે શ્રી દ્વારકાંનાથજીના દર્શન માટે દ્વારકાં તથા શ્રી માધવરાયજીના દર્શન કરવાને પોરબંદર તાબાનું ગામ માધવપુર વખતો વખત જતા. એક વખત શ્રી માધવ-રાયજીના દર્શન કરવાને આવ્યા ઠાકોરજી તરફ તેમની અડગભક્તિ હતી તે પરથી શ્રી માધવરાયજીના સેવકોએ દાસ પદવી આપી હતી અને ત્યારથી સાંગણને બદલે દાસાના નામથી ઓળખાણા એમના વંશના દાસા મહેર કહેવાય છે સાંગણજી દાસા કાંધલી દેવીના પરમ ઉપાસક હતા દેવી તેમના પર પ્રસન્ન થયાં હતાં.

સાંગણુ વાઢેર શ્રી માધવરાયજીના ચૈતર સુદ ૯ના મહાન ઉત્સવ પ્રસંગે તે માધવપુર આવતા આ વખતે લાખો માણસોનો મેળો ભરાતો પાતા, ચીંગરીયા, કડછ, મંડેર, તથા આસપાસના ગામોના તથા બરડો, સોરઠ, કાંઠારના ઘણા ગામના મહેરો તથા બીજી જ્ઞાતિના મેળામાં આવતા સારા બળદોનું તેજસ્વી ઘોડાઓનું દેખાવડા જુવાનોનું અને રૂપવંતી સ્ત્રીઓનું પ્રદર્શન ભરાણું હોય તેવું લાગતું.

ભડ દાસો દેખાવડો હતો કાયા કદાવર હતી ભડ દાસાને મેળામાં ચાઈને જોવા જતા એવો તેને તેજસ્વી ચહરો હતો ભડદાસો મેળા-માંથી પોતાને વતન જવા નીકળ્યો ત્યારે સાથે પાતા ગામના તથા ગોરસરગામના મહેરો પણ સાથે ચાલ્યા પાતા ગામના મહેરોએ બે દીવસ રોકયા ભડદાસો ગુણવાન પુરૂષ હતો મળતાવળો હતો. બે દીવસ રોકાણો બધા સાથે બહુ સ્નેહ બંધાણો પાતા અને ગોરસરના મહેરોએ કહ્યું કે તમારે દર વરસે શ્રી માધવજીના દર્શન માટે આવવું પડે છે તો અમારા દેશમાંજ આવીને વસો તો શું વાંધો છે.

આ પાતા અને ગોરસર ગામની વચ્ચેનો ટીંબો છે તે વસાવી દીઓ તમને જોઈએ તે બધી મદદ આપશું સાગણજી વાદેરે કહ્યું કે કોઈ કોઈ વખન મનમાં એમ થઇ આવે છે કે આ તરફ કુટુંબ કબીલાને લઈ આવતો રહું પણ જ્યાં લગી દાણો પાણી ત્યાંના લેવા સરજાએલ હશે ત્યાં લગી લેવાશે.

તમારી સૌ ભાઈઓની મારા તરફ જે માયાળુ લાગણી થઈ છે એથી વળી મારૂં મન આ તરફ વધારે આવવા લલચાય છે.

સાંગણજી ભગવાનનું નામ લઇને કરો નક્કી આપણે જે ધારીએં તે કામમાં પરમાત્મા સહાય કર્યા વીના રહે નહી માટે તમારો પોતાનો મત સાચો જોઇએં.

સાગણજી વાઢેરે પાતા અને ગોરસર વચ્ચેની ટેકરી ઉપર ગામ વસાવવાનું નકી કર્યું.

સાંગણજી કુટુંબ સહીત આવ્યા અને ગામનું નામ ચીંગરીયા પડયું રાજ્ય તરફથી પણ ઘણી સારી મદદ મળી સાંગણજીના વંશના રહેતાં રહેતાં મેરમાં ભળ્યા એના વંશના હાલમાં પોરબંદર તાબે ચીંગરીયા, અને જુનાગઢ તાબે સરમા, સુતરેજ ગામના મહેરો ભડદાસાના વંશના છે.

ચીંગરીયા ગામ વસાવ્યા બાદ તેમના સારા ગુણો અને વીરતા ભરેલા સ્વભાવને લીધે તેમની આસપાસના ગામમાં પ્રશંશા થવા લાગી અને આસપાસના ગામના મહેરો તેમના તરફ બહુ માનની નજરથી જોવા લાગ્યા એક વખત અમદાવાદના સુબા તરફથી ખંડણી ઉઘરાવવા માટે મોકલેલ ફોજ ફરતાં ફરતા માધવપુર આવી ફોજના માણસો અને માધવરાયજીના સેવકોની સાથે કોઇ પ્રસંગમાં બોલા ચાલી થઇ અને તકરાર થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ફોજના માણસો તેની સત્તાના ગુમાનમાં સેવકો તરફ અયોગ્ય વર્તન વર્તવા લાગ્યા.

શ્રી માધવરાયજીના પૂજારીઓથી તે સહન થયું નહિં તેથી તેમને વીચાર થયો કે અત્યારે ચીંગરીયા ગામેથી સાંગણજીદાસાને બોલાવી લેવા જરૂર છે કારણ કે તે શ્રી માધવરાયજીનો સાચો સેવક છે તેમ એક વીર પુરૂષ છે એમ નક્કી કરતા ઘોડેશ્વારને જલદી મોકલ્યો સાંગણજીદાસાની ડેલીએ શ્વારે આવી પડકાર કર્યો સાંગણજી બહાર આવ્યા સ્વારે કાગળ આપ્યો. કાગળ વાંચી સાંગણજીના રૂંવાડે રૂંવાડે ક્રોધ વ્યાપી ગયો. મનમાં મનમાં બોલ્યો. મારા ઠાકોરજીના પૂજારીનું અપમાન ! સ્વારને કહ્યું કે તું જા હું જલ્દી આવું છું. સાંગણજીએ ઘોડી ઉપર સજાઈ નંખાવી ગામના મહેરોને ખબર પડી સાંગણજી પાસે આવ્યા અને કહ્યું કે અમારી જરૂર હોય તો કહો અમે પણ

આવવા તૈયાર છીએં. તમારી મરજી હોય અને તમને તમારો ધર્મ વહાલો હોય તો થાવ તૈયાર !

મહેરો સાંગણજી સાથે તૈયાર થઇ નીકળ્યા માધવપુર પહોચ્યા ફોજના સરદાર સાથે બોલાચાલી થઈ ફોજનો સરદાર તપી ગયો અને મીયાનમાંથી તલવાર ખેંચી તેના માણસોને હૂકમ કર્યો કે કયા દેખતે હો કરદો સબીકું સાફ મહેરોએં તલવારો ખેંચી ગામમાંથી કોળીઓ પણ તૈયાર થઈ આવ્યા ધીંગાણું બરાબર જામ્યું.

સાંગણજીએં પડકાર કર્યો શાબાશ મારા મહેર જુવાનો આજ આપણે આપણા ધર્મને ખાતર મરી ફીટવું છે કોળીઓને પણ પડકાર કર્યો એક કરંગડીયોં કોળી પાણીદાર હતો આગળ વધ્યો અને સાંગણજીની પડખે ઉભી તલવાર વીંઝવા લાગ્યો મહેરોએં ઘણા સ્વારોને પાડી લીધા ફોજના સરદારે વીચાર્યું કે આ તકરારમાં આપણા માણસો મરાતાં જાય છે આ લોકો મરણીયા બન્યા છે માટે હવે તેને માર્ગ આપી આપણે આગળ રસ્તો લેવો હવે એમનો સામનો કરવામાં લાભ નથી એમ ધારી નવી બંદરનો રસ્તો લીધો સાંગણને રૂંવાડે રૂંવાડે શૂરાતન વ્યાપી ગયેલું છે તેમણે તથા કરગઠીયા કોળીએ સ્વારોનો પીછો લીધો અને સ્વારો ભાગતા હતા છતાં તેના બે સ્વારોને પાડી લીધા ફોજના સરદારને એમ થયું કે હવે આ માણસો પીછો મુકતા નથી તો હવે કાં એ નહીં કાં આપણે નહિ એમ કહી ફોજનાં માણસોને ઘોડાં પાછાં ફેરવવા હુકમ કર્યો અને ઘણી વીરતાથી લડયા અને મરણીયા બન્યા સાંગણજી ઉપર ઓચીંતો તલવારનો એવો તો ઝટકો માર્યો કે ધડથી માથું જુદું પડયું.

માથુ પડયા પછી પણ તેનું ધડ આગળ વધ્યું અને ઇશ્વરી શક્તિના પ્રતાપે ધડ ફોજના માણસોની પાછળ પડયું સ્વારોને એમ

નકી થઈ ગયું કે આ ધડ પણ આપણને એક એકને પાડી લેશે હવે ઉપાય શું કરવો નવી બંદર ગામ આગળ પાથરાના નામથી ઓળખાતી જગ્યા છે ત્યાં એક દેવીનું સ્થાનક છે ત્યાં એક ભૂવો ધુણતો હતો તેની આગળ સ્વારના સરદારે વીનંતી કરી કે આ ધડથી બચવાનો કોઈ રસ્તો બતાવો ભૂવાએ ધુણતાં ધુણતાં ધડને અભડાવવાનો સંકેત કર્યો.

ધડને અભડાવ્યું એટલે ધડ ત્યાં પડયું તેની સાથેનો કરગડીયો કોળી પણ ત્યાં મરાણો ધર્મને ખાતર બંને જણા ત્યાં મરીને પોતાનું નામ અમર કરતા ગયા હજુ પણ ત્યાં બંને શૂરવીર નરોની ખાંભી છે ત્યાં માનતા ચાલે છે અને પૂજાય છે ભડદાસાનું માથું ચીંગરીયા ગામે પડયું તેથી ચીંગરીયાના ચોરામાં તેની યાદી રાખી છે ભડદાસાએ ચીંગરીયા ગામથી અગ્ની ખુણમાં ભોંયરૂં બનાવેલ છે તે તેની વીરતાના સ્મરણ રૂપે હજુ પણ મોજુદ છે.

ભડદાસાની વીરતા બતાવતું એક કવીત મળી આવતાં આહીં રજુ કરેલ છે.

વીજળ હાથ વાઢેર કરમી સાંગણ કેવાણો
ઓખો જોધ પર એમ ગઢ ચીંગરીયો ગણાણો
મારે ખાગે મુગલાણ તેના વાઢેર ડંકા બજ્યા
તણ રામ સંગ છત્રસાલ તણા ભડદાસે દળભંજ્યા

### દુહો

વીજળથી વાજ હુવા વેરી દળ વાઢેર
ભડદાસે જાડા ભંજ્યા રાઠોડ રણમલ

ધરંગ તારો ઘા આવ્યો જે ઓખા ધણી
સાંગણુ સીમાડે દળીયાં દુદલ સીઆઉત્ર

---

ચીંગરીયા ગઢ દાસો સદા વંકા પધારણુ હાર
ભાલે અરી દળ ભંજણા નાંભાખે નકાર

---

વાજ–કાયર ભંજીયાં–ભાંગ્યાં અરીદળ–દુશ્મનનું લશ્કર
જાડાં–મોઢાં ભંજણા–ભાગી નાખનાર.

★

## પરમાર શાખના લુંધા પાતાની આ કથા છે

મહેર લુંધા પાતા પોરબંદર તાબે માધવપુરની બાજુમાં પાતા ગામના રહેવાશી હતો. લુંધો બુદ્ધિશાળી હતો વહેવારીક કાર્યોમાં કુશળ હતો ગામના માણસો કોઇ મુશ્કેલીઓના પ્રસંગમાં સલાહ લેવા જતા અને સર્વનું હિત થાય તેવી સાચી સલાહ આપતો અને . તેથી તે ગામનો મોવાડી લેખાતો હતો હમેશાં એવો નિયમ છે કે જે માણસ પોતાના અંગત કંઈપણ સ્વાર્થનો ત્યાગ કરી કેવળ બીજાઓના ભલા માટે લાગણી રાખનાર હોય તે કદી પણ કોઈનું બુરૂં થાય એવી સલાહ આપેજ નહિ, લુંધો પોતે નીતિવાન અને હિંમતવાન હતો મહારાણા શ્રી સુલતાંનજીની તેમના ઉપર પારાવાર કૃપા હતી મહારાણા સુલતાનજી બુદ્ધિશાળી અને રાજકાજના કામમાં કુશળ હતા કાવ્યશકિત ધરાવતા હતા. તેઓશ્રીએ વઇરાગ્ય ઉપર પુસ્તક લખ્યું છે અને કેટલાક બોધદાયક કાવ્યો પણ બનાવ્યાં છે તેઓ રાજ્ય ચલાવતા હોવા છતાં ત્યાગી જેવું જીવન ગાળતા હતા છેવટ તેમણે વાનપ્રસ્થ જીવન ગાળ્યું હતું. અતે રાજ્યની લગામ કુમાર હાલાજીને સોંપી હતી મહારાણા સુલતાનજી માધવપુર શ્રી માધવરાયજીના ચઈતર સુદ ૯ ના ઉત્સવ પ્રસંગે પધારતા ત્યારે વળતી વખત લુંધા પાતાને ત્યાં તે લુંધાના અતિ આગ્રહથી જતાજ. આવી રીતે મહારાણા સુલતાનજીની લુંધાના કેટલાક ઉંચ ગુણોને લીધે કૃપાદષ્ટિ હતી અને તેથી એકબીજાના દીલ બહુ મળી ગયાં હતાં એટલે

લુંધાને છુટથી બોલવાની ટેવ હોવાથી તેમજ લુંધાનો આનંદી અમે મશ્કરો ભાવ હોવાથી મહારાણાશ્રીને લુંધાની સાથે બહુ આનંદ આવતો.

કાઠીયાવાડમાં કાઠી એ એક વીર જાતી છે. કાઠીઓના જુવાનોનાં મુખારવીંદ ઉપર જ એક પ્રકારનું મર્દાઈનું તેજ જણાઈ આવતું તેમના દેખાવ પરથી જ તેમનામાં નીડરતા વટ, અક્કડાઇ આદિ ગુણો જણાઈ આવતા. કાઠીયાવાડમાં કાઠી દરબારોનાં નાનાં મોટા રાજ્યસ્થાન છે તેમજ નાના તાલુકદારો પણ છે તેમજ બીજા કેટલાક કાઠીયો નોકરી કરી ખેતી કરી તેમજ બીજો કોઈ ધંધો કરી ગુજરાન ચલાવે છે. કાઠીઓને કોઈ તરફથી અન્યાય મળે પોતાના ગરાસ પર કોઈ તડાપ મારે તો તે સહન કરી નલેતાં તેનો બદલો લેવા બારવટું ખેડતા.

કાઠીયાવાડમાં મેદરડાના કાઠી સાતાવાળા તથા ગોદડવાળા એ વીર પુરૂષો થઈ ગયા છે એ કોઈ કારણવસાત બહારવટે નીકળ્યા સાતાવાળા અને ગોદડવાળા બહારવટીયાની ટોળીના મોવડી હતા. આ ટોળીએ એક વખત પોરબંદરની હદના ગામડાઓમાંથી લુંટ કરી તેમજ માધવપુરની આસપાસના ગામડાની ગાયોનું ધણ વાળ્યું અને મન ગમતો લાભ લઇ ચાલતા થયા.

એક વખત ચૈતર સુદ ૯ના મેળાના ઉત્સવ પ્રસંગે મહારાણા શ્રી સુલતાનજી માધવપુર ગામે માધવરાયજીના દર્શન માટે પધારેલા મહારાણા શ્રી તેમના હજુરીઓની સાથે પગે ચાલી મેળામાં ફરતા પ્રજા મહારાણાને દેવ તુલ્ય લેખતી જે રાજવી પોતાની પ્રજાનું તન મન અને ધનની પોતાની પ્રજાનું હીત કરવાને સદા તત્પર રહે છે તે રાજવીને તેની પ્રજા દેવ તુલ્ય ગણે તેમાં કંઇ નવાઈ જેવું નથી જ.

મહારાણા શ્રી મેળામાં રૂપાની કોરીઓ ઉડાડતા અને મેળામાં આવનાર ગરીબ જુવાનીઆઓ કોરીઓ લેવા માટે ઉપરાઉપરી પડતા.

આ દેખાવ જોઈ મહારાણા ખુશ થતા તેઓ સમજતા હતા કે પ્રજા તરફથી દ્રવ્ય આવ્યું છે તો પ્રજાના લાભ અર્થે જે દ્રવ્ય વપરાય તેમાં જ તેની સાર્થકતા છે.

મહારાણા સુલતાનજીનો પહેરવેશ અત્યંત સાદો હતો. આજના રાજા મહારાજાઓના જેમ રંગબેરંગી અજકન સાફા અને અનેક પ્રકારના મુલ્યવાન દાગીનાઓથી સદા શણગારેલા રહેતા નહોતા એ સમજતા કે ઉત્તમ ગુણો છે એજ મનુષ્યની સુંદરતા છે.

મહારાણા ઇશ્વરના પરમ ભક્ત હતા છતાં હથીયાર તો સદાને માટે રાખતા અને હથીયાર ધારણ કરવું એ ક્ષત્રીનો પરમ ધર્મ છે એમ માનતા કયે પ્રસંગે કર્તવ્ય બજાવવાનો પ્રસંગ આવીને ઉભો રહેશે એ કહી શકાય નહિં માટે ક્ષત્રીઓએ પોતાનું કર્તવ્ય બજાવવાને માટે સદા પ્રમાદમાં ન રહેતાં તૈયાર અને સાવધાન રહેવું જોઇએ.

આજના રાજા મહારાજાઓને જમાનાને અનુસરીને હથીયાર રાખવાનો શોખ ઓછો થયો છે અને હથીયારને બદલે ક્રીકેટ બેટ અને ટેનીશ બેટ રાખવાનો શોખ વધતો જાય છે.

મહારાણા સુલતાનજી આ ઉત્સવ પ્રસંગે બહારગામથી તેજસ્વી પાણીદાર ઘોડાઓ લઈને આવનારને ઘોડાઓ દોડવવાની શરત કરાવતા અને આગળ આવનારને સારૂં ઈનામ આપતા આવી રીતે ઉત્સવનો અનેરો આનંદ લઈ રવાના થયા રવાના થતી વખતે પણ લુંધો પાતો તેની સાથે જ હતો અને પાતા ગામે પોતાને ત્યાં રોકાવા વીનંતી કરી પણ આ વખતે મહારાણાશ્રીને રોકવાની ઇચ્છા નહિ હોવાથી પાતાગામના પાદરમાં જ થોડીવાર બેસી પ્રજાજનોને મળી લેવા માટે બેસવાની સગવડ કરવા હુકમ ફરમાવેલ તે પ્રમાણે વ્યવસ્થા થઈ ગઈ હતી તેથી લુંધાને કહ્યું કે આ વખતે હું રોકાઇશ નહી આપણે બે ઘડી પાદરમાં જ બેસશું.

પાદરમાં મહારાણાશ્રી માટે અગાઉથી બેસવાની સગવડ થઇ ગઈ છે ત્યાં મહારાણા પધાર્યા અને પ્રજાજનો પણ સાકર શ્રીફળ લઇને આવેલાં તે મહારાણાશ્રીને ચરણોમાં ધર્યા.

પ્રજાજનોએં મહારાણાશ્રીને ઘોર કર્યો અને સહુ બેઠા.

બાપુ ! અમારા વડવાઓએં તો રાજ્યની બહુ સેવા બજાવી છે અને અમારા વડવાઓ ઉપર રાજયની પણ કૃપા દ્રષ્ટી રહેતી આવી છે અને આપ પણ અમારા મહેર ભાઇઓ ઉપર લાગણી ધરાવો છો એ જોઇ અમને આનંદ થાય છે અમે પણ સદાય રાજ્યને માટે કંઈ પણ અમારા સરખું કામ હોય તે કરવા માટે મનમાં ઉમેદ રાખીએં છીએ.

લુંધા ! પાતાએં વીવેકથી પોતાના વડવાની પ્રશંસા કરી.

લુંધા મહેર જ્ઞાતિ માટે મને બહુ માન અને પ્રેમ છે. તારૂં કહેવું તદન સાચું છે રાજ્યને ખરે વખતે મહેરોએ ઘણી સહાય કરી છે એ ભુલાય તેમ નથી. મહારાણાશ્રીએ હસ્તે મોઢે ઉત્તર વાળ્યો.

લુંધા પાતા તમારે પણ રાજયની સેવા કરવાની ઉમેદ છે તો પછી તમારા ગામની આસપાસના ગામડામાંથી લુંટ કરી ગાયોનું ધણ બહારવટીયા વાળી ગયાં ત્યારે તમારી મર્દાઇ બતાવવી હતી ને! અત્યારે બાપુને મોઢે રૂડું બોલે છે એમાં કંઇ ન વળે.

કામદાર સાહેબ ઈ વાત તમારી સાચી છે. રૂડું મનવીને બાપુ પાસેથી મારે કંઇ ઈનામ લેવું નથી મેં તો સાચા દીલથી જ વાત કરી છતાં તમે જે આ વેણ બોલ્યા ઈતો મને છાતીમાં ભાલાના ઘા જેમ ખટકે છે. કામદાર તમે વધારે પડતું તો બોલ્યા પણ ઠીક. કામદાર ગાયોનું ધણ વાળવા આવ્યા તે દી તો હું ગામમાં પણ ન હોતો. નહીંતર એની ખબર લેત. તો પણ બાપુ સુલતાનજીની હાજ-

રીમાં હું સોગન ખાઇને કહું છું કે આઠ દીવસમાં જ એ બહારવટી-યાનું પોતાનું ગામ ભાંગીને આવું તે પછી જ સુલતાનજી બાપુને મારે સલામ કરવી તે વીના મારે મોઢું બતાવવું નહી.

લુંધા ! કામદાર કહે તેમાં આટલો આવેશમાં આવીને બોલી ગયો એ ઠીક નહી બહારવટાનો ધંધો જે કરતા હોય તે ભલે કરે આપણું કામ બહારવટે નીકળવાનું નથી પાડા બાધે અને ઝાડનો ખો એ કહેવત પ્રમાણે વચમાં પ્રજાની પાયમાલી કરવી એમાં મર્દોની શોભા ન કહેવાય. વળી કામદારે તો તમને સહેજ ઈસારો કર્યો કે મહેરના ગામની આસપાસમાંથી લુંટારા આવી લુંટી જાય એ તો મહેરોનું પણ નાક કપાવા જેવું ગણાય એમ ધારીને તને કહ્યું હતું.

બાપુ ઈ વાત સાચી પણ હવે એમાં બીજું કંઈ બને એમ નથી મોઢામાંથી જે વેણ નીકળ્યું ઈ નીકળ્યું બોલવું કંઈ ને વર્તવું કંઈકિ ઇતો કામદાર સાહેબને શોભે મારાથી ઈ નહી બને.

લ્યો બાપુ રામરામ.

લુંધા હમણાજ જવાનું કયાં એનું મુરત છે ?

બાપુ ? હવે જેટલો ખોટી થાઉં એટલો વખત આઠ દીમાંથી ઓછો થાય છે. મારે પણ કાડી હારે કામ પાડવું છે.

હવે કાંતો ધારેલ કામ પાર પાડીને આવીશ ને કાં ત્યાં ખપી જઈશ એમાંથી એકતો બનશે જ.

લુંધા! રાજ્યની મદદની જરૂર હોય તો કહે.

નારે બાપુ ! રાજ્યની મદદ લઉં તો મારે તમારા . કામદારનાં મેણાં સાંભળવાં પડે ?

મારે મહેર જુવાનો કયાં થોડા છે; એ બધા તમારાજ છે. નાં !

નાં ! હજુ તો મહેર ભોમના સારા નશીબે મહેર ભોમમાં એક-સંપ છે અને જરૂર પડે ત્યારે મહેર ભોમને હાકલ કરવામાં આવે તો મહેર ભોમ તરત ભેગી થઈ જાય એવી એકતા છે ત્યાં સુધી મને હિંમત છે કે જે કામ કરવા ધારશું એ અમે કરી શકશું જ્યારે અમારામાંથી સંપ અને એકતાના ગુણ જશે ત્યારે અમારી પાયમાલી અમે પોતેજ કરશું અને થતી પાયમાલી અમે નજરે જોશું.

લુંધા મને ખાત્રી છે કે તું તારૂં ધાર્યું જરૂર કરી આવીશ. લુંધા તારૂં મન ઉઠયું છે તો હવે હું પણ આંહી વધારે રોકાવા ખુશી નથી પણ હું પોરબંદર જઇશ અને તારૂં કામ ફતેહ કરી પોરબંદર આવજે.

લુંધા પાતાએ ગામમાંથી પાણીયારા પચાસ હથીયારબંધ જુવાનો લઈ વાળુ કરીને રાતના રવાના થવા નક્કી કર્યું.

રસ્તે ચાલતાં લુંધો પાતો મહેર જુવાનોને કહે છે જુઓ ધ્યાન રાખજો જાતા વેંત ગામમાં હથિયાર રાખવાવાળાં ચોકિયાત પોલિસ વિગેરેને પહેલાં કબજે કરી હથિયાર લઈ લેવાના છે દશ જણ ગામને ફરતા ચોકી માટે ઉભી જજો દશ જણા લુંટવાનું કામ કરજો પણ કોઇ ગરીબ અબળા કે સાધુ સંતને બોલાવશોમાં.

જેણે એકના દશ ગણા વ્યાજ ખાધાં હોય એવા તાલેવરના પટારા પહેલાં તોડજો જે કરી ઈ ઝપાટાબંધ કરજો.

મેંદરડા ગામનાં પાદરમાં આવ્યા બીજે દિવસે સાંજના ઝાકુ બાધે ગાયુના ધણ સાથે બધા જુવાનો ગામમાં પહોંચ્યા દેકારો બોલા-વવા લાગ્યા દુકાનો ભડોભડ દેવાવા લાગી જાતા વેંત હથીયારવાળા ચોકીયાત અને પોલિસને કબજે કરવા બંદુકોને ખંભે ચડાવી, જરા પણ ઉંચા નીચા થીયા તો દુનીયામાંથી ગીયા સમજજો, જીવતું રહેવું

હોય તો હથિયાર મૂકી દીઓ તમારો વાળ વાંકો કરવાના નથી અમારે હથિયારોનુંજ કામ છે દરેકે પોતપોતાના હથિયારો મુકી દીધા અને જયાં હતા ત્યાંને ત્યાં કબજે રાખ્યા. શ્રીમંતોના પટારા ભાગ્યાં અને રોકડ દાગીના મળ્યા.

આવી રીતે શ્રીમંતોના ઘર લૂંટવા લાગ્યા ગામના દરબારોને ખબર પડી અને હથિયારબંધ તઈઆર થઈ બહાર આવ્યા અને પોલિસો ચોકિયાતો વિગેરેને તથા ગામના બીજા કોઈ હિંમતવાળા માણસોને ભેગાં કરવાને ઢોલીને બોલાવી બુંગીયો ઢોલ વગાડવા ઢોલી ચૌટે ચૌટે ફર્યો જે ગ્રહસ્થની દુકાન લૂંટતા હતા ત્યાં ઢોલી આવ્યો મહેરોએ તેનો ઢોલ લઈ લીધો. અને ઢોલીને કહ્યું કે તમારા દરબારને કહો કે તમારા ભાયતોએં અમારી હદમાં આવી લુંટ કરી ગાયોનું ધણુ વાળી ગયા હતા તેનો બદલો લેવા લુંધો પાતો અને એના માણસો આવ્યાં છે માટે મોઢામોઢ વાતુ કરવી હોય તો વેલાશર આવજો કારણ હવે અમારૂં કામ પૂરૂં થઈ ગયું છે માટે ઝાઝીવાર રોકાવાના નથી દરબારાના પોલિસો ચોકિયાત વિગેરે હથિયાર વગરના થઇ ગયા હતા તેથી દરબાર પાસે શું મોઢું લઇને જાય દરબારે માણસોની રાહ જોઈ પણ કોઇ આવ્યું નહિ જેથી દરબાર તેના બે ચાર ભાયાતો દોડયા અને મનમાં નક્કી કર્યું કે એનો ભાર શું છે કે આપણું ગામ ભાંગીને જીવતા જાય દરબાર બજારોમાં ગોતવા લાગ્યા પણ લુંધો તથા તેના માણસો તો પોતાનું કામ કરી રસ્તે પડી ગયા દરબારે કહ્યું કે ભેટો થયો હોત તો ખબર પાડત કે કાઠીના ગામ કેમ ભંગાય છે ઠીક :છે પણ હવે આનો બદલો લીધા વિના છુટકો જ નથી.

મહેર જુવાનો પાતા ગામમાં આવ્યા અને લુંધો પોતાને ગામ ન જતાં પરબારો પોરબંદર ગયો અને મહારાણા સુલતાનજીને તાજમ

કહેવરાવી મહારાણાએ તુરત લુંધાને કચેરીમાં બોલાવ્યો લુંધાએ રામરામ કર્યા અને બોલ્યો કામ તો બાપુ ફતેહ કરીનેજ આવ્યો છું.

લુંધા મને તારી ખાતરી હતી કે તું તારૂં ધાર્યું કરીનેજ આવીશ મહારાણાએ તલવાર બંધાવી ઈનામ આપ્યું જે ઢોલીનો ઢોલ લઈ લીધો હતો તે ઢોલ યાદગીરીમાં આપ્યો અને કહ્યું કે તું જ્યારે માધવરાયજીના દર્શન કરવા આવ ત્યારે તારી તથા માણસોની આગળ આ ઢોલ અને સરણાઇ દર વરસે તારા માનમાં માધવપુર સુધી વગાડતા આવશે અને તારા તથા તારા માણસોના કાવા કસુંબા ગુલાલ તથા મેળામાં જેટલા દીવસ રોકાવાનું થાય તેટલા દીવસ જમવાનું રાજ્યને ખરચે દર વરસે થશે.

લુંધા પોતાને એક દીકરી હતી તેનાં સાસરાં કડછ ગામે હતાં દીકરી સાસરે ગઈ ત્યારે બીજી વસ્તુઓની સાથે આ ઢોલ કરીયાવરમાં આપ્યો જેવી રીતે વાજતે ગાજતે લુંધો પોતે મેળામાં જતો તેવી રીતે લુંધાની દીકરીના સાંસરિયા માણસો સાથે મેળામાં જાય એવું નક્કી કર્યું. હજુ પણ કડછના મહેર મેળામાં ઢોલ સરણાઈથી વાજતે ગાજતે મેળામાં આવે છે અને કડછા મહેર આવે ત્યારે મેળો ભરાણો એમ લોકવાયકા હજુ પણ છે.

લુંધો લાખ મળ્યે પુછાય પોતા ધણી
અવસર કોઇ આવે માધવરાયના મેળામાં
તલપાલટે સાતાતણું સાતાનૂં ધણુ સાટે
મેંદરડૂં મારી કરી લંગરે આવ્યો તું લુંધા
પાદર જે પોતા તણે નર હેમર નાંખે
સુઓ નવ સોરઠતણો એતો વળિયો વમાસે

---

અર્થ—માધવરાયના મેળામાં એવો અવસર આવે છે કે ત્યાં લાખો માણુસો મળે છે ત્યાં પણુ પાતાનો લુંઘો સર્વ ઠેકાણે પુછાય છે સાતાવાળો ધણુવાળી ગયો તો તેને સાટે (બદલે) સાતાવાળાનું ધણ વાર્યું અને મેદરડું ગામ લૂંટી ઈજ્જત વધારીને હે લુંઘા તું આવ્યો.

પાતા ગામને પાદરમાંજ નવ સોરઠનો ધણી છે એ આ વાત સાંભળીને એ પણ ઘડીભર વિચારમાં પડી જાય છે.

---

# પુંજા ભગત નાગકાવાળાની કથા

પોરબંદર તાબે નાગકા ગામે પુંજો ભગત ચોકિયાતની નોકરી કરતા હતા તેમના પીતા સાંગણપણ ચોકિયાતનું કામ કરતા ટુંકા પગારમાં નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતા છતાં પણ તેમનું નીયમ હતું કે ગામને ચોરે કોઈ સાધુ સંત હોય તો જમ્યા વગર ત્યાં રાતવાસો કરે નહિ એવી લાગણીથી કોઈ સાધુસંતને જમવાની સગવડ ન થઇ હોય તો તેને પૂંજો ભગત તેને ઘરે તેડી જતા તેમના પિતાનો પણ આવો સ્વભાવ હતો અને તેથીજ આ ગુણ તેમના પુત્ર પૂંજા ભગતમાં પણ આવ્યા હતા.

સંવત ૧૯૫૦ થી દર મહિનાની સુદ ૨ ને દીવસે ગામમાં જે કોઈ સાધુસંતો હોય અને બીજા કોઈ આવી જાય તેમને જમાડતાં અને જમવામાં મીઠો ભાત આપતા રાત્રીના ઇશ્વિરના નામની ધુન લગાવતા ભજન બોલવામાં આખી રાત વિતાવતા ગામના સતસંગીઓ ભેળા મળી એ આનંદ લેતા ગામમાં એક સાધુ રહેતા હતા તેમણે એક વખત પૂંજા ભગતને માર્મિક વચનો કહ્યાં કે પુંજા ભગત બીજને દીવસે મીઠો ભાત જમાડો છો! એમાં શું! તમે ખરેખરા ભક્ત હો તો છુટથી ઘી વાપરોને!

આ વચનો સાંભળીને ભકતે ઇશ્વિર ઉપર ભરોસો રાખીને જે બીજને દીવસે આવે તેને લાપશીનું જમણ આપવા લાગ્યા અને ઘી

છુટી ધારે પીરસવા લાગ્યા જે કોઈપણ પોતાના કંઈપણ સ્વાર્થ વગર પરમાર્થ કરે છે તેમને અનાયાસે સહાય મલ્યા કરે છે એવી રીતે પૂંજો ભગત કોઈપણ પાસે યાચના કરતા નહિ છતાં તેમના દીલાવર દીલની વાતો બહાર ગામમાં પણ થવા લાગી કેટલાક ભાવિક જનો સાધુ સંતોને જમાડવાને માટે નાગકા આવતા અને બીજને દીવસે પોતાને ખર્ચે જમાડી જતા.

પુંજા ભગતનો મહીમા દીન પ્રતીદીન વધવા લાગ્યો ગામના સાધુને ઈર્ષા આવી અને પુંજા ભગતને મેણું માર્યું કે તમે લાપસી જમાડવાનું તો શરૂ કર્યું અને ઘી પણ ખુબ વાપરો છો પણ એ તો તમારા સેવકો કોઈ આપી જાય અને તમે વાપરો એમાં શું નવાઈ?

સાધુ મહારાજ! હું કોઇને કહેવા જતો નથી કે તમે આપો કોઈ લાગણીથી આંહી દેવા આવે એ વાપરી નાંખું છું. આંમાં હું કંઇ કરતો નથી કરવાવાળો તો સમર્થ પ્રભુ છે પુંજા ભગત તમને તમારી ભક્તિનું અભિમાન આવી ગયું છે પણ હું તમને કહું છું કે આ વડના ઝાડનું સુકું થડ છે એમાં જો કાંટાં નીકળે તો તમારી ભક્તિ સાચી નહીતર આ તમારા બધા ઢોંગ છે.

બાપલા મારે ઢોંગ કરીને ક્યાં કોઇ પાસેથી લઈ લેવું છે હું ઢોંગી લાગતો હોય તો તમે છેતરાય ન જાઓ માટે તમે ચેતતા રહેજો દુનીયાને ઢોંગથી છેતરીશ પણ મારો શંકર ભગવાન તો છેતરાય એમ નથીને?

તમે શંકરના ખરા ઉપાસક હોય તો પરચો બતાવો અને આ થડમાં કાંટા નીકળે એમ કરો તો તમારી ભક્તિ સાચી જો તમારી ભક્તિ સાચી હશે તો તો કાંટા નીકળશે નહીતર નહિં નીકળે.

જુનો ભાઈ આ તમે આની વાત કરો છે તો હવે મારી ભક્તિ

સાચી છે કે કેમ એની તમને ખબર રહેશે આજથી મારી પ્રતિજ્ઞા છે કે અન્ન જળનો ત્યાગ કરી શ્રી શંકરની ઉપાસના કરવા બેસું છું. કાંતો મારો દેહ આંહી પડી જશે અને કાંતો થડમાંથી કોંટા નીકળશે?

પુંજા ભગત થડને પાણી નાંખવાનું નથી હો?

ભાઇ સુકલ થડમાંથી લોકો ભાંગી ભાંગીનો લાકડાના કટકા વાપરવામાં લઈ જાય છે ઈ સુકું થળ એમ પાણી નાંખ્યે કોરશે નહિં ઈતો મારો વહાલો દયા કરશે તોજ મારી લાજ રહેશે પુંજા ભગતે અન્ન અને જળનો ત્યાગ કરેલો શ્રી શંકરમાં જેનું ચિત લાગી ગયું છે દેહનું ભાન ભુલાતું જાય છે બે દીવસ ત્રણ દીવસ ચાર દીવસ એમ આઠમે દીવસે થડમાંથી કોંટો નીકળ્યો અને સાધુએં તથા તેમના વીરોધીઓએં તથા ગામના માણસોએં પણ જોયું અને ત્યારથી સઘળાને ભગત ઉપર શ્રદ્ધા વધારે બેઠી અને બહાર ગામમાંથી અનેક શ્રદ્ધાળુ માણસો આવવા લાગ્યા એ અરસામાં કાશી તરફના એક સન્યાસી આવેલા તેમણે આ વાત સાંભળી તેના માનવામાં આવી નહી તેમણે ભગતને કહ્યું ભગત આમાં કંઈ જાદુ તો નથીને? આ ન બને તેવી બાબત છે અમે તો ઘણા વરસોથી શ્રી શંકર ભગવાનની ઉપાસના કરીએં છીએં પણ આવો ચમત્કાર અમારા જોવામાં આવતો નથી.

સંત મહારાજ આ કંઈ મેં કર્યું નથી એ કરવાવાળો તો ત્રીલોકનો નાથ છે કંઈ જાદુ હોય તો કાયમ માટે રહે નહી તમે આંહી રહીને ખાત્રી કરો સાધુ મહારાજ તમે પણ ઈશ્વિર ભજન કરતાજ હશો પણ મારા વહાલા આ બાબત તો એવી છે કે જે ટેકને ખાતર કે ભગવાનની ભક્તિ ખાતર મરી ફીટવાને તૈયાર છે એવું જ્યારે નક્કી જોવામાં આવે ત્યારેજ ભગવાન સહાય કરે છે મનની દ્રઢતા વગરનો લાભ મેળવી શકાય નહિં.

આ વડનો કોંટો નીકળ્યો ડાળીઓ થઈ અને એ વડ પુજાવા લાગ્યો તેની માનતા ચાલવા લાગી.

જામનગર તાબે હાથલા ગામના રહીશ એક દરબારને ભક્ત ઉપર બહુ શ્રદ્ધા હતી એક વખત ભક્ત પાસે આવ્યા અને વાત કરી કે ભગત વરસાદ થાય નહિં ને દુનીયા તો દુઃખી છે શું કરવું! ભાઈ એ તો સૌ સૌના કર્મનું ફળ સૌ ભોગવે એમાં બીજાં ઉપાય નહિં.

ભગત ઈ વાત તો તમારી સાવ સાચી પણ દુઃખી માણસોને ખાતર તમે શ્રી શંકરની ઉપાસના કરી કૃપા મેળવો તો વરસાદ જરૂર થાય લોક કલ્યાણ માટે અટલું ન કરો!

બાપુ? કોઇનું ભલું થતું હોક તો હું તમે જેમ કહો તેમ કરૂં પણ આ કામ કંઇ બાળકના ખેલ નથી હો! દરબાર આમાં તો ખરાખરીનો ખેલ છે માટે જે વાત ભગવાનને આધીન છે એમાં આપણે હક કરી બેસીએં ઇમાં સારં નહિ.

ભગતજી એક વખત તો પ્રયાસ કરો ભક્તોની લાજ રાખવાવારા ભગવાન છે આમ અમે વાતો કરીએં પણ ખરે ટાણે અમારામાં શ્રદ્ધા રહેતી નથી તમારામાં તો ભગત સાચી શ્રદ્ધા છે અને શંકર તમને સહાય છે એકવાર આ અમારી વાત ધ્યાન લ્યો. પછી કોઈ દીવસ કહેશું નહિ.

ભક્તના મનમાં થયું કે માણુસ જાતના અને મુંગા ઢોર માટે મારે દુઃખ વેઠવું પડે તો એમા હું રાજી છું લાજ રાખવાવાળો તો સમરથ છે એને આધારે આ કામ આદરૂં છું જેવી ભગવાનની મરજી.

ભગતે પરમાત્માના સ્મરણ ધ્યાનમાં ચીત પરોવ્યું એકજ ધ્યાન અને એકજ નામની લગની ન ખાવું કે ન પીવું આવી રીતે પાંચ દીવસ વીત્યા પ્રભુ દીનદયાળ છે વરસાવ તો થવાનો હોય ત્યારેજ

થાય પણ ભગતોની લાજ રહી જાય એવા સંજોગો મેળવી આપે છે ભક્તને પ્રભુ ધ્યાનમાં જોડાવું અને વરસાદનું આવવું એ બધું એકી-હારે કુદરત ક્રમ પ્રમાણે બની ગયું હમેશ પ્રભુના પ્યારા ભકતોની તો પ્રભુ લાજ રાખતા જ આવ્યા છે વરસાદ વરસ્યો તેમાં પોતે નહાયા અને શંકરની પ્રતિમાને નવરાવી.

રાવલ ( જામનગર તાબે ) ના એક બાઈ તેના એકના એક જુવાન દીકરાના દર્દને દુર કરવા માટે ભક્ત પાસે આવી ભકતે કહ્યું કે બેન હું વૈદ નથી તેમ કંઈ જંતર મંતર પણ જાણુતો નથી હું તો પ્રભુ પાસે સાચા દીલથી પ્રાર્થના કરૂં છું કે તારા દીકરાને આરામ થઈ જશે તું પ્રભુમાં વીશ્વાસ રાખજે.

પુંજા ભગત પોરબંદર તેમના શીષ્ય સોની વલ્લભભાઈને ત્યાં તેના અતી આગ્રહથી જતા.

ભક્ત મહેરનો મૂળ પોષાક પહેરતા તેમાં ફેરફાર કર્યો નહોતો. પોરબંદર જવા આવવા એક સારી ઘોડી રાખી હતી તેઓ રૂપાની મુઠ તથા ચાપડા અને પાવલી બેઆનીઓ જડેલી તલવાર રાખતા તેમને બે સાંતીની એટલે આશરે બસો વીઘા જમીન હતી તેમના સીદી અને જેસો બે પૂત્રો છે.

સંવત ૧૯૮૫ માં ભક્તનો કૈલાસવાસ થયો.

પુંજલ તું તો પીર (દેવ ) પરગટ પરચા પુરતો
આવત મોટા અમીર નજરે જોવા નાગકે

પોરબંદરની બજારમાં આંટા મારતો એક સાધુ પુંજાભગતની જે ! પુંજાભગતની જે ! પુંજાભગતની જે ! પુંજાભગત નાગકાવાળા આવી રીતે બજારે બજારે મોટે અવાજે જે બોલતો જાય છે.

સમાપ્ત

[ ૪૮ મા પાનાનું અનુસંધાન ]

સૌરાષ્ટની તવારીખ ઉપર એક પચીસીનો ઘોર અંધકાર વ્યાપી રહે છે એ ગાળામાં કોઈ અજાણી રીતે ગીરીનગરની જાહોજલાલી અસ્ત પામી અને એકાએક વલ્લભી નગરીના તેજનો સુર્ય પ્રકાશી ઉઠયો.

વલ્લભીના પહેલા રાજાનું નામ સેનાપતી ભટાર્ક મળે છે ઇતિહાસ સંશોધકો પોતપોતાના સત્ય વચન પ્રમાણે આંટીઘુંટીનો ઉકેલ આણવા મથે છે.

આઠમાં સૈકાની આખરે વનરાજે અણુહિલવાડ પાટણ વસાવ્યું તેની પાંચ દશ વર્ષ પૂર્વે વલ્લભીનો નાશ થયો હતો વલ્લભી રાજ્ય વંશનો બાપા રાવળ ઈડર અને મેવાડમાં રાજ્ય કરવા ચાલ્યો ગયો જ્યાં તેમના વંશજો મુસ્લીમ રાજ્ય કાળમાં હિંન્દુત્વનું નાક રાખનાર સીસોદીયા રજપુતો અને ગોહેલો મારવાડમાં ભટકી ફરી પાછા વલ્લ-ભીના પ્રદેશમાં આવી વસ્યા અને તેને ગોહેલવાડ નામ આપ્યું.

આજ પણ ભાવનગર અને વળા ઉપર મૈત્રકો ( મહેર ) વંશજ ગોહેલનું રાજ્ય ચલાવે છે. પ્રવાસી

શ્રી. અમૃતલાલ વ. પંડયા પુસ્તક ૧ લું અંક ૩૧

વલ્લભીપુર પાના ૩૨

ક્ષત્રપો પછી અનુક્રમે ગુપ્તો અને મૈત્રકોની સતા તળે ભરૂ કચ્છ આવ્યું આ વેળા કોઈ અજાણી રીતે ગુર્જરોનું રાજ્ય ભરૂ કચ્છ પ્રદેશ ઉપર સ્થપાઈ ગયું હતું તેઓ વલ્લભીના મૈત્રકોને તાબે હતા સાતમા સૈકામાં જ્યારે યુવાન ચ્વાંગ ગુજરાતમાં આવ્યો તે વેળા અંહી ત્રણ મોટાં રાજ્યો હતાં દક્ષીણ ગુજરાતમાં ગુર્જરોનું રાજ્ય હતું કાઠીયાવાડમાં મૈત્રકો ( મહેર ) વલ્લભીપુરથી રાજ્ય ચલાવતાં હતા ઉત્તર ગુજરાનમાં ચાપવંશીઓ શ્રીમાળથી શાસનસૂત્ર ચલાવતા હતા. પ્રવાસી

શ્રી. અમૃતલાલ વ. પંડયા પુસ્તક ૧ લું અંક ૩૩

વલ્લભીપુર પાના ૩૬

વલ્લભીપુરના મૈત્રક રાજાઓના ચાર તાંમ્રપત્રો મળે છે તેમાંના ધ્રુવસેન પહેલાના અનુક્રમે ઇ. સ. ૫૨૫ અને ૫૨૮ નાં છે ત્રીજું તામ્રપત્ર ધરસેન ચોથાનું ઇ. સ. ૬૪૪ નું છે ચોથું શિલાદિત્ય ત્રીજાનું ૬૪૪ની સાલનું છે પહેલા અને બીજા તામ્રપત્રની વીગત પ્રમાણે સીંહપૂર નિવાસી બ્રાહ્મણો વિષ્ણુશર્મનને ધનમાં જમીન આપી હતી ત્રીજા ત્રાંમ્રપત્રમાં જણાવ્યું છે કે સિંહપુરના ચારે વેદ જાણનારા બ્રાહ્મણોમાં માન પામેલ મુળ સિંહપુરવાસી બ્રાહ્મણો અર્જુન અને મનુ સ્વામીને મહારાજા ધરસેન ( ચોથા )એં ખેતરો દાન કર્યા છે સીલાદિત્ય ત્રીજાએં ગિરિનગરથી સિંહપુર આવી વસેલા બ્રાહ્મણ પિટ્ટલેશ્વરને જમીન આપી હતી.

આબુના અગ્ની કુંડમાંથી પ્રગટ થયેલા રજપુતો હિંન્દમાં ઠેર ઠેર સ્થપાઈ મલેચ્છો હંફાવતા માળવાની જાહોજલાલી પરમારોને હાથે પડી.

ગુજરાતને આંગણે અણહિલપુર પાટણની ગાદીએં ચાવડાઓની જગ્યાએં દક્ષીણ તરફથી આવેલા સોલંકીએ ગોઠવાઇ ગયા સૌરાષ્ટ વલ્લભીપુરનો દીવો પંચાસર સાથે સિંધના આરબોને હાથે હોલવાઈ ગયો હતો વલ્લભી કાળમાંજ ઓખામંડળથી માંડીને લીલી નાઘેર સુધીના દરીયાકાંઠે ચાવડાનું રાંજ્ય જામેલું તેને ઉથલાવી ઢાંક અને સ્થલીના વાળાઓના સિંધી ઉતરાધીકારી ચુડા સમાઓ લઈ બેઠા મચ્છકાંઠો હાલાર અને બારાડી ઉપર ધુમલાથી મેર શાશન ચાલવા લાગ્યું,

પુસ્તક ૧ લું પ્રવાસી અંક ૩૮ સોમનાથ

ધંધુકા—સુક ભાદર નદિને કાંઠે પ્રાચીનકાળમાં સોનંગ મેર નામનો સિંધથી ગુજરાતમાં આવેલ તેનો એક પુત્ર ધન્ધમહેરે આ શહેર વસાવેલું કહેવાય છે. શ્રી હેમચંદ્રાચાર્યજીનું એ જન્મ સ્થાન છે.

વલ્લભીપુર—પ્રાચીન વલ્લભીપુર શીહોરથી જવાય છે હાલ તે વળા દરબારશ્રીના તાબામાં છે.

પુ. ૧ લું અંક ૩૭ પ્રવાસી

જુનાગઢ—પ્રાચીન ગિરિનગર જે મૌર્યવંશથી ગુપ્તવંશના કાલ સુધી આખા ગુજરાતનું પાટનગર રહ્યું હતું પછી ચૂડા સમા રજપુતોએ આવીને જીર્ણ દુર્ગ નામ આપ્યું અને વંથલી ( વામન સ્થલી )ને ચુડા સમા રજપુતોએ પાટનગર બનાવ્યું હતું સંવત ૧૪૬૯ ના વંથલી રણ સ્થંભમાં એનું નામ વામનપુર લખેલ છે.

પ્રાચી તીર્થ—આ તિર્થ પ્રાચીન છે સામે દરીયામાં દિવ બેટ છે ત્યાં અગાઉ ચાવડાઓનું રાજ્ય હતું.

તુલસીશ્યામ—આંહી ગરમ પાણીના ઝરા છે અને અર્જુને સુભદ્રાનું પાણી ગ્રહણ કર્યું હતું.

મીયાણી—પ્રસિદ્ધ પ્રાચીન બંદર હતું અને પ્રાચીનકાલમાં મણીનગરના નામથી ઓળખાતું શ્રી હર્ષત માતાજીનું મંદિર છે આ માતાની સ્થાપના શ્રી કૃષ્ણચંદ્રે કરી કહેવાય છે.

અને વિક્રમ રાજાએ એમનો ચમત્કાર દેખી તેને ઇષ્ટ દેવિ કર્યા હતા એનું બીજું મંદિર ઉજ્જૈનમાં હજુ પણ છે.

ચંદ્રાવતી—માવલ સ્ટેશનથી જવાય છે આબુના પરમારોની આ પાટનગરી આરસની જ હતી એ પથ્થરો અમદાવાદની ઈમારતોમાં પુષ્કળ વપરાય છે.

ખેડા—મોરધ્વજ રાજાની પ્રાચીન પાટનગરી વલ્લભીવંશના વખતનું ખેટકનગર ( ખેડા )



# મ્હેર જવાંમર્દો

ભાગ બીજો

સંપાદક – કેશવાસ માલદેવ રાણા

[illegible] પ્રિન્ટરી, ખાડીઆ, અમદાવાદ